Vol. 43, No. 2
June 2022
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત
પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

અનહદ બાની



□ સુભાષ ભટ્ટ

આનંદ પામવાનો સૌથી સચોટ અને ટૂંકો માર્ગ છે : સેવાનો. જ્યારે મારામાં સૌ અને સૌમાં હું શ્વસું અને વસું છું તેમ અનુભવાય ત્યારે સેવા જ જીવન ધર્મ બની જાય છે.

દલાઈ લામા તો કહે છે કે પ્રેમ અને કરુણા કોઈ વૈભવ કે વિલાસ નથી પણ જીવન અને જગતની અનિવાર્ય જરૂરિયાત છે. તેના સિવાય માનવજાત ટકી શકે નહીં. મેગન મેકેન્નાની એક અલૌકિક દૃષ્ટાંતકથા છે, આવો તેને આત્મસાત કરીએ....

એક નાનકડા ગામમાં વૃદ્ધ પણ આત્મવાન લુહાર રહેતો હતો. એક સંધ્યાકાળે મૃત્યુનો દૂત તેના આંગણે તેને લેવા આવી પહોંચ્યો. તો લુહારે આવવાની 'ના' કહી અને વિનંતી કરી, 'અહીં આસપાસમાં દૂર સુધી કોઈ લુહાર નથી અને આ વાવણીનો સમય છે. બધાને મારી મદદની જરૂર પડશે થોડા સમય પછી મને લઈ જજો.' અને મૃત્યુ દૂતે ઈશ્વરને સંદેશો આપ્યો કે, 'લુહારને ઈશ્વરના રાજ્યમાં આવી જવામાં કોઈ વાંધો નથી પણ થોડા વધુ સમય પછી.' એક - બે વર્ષ પછી ફરી દૂત આવ્યો, 'પરમ ઈશ્વર તેને સ્વર્ગમાં આવકારવા રાજી છે.' પણ ફરી લુહારે પ્રાર્થના કરી કે, 'મારો પાડોશી માંદો છે. તેનો પાક લણવામાં અમે બધા વ્યસ્ત છીએ. નહીંતર તેનો પાક વેડફાઈ જશે અને પરિવાર વિખેરાઈ જશે થોડો વધુ સમય...' અને આ ક્રમ લાંબો ચાલ્યો. મૃત્યુ દૂત આવે પણ એ લુહાર તેની કરુણા થકી ક્યાંક કોઈના કામે, કોઈની પીડામાં, કોઈની પાસે, કોઈની સાથે માનવ્યથી જોડાયેલો હોય. આખરે લુહાર વિવશ અને અતિ વૃદ્ધ થઈને પ્રાર્થના કરે છે, 'ઓ ઈશ્વર, તારા દૂતને મોકલ. તારા રાજ્યમાં, મારા સ્વર્ગીય ઘરમાં કાયમ માટે મને લઈ જાય...' તો દૂત આવીને લુહારને કહે છે, 'આ બધાં વરસો તું તેના સ્વર્ગમાં તો હતો. પ્રેમ - કરુણા - સેવા એ પરમનો નિવાસ તો છે.'

❑❑❑

૧૩૦

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૩ અંક : ૨, જૂન ૨૦૨૨

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

સહાયક સંપાદકઃ
અવની સોલંકી

પૃષ્ઠસજ્જા : **યોગેશ પટેલ**

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.navneetsamarpan.com
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો. ❑ ઓનલાઈન લવાજમ માટે www.navneetsamarpan.com



મુનશીવાણી

જુલાઈ ૧, ૧૯૬૩ હિન્દુ ધર્મને થયેલા પડકારો, નવો પડકાર

મારા નવયુવાન મિત્ર,

જીવનનાં આનંદપ્રમોદનાં સાધનોમાં વધારો થયો છે છતાં વિચિત્રતા તો એ છે કે આપણા સુખમાં વધારો થયો નથી. આના આધારે એક જ તર્કશુદ્ધ નિર્ણય પર પહોંચી શકાય કે સુખી બનવા માટે કોઈક વધારાનું તત્ત્વ હોવું આવશ્યક છે, અને સક્રિય ધર્મભાવના જ આ વધારાનું તત્ત્વ છે.

આ સક્રિય ધર્મભાવના વિના ઉદાત્ત અને નિ:સ્વાર્થ જીવન જીવી શકાય નહિ. આ ધર્મભાવના જ વ્યક્તિ અને સમાજ બંનેને શુદ્ધ કરે છે.


આપણે આ પડકાર ઝીલવો જ રહ્યો. આપણી સમક્ષ આવેલા પડકારોમાં આ સૌથી વિષમ છે. ધર્મને પ્રાણપૂર્ણ બનાવવો પડશે. શ્રદ્ધાનું આચરણ અર્વાચીન માનસને સંતોષે એવું હોવું જોઈએ. ધાર્મિક આચારો, ઉન્નતિપ્રેરક હોવા જોઈશે. ધાર્મિક સંકેતોમાં પ્રેરકતા જોઈશે. મંદિરો સ્વચ્છ અને પવિત્ર વાતાવરણ સર્જતાં હોવાં જોઈશે. પ્રાર્થના સાથેના સંગીતમાં આત્મા હોવો જોઈશે. ધર્મગુરુઓમાં જ્ઞાન અને શ્રદ્ધા હોવાં જોઈશે.

સંસ્કૃત એ આપણી ધાર્મિક, નૈતિક અને સાંસ્કૃતિક પ્રેરણાનું મુખ્ય સાધન છે એ વાત આપણે ભૂલવી ન જોઈએ. કમનસીબે અર્વાચીન જીવનની સંકુલતાઓને પરિણામે ભારત સરકારે ત્રણ ભાષાઓની નીતિ સ્વીકારી છે જેમાં સંસ્કૃતને સ્થાન નથી, પરંતુ આપણે શક્ય હોય એ રીતે સંસ્કૃતને પ્રધાન સ્થાન આપવું જોઈએ, કેમ કે એ ભારતની સાચી માતૃભાષા છે.

ધર્મમાં શ્રદ્ધા ધરાવતાં રાજ્યો, સરકારી તંત્રો અને શ્રીમંતોને હાથે સંસ્કૃતની અવગણના થતી જોઈને મારું હૈયું ભાંગી જાય છે, પરંતુ આ તો પ્રજાનો યુગ છે. આપણી સંસ્કૃતિના આ પ્રાણવાયુને ટકાવી રાખવા પ્રજાએ આગળ આવવું રહ્યું.

આપણા યુગની સૌથી મોટી કરુણતા એ છે કે આપણી શિક્ષણસંસ્થાઓમાં ધર્મનું શિક્ષણ યોગ્ય રીતે અપાતું નથી. આપણે સુધરેલા જંગલીઓની જમાત ઊભી કરી રહ્યા છીએ જેઓ ધાર્મિક આકાંક્ષાને જાણતા નથી, જેમને મન ઈશ્વરનો કોઈ અર્થ નથી. આપણે આ પડકારને ઝીલી લેવાનો છે. આપણી પ્રવૃત્તિઓને સંકલિત કરી ઉદય પામતી પેઢીઓ ધાર્મિક પ્રભાવોથી વંચિત ન રહી જાય એવો પ્રબંધ કરવાનો છે. **[ક્રમશઃ]**

॥ શબ્દમૂળની શોધ ॥



કિન્ના, કન્ના, કિન્યા, કન્યા

☐ હેમન્ત દવે

ઉત્તરાયણમાં એ પર્વ અને પતંગ સાથે જોડાયેલા શબ્દોની વ્યુત્પત્તિની ચર્ચા અગાઉ આ સ્તંભમાં કરી છે. ઉત્તરાયણની આગલી રાતે – અમે ભાઈબહેનો ગમ્મતમાં એને કતલની રાત કહેતાં – પતંગને કન્ના બાંધવાનું કામ મુખ્ય રહેતું. *સાર્થ જોડણીકોશ*માં એની સમજૂતી 'પતંગના ઢઢ્ઢા અને કમાન સાથે બંધાતી દોરીની યોજના' એમ આપ્યો છે અને એની વ્યુત્પત્તિ સંસ્કૃત **कर्ण** પ્રા૦ **कन्न** પરથી એમ પ્રશ્નાર્થ સાથે બતાવી છે. પણ કોશ પોતે એ વિશે સંદેહાસ્પદ છે. બીજું, એના ઉપર જણાવેલાં રૂપાંતરો કોઈ બીજી ભાષામાંથી એ શબ્દો લેવાયા હોવાનું સૂચવે છે.

આ સંદર્ભે દ્રાવિડી ભાષાના આ શબ્દો નોંધવા જેવા છે. તમિળ 'કણ્ણી' એટલે 'ગાળિયો, ફાંસો, ગાંઠ, દોરની ગાંઠ જેવી યોજના'; કન્નડ 'કણિ' એટલે 'ગાંઠ, એવી ગ્રંથિ', અને 'કણાયા' 'કમર ઉપર કટિવસ્ત્રને મરાતી ગાંઠ', વગેરે. આમ આ શબ્દોનો સીધો સંબંધ એ પતંગ સાથે નથી, પણ એ બધામાં 'ગાંઠ મારવી, એ પ્રકારની ગાંઠ' એવા શબ્દાર્થ ઉપરથી અને સમાનતા ઉપરથી એમ અટકળ કરી શકાય કે એ શબ્દો દ્રાવિડી મૂળના હોઈ શકે, એથી વિશેષ કશું નહીં.

❑❑❑



ૐ નમો ભગવતે રામકૃષ્ણાય - ૮

☐ કૂપમંડૂક

ઠાકુરની અનેકાનેક કથાઓ પાછળ ખૂબ જ ગહન આધ્યાત્મિક રત્નો પડ્યાં છે. એને સમજવા, એનું અમૃત પીવા એ કથાઓ વારંવાર વાંચવી પડે અને એના ઉપર મનન કરવું પડે. એક દિવસ ઠાકુરની એક કથા સાંભળી વિવેકાનંદનો મિત્ર કહે, ''તમારા ગુરુજીની વિનોદવૃત્તિ ગજબની તેજ છે.'' વિવેકાનંદે એ કથા પાછળ રહેલા સંદેશને સમજાવવા ત્રણ દિવસ લીધા.

એક ગુરુએ પોતાના એક શિષ્યને કહ્યું કે દરેક જીવમાં ઈશ્વર વસે છે. એ પછી અધ્યાત્મ માર્ગ ઉપર ઠીક-ઠીક આગળ વધેલો આ શિષ્ય દરેક મનુષ્ય, પ્રાણી, પક્ષીમાં ઈશ્વરનાં દર્શન કરવા માંડ્યો અને એમના પ્રત્યે પ્રેમ અને સંવેદના રાખવા માંડ્યો.

એક દિવસ તે રસ્તા ઉપર ચાલી રહ્યો હતો. સામે દૂરથી લોકોના બૂમબરાડા તેણે સાંભળ્યાં. થોડી ક્ષણમાં સામેથી એક હાથી ગાંડોતૂર બની દોડતો આવતો તેણે જોયો. લોકોમાં ભાગમભાગ મચી હતી. હાથી ઉપર બેઠેલો મહાવત ચીખી-ચીખીને બોલતો કે બાજુએ ખસી જાઓ, આ હાથી ગાંડો બન્યો છે, પરંતુ પેલા શિષ્યને તો હાથીમાં ભગવાન દેખાય. હું તો ઈશ્વરને ખૂબ પ્રેમ કરું છું. હું આટલી સ્વચ્છ જિંદગી જીવું છું તો ભગવાન શા માટે મને નુકસાન પહોંચાડે એવું વિચારી તેણે રસ્તાની વચ્ચે ચાલવાનું ચાલુ રાખ્યું. મહાવતે બહુ બૂમાબૂમ કરી. ભાઈ, ખસી જા, ખસી જા... પણ આ ભક્ત માને શાનો? તેની શ્રદ્ધા તેને માનવા જ ન દે.

હાથી સામે આવી ગયો તો પણ તે હટ્યો નહીં. હાથીએ તેને સૂંઢમાં લઈ દૂર ફંગોળી દીધો. ઘાયલ થઈ તે બેભાન બની ગયો. ભાન આવ્યું ત્યારે જુએ તો ગુરુજીની કુટિરમાં તે હતો અને ગુરુ તેની

સારવાર કરી રહ્યા હતા. ગુરુએ પૂછ્યું, ''તું બાજુએ ખસી કેમ ન ગયો?''

તો કહે ''હાથી પણ ઈશ્વર છે, એટલે મને થયું કે એ મને શા માટે મારે?'' ગુરુ કહે, ''ભાઈ, મહાવત પણ ઈશ્વર જ હતો ને! તો તે હાથી-ભગવાનમાં ધ્યાન આપ્યું, પણ મહાવત-ભગવાનનું શું? એ ભગવાનનો આદેશ સાંભળી તારે બાજુએ ખસી જવું હતું ને.''

હવે વિવેકાનંદના મિત્રને આ વાતમાં માત્ર વિનોદ દેખાયો, કારણ કે વાતની પાછળનો મર્મ પકડવા તેણે મહેનત જ ન કરી. વિવેકાનંદે તેને વિસ્તારે સમજાવ્યું. મનુષ્ય સામે ઊભેલા મહત્ત્વના પ્રશ્નોમાંનો એક એ છે કે ધાર્યું ધણીનું થાય કે મનુષ્યની ઇચ્છાશક્તિ પણ કામ કરતી હોય છે? એટલે કે આપણે નસીબ લખાવીને આવ્યા છીએ અને બધું એ મુજબ થાય છે કે મનુષ્યને પણ વિચારવાની, કાર્ય કરવાની સ્વતંત્રતા છે? તો જવાબ છે કે આ સ્વતંત્રતા છે. ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં છે, પરંતુ છે. અહીં પેલા શિષ્ય પાસે વિકલ્પ હતો કે હાથી-ભગવાનમાં શ્રદ્ધા રાખવી કે મહાવત-ભગવાનનું માનવું. તેણે વિવેકબુદ્ધિ ન વાપરી એટલે તેનું પરિણામ ભોગવવું પડ્યું.

ઠાકુર કહેતા કે ઈશ્વરનો પ્રકાશ બધા જીવોમાં હોય જ છે, પરંતુ એનું પ્રમાણ અલગ-અલગ હોય છે. કોઈમાં વધુ, કોઈમાં ખૂબ જ વધુ તો કોઈમાં ઓછું ને કોઈમાં ખૂબ ઓછું. અધ્યાત્મના માર્ગ ઉપર ચાલનારા મનુષ્યોમાં પ્રેમ, સત્ય, કરુણા, નમ્રતા, નીડરતા વગેરે ગુણો ધરાવતા માનવીઓમાં ગરીબ, ઉપેક્ષિત મનુષ્યોને મદદ કરી માનવસેવા કરનારાઓમાં સંગીત, નૃત્ય જેવી કલાઓમાં પારંગત તેવા માણસોમાં ઈશ્વરીય પ્રકાશ વધુ હોય છે. કહેતા કે વાઘમાં પણ ઈશ્વર છે, પરંતુ એથી એને ભેટી થોડું પડાય? દુષ્ટ માણસોને દૂરથી જ નમસ્કાર કરવા. હા, પરંતુ કોઈ તમારું બૂરું કરે તો તેને માફ કરી દેવાનો, તેના પ્રત્યે જરાયે વેરભાવ ન રાખવો, તેનું ભલું થાય એવી પ્રાર્થના કરવી.

મને પારસી કોમના વડા દસ્તુરજી, કયખુશરુ દસ્તુર યાદ આવે છે. નવસારી તેમની કર્મભૂમિ. એવી પરંપરા છે કે વડા દસ્તુરજી અવસાન પામે પછી તેમની મસમોટી છબી નવસારીના આતશ બહેરામના જબરદસ્ત વિશાળ હૉલમાં મૂકવામાં આવે. સૈકાઓથી ચાલતી આવેલી આ પરંપરા વડા દસ્તુરજી કયખુશરુએ તોડી. તેમની સૂચના મુજબ તેમની છબીને બદલે હૉલમાં ફ્રેમ કરેલું તેમનું લખાણ મુકાયું જેમાં 'આજના દિવસ પૂરતું' હું શું કરીશ એ કહેવામાં આવ્યું છે. માત્ર પંદરથી વીસ લાઇનમાં લખાયેલા શબ્દોમાં મનુષ્યના આધ્યાત્મિક જીવનનો નિચોડ આવી જાય છે. આ દસેક પ્રતિજ્ઞામાંની એક છે :

''આજના દિવસે જેણે મેલી મુરાદથી જાણીબૂઝીને મારું ભયાનક બૂરું કર્યું છે તેને હું સાચા દિલથી પ્રેમ કરીશ.''

માત્ર માફ કરીશ એમ નહીં, પણ પ્રેમ કરીશ. મનુષ્યત્વની, ઇન્સાનિયતની આ ચરમસીમા છે. ઈશ્વર સર્વમાં અને સર્વત્ર છે. આપણું બૂરું કરનારામાં પણ. એક સાધુ પર ડાકુઓ ત્રાટક્યા. ફકીર પાસે શું હોય? એટલે તેને માર મારી, રસ્તાની બાજુએ ફેંકી દઈ ચાલ્યા ગયા. એક માણસ તે બેશુદ્ધ સાધુને ઘરે લઈ આવ્યો. સારવાર કરી. તે ભાનમાં આવ્યો ત્યારે પૂછ્યું કે, "શું થયું ભાઈ?" સાધુ કહે, ''ભાઈ, તેં પહેલાં મને ખૂબ માર્યો અને હવે સારવાર કરે છે.'' ઈશ્વર જ મારે ને ઈશ્વર જ સારવાર કરી સાજો કરે. બધામાં ઈશ્વર હોય જ.

હવે હાથી - મહાવતની વાત ઉપર પાછા ફરીએ. ઠાકુર કહેતા કે માણસની સ્વતંત્ર ઇચ્છાશક્તિ એટલે કે તેની પોતાની જિંદગી જીવવામાં તેની વિવેકબુદ્ધિ વાપરવાની તેની આઝાદી કેટલી છે? એટલી કે જાણે ખૂંટે બંધાયેલી ગાય. કોઈ ગાયનું દોરડું ટૂંકું હોય, તો કોઈનું લાંબું, તો કોઈનું ઘણું લાંબું. ખૂંટે તો બંધાયેલા જ રહેવાનું, પરંતુ દોરડાથી લંબાઈના વિસ્તારમાં ગાયને હરવાફરવાની, બેસવાની છૂટ છે. બસ, આટલી જ છે મનુષ્યની ઇચ્છાશક્તિની સ્વતંત્રતા. ઓછી છે, પણ છે અને એ મર્યાદામાં મનુષ્ય ઘણુંબધું પોતાની ઇચ્છા મુજબ કરી શકે છે.

ઠાકુરની ઘણી કથાઓમાં એકથી વધુ અર્થો નીકળે. દા. ત. નીચેની કથામાં વિવેકબુદ્ધિની સ્વતંત્રતાવાળો અર્થ તો છે જ, પણ બીજો એક અર્થ પણ છે. આ કથા છે :

એક ગામમાં એક ઝેરીલો નાગ રહેતો. એ જ્યાં રહેતો એની નજીક જ ગામનો મુખ્ય રસ્તો પડે. એટલે રસ્તાનો એ ભાગ ઉજ્જડ બની ગયેલો. નાગે એવો ત્રાસ વર્તાવેલો કે કોઈ ત્યાંથી નીકળે તો એ ત્રાટકેલો જ સમજો. એક દિવસ એક બ્રહ્મચારી એ રસ્તા પર થઈ બીજે ગામ ચાલતો જતો હતો. ગામના લોકોએ તેને ગોળ ચકરાવો લઈને જવાની સલાહ આપી ને ઝેરીલા, ગુસ્સેબાજ નાગની વાત કરી. બ્રહ્મચારી કહે કે તમે લોકો ફિકર ના કરો. મારી પાસે નાગને નાથવાનો મંત્ર છે.

બ્રહ્મચારી નજીક આવ્યો એટલે નાગ રસ્તા ઉપર આવી ગયો ને એને ડસવા સામો દોડ્યો, પણ મંત્રોચ્ચાર થયો અને એ ઠંડો પડી ગયો. બ્રહ્મચારીએ એને સમજાવ્યો કે ભાઈ, તું શા માટે આવો હિંસક બને છે. લોકોને આમ રંજાડવું પાપ છે. પછી એણે નાગને એક મંત્ર આપ્યો કે આનું ઉચ્ચારણ કરવાથી તારો ઉદ્ધાર થશે. એ પછી નાગ શાંત અને મૃદુ થઈ ગયો.

એક દિવસ છોકરાઓ રમતા હતા અને દડો નાગના નિવાસની થોડેક નજીક પહોંચી ગયો. બે-ત્રણ યુવાઓએ ધીમે પગલે દડો લેવા જવાની હિંમત કરી. નાગ બહુ દૂર ન હતો. પેલાઓ નજીક આવ્યા છતાં એ હલ્યો પણ નહીં. હિંમત કરી દડો લઈ આવ્યા. આવી રીતે ધીમે-ધીમે ગામના લોકોને લાગવા માંડ્યું કે નાગમાં

હવે પહેલાં જેવી તાકાત નથી રહી.

કોઈકે દૂરથી નાગને પથ્થર માર્યો. નાગ શાંત રહ્યો. લોકોની હિંમત વધતી ગઈ. કોઈકે નજીક જઈ લાકડીનો ઘા કર્યો. નાગે કોઈ પ્રતિક્રિયા ન આપી. પછી તો જાણે વેર લેવાની હોડ ચાલી. નાગને ખૂબ માર પડ્યો.

એ લોહીલુહાણ થઈને ખૂણામાં પડેલો હતો કે બ્રહ્મચારી એ જ રસ્તે પાછો ફર્યો. નાગની દશા જોઈ એણે એની સારવાર કરી અને આવું કેમ થયું એમ પૂછ્યું. નાગે હકીકત કહી, બ્રહ્મચારી કહે, ''ગાંડા ભાઈ, મેં તને ડસવાની ના પાડી હતી, ફૂંફાડો મારવાની ક્યાં ના પાડેલી? તું ફૂંફાડા મારત તો ન કોઈને હાનિ પહોંચત કે ન તું અધમૂઓ થાત.''

નાગે વિવેકબુદ્ધિ ન વાપરી. બીજો અર્થ એ છે કે દુષ્ટ લોકોથી દૂર રહેવું, પણ એ નજીક આવે તો ફૂંફાડો તો મારવાનો જ. ડર ન રખાય. નીડર બનવું. ઠાકુરના બે 'ઈશ્વરકોટી' શિષ્યો હતા - નિરંજન અને યોગીન. નિરંજન અલમસ્ત અને ખોટું જરાયે ન સાંખી લે એવો. યોગીન વધુ પડતો મૃદુ અને પ્રશાંત. એક દિવસ નિરંજન હોડીમાં દક્ષિણેશ્વર આવતો હતો. બે સહપ્રવાસીઓ ઠાકુરની બદગોઈ કરી રહ્યા હતા. તેમના ચારિત્ર્ય પર પણ શંકા ઉઠાવતા હતા. નિરંજનને એટલો ગુસ્સો આવ્યો કે હોડીને છેડે જઈ તેને પકડીને એવી તો હલબલાવી મૂકી કે એ ઊંધી થઈ શકતી હતી. સહપ્રવાસીઓએ તેને શાંત પડવા વિનંતી કરી. પેલા બે નિંદાખોરોએ હાથ જોડી નિરંજનની માફી માગી ત્યારે તે શાંત પડ્યો.

ઠાકુરને ખબર પડી. તેમણે નિરંજનને ઠપકો આપ્યો કે અલ્યા લોકો તો બોલ્યા કરે, એમાં આપણું શું જાય? લોકોની પ્રશંસા કે ટીકાને બકવાસ સમજવો ને એની બિલકુલ અવગણના કરવી. હોડી પલટાઈ ગઈ હોત ને કોઈ ડૂબી મર્યું હોત તો? તારે માથે જ પાપ આવત ને.

હવે આ જ અનુભવ યોગીનને થયો, પણ તે તો મૃદુ માણસ. એ કાંઈ પ્રતિક્રિયા આપે? સમસમીને બેસી રહ્યો. દક્ષિણેશ્વર પહોંચી તેણે ઠાકુરને વાત કરી. ભગવાન કહે, ''તારા ઠાકુર વિશે આ લોકો એલફેલ બોલ્યા ને તું ગુપચુપ બેસી રહ્યો! તારે નીડરતાથી તેમને જવાબ આપવો હતો. વખત આવ્યે ફૂંફાડો મારતાં શીખ, મારા ભાઈ.''

આ બન્ને પ્રસંગોમાંથી જે ભાવાર્થ તમારે કાઢવો હોય એ કાઢી લો. તમને એમ પણ વિચાર આવશે કે ઠાકુર કેમ પરસ્પરવિરોધી સલાહ આપે છે? પરંતુ પોતાના સંન્યાસી શિષ્યોનાં ચારિત્ર્યને એની સાચી સપાટીએ લાવવા ઠાકુર એક શિષ્યનો સ્વભાવ જોઈ એ પ્રમાણે શિખામણ આપતા. તેમના સંન્યાસી શિષ્યોએ પોતાના અનુભવ વર્ણવતાં જે લેખો લખ્યા છે એમાં આ વાત વારંવાર છતી થાય છે.

[ક્રમશઃ]

ચાર ગઝલ

☐ જિગર જોષી 'પ્રેમ'

ન પડે

આભમાં આમ ઉઝરડા ન પડે!
પંખી પર શું હવે શંકા ન પડે?

વારસગત મળી ધરમૂળ પીડા,
મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે.

આજ પણ આંખમાં જગ્યા જ નથી,
આજ પણ આંસુઓ પાછાં ન પડે.

કઈ રીતે સ્પર્શ કરું કે ન કરું?
એ જ ઇચ્છું છું કે ડાઘા ન પડે.

તુંય સીતા છે તો આ પ્રાર્થના છે,
તારા રસ્તે કદી લંકા ન પડે.

અમથું પથ્થરનું છે આ ટોળું 'જિગર'
હોય પર્વત તો શું પડઘા ન પડે?

ઉકેલી લીધું

બે ઘડી ફૂલમાં પ્રવેશી લીધું
જિંદગીભરનું આજે મહેકી લીધું

તને મારામાં મેં ઉમેરી લીધી
એ પછી મેં મને જ ભેટી લીધું

એક જગત ખોટું વિસ્તર્યું ભીતર
જાણ થઈ કે તરત સમેટી લીધું

પાંપણોનેય ભાગ ના આપ્યો,
બંધ આંખોમાં દુ:ખ વહેંચી લીધું

સાદગી ને ઉપર સરળતા વળી
મૌનમાં સ્મિત તેં ઉમેરી લીધું

કાયમી-ઊંઘ મેળવી લીધી
આ ઉખાણુંય તેં ઉકેલી લીધું

નામ લખવું છે

પતંગિયાથી વધુ નમણું નામ લખવું છે
દરેક ફૂલ ઉપર તારું નામ લખવું છે

હથેળી લાવ જરા હોઠ એની પર મૂકું,
ચૂમી ચૂમી ને હવે તારું નામ લખવું છે

લિપિ હો એવી ફક્ત તું જ એ ઉકેલી શકે
જરાક છાનું અને છપનું નામ લખવું છે

મને ખબર છે નદી છે, વહી જવાની છે,
લખી શકાય તો ખળખળતું નામ લખવું છે

શરમથી લાલ થઈ જાય ટેરવાં મારાં,
વિચારું જ્યારે 'જિગર' ગમતું નામ લખવું છે

નિરાંતે બેઠા છે

જુઓ તો લાગે નહીં કે નિરાંતે બેઠા છે
ઘણા સમય પછી આજે નિરાંતે બેઠા છે

સમુદ્ર જેવું જ તોફાન સાચવે છે ભીતર,
એ મારી સાથે કિનારે નિરાંતે બેઠા છે.

આ મારી સાથે છે એના સ્મરણસભર કિસ્સા,
જુઓ કે ઝાડના છાંયે નિરાંતે બેઠા છે.

બની શકે કે એ ગરમાળાના જ વંશજ હો,
એ આવા ઘોર ઉનાળે નિરાંતે બેઠા છે.

ઉઘાડી આંખનું અચરજ આ કોને કહેવું 'જિગર'!
હરણ ને ઝાંઝવાં સાથે નિરાંતે બેઠા છે.

ચાર ગીત

☐ મનોહર ત્રિવેદી

(લોકો બોલે ઓ બોલેરે ઘર બારી બાલા ના અમાર)

કૂથલી કરે ગામ કે મારું ખોરડું નથી ઠીક
એક ભરોસો પૂરતો : બીજી રાખીએ શાની બીક?
છાપરું આળ્યું, જાળિયાં મૂક્યાં
થાંભલી મૂકી ચાર
ગાર-માટીની ભીંત ધોળાવી
એમ કર્યો શણગાર
મર, ચોમાસાં ત્રાટકે : થાતી વીજળીની ત્રમઝીંક
કોઈ આવેતુ લીમડા હેઠે
ઝીલશે શીળી છાંય
વાત કરી બે, હળવા થાશે
જીવ જેનો મૂંઝાય
કહીશું રૂડાં બોલ : ઝળેળા ઠારશું રે લગરીક
ખખડે સાંકળ ખડકીની
પણ થાય ના ઊણું મન
ઉમળકે છલકાય છાતી ને
થાય ફોરું આંગણ
કોઠી ભરી બાઈ, ઈનોઈ લૈ જાશે ચપટીક
કૂથલી કરે ગામ કે મારું ખોરડું નથી ઠીક

(ઈ અમાર આર ડી હબે)

એક તારો સમોનમો કરતાં મધરાતની વીતે છે મનગમતી વેળ
કે ભાઈ, અમે બીજો તો કરીએ શું મેળ?

સાંભળવા કાન માંડી બેઠો છે ક્યારનો
ત્યાં સામેનો સાંઈનો ધૂણો
ચીપિયાથી તાલ જરી દીધો : વ્રેમાંડમાં
તાર પછી ગૂંજ્યો સલૂણો

એકાદી ફૂંકથી ઝગી ગયો દેતવા આ હુક્કામાં, પાટને અઢેલ

અડખેપડખેથી ઓરાં આવી અંધારાં
તાપણીથી દૂર સ્હેજ બેઠાં
ટેકરીને ઓળંગી ખેતરના કેડાઓ
હળુહળુ ઊતરતા હેઠા

નભથી આ કોણ ભરી તાંસળાંનાં તાંસળાં મોકલતું તેજે મઢેલ
એક તારો સમોનમો કરતાં મધરાતની વીતે છે મઘમઘતી વેળ

સતીશચંદ્ર વ્યાસ ‘શબ્દ’
દ્વારા, મૂળ બંગાળીમાં
તેમ જ ગુજરાતીમાં
અનૂદિત ‘બાઉલનાં
ગીતો’ નામે સંચય પ્રગટ
થયો છે. રાજા હસન
બાઉલ તેમ જ અન્ય
બાઉલ ગીતની પ્રથમ
પંક્તિથી પ્રેરિત રચનાઓ,
ઋણ સ્વીકાર સાથે.

(પીરિત કરે ધોબેર માથે રે પા ધુઆ ખેલે)

ધોબીની છોકરીના પગને પખાળે છે નાનકડી સરિતાનો તટ
ઓછાંવત્તાં તો થાય વ્હેતાં જળ : પ્રેમમાં દીઠી છે કોણે વધઘટ?
કપડાંનો મેલ ભલે આપે ને ઉપરથી
છીપર પર ધોકાનો માર
રેતીમાં સૂકવતી જાય છે તો કંઠેથી
ઊડે છે કુંજડીની હાર

નાહીને વાળ એના ઝાટકે તો થાય : આ તો રાજાની કુંવરીનો વટ્ટ
ભેખડ છે, પંખી છે, કાંઠાનાં ઝાડ છે
ને બે બાજુ વ્હેતિયાણ નીર
કૂદે છે, નાચે છે, ઘડી ઘડી વાત માંડે
એકલું ના ગમતું લગીર

કાનજીની જેમ અહીં પસવારે વાયરો ગાલ ઉપર કાળવી બે લટ
ખારવાની કને હોય હોડી ને હલ્લેસાં
કીડી કને તરણાની નાવ
આવે ને જાય, કોઈ બેસે, રોકાય
એકસરખાં છે કાંઠાને ભાવ

નદી વતી છોકરી પોતાને કહેતી કે કાલ ફરી આવજે તું ઝટ્ટ
ઓછાંવત્તાં તો થાય વ્હેતાં જળ : પ્રેમમાં દીઠી છે કોણે વધઘટ!

(આરેવારે મારીશ ને મા!)

આ વેળા તું મારતી નહીં, મા!
ભેરુ સાથે ઝઘડા : વહે લોહીદદૂડા : જોઈને આંસુ સારતી નહીં, મા!
 પડોશીઓને એમ કે'તી કે :
'હાસ્તો, બાઈ, આ જ છે મારા લાલની લીલા'
 સ્હેજ છોલાયો હોઉં તો થતાં
આમ કા ઘાંઘાં, થાય સહુનાં મુખ કાં વ્હીલાં?
'સાંજના તારી ખબર લેશે બાપ રે તારો!' એમ કહીને ડારતી નહીં, મા!

 પાટાપિંડી કરવા કાજે ગોખલામાંથી
 લૈ લીધું ને આટલું બધું રૂ?
 દિવેટ કરીશ કેમ કરી, ક્યાં ગોતવા જઈશ
 ગોરજ-ટાણે તું?
હું તો તારી દયા ખાઈ કરું છું : બીજું સાવ અમસ્તું ધારતી નહીં, મા!

 મેં કોઈને હોત પછાડ્યો, તેં જ ત્યાં આવી
 દોડતાં આવી ઊંચકી લીધો હોત
 ઘરમાં લાવી, સ્નેહથી તારા મીઠડા હાથે
 સાફ કરીને ઘાવ બધા તું ધોત

કોણ કહે છે, સુખની પેઠે દુઃખને પણ સંભાળતી નહીં, મા!
ભેરુ સાથે ઝઘડા : વહે લોહીદદૂડા : જોઈને આંસુ સારતી નહીં, મા!

 આ વેળા તું મારતી નહીં, મા!
ભેરુ સાથે ઝઘડા : વહે લોહીદદૂડા : જોઈને આંસુ સારતી નહીં, મા!
પડોશીઓને કહેતી કે : 'હાસ્તો, બાઈ, આ જ છે મારા લાલની લીલા'

"ઉઘાડો બારી"

☐ મૂળ હિન્દી, કવિ : અશોક વાજપાઈ ☐ અનુવાદ : કુશલ મેહતા

જાગો, ઉઘાડો બારી
પરોઢ થઈ ગયું છે
પક્ષીઓનાં આગમનનાં એંધાણ વર્તાય છે
ઊઠો, ઉઘાડો બારી

સાદ પાડો જીવનને
એનાં અસંખ્ય નામોથી
જે તમારી બારી નીચે સંગ્રહાઈ શકે છે

જુઓ, જેટલો તડકો ઊઘડ્યો છે, એટલું જ જીવન
જેટલી લીલોતરી છે, એટલી જ એની શોભા
જેટલો કલરવ છે, એટલો જ એનો ધ્વનિ-સમૂહ

જો જીવન ન હોત
તો ન બારી હોત, ન પરોઢ
ન તડકો, ન નામ, ન લીલોતરી, ન કલરવ

જીવન જ લખાવે છે કવિતા
જીવન જ પ્રતીતિ કરાવે છે તમારી હયાતીની.

ગઝલ

☐ હેમેન શાહ

અડગ ઊભો રાખ્યો મને આ જગા પર,
બીજાની છે બંદૂક મારા ખભા પર!

હંમેશાં જ વિશ્વાસ કરવો પડે છે,
પરંતુ હલેસાં ઉપર કે હવા પર?

રહો સામે ત્યાં લગ તમારો છે બાકી...
નથી માલિકી કોઈની આયના પર.

તમારા ઉપર વેરશે એ પ્રશંસા,
પછી આવશે એ ફસલ કાપવા પર!

અમે નરસીં મે'તાનું બોતેરમું કુળ*,
ભરોસો નથી કોઈના તારવા પર.

*ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં કુળ ઇકોતેર તાર્યા રે.

ન લખાયેલી કવિતાઓ માટે કવિતા

□ કમલ વોરા

૧
ન લખાયેલી કવિતાઓ
નથી હોતી - એવું નથી
એ સમજાતાં જ
હતપ્રભ થઈ ગયેલો કવિ
લખેલા શબ્દો પર ચડાવેલા
અલંકાર ઉતારી
આઘાપાછા કરી દે છે
ભાંગીને, વિશેષણોની રજકણ કરે છે
ક્રિયાપદોને
તોડીમરોડીફોડીને પાંગળાં કરી નાખે છે
પછી વિલાપ કરતા શબ્દોની સામે
અસહાય ઊભો રહી જાય છે
ન લખાયેલી કવિતાઓ
એને અનિમેષ તાકી રહી છે
તે પામી જાય છે
પણ લખી લખીને
અથવા ન લખીને પણ -
એ વ્યક્તમધ્યમાં છે,
કે અવ્યક્તમધ્યમાં
તે જાણી શકતો નથી

૨
ક્યારેક
જલ પર ઉદય જોઈને ચન્દ્રનો
કવિ
સાગરે ભાસતી ભવ્ય ભરતીમાં
ન લખેલી કવિતાનો નાદ
સાંભળે

ક્યારેક
ભોમિયા વિના ડુંગરા ભમતો
જંગલની કુંજકુંજ જોતો
કવિ
ચોપાસ ગબડી રહેલા પથ્થરોમાં
ન લખાયેલી કવિતાના અક્ષરો
જુએ

ક્યારેક
ગગનમાં કોણ ઘૂમી રહ્યો નીરખતાં નીરખતાં
કવિ
ન લખી શકાયેલી કવિતાના શબ્દ બોલે
બોલતાં બોલતાં
અખિલ બ્રહ્માંડને શબ્દલય-તાલે તોલે

૩
લખાયેલી કવિતા
આભ-સૂરજ-ધરતી-પાણી-હવા
ટાઢ-તડકો-વરસાદ
સવાર-બપોર-રાત
ખગોળ-ભૂગોળ-ઇતિહાસ
આદિ-મધ્ય
આંખ-જીભ-હાથ-કાન-નાક
ભાષા-વ્યાકરણ-લય-છંદ-પ્રાસ-ધ્વનિ
કલમ-સ્યાહી-કાગળ
સહુ... સહુની સહિયારી છે

ન લખાયેલી કવિતા
માત્ર અને માત્ર,
એકલા કવિની છે

કવિની નેમ
ન લખાયેલી કવિતા
લખવાની નથી;
પણ કવિતા લખી લખીને
ન લખાયેલી કવિતા લગી પહોંચવાની
પહોંચીને
ખોવાઈ જવાની છે

૪
ન લખાયેલી કવિતાનો ઘન-ભાર
કવિ પાસે
કવિતા પછી કવિતા
લખાવતો રહે છે

ન લખાયેલી કવિતાના ઋણ-ભારે
કવિની
અણ-નમ કવિતા
નતમસ્તક થાય છે

૫
ન લખાયેલી કવિતા
'હોવું'ની નિરર્થકતા
ગોપવી રાખે છે
લખાયેલી કવિતા
'ન હોવું'ની સાર્થકતા
આલેખે છે
કવિ
કવિતાની આંગળીઓએ
લટકે છે લટકતો રહે છે

૬
લખે છે
ત્યારે કવિ જાણે છે
બેધ્યાન થતાં જ
કવિતા એને ઉઘાડો પાડી દેશે
છતાં
કવિ લખતો રહે છે
ન લખાયેલી કવિતાઓને
છાવરતો રહે છે

ગઝલ

☐ દિનેશ કાનાણી

બે'ક સપનાં તો બધાંને હોય, મારે પણ હતાં
ઘરમાં ઝઘડા તો બધાને હોય, મારે પણ હતા


જ્યારે પણ જ્યાં જ્યાં ગયો ત્યાં ચોખ્ખું વર્તન મેં કર્યું,
મેલાં કપડાં તો બધાંને હોય, મારે પણ હતાં

કોઈ ઠારી નાખે, કોઈ દિવેલ પૂરે ઉમ્રભર
દિલમાં દીવા તો બધાંને હોય, મારે પણ હતા

તે છતાંયે ઘરથી જુદા એમને કરવા પડે
દીકરા વહાલા તો બધાંને હોય, મારે પણ હતા

હું ઉદાસી ઓઢીને કોઈ દિવસ બેઠો નહીં
તડકા-છાયા તો બધાંને હોય, મારે પણ હતા

શું કરીએ જિંદગી નાટક કરાવે છે સતત
એક-બે ચહેરા તો બધાંને હોય, મારે પણ હતા



હિસાબનું છેલ્લું પાનું

☐ પ્રવીણસિંહ ચાવડા

પોતાનું ઘર, પણ બારણામાં પગ મૂકતાં અજાણ્યું અને પારકું લાગ્યું. મધ્યમ વયનો એક ટાલિયો પગ ઉપર પગ ચડાવી, જમણો હાથ સોફાની પાછળ લટકતો રાખી, માલિકીહકથી બેઠો હતો. ઘરધણીના આગમનની નોંધ તેણે ત્રાંસી નજરે લીધી, જેમાં ભારોભાર અણગમો અને રીસ ભરેલાં હતાં. તેની અદામાં, અંગોની ગોઠવણીમાં સહેજ પણ ફેરફાર થયો નહીં. બીજો પણ એક માણસ હતો, તેનો સાથીદાર, જેની પીઠ જ જોવા મળી, કારણ કે તે ખૂણામાં ટી.વી. સામે વાંકો નમી કંઈક તપાસી રહ્યો હતો.

રવિવારના તેમના ક્રમ પ્રમાણે નાહીપરવારી બગીચામાં ગયા હતા. અડધોએક કલાક ચાલી ખૂણાના એક બાંકડા પર હાશ કરી માંડ બેઠા ત્યાં પત્નીનો રઘવાટભર્યો ફોન આવ્યો. ઝડપથી એકધારું કેટલુંયે બોલી ગયાં: આ લોકો આવ્યા છે, પ્રશ્નો પૂછે છે આડાઅવળા, એમ કે તમે ક્યાં જતા રહ્યા, કેમ જતા રહ્યા, એવું-એવું.

'કોણ? કયા લોકો?'

'હાલ ને હાલ ઘેર આવો.'

'મ્યુનિસિપાલિટીવાળા? ઇલેક્ટ્રિસિટી બોર્ડવાળો?'

'તમે અબઘડી આવો.'

વધારે કંઈ પૂછ્યા વગર, સમજવાનો પ્રયત્ન કર્યા વગર રિક્ષા કરીને ઘેર પહોંચ્યા તો આ સ્થિતિ હતી. બારણામાં ઊભાં-ઊભાં જોઈ રહ્યા.

ટી.વી. સામે ચોંટેલા માણસમાં સ્ફૂર્તિ ખૂબ હતી. તેણે સ્વાગત કર્યું. પોતાનું કામ પડતું મૂકી ધસી આવ્યો અને હાથ લંબાવી હાસ્યથી ઊભરાતાં વેલકમ સર, હાઉ આર યુ સર? એવું કંઈક ગબડાવી ગયો.

બોલ્યા વગર હાથના ઇશારાથી તેને ચૂપ કરી દીધો અને સીધા રસોડામાં ગયા. પત્ની પ્લૅટફૉર્મ પાસે ઊભાં હતાં. તેમને પાણી આપ્યું, પોતે બે ઘૂંટડા પીધું.

'કોણ છે?'

'કાંક બૅન્કનું કેતા'તા. એકદમ આવીને પોલીસની જેમ પૂછવા મંડ્યા.'

'બૅન્ક? બૅન્ક કેવી?'

'જડતી લેવી પડશે. શી ખબર, જડતી બોલ્યા કે જપ્તી?'

જડતી! જપ્તી! મારા ઘરની?

વાહ!

'તમે કેમ રસોડામાં ભરાઈ ગયાં છો? જે કંઈ પ્રૉબ્લમ હોય, ભૂલ જ હશે, ગેરસમજ હશે, જે હોય એ, તમારે ગભરાવાનું ન હોય. બહાર આવીને બેસો.'

બેઠકરૂમમાં પાછા જઈને પહેલું કામ આ કર્યું : નાટકના રાજાની અદાથી બેઠેલા સામે ઊભા રહી કહ્યું, 'બૂટ-ચંપલ પહેરીને આવવાનો આ ઘરમાં નિષેધ છે. જાઓ અને જૂતાં બહાર કાઢીને આવો.'

થપ્પડ પડી હોય એમ પેલાના ગાલ તમતમી ગયા. બે ક્ષણ હાલ્યો નહીં, પછી ઊભો થઈને બહાર ગયો. પાછો આવીને બેઠો પોતાની મૂળ જગ્યાએ, પણ ગુમાવેલી અદા પાછી આવી નહીં. હાથ ખોળામાં રાખીને સીધો બેઠો.

'કયા વર્ષનું મૉડલ હશે, કાકા?'

'મૉડલ? શાનું?'

'આજના હિસાબે કિંમત કેટલી ગણાય? આ તો, ખાલી પૂછું છું.'

ઊછળતો-કૂદતો જુનિયર વિદૂષક ટી.વી.ની કિંમત પૂછી રહ્યો હતો!

તેમણે નકલી રાજાને પૂછ્યું, 'આ ભાઈ કોણ છે?'

'અમારા ઍડ્વોકેટ.'

'તમારા એટલે? તમે કોણ?'

ઍડ્વોકેટ તરીકે ઓળખાવાયેલો માણસ મોટેથી બોલી ગયો, 'મૅનેજર, વખારિયાસાહેબ.'

'શાના મૅનેજર?'

વખારિયા ટટ્ટાર થયા અને કોઈ કૉ-ઑપરેટિવ બૅન્કનું નામ બોલ્યા.

વિષયને ત્યાં સ્થગિત કરી તેમણે જુવાનિયાને કહ્યું, 'ગલોફામાં તમાકુનું પાન ભરી રાખ્યું છે? જાઓ, થૂંકી આવો, વરંડાની બહાર ખૂણામાં.'

તે માણસને માન-અપમાન જેવું હશે નહીં, યજમાને મજાની જોક કરી હોય એમ ખુશ થતો એ બમણી સ્ફૂર્તિથી બહાર દોડી ગયો.

સામેની ખુરશી પર બેઠા, 'હવે બોલો, મિસ્ટર વખારિયા. આ બધું શું છે અને કેમ આવવું પડ્યું એ સમજાવો.'

બોલતાં-બોલતાં વખારિયાનો અવાજ ઊંચો થઈ ફાટી ગયો, 'લોનના હપ્તા ભરવા નથી, ફૅક્ટરીએ જઈએ તો તાળાં, નોટિસ...'

આ કેવું અભદ્ર નાટક ભજવાઈ રહ્યું હતું! અજાણ્યો માણસ વગર પરવાનગીએ ઘરમાં ઘૂસ્યો છે અને નિર્લજ્જપણે ઘાંટા પાડી રહ્યો છે!

'એક મિનિટ, ભાઈ. શાની ફૅક્ટરી અને કેવી બૅન્ક? કંઈ સમજાતું નથી, છતાં આપણે ચર્ચા કરીએ, મને વાંધો નથી, પણ વખારિયા, એક વાત તમે ધ્યાનમાં રાખો, શિક્ષકનું ઘર છે. અવાજ નીચો કરો. સજ્જનને શોભે એવો વ્યવહાર હશે તો હું સાંભળીશ. નહીં તો, નાછૂટકે તમને ચાલ્યા જવા વિનંતી કરવી પડશે.'

વખારિયા માટે આ અકલ્પનીય હશે. પોતાનું ઘર તે કોઈ રાજમહેલ, કિલ્લો કે મંદિર હોય એમ, એકવડા બાંધાનો આ સામાન્ય લાગતો માણસ કહી રહ્યો છે, શિક્ષકનું ઘર છે!

જરૂરી હતું એ કહેવાઈ ગયું. એકના બૂટ, બીજાની તમાકુ – મૂળ વિષય તો હજુ દૂર જ હતો અને ઊર્જાનો, સમયનો વ્યય થઈ રહ્યો હતો. પોતે વધારે પડતી ઉગ્રતા બતાવી હતી એ વિચારથી થોડો રંજ પણ થયો.

હળવાશથી, સહેજ હસીને બોલ્યા, 'હવે વાત કરો, સાહેબ. શું છે, કેમ આવવું પડ્યું તે મને વ્યવસ્થિત રીતે સમજાવો. ભૂલ તમારી હોય, મારી પણ હોઈ શકે.'

* * *

'રીડિંગનો જોરદાર શોખ લાગે છે, સાહેબ!'

'રીડિંગ?'

'ઉપરના માળે તો બધે બુક્સ જ ભરેલી છે. ઢગલા ને ઢગલા, કહેવું પડે, હોં!'

ઘોર અંધાધૂંધી! સંપૂર્ણ અરાજકતા! કંઈ સરખું ચાલતું જ નહોતું. પ્રારંભ પણ થઈ શકતો નહોતો. તંતુ પકડવા જાય ત્યાં નવેસરથી હુમલા થતા હતા.

મદદનીશ વિદૂષક પંચ સિવાયનાં

તત્ત્વોથી બનેલો હશે. બહાર જઈને થૂંકી આવ્યો, પણ તમાકુ તેના અણુએ અણુમાં ઊતરી ગઈ હતી. થૂંકમાંથી ગળાઈને આવતાં 'બુક્સ' શબ્દ પણ મલિન બની જતો હતો.

માન્યામાં આવતું નહોતું. ના, ના. આ શક્ય જ નથી. આવું અભદ્ર નાટક મારા ઘરમાં ભજવાય, અચાનક, કોઈ પૂર્વતૈયારી વગર - નહીં પડદા, નહીં પેટ્રોમેક્સ - એ વાસ્તવિક ઓછું, અવાસ્તવિક વધારે લાગતું હતું.

વહેમ પડ્યો કે ભવૈયા બે જુદા નહીં, એક જ હતા. પાઠ એક જ ભજવવાનો હતો, પરંતુ એકમાંથી બે ફાડિયાં બની, એકબીજાથી જુદી વેશભૂષા ધારણ કરી, અલગ મહોરાં પહેરી, એક સીધાસાદા નિર્દોષ નાગરિકના ઘરમાં પેસી અડપલાં કરી રહ્યા હતા, તેને સતાવી રહ્યા હતા.

ઘર તારું છે એમ માનતો હતો ને? જો અમારી તાકાત, જો અમારી સત્તા. અમે રંગલા કાગળનાં પૂઠાં જેવી તારા ઘરની દીવાલોને વાળી, ફોલ્ડ કરી, બગલમાં દાબીને નાસી જઈશું. સોફા, ટેબલ-ખુરશી, વાસણો અને હા, તારાં પુસ્તકો - બહુ ફાંકો છે ને જ્ઞાનનો, વિદ્વતાનો? - બધું ભંગારમાં વેચીને ચણામમરા ખાઈ જઈશું.

'કબાટો ઓછાં પડ્યાં તે ભોંય પર ઢગલા કર્યા છે!'

'એટલે કે હું આવ્યો એ પહેલાં, મારી ગેરહાજરીમાં તમે મેડીને પણ અભડાવી આવ્યા?'

અભડાવવું - આવો શબ્દ પણ પેલાને અડી શક્યો નહીં, 'ટોટલ પ્રાઇસ કેટલી મુકાય? આઇ મીન, બુક્સની, એપ્રોક્સિમેટ.'

'ઘર, સરસામાન, પુસ્તકો બધાંની હરાજી કરવાની છે?'

ગુસ્સાથી આખું શરીર ધ્રૂજવા લાગ્યું.

'વખારિયા, રિમેમ્બર, તમે જે કરી રહ્યા છો, ખાસ તો આ... આ... ભાઈ, જે હોય તે, યુ વિલ હેવ ટુ પે ફૉર ધિસ.'

આગળ કદાચ વધારે કટુ શબ્દો નીકળ્યા હોત, વકીલને હાથ પકડીને ઘરની બહાર કાઢ્યો હોત -

પરંતુ એ વખતે તેમનું ધ્યાન ડાઇનિંગ ટેબલ પાસેના ખૂણા તરફ ગયું અને હતપ્રભ બની જોઈ રહ્યા.

આ શું હતું?

ભવાઈ એટલે ભવાઈ. કશું ખૂટવું જોઈએ નહીં. આવા અદ્ભુત વેશ માટે નંગ બે ઓછા પડે. વધારામાં ત્રીજી એક રંગલી પણ હતી! તેના વગર ચાલતું હશે? રંગલી વગરની ભવાઈ આવું ક્યાંય સાંભળ્યું છે?

ખૂણામાં પુસ્તકોના કબાટ પાસે છોકરી ઊભી હતી. હાથમાં કોઈ પુસ્તક હતું એના પાનાં ફેરવી રહી હતી.

અલબત્ત, ત્રણે આવ્યાં હશે સાથે, એટલે કે પોતે ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે સ્ત્રીપાત્ર ઉપસ્થિત હતું, છતાં દેખાયું

નહોતું. હાજરીનો અણસાર પણ આવ્યો નહોતો. ભીંતમાં ભળી ગઈ હશે? ચોપડીઓની વચ્ચે ચોપાનિયું બની ગોઠવાઈ ગઈ હશે અને હવે તાકડો શોધી, કથાને વધારે ગૂંચવવા માટે, હળવેકથી નીકળી હશે?

વિચાર આવ્યો કે આ છે તો આવાં બીજાં જીવડાં પણ હોઈ શકે, પ્લાસ્ટરની તડોમાં ભરાઈ રહેલાં, છત પર સરકતાં, ટેબલની નીચે, ખુરશીઓની પાછળ, તપેલીઓ અને વાડકીઓમાં સંતાઈ રહેલાં.

એક પછી એક હૂપાહૂપ કરતાં નીકળશે?

આખા ઘરને ભરી ભાષણ મનોરંજક નૃત્ય કરશે?

ધીમે પગલે તેની પાસે ગયા અને ગરીબડા સ્વરે પૂછ્યું, 'કૃપા કરી કહેશો કે આપ કોણ છો?'

છોકરીએ ચમકીને ઊંચે જાયું, 'હું?'

'હા, જી. આપ કોણ છો અને અહીં શું કરો છો?'

'શું કરું છું?'

પડઘા પાડતી હતી.

ડુંગરના બીજા શિખરે ઊભા હોય એમ વકીલે બૂમ પાડી, 'સાહેબ, મારી બે'ન છે.'

'બહુ સરસ, પરંતુ અહીં તેઓનું શું પ્રયોજન?'

'મારી સાથે આવી. અમસ્તી. કૉલેજમાં ભણે છે. કહે, હું આવું?'

'ઠીક. માગણી વાજબી ગણાય, કારણ કે મારું ઘર એ ઘર નહીં, સાર્વજનિક બગીચો છે. લટાર મારવા નીકળ્યા તો કીકલી આંગળી પકડીને સાથે આવી, બરાબર.'

સ્વર બદલાયો, 'માય બુક્સ આર સેક્રેડ. યુ કાન્ટ ટચ ધૅમ. કૉલેજમાં ભણો છો તો તમારા પ્રોફેસરોએ આટલું પણ નથી શીખવ્યું?'

'સૉરી, સર. ખાલી-ખાલી નજર ફેરવતી હતી, નામ વાંચતી હતી, પણ આ જોયું, 'કલાપી પત્રસંચય,' એટલે... મને થયું... જરીક...'

'વેરી ગુડ. હવે એક કામ કરો, જ્યાંથી લીધું હોય ત્યાં પાછું મૂકી દો.'

ધ્રૂજતા હાથે છોકરીએ આજ્ઞાનું આવડ્યું એવું પાલન કર્યું.

'અને... આ શું છે, બે'ન?'

બીજું એક, ખાસ્સું દળદાર, ટેબલ પર ઊંધું મૂકેલું હતું.

છોકરીએ બે હાથે ઉપાડી તેમની સામે ધર્યું, નામ વંચાય એ રીતે.

'તમે બોલો, મારે સાંભળવું છે.'

છોકરી અચકાતાં-અચકાતાં બોલી, 'કમ્પ્લિટ પોએમ્સ ઑફ આલ્ફ્રેડ, લૉર્ડ ટેનિસન.'

'વન્ડરફુલ. હવે શું કરવાનું એ મારે કહેવું પડશે?'

'મૂકી દેવાનું.'

'ક્યાં મૂકવાનું?'

છોકરી બીતાં-બીતાં હસી, 'જ્યાંથી

લીધું હોય ત્યાં.'

'પછી કબાટને?'

'બંધ કરવાનું.'

* * *

એક ઘૂંટડો પાણીની જરૂર લાગી, ગળું સુકાતું હતું. રસોડામાં ગયા, ગ્લાસ હાથમાં લીધો અને બારીની બહાર તાકતા ઊભા રહ્યા.

એ ખુલ્લાપણામાં, પડદો ખસી ગયો હોય એમ અચાનક ઉઘાડ થયો અને ભાન થયું કે ભૂલ થઈ હતી, મોટી ભૂલ.

પેલા લોકો સાચા હતા અને પોતે ખોટા.

ફૅક્ટરી હતી, કેમિકલ ફૅક્ટરી, વટવામાં. અલબત્ત, પોતાની નહીં, હરિભાઈની. ચાર-પાંચ વર્ષ પહેલાંની ઘટના. સાવ સામાન્ય, તુચ્છ. ભુલાઈ જાય એમાં શી નવાઈ? હરિભાઈ નાનપણના મિત્ર. ગામ એક, શેરી એક, રસ્તા જુદા પડ્યા, ક્ષેત્ર અલગ - એક પુસ્તકો વાંચ્યે ગયો ત્યારે બીજો પૈસા કમાવામાં પડ્યો, પરંતુ એથી સંબંધો ઓછા જ બદલાય? હા, મળવાનું ઓછું થતું, ક્યારેક તો મહિના-બે મહિના ફોન પર પણ એકબીજાનો અવાજ સાંભળવા ન મળે, પરંતુ ભીતરી તત્ત્વ અચળ હતું - હરિભાઈ, મારો મિત્ર! બસ, વાત પૂરી થઈ.

આછું સ્મરણ હતું. હરિભાઈએ કહ્યું, લોનના પેપર્સમાં સહી કરવાની છે. વાક્ય પૂરું થાય એ પહેલાં પોતે ખિસ્સામાંથી પેન કાઢી - બોલો, ક્યાં કરવાની છે? મિત્ર હસ્યા. ભલામાણસ, બૅન્કમાં રૂબરૂ મૅનેજરને મળવું પડે, ત્યાં બધી પ્રોસેસ થાય. કંઈ ખબર પડે છે કે નહીં?

ના, ખબર નહોતી પડતી.

કામ પત્યું. પ્રકરણ પૂરું.

યાદ શાનું રહે?

'હજારવાર કહ્યું કે આટલો ગુસ્સો સારો નહીં.'

પત્ની આવીને ઊભાં હતાં.

'હેં?'

'શું હેં? કોઈ આપણા ઘેર આવ્યું હોય, હું તો કહું છું કાળો ચોર, પણ આ રીતે અપમાન કરાય?'

બબડ્યા, 'ન કરાય.'

'હસવું શાનું આવે છે?'

આવી ગયું હશે અજાણતાં. પોતાની જાત પર, પરિસ્થિતિ પર.

'થયું છે એવું કે, વાત એમ છે કે-'

એકરાર પ્રથમ તો આ નિર્દોષ સ્ત્રી સમક્ષ કરવાનો હતો. ધીમેથી બોલ્યા, 'કાચું કપાયું.'

લોનના પ્રકરણમાં પોતાની કેવી અને કેટલી સંડોવણી કયા સંજોગોમાં થઈ એ ત્રણ-ચાર વાક્યોમાં કહી દીધું.

'તે એમાં મૂંઝાવાનું શાનું? ફોન કરો ને.'

'કોને?'

'હરિભાઈને, બીજા કોને? જે હોય એ, ખબર પડે.'

'ના.'

'અરે પણ-'

સ્વરમાં મક્કમતા આવી. 'આભલું હેઠું નથી પડ્યું. રઘવાટ કરાય નહીં. બધું થશે એની રીતે.'

સાંભળવું પડ્યું, 'તમે અને તમારા ભાઈબંધો!'

'સાચી વાત.'

'બધા ચીટર.'

'હું તો ટીચર છું!'

'હસો છો તે શરમ નથી આવતી?'

* * *

હવેનો ભાગ અઘરો હતો.

પાછા જઈને થોડીવાર બેસી રહ્યા. લીધેલા જ્ઞાનનું શું કરવું, કેવી રીતે કરવું? ઉતારી પાડ્યા, અપમાન કર્યું, તેમને કઈ ભાષામાં કહેવું કે ભાઈઓ, સાહેબો, મહેરબાનો...

ગળું ખંખેર્યું, 'વખારિયાસાહેબ, આપ મૅનેજર છો, જવાબદાર અધિકારી છો. નિખાલસતાથી હું થોડી વાત કરવા માગું છું. વિનંતી છે કે આપ શાંતિથી પૂરું સાંભળી લો.

વકીલ ચપટી વગાડતાં, ગુંજન કરતાં આમતેમ આંટા મારી રહ્યો હતો. તેને કહ્યું, 'આપ થોડીવાર અહીં બેસશો?'

ભૂલનો સ્વીકાર કર્યો. સંક્ષિપ્ત ઇતિહાસ કહ્યો.

'ધંધો શું, ફૅક્ટરી શું, બૅન્કની લોન - આ બધામાં મને ઝાઝી સમજ ન પડે. મિત્રના ગેરન્ટર બનવું એમાં વિચારવાનું શું હોય? આજ સુધી યાદ કર્યું નહોતું. હું સમજું છું, કદાચ આપને મારા શબ્દોમાં વિશ્વાસ નહીં આવે. પ્રામાણિકતાથી કહ્યું, માનવું હોય તો માનજો. નહીં માનો તો મને ખોટું લગાડવાનો અધિકાર નથી.'

'સહી કરી એટલે જવાબદારી તો બને ને?'

'પૂરેપૂરી બને.'

પોતાના શબ્દોની, બદલાયેલા અભિગમની અસર વરતાતી હતી. વખારિયા નરમાશથી સાંભળતા હતા.

'મારી આટલી વિનંતી છે : આજની મિટિંગ આપણે અહીં પૂરી કરીએ, આગળની બધી જવાબદારી મારી. બસ, એક મહિનાનો સમય માગું છું. મારા મિત્ર છે. મને પૂરો વિશ્વાસ છે કે -'

વખારિયા હસ્યા, 'તમારા વિચારો પચાસ વર્ષ જૂના છે.'

'એવું છે?'

'દુનિયા બદલાઈ ગઈ, મારા સાહેબ! અમારે તો રાતદિવસનો અનુભવ. શું મિત્ર, શું સગો ભાઈ?'

'વિચારો જૂના હશે, પણ એ મુદ્દો જુદો છે. આપણા કેસની વાત કરીએ. મારો મિત્ર, કાન પકડીને પાઈએ પાઈ ભરપાઈ કરાવી દઈશ. નહીં તો-'

ભીંતો, છત, પુસ્તકો પર નજર ફેરવી.

'છેવટે, જરૂર પડી તો, આ ઘર વેચીને પણ મારી જવાબદારી પૂરી કરીશ.'

બોલતાં-બોલતાં તે ઊભા થયા.

'મારો ફોનનંબર લખી લો, વખારિયાસાહેબ અને આપનો મને આપો. હું ફોન કરીશ. આપને રાહ નહીં જોવી પડે.'

વકીલે વગર માગ્યે પોતાનું કાર્ડ પકડાવી દીધું.

(૨)

ત્રિપુટીની વિદાય પછી ખાલી ઘરના સૂનકારમાં બન્ને બેસી રહ્યાં.

પત્ની બોલ્યાં નહીં, પણ વારંવાર આવીને ખસી જતી તેમની દૃષ્ટિમાં શરમ હતી, પ્રશ્નો હતા, પોતાને ઘેર ઉઘરાણિયા આવે, પતિનું અપમાન થાય? અને એ માટે જવાબદાર હરિભાઈ. એ કંઈ દૂરના ઓળખીતા નહોતા, મિત્ર હતા. કુટુંબના સભ્ય જેવા. બે કુટુંબો વચ્ચે ઘરોબો હતો. ફૅક્ટરી બંધ પડે, હપ્તા ન ભરાય, સંજોગો જે હોય એ, મિત્રને એની જાણ પણ ન કરે?

'તમે ચિંતા ન કરો, બધું થશે.'

'શું થશે?'

'અરે ભઈ, કાંક રસ્તો નીકળશે.'

'રસ્તો એટલે, ઘર વેચીને દેવું ભરી દેવાનું?'

તે હસ્યા, 'ભજનોમાં તો તમે ગાઓ છો કે કાયા અને માયા કેરો સંગ ન કરવો...'

'અત્યારે ગમ્મત સૂઝે છે?'

'ના, ગમ્મત નથી કરતો.'

બધું ખાલી થઈ ગયું જાણે, કંઈ બચ્યું નહીં. સ્વમાનથી જીવ્યા હતા. આજની ઘટનાએ એ હણી લીધું અને... બીજું ઘણું.

'જમવાનું થઈ ગયું છે?'

વિષયાંતર.

પત્ની બે ઘડી તેમની સામે જોઈ રહ્યાં.

'તો હેંડો, જમી લઈએ.'

એક રોટલી અને શાક, ડૂચા ઉતાર્યા.

'ફોન કરવામાં શું વાંધો?'

'ભાતની તપેલી આ બાજુ મૂકશો જરીક?'

થોડો ભાત દાળની વાડકીમાં નાખી ચમચી બોળી, આમતેમ હલાવી અને મૂકી દીધી.

'આજે નહીં.'

'શું આજે નહીં?'

'છૂટકો નથી, ફોન કરીશ, પણ...' છાતી વચ્ચે હાથ મૂક્યો, 'અંદર થોડું... સરખું થાય...'

ગળામાં ખખરી આવી ગઈ.

'સાચું કહું? આરામની જરૂર છે. એમ થાય છે, ઓઢીને સૂઈ જાઉં.'

'હરિભાઈ... આવું કરે?'

'હરિભાઈએ શું કર્યું, શું ન કર્યું એની આપણને ક્યાં ખબર છે?'

ઊભાં થઈ પતિની પાસે આવ્યાં અને પીઠ પર હાથ મૂક્યો, 'ધન્ય છે, રાજા!'

'આટલું બધું કેમ સંભળાવો છો?'

'સંભળાવતી નથી. ના, હું તો એમ કહું છું કે બીજો કોઈ હોય તો ઍટેક

આવી જાય.'

'હું ક્યાં બીજો કોઈ છું?'

આટલી વાતચીત થઈ, સ્ત્રીના હાથનો સ્પર્શ થયો, સારું લાગ્યું.

ફરતું-ફરતું મન કેન્દ્ર તરફ ગયું, 'પેલા ભાઈ સંભળાવી ગયા એ યાદ છે, રેણુ? આટલી ઉંમરે હવે મારે સલેટ-પેન લઈ એકડો ઘૂંટવાનો કે ભોળપણ સારું નહીં, કોઈનો વિશ્વાસ કરવો નહીં, દુનિયા ખરાબ છે! આવું અદ્‌ભુત જ્ઞાન સામાન્ય, અર્ધશિક્ષિત માણસો સુધી પહોંચી ગયું છે તો મને કેમ કોરો રાખ્યો?'

મિત્ર સાથે વાત કરવાની, તેમની સામે જઈને ઊભા રહેવાની હિંમત થતી નહોતી. બીક લાગતી હતી.

પોતે કંઈ ખોટું નહોતું કર્યું છતાં અપરાધભાવ થતો હતો. ચિત્તતંત્રનું આ કેવું બંધારણ?

* * *

બીજું આક્રમણ થયું, ગણીને પાંચમા દિવસે, એ પહેલાં કરતાં કોઈ રીતે ઊતરતું નહોતું.

બારણામાં પગ મૂકતાંની સાથે આગમનનો હેતુ સ્પષ્ટ કરી દીધો, 'ચા પીવા આવ્યો છું.'

સ્વર સાંભળીને ગૃહિણી રસોડામાંથી બહાર આવ્યાં, 'પધારો, ભાઈ.'

'ચા કેવી, ભાભી?'

ભાભી છલકાઈ રહ્યાં હતાં, 'મૂઠો ભરીને ચા અને પાંચ ચમચી ખાંડ.'

ફોન ન થઈ શક્યો તે ન જ થઈ શક્યો. વખારિયા પાસેથી એક મહિનો માગ્યો હતો. ભીંતે લટકતું કૅલેન્ડર બતાવી કહ્યું હતું, તારીખ નોંધી લો. ત્રીસમાંથી બે-પાંચ દિવસ ઓછા થાય તો શું મોટો ખાડો પડી જવાનો છે? માણસને વિચારવાનો સમય તો મળવો જોઈએ ને?

ના, ભીરુતા નથી. અકર્મણ્યતા નથી.

ચાની વ્યવસ્થા થઈ પછી દુશ્મન સામે આવીને બેઠા, 'શું સાહેબ, મજામાં?'

'મજામાં જ હોઈએ ને. અમારે શું દુઃખ હોય?'

'ખૂબ ઊંચી વાત કરી.'

ચા પિવાઈ ગઈ પછી દાદર તરફ ઇશારો કર્યો, 'ચોપડીઓના ગોડાઉનમાં બેસવાની જગ્યા હશે?'

ઉપર, પાછળના રૂમમાં જઈને બેઠા.

'આવી ગયા?'

'કોણ?'

'લેણિયાતો?'

'હરિભાઈ, અમારે લેણિયાતો કેવા? અમારા જેવા અભાગિયાઓને શાનું દેવું હોય? જિંદગીમાં પાંચ પૈસાનું ઉધારું કર્યું નથી. અમારે થોડી જ પેઢીઓ અને ફૅક્ટરીઓ ચાલે છે કે બૅન્કોમાંથી લોનો લીધી હોય, લોકો દંડા પછાડતા આવે, રૂપિયા ભરી દે, માસ્તર, નહીં તો...'

હરિભાઈ ઊભા થયા.

[અનુસંધાન પૃ. ૧૧૭]



હશે તો ખરાં જ એ ક્યાંક...

☐ હિમાંશી શેલત

ન જવાયું. ખબર નહીં કયા કારણે, છતાં જવાયું નહીં એ હકીકત. આપણા પરંપરાગત રિવાજ મુજબ જ્યારે કોઈનું મોત થાય ત્યારે એના પરિવારને મળવા જવાનું હોય. એને મોંએ થવાનું એવું કહેવાય. સારો પ્રયોગ છે. મોંએ થવાનું એટલે પ્રત્યક્ષ મળવાનું. ઓમ્ શાંતિના કે જોડેલા હાથના સંદેશા નહીં, સમૂહમાં ભેળાં થઈ પ્રાર્થનાસભામાં હાજરી આપી ફટાફટ ચાલી આવવાનું એવુંયે નહીં. આ તો જાતે જઈને, જેણે એનું મૂલ્યવાન ગુમાવ્યું છે એની સામે, ઊભાં રહેવાનું. જે ખોટું છે તે લાખ માથાં પટકો કે છાતી કૂટો કે ગગનભેદી મરશિયાં ગાવ તો પણ પાછું નહીં આવે એના ઘેરા અવસાદ સાથે મોંએ થવાનું હોય.

જ્યારે ખબર પડી કે એના શ્વાસ ધીમા થઈ રહ્યા છે અને હૃદય પહેલાં જેવું કામ આપતું નથી ત્યારે જ વિચાર તો આવેલો કે જઈને મળી આવવું જોઈએ. વેન્ટિલેટર પર તો આવી જ ગયેલું એ. છતાં જીવિત હતું અને કદાચ છે ને બેઠું થઈ જાય એવી આશા સુધ્ધાં ખરી. લોહી બરાબર ફરતું થાય અને રંગ પકડે તો અસલ મુદ્રા આવે પાછી, ચમત્કારો ક્યાં અજાણ્યા છે? અને આવડી મોટી જાજરમાન હસ્તીને એમ કંઈ ચપટીમાં લખી વળાય કે?

- તે ન ગયાં અને વાટ જોયા કરી સારા સમાચારની. શ્વાસનું તો એવું. ઘડીક ધીમા તો ઘડીક ઝડપી. તજ્જ્ઞોને

તાકીદે બોલાવ્યા હશે કે કેમ, ખબર નથી. આપણાથી તો આગળ પડીને પૂછી શકાય નહીં કે ન થાય કશું દબાણ. એમ કરવા બેસીએ તો મોભીઓ વડચકું ભરે. અમે નથી બેઠાં કાળજી કરવાવાળાં? ધમધમતું ને દોડતું કરી દેશું જોતજોતામાં, ત્યારે મોંમાં આંગળાં ન નાખવાં પડે તો કહેજો!

પછી વચગાળામાં એવા તો વસમા દહાડા આવ્યા કે ખબરઅંતર પૂછવા જેવા હોશકોશ રહ્યા નહીં અને ક્યાંકથી ને ક્યાંકથી, કોઈના ને કોઈના, અશુભ સમાચાર આવતા રહ્યા. એક તો આખી ને આખી વહેતી નદી મરી ગઈ, બોલો! નદી જેવી નદી, રાતીરાયણ જેવી અને આંખ ઠરે એવી અલમસ્ત, એમ શી રીતે મરી જાય? જીવમાં ગભરાટ અને વિમાસણની ભીંસ, પણ ખબર ટકોરાબંધ. નદી સાચમસાચ મરી ગઈ, ત્યાં કોરુંધાકોર મેદાન, અભાગિયાની સુકાયેલી આંખ જેવું. કાંઠાની લીલી વનરાજી અને એમાં ધબકતી જીવસૃષ્ટિ અલોપ, કાળો જાદુ ને મેલી વિદ્યાનો પ્રતાપ, બીજું શું હોય?

નદીના સમાચાર આ હાલ જ જાણ્યા, શહેર મર્યું તેના થોડા દિવસ અગાઉ. તે વખતે વળી નદીને તો નહીં પણ એના કુટુંબીઓ, કાંઠાનાં ત્રણેક ઝાડને મોંએ થઈ આવેલાં. બાપડાં સાવ નિમાણાં ઊભાં હતાં, કાળાંભઠ્ઠ અને ઉદાસ. એમને તો મા જેવી મા ગઈ, તે લાગે નહીં? દિલાસો આપવા શબ્દો ક્યાંથી કાઢવા? ને ગયેલાં પાછાં આવશે એમ બોલવાની હિંમત ક્યાંથી લાવવી? વીલાં મોં લઈને પાછાં ફરેલાં. તે વખતે જ શહેર મરણપથારીએ પડ્યું છે એવા ખબર હતા. મનમાં હતું કે આવું ધરખમ અને કડેધડે શહેર એમ જરાતરા રોગમાં મરી ન પરવારે. લડત આપે પાકી, ઝઝૂમે અને બળિયું હોય તો બહાર નીકળી આવે, કોને ખબર છે એના વણદેખ્યા કૌવતની! વળી એની સારસંભાળનો દાવો કરતા હાકેમોના હાકોટા એવા કે આપણાં જેવાં નરમ મૂંગાં મરી રહે.

રોગ વકરતો ચાલ્યો, ફાલ્યો અને એણે એકેય અંગને છોડ્યું નહીં. ધીમે-ધીમે મહત્ત્વનાં બધાં જ અંગો કામ કરતાં થંભી ગયાં. પછી તો મલ્ટિપલ ફેલ્યોર. ક્યાંક સડ્યું તો ક્યાંક પાડ્યું, ક્યાંક અલ્સર, તો ક્યાંક ગાંઠો. પીડા હશે કારમી પણ સારવારને અભાવે અને પોતીકાંઓના નઘરોળ વહેવારે, રોગ કાબૂ બહાર. એનો આવડો મોટો અધધ પરિવાર, અહીં ને સાત સમંદર પાર ને મસમોટી બણગાંખોર જમાત બેસુમાર, છતાં એ ન સચવાયું, બિલકુલ ન સચવાયું. એને ચાહનારા એક જબરદસ્ત આશકે તો કેટલાંયે વરસો પહેલાં બળાપો કરેલો કે 'આ તે શા તુજ હાલ!' પણ ત્યારે કોઈને કશું સમજાયેલું નહીં. એ કાળે તો અત્યારે જોવા મળી એવી બેહાલી ક્યાં હતી? ચચરાટ તો એ હકીકતનો છે કે મોંએ થવા હવે પેલાં જીવતાં જણ ક્યાં શોધવાં જે આ મરણનો સાચુકલો અફસોસ કરતાં હોય! જેને વાત કરીએ

તે સાવ ભળતીસળતી હરખગાથા માંડીને ઊછળતાં રહે છે, ફ્લાય ઓવર અને રિવર ફ્રન્ટ, મલ્ટિપ્લેક્સ અને શૉપિંગ મૉલ, ફૂડ કોર્ટ, બુલેટ ટ્રેન અને મેટ્રો... આપણો ગળગળો સાદ કોઈ સાંભળે એવું બચ્યું જ નહીં હોય અહીં?

- છેક એમ તો બને નહીં. હશે તો ખરાં થોડાં ક્યાંક, નજીક નહીં તો દૂર, ભીડમાં નહીં તો ખૂણેખાંચરે. શોકમાં થીજી ગયાં હશે કદાચ છે ને, અથવા તો બહાર નીકળતાં સંકોચ પામતાં હોય એમ પણ બને. થાય છે ને એવું, જ્યારે કોઈ પોતીકું અને નજીકનું જતું રહ્યું હોય ત્યારે? પણ અમારે તો એ વ્યાકુળ, વિહ્‌વળ ચહેરાઓ સામે જઈ ઊભવું છે, મોંએ થવું છે, દિલાસો આપવા બોલ ન જડે તો કંઈ નહીં, હાથ ઝાલીને પડખે હોઈએ તોયે ઘણું!

- તે ક્યારના શોધીએ છીએ એમને, આ બ્રહ્માંડ ખિસ્સે ઘાલવા દોડતાં વાહનોની ચીસાચીસમાં, ઉતાવળા શ્વાસોની ધડપડમાં, ચકરડાંઓની હડિયાપટ્ટીમાં, ઉત્સવિયા માહોલમાં પાગલ બનેલી ભચડકચડમાં અને આભને અડવાની સ્પર્ધામાં નિસરણીઓ લઈ દોડતી હાંફળીફાંફળી ભીડ વચાળે. હશે તો ખરાં જ એ ક્યાંક, જે આ મરેલા નગરનો માતમ મનાવવા ખારાં પાણીમાં ઓગળતાં હશે ટીપે-ટીપે...

હશે તો ખરાં જ એ ક્યાંક...

❑❑❑

પંડિત શિવકુમાર શર્મા : કાશ્મીરના સૌંદર્યનો સંતૂરમય આવિષ્કાર

૧૩-૧-૧૯૩૮ / ૧૦-૫-૨૦૨૨




સંતૂર જેવા લોકવાદ્યને વિશ્વભરમાં શાસ્ત્રીય સંગીતના વાદ્યનો પ્રતિષ્ઠા અપાવવાનો પરિશ્રમ અને પુરસ્કાર પંડિત શિવકુમાર શર્માના ફાળે જાય છે. સંગીતના સાધ્ય દ્વારા એમણે પોતાના આરાધ્યને પામી લીધાનો સંતોષ એમના ચરિત્રમાંથી ટપકતો હતો. સંતૂરવાદન ઉપરાંત અનેક વાદ્યો અને એનાં પરિમાણોથી સુપરિચિત હતા. એનો લાભ શાસ્ત્રીય રાગ આધારિત અનેક આલ્બમો અને સિલસિલા, ફાસલે, ચાંદની, લમ્હે અને ડર જેવી ફિલ્મોના સંગીતને મળ્યો. એમને સંગીત નાટક અકાદમી એવોર્ડ (૧૯૮૬), પદ્મશ્રી (૧૯૯૧) અને પદ્મવિભૂષણ (૨૦૦૧) પ્રાપ્ત થયાં છે. 'નવનીત સમર્પણ' જૂન, ૨૦૧૨માં પ્રગટ થયેલી એમની મુલાકાત ફેસબુક ઉપર મૂકી છે.

સંગીત અને ક્વૉન્ટમકરણ

☐ પરેશ ર. વૈદ્ય

‘ક્વૉન્ટમ’ શબ્દ એક સદીથીય પહેલાં પદાર્થવિજ્ઞાનના રસ્તે વિજ્ઞાનના શબ્દકોશમાં દાખલ થયો. એનું સીધું ભાષાંતર થાય ‘અમુક માત્રા’ કે ‘જથ્થો.’ દાખલા તરીકે કેદીને કેટલી સજા થઈ એ માટે અંગ્રેજીમાં પુછાય ‘ક્વૉન્ટમ ઑફ પનિશમેન્ટ’. વિજ્ઞાનમાં આ શબ્દનો ઉપયોગ ખાસ કરીને ગરમીની માત્રા કે ઊર્જાના સંદર્ભમાં આવ્યો. મૅક્સ પ્લાન્કે પ્રથમ આ શબ્દ વાપર્યો અને પછી આઇન્સ્ટાઇને. બંનેનું તારણ હતું કે ઊર્જા નાનાં નાનાં પૅકેટોમાં વહેંચાયેલી હોય છે, ભલે દેખાય એવું કે એ સતત પ્રવાહ જેમ આવે છે. ઊર્જાનાં આ સૂક્ષ્મ પડીકાંને ‘ફોટોન’ કહે છે. મૅક્સ પ્લાન્કે પછી એનું ગાણિતિક સ્વરૂપ પણ આપ્યું.


આ વાતને નીલ્સ બોહરે આગળ વધારી અને એવું પ્રાયોગિક રૂપ આપ્યું કે પદાર્થવિજ્ઞાનનો માર્ગ જ બદલાઈ ગયો. પદાર્થના પરમાણુના કેન્દ્રમાં નાભિ (ન્યૂક્લિયસ) હોય છે અને એની આસપાસ ઋણ વીજભારવાળા વીજાણુઓ (ઇલેક્ટ્રૉન) ફરતા હોય છે. ઘન ભારવાળું નાભિ પોતાને ખેંચી ન લે એ માટે વીજાણુઓ પ્રચંડ ઝડપે ફરતા રહે છે. બોહરે કહ્યું કે આ ભ્રમણમાં અંધાધૂંધી નથી. ઇલેક્ટ્રૉનના નાના નાના સમૂહો છે અને દરેક જૂથને પોતાની નિયત માત્રામાં ઊર્જા છે. જેની પાસે વધુ ઊર્જા છે એ નાભિની નજીક ફરે છે અને ઓછી ઊર્જાવાળા દૂર રહી ચક્કર મારે છે. આ ભ્રમણકક્ષાઓ સ્પષ્ટ રીતે જુદી અને નિયત અંતરે જ હોય છે. ચિત્રમાં એક નમૂનારૂપ પરમાણુ બતાવ્યો છે. બે ભ્રમણકક્ષાઓની વચ્ચે રહે એટલી ઊર્જા નથી હોતી; અહીં કે ત્યાં. આ ક્વૉન્ટીકરણ છે. નાભિનાં વજન અને વીજભાર મુજબ ભ્રમણકક્ષાઓના વ્યાસ જુદા હોય છે, પરંતુ નિયમ એ જ રહે છે.



એલ્યુમિનિયમનો પરમાણુ

બોહરના વિચારને કારણે વિજ્ઞાનના એવા ઘણા કોયડાઓ ઉકેલાઈ ગયા, જેમાં સિદ્ધાંત અને અવલોકન વચ્ચે મેળ ન હતો. આથી ક્વૉન્ટમની ધારણાને બળ મળ્યું. એ વાત નક્કી થઈ કે સતત

તરંગ અને એની આવૃત્તિ



તળાવમાં પથરો નાખતાં પાણીમાં તરંગ પેદા થાય એમાં ક્રમબદ્ધ ટેકરો અને ખાડો (શૃંગ અને ગર્ત) હોય છે. એક શૃંગ અને એક ગર્ત મળીને જે લંબાઈ થાય એને તરંગ લંબાઈ કહે છે. અવાજનાં મોજાં પણ પદાર્થમાં આમ જ પ્રસરે છે, પરંતુ હવામાં અવાજનાં મોજાં પ્રસરવાની રીત જુદી છે. અવાજ ઉત્પન્ન થાય એ જગ્યાએ હવા દબાય છે અને પછી હવામાં જ વધુ અને ઓછા દબાણના પટ્ટા સર્જાય છે (જુઓ ચિત્ર). એક પટ્ટાથી બીજા પટ્ટા વચ્ચેનું અંતર તરંગની લંબાઈ છે.

હવે, આવૃત્તિ (Frequency) એ તરંગ લંબાઈ કરતાં વિપરીત કલ્પના છે. અમુક સ્થળેથી એક સેકંડમાં આવા કેટલા તરંગ પસાર થઈ જાય એ સંખ્યા એટલે અવાજની આવૃત્તિ. એનો એકમ હટ્‌ર્ઝ છે. એક સેકંડમાં ૨૪૦ વાર દબાણનો પટ્ટો ઊભો કરે એ અવાજની આવૃત્તિ ૨૪૦ હટ્‌ર્ઝ છે. સામાન્ય વાતચીતમાં આપણા અવાજ ૧૦૦થી ૨૫૦ હટ્‌ર્ઝના હોઈ શકે, જેમાં વ્યક્તિએ વ્યક્તિએ ફરક હોય.

કે સળંગ દેખાતી રાશિઓ ખરેખર સૂક્ષ્મ અને જુદા જુદા એકમની બનેલ હોઈ શકે. ગરમીનો પ્રવાહ કે પ્રકાશનો પુંજ એ સૂક્ષ્મ કણોનો પ્રવાહ છે તે માની લેવાયું. તરંગ અને કણો બંને એકસાથે અસ્તિત્વમાં હોઈ શકે એ વાત કબૂલ થઈ. કણો જ બળનું વહન કરે છે એમ મનાયું ત્યાં સુધી કે હવે તો વિજ્ઞાનીઓ ગુરુત્વાકર્ષણ બળ માટે જવાબદાર 'ગ્રેવિટૉન' નામના કણોને શોધે છે!

ક્વૉન્ટમ સિદ્ધાંતનો સ્વભાવ જ એવો છે કે એ સૂક્ષ્મ સ્તરે કામ કરે છે. રોજિંદી પ્રક્રિયાઓમાં (એટલે કે 'મેક્રો' સ્તરે) એને જોવો મુશ્કેલ. મીઠાની ગાંગડી જોતાં કંઈ ખાસ ન દેખાય, પરંતુ એને બાળતાં જે પ્રકાશ મળે એને ત્રિપાર્શ્વમાંથી પસાર કરીને જુઓ તો વર્ણપટમાં પીળી રેખા જોવા મળે; એના પરમાણુની ભ્રમણકક્ષામાં ફરતા ઇલેક્ટ્રૉન કૂદાકૂદ કરે એની એ નિશાની છે. પેટ્રોલથી ગાડી ચાલે એની પાછળ એના અણુની રચના જવાબદાર હોય. આમ સૂક્ષ્મને કારણે સમગ્રનો અનુભવ થાય.

સંગીતની વાત

પદાર્થ વિજ્ઞાનની વાત મૂકી હવે સંગીતની વાત કરીએ. એની વ્યાખ્યા કરવી હોય તો કહી શકાય કે તાલબદ્ધ

દો, રે, મી, ફા

પાશ્ચાત્ય સંગીતની સૂરાવલીના સ્વરોનાં નામ છે દો, રે, મી, ફા, સોલ, લા, ટી, દો. (Do, RE, Mi, Fa, Sol, LA, Ti, DO) કોઈ 'ટી'ને 'સી' કહે છે. બીજા 'દો'ની આવૃત્તિ પહેલા કરતાં બમણી છે. ધ્યાન આપો કે આ બધાં પણ વ્યંજનો છે, જેને બોલવા માટે મોઢાનાં બીજાં અંગોનો સાથ લેવો પડે છે. જોકે એની આવૃત્તિઓ અમુક સ્થળે આપણા સપ્તક કરતાં સહેજ જુદી ગણે છે, પરંતુ દોઃ મિઃ સોલની આવૃત્તિઓ વચ્ચે પણ આપણી જેમ ૪ : ૫ : ૬નો ગુણોત્તર છે. બંને પદ્ધતિના જાણકારો વધુ પ્રકાશ પાડી શકે.

ધ્વનિની કર્ણપ્રિય ગોઠવણી એ સંગીત છે. માણસે એના આદિ અવતારમાં પહાડી ઝરણાંની ખળખળ કે પછી નીચે ઊતર્યો હશે ત્યારે સમુદ્રની ભરતીનાં મોજાંનો ઘુઘવાટ સાંભળ્યો હશે ત્યારે એના સૌંદર્યનો અહેસાસ થયો હશે. એ બંનેમાં એક નિયમિત આવર્તન હોય છે, જેને કુદરતનો તાલ કહી શકાય. એ સુસંસ્કૃત થયો હશે ત્યારે ભાન થયું હશે કે પ્રાણીજગતમાં એ એકલો છે જે અવાજ ઉપર કાબૂ ધરાવે છે, ત્યારે તેણે લલકારવાનું શરૂ કર્યું હશે. મરેલા ઢોરના ચામડાંમાંથી ઢોલ જેવાં વાદ્યો કે ધાતુની શોધ થયા બાદ તંતુવાદ્યો ક્રમશઃ આવ્યાં હશે.

પણ આ સમજણ વિકસતાં-વિકસતાં સુરાવલીવાળું સંગીત ક્યારે ઉદ્ભવ્યું એ કુતૂહલનો વિષય છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્ર બેથી અઢી હજાર વરસ પૂર્વેના ગાળામાં ક્યારેક લખ્યું છે એમ મનાય છે. એમાં સંગીતની પણ વાત છે, સ્વર અને શ્રુતિની પણ વાત છે. સાતે સ્વરોનાં આખાં નામ (ષડ્જ, રિષભ, ગંધાર, મધ્યમ, પંચમ, નિષાદ અને ધૈવત) પણ એક પ્રકરણમાં આપ્યાં છે. શક્ય છે કે સરગમની રચના મુનિ કરતાં અગાઉની જ હોય અને તેમણે માત્ર એને લખીને પ્રચલિત કરી હોય, પરંતુ આ રીતે સાત સ્વરોની સરગમ એ સંગીતનું ક્વૉન્ટમકરણ છે એમ કહી શકાય. એ કેવી રીતે એ હવે જોઈશું.

સ્વર અને આવૃત્તિ

અવાજની ઓળખાણનાં મુખ્ય ત્રણ અંગ. એક તો આવૃત્તિ (Frequency). અવાજ કેટલો તીણો અથવા ઘોઘરો છે એ (આવૃત્તિ બાબત વધુ માહિતી સાથેનાં ચોકઠામાં છે). બીજું એના ઉદ્ગમસ્થાન પ્રમાણે પ્રકાર. અવાજ શરણાઈનો છે કે વીણાનો - એ રીતે. અંગ્રેજીમાં એને ટિમ્બર (Timbre) કહે છે. દરેક પ્રકારના અવાજને પોતાની

આવૃત્તિ તો હોય છે. છેવટે આવે વૉલ્યુમ કે 'પ્રબળતા' અવાજ ધીમો કે મોટો હોવો. દરેક પ્રકારનો અવાજ ધીમો કે મોટો હોઈ શકે.

આ ત્રણમાંથી સરગમના સ્વરોનો સંબંધ આવૃત્તિ જોડે છે. ષડ્જથી ગ, રે... એમ આગળ જાઓ એમ આવૃત્તિ વધે છે. મધ્ય સપ્તકના 'સા' કરતાં તાર સપ્તકના 'સ'ની આવૃત્તિ બમણી હોય છે. આ વાત કંઠ્ય સંગીત અને વાજિંત્ર એમ બંનેને લાગુ પડે છે. તંતુવાદ્યોમાં તારને એક જગ્યાએ ઝણકાવીને બીજી જગ્યાએ આંગળીથી દબાવવામાં આવે છે, બે ટેકા વચ્ચેના તારના સૂર આપતા હિસ્સાની લંબાઈ જેમ ટૂંકી એમ આવૃત્તિ વધારે. તારને ખેંચી એના ઉપર તાણ વધારતાં પણ આવૃત્તિ વધે છે, કલાકારો કાર્યક્રમની પહેલાં આ રીતે 'ટ્યૂનિંગ' કરતા આપણે જોયા છે.

હાર્મોનિયમ ઉપર કાળીની ત્રીજી કળ (મધ્ય સપ્તકની 'C' કળ)નો અવાજ ૨૫૬ હટ્ર્ઝનો હોય છે. એ પ્રમાણે સપ્તક આમ ગોઠવાય :

સા - ૨૫૬	રે - ૨૮૮
ગ - ૩૨૦	મ - ૩૪૨
પ - ૩૮૪	ધ - ૪૨૬
નિ - ૪૮૦	સા - ૫૧૨

(કેટલાક સંદર્ભસ્રોત 'સા'ને ૨૪૦ હટ્ર્ઝ પર મૂકે છે, તો તાર સપ્તકનો 'સા' ૪૮૦ હટ્ર્ઝ પર આવે અને વચ્ચેના સ્વરો એ મુજબ ગોઠવાય.)

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં રિષભ, ગંધાર, ધૈવત અને નિષાદનાં કોમળ સ્વરૂપ પણ છે. તે અને તીવ્ર મધ્યમને વિકૃત સ્વરો કહે છે, તો આ બાર સ્વરોની બાર નિશ્ચિત આવૃત્તિથી જ સંગીતની રચના કરવી એ ક્વૉન્ટમકરણ કરવા જેવું છે.

ક્વૉન્ટમકરણ ક્યાં?

વાયોલિન કે વીણાના તારને છેડીને બીજા હાથની આંગળી જ્યાં મૂકો ત્યાં કોઈ સ્વર તો મળવાનો જ અને એની કશીક આવૃત્તિ હોવાની જ, પરંતુ સંગીતના જાણકારોએ છૂટીછવાઈ સાત કે બાર જ આવૃત્તિઓને પોતાનાં શાસ્ત્રમાં સમાવી છે, જેમ બોહરે ભ્રમણકક્ષામાં રહેવા માટે વીજાણુઓની ઊર્જા નિયત કરી એમ. ભ્રમણકક્ષાની બહાર ઇલેક્ટ્રૉનની ઊર્જા પર કોઈ નિયંત્રણ નથી. ભૌતિકશાસ્ત્રની ક્વૉન્ટમ ગોઠવણ જેમ રોજિંદા વ્યવહારમાં દેખાતી નથી એમ સંગીતમાં પણ જે લોકો સાંભળવાના રસિયા છે તે લોકોને આવૃત્તિની આ પસંદગી બાબત જાણ નથી અને એમાં દિલચસ્પી પણ નથી. તે બધા 'કાનસેન' છે. સંગીતનાં સૌંદર્યથી ખુશ છે. અમુક રાગમાં ધૈવત વર્જિત છે કે બંને મધ્યમ વપરાયા છે એ વાતથી અજાણ ઉદાસીન છે! મોટાભાગના શ્રોતાઓ માટે 'વાહ વાહ' હૃદયનો મામલો છે, દિમાગનો નહીં!

આમ છતાં પ્રશ્ન થાય કે

ક્વૉન્ટમીકરણ શા માટે? અમુક લોકોનું કહેવું છે કે સ્વરોની આવૃત્તિઓ જો ૪ : ૫ : ૬ના ગુણોત્તરમાં હોય તો કર્ણપ્રિય લાગે. એકાંતરા સ્વરો સા-ગ-પ (અથવા મ : ધ : સો)ની આવૃત્તિઓ આ પ્રમાણમાં આવે છે એવું વાચકો ચકાસી શકશો (૨૫૬ : ૩૨૦ : ૩૮૪ અથવા ૩૪૨ : ૪૨૬ : ૫૧૨). એવા મત છે કે સ્વર કરતાં સ્વરો વચ્ચેનું અંતર મીઠાશ આપે છે, એથી છુટ્ટી-છુટ્ટી આવૃત્તિઓ લેવાઈ છે. આ દલીલમાં વજૂદ લાગે છે, કારણ પાંચ કે છ જ સ્વર હોય એવા રાગ (લલિત, શિવરંજની, બાગેશ્રી, બસંત વગેરે) મીઠા પણ લાગે છે અને નવશિખાઉ માટે ઓળખવા પણ સહેલા છે.

આંકડાની માયાજાળમાં પડવું હોય તો એક બીજી પણ માહિતી છે કે સપ્તકની આવૃત્તિઓ ભૌમિતિક શ્રેણીમાં વધે છે. બારે સ્વર લો તો દરેક સ્વર પાછલા સ્વર કરતાં ૧.૦૬ ગણી આવૃત્તિવાળો હશે. વાસ્તવમાં આ ગુણોત્તર દઢપણે પળાતો નથી. જેની પાસે આવૃત્તિ માપવાની સગવડ હોય તેણે આ વાત વિગતે તપાસવાલાયક છે.

કંઠમાં જવાબ


ગણિતની આ કવાયતો સંતોષજનક નથી લાગતી. આખરે અવાજ કૉમ્પ્યુટર નહીં, પરંતુ માણસ ગળામાંથી કાઢે છે, તો કારણ એમાં હોઈ શકે? એ શક્યતા તપાસવા પહેલાં આપણી અવાજ કાઢવાની પ્રક્રિયા તપાસીએ. આપણા ગળામાં એક સ્વરયંત્ર છે એની મદદથી આપણે બોલીએ છીએ. શ્વાસનળીમાં થોડે ઊંડે એ બેઠેલું છે. ફેફસાંમાંથી આવતી હવા એમાંથી પસાર થઈને આવે ત્યારે અવાજ પેદા કરવા માટે સ્નાયુના બે પાતળા પડદા જેવી રચના એમાં છે. એને સ્વરતંતુ કહી શકાય (અંગ્રેજીમાં વૉકલ કૉર્ડ). એ કાર્ટિલેજ જેવા પદાર્થથી

સ્વરયંત્ર તપાસો

ગળામાં સામેથી દેખાતી હાડકીની પાછળ સ્વરયંત્ર આવેલું છે. આપણે બોલીએ ત્યારે એમાં કંપન થાય છે એ ચકાસવું હોય તો પહેલી આંગળી (તર્જની)નું પહેલું ટેરવું તેના પર આડું ગોઠવી કશુંક બોલો. હળવેથી મૂકેલ આંગળી સૂક્ષ્મ ધ્રુજારી અનુભવશે. ચૂપ થઈ જવાથી એ બંધ થઈ જશે.

હવે ખુલ્લા અવાજે ષડ્જનો 'સા.. બોલતા રહો. એ પછી પંચમનો 'પ... અ... અ...' બોલો. બહુ ધ્યાનથી અનુભવશો તો જણાશે કે 'પ'માં ધ્રુજારીની આવૃત્તિ વધારે છે. અહીં ધ્રુજારીનું જોર નહીં, પરંતુ થડકારની વારંવારતા (Frequency) ઉપર ધ્યાન આપવાનું છે. આ રીતે આખી સરગમ ('સા'થી સા) બોલી જાઓ તો વાત સ્પષ્ટ થશે.

સ્વરયંત્ર જોડે બંધાયેલ હોય છે. કાર્ટિલેજ એટલે ઘૂંટણના સાંધામાં ગાદી જેનાથી બની છે એવી પેશી. સ્વરતંતુને બીજે છેડે પણ આ પેશીના ગટ્ટા છે, જેને આપણે સ્વેચ્છાએ આમ તેમ ફેરવી શકીએ છીએ. માણસ ઉત્ક્રાંતિની ટોચે છે અને તેની પાસે એવું મગજ છે જે આ મુજબ સ્વૈચ્છિક નિયંત્રણ કરી શકે છે, એટલે પડદા વચ્ચેની જગ્યાને સાંકડી કે પહોળી કરી શકે છે. આનાથી બારાખડીના બધા અવાજો એ નિપુણતાથી કાઢી શકે છે અને મરજી મુજબ બોલે છે. જીભ, તાળવું, હોઠ, પેઢાં એ બધાં આ કામમાં એને મદદ કરે છે.



સ્વરયંત્રનો નાનો અવાજ મોઢાની બખોલ અને શ્વાસનળીની ઉપર નાક તરફની બખોલના પ્રતાપે મોટો થઈને બહાર પડે છે (સાઉન્ડ બૉક્સની જેમ). આપણું સ્વરયંત્ર મર્યાદિત આવૃત્તિનો જ અવાજ કાઢી શકે છે. બલિહારી જુઓ કે માણસના કાન જેટલી આવૃત્તિઓ સાંભળી શકે છે (૨૦,૦૦૦ હર્ટ્ઝ) એટલી આવૃત્તિ એનું પોતાનું ગળું નથી કાઢી શકતું. વધુમાં વધુ ૨૫૦૦ કે ૩૦૦૦ હર્ટ્ઝનો જ અવાજ માણસ કાઢી શકે. પુરુષના સ્વરતંતુ લાંબા હોવાથી તેના અવાજની આવૃત્તિ ઓછી હોય છે, જ્યારે સ્ત્રીની વધારે, કારણ તેના સ્વરતંતુ ટૂંકા હોય. અપવાદરૂપ સ્ત્રી અને પુરુષ હોય છે જે અનુક્રમે ઘોઘરા અને તીણા અવાજે બોલે છે, એ આ સ્વરતંતુની માયા છે.

અવાજ સ્નાયુઓના સંચલનથી નીકળતો હોવાથી અમુક આવૃત્તિનો અવાજ કાઢ્યા પછી તદ્દન પાસેની આવૃત્તિ કાઢવા કરતાં થોડા અંતરે આવેલ આવૃત્તિનો અવાજ કાઢવો વધુ સહેલો છે. એ સ્વાભાવિક રીતે નીકળે છે. સા, રે, ગ, મ એ બધાં વ્યંજનો છે અને તેને ઉચ્ચારવા માટે ચહેરા અને મોઢાના સ્નાયુઓની જરૂર પડે છે. તેમ કરતા સ્વાભાવિક રીતે જ 'સા' થી 'ની' તરફ જતાં અવાજની આવૃત્તિ વધતી જાય છે. આ સાત વ્યંજનો શોધી કાઢવાં એ જ આપણા પૂર્વજોનો મોટો ફાળો છે.

એથી ઊલટું તદ્દન પાસેની આવૃત્તિએ બોલવા માટે ગળાના સ્નાયુઓ ઉપર પ્રયત્નપૂર્વક કામ કરવું પડે છે. કંઠ્ય સંગીત અને તંતુવાદ્યમાં આ ફરક છે.

માનો કે ૨૪૦ હર્ટ્ઝનો સૂર કાઢ્યા પછી તાર ઉપર આંગળી તસુભાર દૂર લઈ જાઓ તો ૨૪૨ કે ૨૪૫ હર્ટ્ઝ કાઢી શકાય, પણ આપણે યાદ રાખીએ કે ઉત્ક્રાંતિમાં કંઠનું ગાન વાજિંત્ર કરતાં પહેલું આવ્યું. એથી જ કદાચ થોડા-થોડા અંતરે આવેલ આવૃત્તિઓને પાયાના સ્વર ગણ્યા હશે. કહો કે ક્વૉન્ટમકરણ કર્યું.

બીજા દેશોમાં સંગીત

આપણા જે અનુભવ છે એ જ પાશ્ચાત્ય સંગીતમાં થયો હશે, ત્યાં પણ આપણા જેવું જ સ્વરોનું સપ્તક છે, ભલે નામ જુદાં હોય. એવું તો ક્યાંય નથી કહેવાયું કે એમનું સંગીત ભારતમાંથી ગયું છે. આથી ફલિત થાય કે માણસના ગળામાંથી સ્વાભાવિકપણે નીકળતી આવૃત્તિઓની આસપાસ જ એ પણ ઘડાયું હોય. સંગીતના અભ્યાસુઓ માટે અહીં એક બીજું અવલોકન કરવા જેવું છે. શાસ્ત્રીય સંગીત શીખતી વેળા આલાપ લેવામાં સા, રે, ગ... એ વ્યંજનોનો ઉપયોગ કરવાને બદલે ‘આ’ એવા અવાજથી જ આલાપ લેવાય છે (તેને ‘આ’કાર કહે છે), એમાં પેઢાં કે તાળવાનો ઉપયોગ નથી થતો. એથી માત્ર સ્વરયંત્રની આસપાસના સ્નાયુઓની મદદથી આવૃત્તિ પર (સંગીતની ભાષામાં ‘સૂર’ ઉપર) કાબૂ રાખવાનો હોય છે. તેમાં વધુ એકાગ્રતા અને સંયમની જરૂર પડે છે. સામાન્ય જનો માટે સા, રે, ગ, મ અવાજો સરળ અને પર્યાપ્ત છે.

એવી બીજી વાત તાર સપ્તકની છે. અહીં પણ બે સૂરોની આવૃત્તિ વચ્ચેનો ગુણોત્તર મધ્ય સપ્તક જેટલો જ રાખવાનો છે, પરંતુ બધી આવૃત્તિઓ મધ્ય સપ્તક કરતાં બમણી હોવાથી એક સૂરથી બીજા સૂર પર જતાં આવૃત્તિ ખૂબ જ વધારવાની થાય છે. આ ગુણોત્તર યોગ્ય રીતે મેળવવો વધુ મુશ્કેલ હોતાં ગાયક માટે તાર સપ્તકમાં સૂરમાં રહેવું વધુ નિપુણતા અને કાબૂ માગે છે.

છેલ્લે, ભૌતિકશાસ્ત્રમાં ક્યારેક ક્વૉન્ટમ સિદ્ધાંતને ન પળાવાના અપવાદ મળે છે. જેમ કે વીજાણુ જો નાભિમાંથી બહાર પડે તો એ બધાં મૂલ્યોની ઊર્જાઓ ધરાવે છે (એને બીટા કણો કહે છે). એમ સંગીતમાં પણ મીંડ લેતી વખતે કે પછી ગાયકી અંગનાં વાયોલિન અથવા સિતારવાદનમાં અમુક સૂરની નજીકની આવૃત્તિઓ પણ લેવાય છે. કહેવાય છે ને કે અપવાદો જ નિયમને સાબિત કરે છે!

❑❑❑

સુધારોઃ મે ૨૦૨૨ અંકના પૃ. ૧૭ ઉપર રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ગઝલ કેડી બાળપણથીના ત્રીજા શેરમાં 'સ્ફટિકની ગ્રંથો'ને બદલે સુધારીને 'સ્ફટિકની મૂર્તિ' વાંચવા વિનંતી.

ગરોળીપુરાણ



□ ક્રિષ્ના આશર

માંડ થોડી નવરાશ મળે એવી એક સરસ બપોર હતી. ટીવીમાં મસ્ત હોરર મૂવી ચાલુ કર્યું. મેથી, પાલક, લસણ, વટાણા બધું ફોલવા-ચૂંટવાનું કામ લઈને બે કલાક માટે પલાંઠી મારીને બેઠી.

૧૦-૧૫ મિનિટ થઈ, ભૂત ક્યારે, ક્યાંથી, કેવી રીતે અચાનક દેખાશે એની ઉત્કંઠા સાથે મારું સમગ્ર ચિત્ત એકાગ્ર થયું. બૅકગ્રાઉન્ડમાં ડરામણું સંગીત, રાત, કબ્રસ્તાન, એક કબરમાં હિલચાલ થઈ, મેં બેય આંખ બંધ કરી દીધી પછી એક આંખ હળવેકથી, છાનીમાની ખોલી અને અચાનક જ ઘરનાં બારી, દરવાજા, વાસણકૂસણ, શ્રીજીબાવાનો ફોટો અને ટીવી સુધ્ધાં ખખડી પડ્યાં એવી ચીસ પાડીને, વટાણાની છાબડી ફેંકીને સીધી સોફા ઉપર ચડી ગઈ. ના, ભૂતને તો હજી વાર હતી પણ ટીવીની બરાબર પાછળથી એક મસમોટી ગરોળી બહાર આવી હતી. ભૂતના આગમનની મારા જેવી જ ઉત્સુકતા એને પણ થઈ હશે એટલે જ વળી! પણ મારી કાળી

ચીસથી હેબતાઈને, નવાઈ પામતી એ દબડક ચાલે હૉલમાં વચ્ચોવચ આવીને સ્થિર થઈ. નજરમાં ઠપકો, નારાજગી અને અણગમા સાથે મારી સામે ત્રાટક કર્યું. મેં હિંમત રાખીને રિમોટ ફેંક્યું તો એણે ડરથી દિશાહીન થઈને ગરબા લેતી હોય એવી બે-ત્રણ ફુદરડી ફરી અને પછી પૂંછડી છોડીને સરકી ગઈ સીધી મારા જ સોફા નીચે.

પત્યું! મૂવી, ભૂત, વટાણા, મેથી, પાલક, લસણ, નવરાશ, સરસ બપોર - બધું એક બાજુ રહી ગયું. ખરું હોરર મૂવી હવે શરૂ થયું. ગૌર વર્ણ, ખરબચડી ત્વચા, ચીપોચીપ ચીટકેલા પણ કોઈ પણ ઘડીએ સરકવા તત્પર એના ફેલાયેલા પંજા, જીવજંતુને ખેંચી લેવા લંબાતી લાંબી ગુલાબી જીભ, તૂટી જવા માટે જ બનેલી જીવંત- લાંબી-અણિયાળી પૂંછડી અને મોટી ગોળ આંખો. ક્યાં જવું, શું કરવું, કેમ કાઢું આને... ખોફ, ચીતરી અને આતંકથી મગજ બહેર મારી ગયું. મેઇનડૉર અંદરથી બંધ, મોબાઇલ પણ દૂર ટેબલ પર હતો. કોઈનીય મદદ મળે એવી શક્યતા નહોતી અને હું જરાય હિલચાલ કરું તો એ ફરીથી ગરબા શરૂ કરે તો!

ના, એવું જરાય નથી કે હું ડરપોક છું. ઘણીવાર સિંહ, વાઘ, ચિત્તો, દીપડો, સાપ, ઘુવડ, મગર વગેરેને પ્રાણી સંગ્રહાલયમાં કે ડિસ્કવરી ચેનલમાં નિરાંતે જોયાં છે. રસ્તા પર ભસતાં

કૂતરાંઓને પણ મેં નિડરતાપૂર્વક હડહડ કર્યું હોવાના દાખલા લોકજીભે છે. સાંકડી શેરીમાં બે બિલાડીના ખૂનખાર ઝઘડા વચ્ચે પણ નીકળી ગયેલી (પાછળથી અને દોડીને). ઉંદર, વંદા તો સાવરણીથી મારીને ભગાડી શકું. માત્ર ગરોળી સામે આવે અને બધીયે બહાદુરી છૂ થઈ જાય.

જીવનમાં આમનેસામને થવાના હજાર મોકા મળ્યા છતાં અમારી વચ્ચે મિત્રતા ન થઈ શકી. ક્યારેક સ્ટોરરૂમના પીપડા પાછળથી હાઉકલી કરે, કદીક ટ્યૂબલાઇટ પાસે ઝગમગ થાય, રસોડાની બારી, બાથરૂમની દીવાલ, ફોટા પાછળ, ચોકડીમાં... અને અત્યારે અહીંયાં. 'ઘરમાં કાં તો એ રહેશે, કાં હું...' એવો વણલખ્યો નિયમ હોવા છતાં અત્યારે અમે બંને એકબીજાંથી ડરતાં-ડરતાં 'ડરના મના હૈ' મૂવી સાથે બેસીને જોઈ રહ્યાં હતાં. હું સોફા ઉપર ટૂંટિયું વાળીને અને એ સોફા નીચે આરામથી પંજા ફેલાવીને. આતંકિત માહોલમાં વધારો કરતી પેલી પૂંછડી અમારી સામે જ તરફડતી હતી.

ક્યાંકથી કોઈ દેવદેવી પ્રગટ થાય અને મારી વહારે ધાય એટલા માટે આવડે એવા મંત્રોચ્ચાર મનોમન શરૂ કર્યા ત્યાં તો દેવદેવી નહીં, પણ દેવના દીધેલે લેચ કીથી દરવાજો ખોલ્યો. હાથમાં રહેલો ફૂટબૉલ ઉછાળતાં તેણે લાપરવાહીથી પૂછ્યું, "હાય મૉમ, વ્હૉટ્સ અપ?"

"ચૂ...પ" મેં એક આંગળી નાક પર અને બીજી સોફા નીચે ચીંધી.

"નીચે જો, ગરોળી ઘૂસી છે. એને આખા ઘરમાં દોડાવ્યા વગર બહાર કાઢી આપીશ?"

"નો, અત્યારે નહીં. રાત્રે કાઢી આપીશ. મારે પાછું ક્રિકેટ રમવા જવાનું છે. તું દીદીને કહેજે, બાય." કહેતો બૅટ અને પાણીની બૉટલ લઈને દરવાજો ખુલ્લો મૂકી તે ભાગી ગયો. મને યાદ આવ્યું કે છેલ્લે ગરોળી ઘૂસેલી ત્યારે બાયોલૉજી ભણતી મારી દીકરીએ ગરોળીની શરીરરચના અને જીવનોપયોગી અગત્ય વિશે મને વિસ્તૃત જ્ઞાન આપીને, ઘરમાં એની હાજરીને માન અને સ્થાન આપીને હૃદયપૂર્વક સ્વીકારી લેવાની સલાહ આપેલી.

ના... ના... એ નહીં બને. દીકરીનું કંઈ કામ નથી. હું તેના પપ્પાને જ ફોન કરું એમ વિચારીને એક સોફા પરથી બીજા પર કૂદીને મેં ટેબલ પરથી ફોન લીધો.

"હલ્લો! સાંભળો છો?"

"હા, સવારેય બહુ સાંભળીને જ ઑફિસે આવ્યો છું. હજી કંઈ બાકી રહે છે?" એ સવારની નોંકઝોંક ભૂલ્યા નહોતા.

"અરે, હોય કંઈ... તમને કાંઈ કહું? એ તો કામની ધમાલમાં બે શબ્દની કચકચ થઈ હોય, ચાલ્યા કરે. સૉરી કહું છું ને. કેટલા વાગ્યે આવો છો ઘરે?

જરૂરી કામ પડ્યું છે તમારું."

"જરૂરી કામ ગરોળી કાઢવાનું નથી ને?"

"આમ તો એ જ છે, તમને કેવી રીતે ખ..."

"જો ડાર્લિંગ, હમણાં જ 'મહિલા દિવસ'એ ક્લબમાં તે સ્ત્રીઓએ જીવનમાં નીડરતા, સાહસ અને હિંમત સાથે કેવી રીતે જીવવું જોઈએ એવું સરસ ભાષણ આપેલું. તાળીઓના ગડગડાટ વચ્ચે 'આજ કી નારી, સબ પે ભારી' એવો કંઈક સૂત્રોચ્ચાર પણ કરેલો. આટલી પ્રબળા નારી થઈને તું પામર જંતુથી ડરે એ બાબત સમગ્ર સ્ત્રીજાતિ માટે શરમજનક ગણાય."

"અરે! પણ બહુ મોટી, વિકરાળ ગરોળી છે આ વખતે."

"તો શું થયું? તું તારું વજન જો... અને એનું વિચાર. માંડ સો-દોઢસો ગ્રામ હશે. તું તારી રીતે ફોડી લે. મને ઘરે આવતાં વાર લાગશે." ફોન કટ.

આમ પણ મારા વજન વિશે બોલીને આગળનો વાર્તાલાપ અલગ પ્રવાહ પકડે એવી શક્યતા હોવાથી ફોન મૂકી દીધો એણે. ઘરે આવે ત્યારે જોઈ લઈશ એમ ગાંઠ વાળી મેં ગરોળીને જોઈ લેવા વાંકા વળીને સોફા નીચે જોયું. મૂવી પૂરું થયું હતું એટલે એ સોફા નીચેથી સ્થળાંતર કરી ગઈ હતી, પણ હતી તો હૉલમાં જ. મેં બીતાં-બીતાં જમીન પરથી પથારો ઉપાડ્યો, બેય રૂમના દરવાજા ફિટ બંધ કર્યા. શ્રીજીબાવાને હાથ જોડીને હિંમત માગી ત્યાં છબી પાછળ ગરોળીનું અણીદાર ચમકતું માથું જોયું.

"તારી જો હાક સૂણી કોઈ ના આવે, તો એકલો જાને રે!" ટાગોરની પંક્તિઓ મારા કાનમાં ગુંજવા લાગી હતી. એમાં મહિલા દિવસના ભાષણના ભણકારા ભળ્યા. હું સીધી કિચનમાં ગઈ. વેલણ, તવેથો, ઠાકોરજીની ઘંટડી વગેરે શસ્ત્રો લઈને હૉલમાં આવી. મુખ્ય દરવાજાથી છબીનું અંતર ચારેક ફૂટ હતું. બારી પરની વિન્ડચાઇમ્સ જોરથી હલાવી, એક હાથે ઘંટડી વગાડી અને બીજા હાથે વેલણ-તવેથાને છબી પાસે અને પછી ટેબલ પર પછાડીને ચિત્રવિચિત્ર અવાજ શરૂ કર્યા. ટીનટીન, ટનટન, ખટખટ, ધમધમ, ઢબાઢબ વગેરે જેવો અચાનકનો આ ભયાવહ કોલાહલ સાંભળીને ગરોળીને યુદ્ધના રણશિંગાની યાદ આવી હોય કે ગમેતેમ પણ... એ બહાર નીકળી અને આડુંઅવળું જોયા વિના સીધી દરવાજાની બહાર... સામેના ઘરમાં.

એક-બે મિનિટમાં સામેના ઘરમાંથી કાળી ચીસનો અવાજ આવ્યો. "કેવા ડરપોક છે લોકો, ગરોળીથી બીએ છે." એમ બબડતાં, મેં દરવાજો ફિટ બંધ કર્યો. ઠંડા પાણીનો ગ્લાસ ભરીને નિરાંતે સોફા પર બેઠી. ટીવીમાં હવે મસ્ત રોમૅન્ટિક મૂવી શરૂ થયું હતું.

❑❑❑



સેવા રૂરલ યજ્ઞનાં હોતા ડૉ. લતાબહેન દેસાઈને પદ્મશ્રી - એક મુલાકાત

☐ આરાધના ભટ્ટ

ભારત સરકાર દ્વારા પ્રતિવર્ષ એનાયત થતાં સર્વોચ્ચ નાગરિક સન્માનો પૈકી આ વર્ષનું પદ્મશ્રી સન્માન સેવા-રૂરલ સંસ્થાના સ્થાપકો પૈકીનાં એક ડૉ. લતાબહેન દેસાઈને એનાયત થયું. ભરૂચ નજીક ઝઘડિયા ખાતે છેલ્લાં ચાળીસ વર્ષના કાર્યકાળ દરમ્યાન આ સંસ્થા અનેક આદિવાસી અને ગ્રામીણ શ્રમિકોનાં જીવનમાં આરોગ્ય અને શિક્ષણના પ્રસાર દ્વારા ઉજાસ પાથરવાનું કાર્ય કરી રહી છે. અમેરિકાના સુખ-સગવડભર્યા જીવનનું આકર્ષણ જતું કરીને એમના પતિ ડૉ. અનિલભાઈ સાથે ત્યાંથી ભારત પરત આવી એમણે બંનેએ કેટલાક મિત્રો સાથે મળી આ સેવાયજ્ઞ આરંભ્યો અને પછી તો સંસ્થાની સુવાસ એવી પ્રસરી કે એને ૩૫થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઍવૉર્ડ પ્રાપ્ત થયા અને વિશ્વ આરોગ્ય સંસ્થા WHOએ પણ એની કામગીરીની નોંધ લીધી. અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાંથી તબીબી શાખાની સ્નાતક પદવી મેળવી લતાબહેને અમેરિકા જઈને બાળરોગની અનુસ્નાતક પદવી મેળવી. ગાંધીજી અને સ્વામી વિવેકાનંદનાં જીવન અને વિચારોથી પ્રેરિત આ દંપતીએ ૨૬ ઑક્ટોબર, ૧૯૮૦ના દિવસે સોસાયટી ફૉર એજ્યુકેશન, વેલ્ફેર ઍન્ડ ઍક્શન-રૂરલ (SEWA-Rural)ની સ્થાપના કરી ત્યારે એમને એમનું સ્વપ્ન સાકાર થતું લાગ્યું અને પછી એનો જે વિકાસ થયો એ નમૂનારૂપ છે. ૨૦૧૯માં પતિ ડૉ. અનિલભાઈના અવસાન પછી, પણ હવે જીવનના આઠ દાયકા વિતાવી ચૂકેલાં ડૉ. લતાબહેન, એમના જીવનકાર્યમાં સક્રિય છે. એમની સાથેનો આ વાર્તાલાપ એમના વ્યક્તિત્વનો પરિચય કરાવશે.

- આ. ભ.

પ્રશ્ન : નમસ્કાર લતાબહેન, સૌપ્રથમ આપને આ વર્ષે મળેલા પદ્મશ્રી સન્માન બદલ અભિનંદન આપું છું. સન્માન બદલ આપનો પ્રતિભાવ જાણવાની ઇચ્છા છે. આપને આ અગાઉ પણ અનેક સન્માન એનાયત થઈ ચૂક્યાં છે.


મને એવું લાગે છે કે આ ઍવૉર્ડ મને નથી મળ્યો પરંતુ મારું દૃઢપણે માનવું છે કે અમારી સાથે જે બધા નિષ્ઠાવાન ત્રણસો-સાડાત્રણસો જેટલા કાર્યકરો કામ કરી રહ્યા છે એ અને એ ઉપરાંત કેટલા બધા લોકોએ અમને મદદ કરી છે અને કરી રહ્યા છે, એ બધાને જ આ ઍવૉર્ડ તો જાય, પણ કોઈએ નિમિત્ત તો બનવું પડે એટલે હું તો નિમિત્ત માત્ર છું. એની પાછળ મુખ્યત્વે તો ઈશ્વરની કૃપા અને વડીલો તેમજ સંતોના આશીર્વાદ સાથે સહયાત્રી ડૉ. અનિલ દેસાઈને યાદ કર્યા વગર રહી શકતી નથી. તેમણે ઘણા બધા સન્માન સમારંભોમાં મને આગળ કરી છે અને આજે પણ પડદા પાછળથી જાણે મને આગળ કરી રહ્યા છે.

પ્રશ્ન: લતાબહેન, બહુજન હિતાર્થે

જીવન સમર્પણ કરવાની ભાવનાનાં મૂળ આમ તો આપણા સંસ્કારમાં, આપણા બાળપણમાં હોય છે. તમારા બાળપણ વિશે, ઉછેર વિશે અને ઘરના વાતાવરણ વિશે અમને કંઈક કહેશો?

તમારી વાત એકદમ સાચી છે કે આ જે કંઈ ભાવના છે એનાં મૂળ તો બાળપણમાં જ હોય અને તમારો ઉછેર કેવી રીતે થાય છે એના પર જ આ બધું આધાર રાખે છે. મારો જન્મ સ્વતંત્રતાની લડતના સમયગાળામાં આધ્યાત્મિક વાતાવરણવાળા એક મધ્યમ વર્ગના સંયુક્ત કુટુંબમાં થયો. મારી મા અને મારા કાકાએ ખેડામાં મણિબહેન પટેલ સાથે કામ કરેલું, પણ પછી મારા કાકા તો સ્વતંત્રતાની લડતમાં એકદમ જોડાઈ જ ગયેલા. મારા પિતાજીએ આખા કુટુંબની જવાબદારી લઈ લીધેલી એટલે મારા કાકાએ ભણતર અધવચ્ચેથી છોડી દીધેલું અને લડતમાં જોડાઈ ગયેલા. તેમણે છ મહિના જેટલો સમય તો જેલમાં ગાળેલો, પણ કમનસીબે હું ત્રણ વર્ષની હતી ત્યારે મારા પિતાનો સ્વર્ગવાસ થઈ ગયેલો. પછી મારા કાકાએ અમને બધાંને મોટાં કર્યાં. અમારું પંદર માણસનું સંયુક્ત કુટુંબ હતું. એટલે મને લાગે છે કે પંદર જણ ભેગાં રહ્યાં એવા આ કુટુંબમાં ઉછેર દરમ્યાન જ શૅરિંગ ઍન્ડ કૅરિંગ ફૉર અધર્સ - બીજા સાથે હળીમળીને રહેવાની, બીજાની કાળજી કરવાની ભાવના કેળવાઈ હશે. પછી અમે નાનાં હતાં ત્યારે સમાજમાં જોતાં કે અશિક્ષિત અને ગરીબોને અન્યાય થતો હોય, અત્યાચાર થતો હોય - એ બધું જોઈને દુઃખ થતું અને ગુસ્સો પણ

અમારા પ્રેરણાસ્રોત મહાત્મા ગાંધી અને સ્વામી વિવેકાનંદ





આવતો, ત્યારે એવું થતું કે મોટાં થઈને કંઈક કરવું અને ત્યારે એવું લાગ્યું કે ડૉક્ટર થઈને સમાજસેવા થઈ શકે એટલે મેં ડૉક્ટર થવાનું નક્કી કર્યું.

પ્રશ્ન : તમે તબીબી શાખાનો વધુ અભ્યાસ કરવા અમેરિકા ગયાં, ત્યાં અભ્યાસ કરીને ત્યાંની ચમકદમક અને જાહોજલાલીવાળી જીવનશૈલી છોડીને તમે બંને તમારી સેવાભાવનાથી પ્રેરાઈને ભારત પરત આવ્યાં, તમે આવ્યાં એવી વયમાં જ્યારે મોટાભાગના લોકો ત્યાંની મોજમજામાં મશગૂલ હોય છે. આ નિર્ણય કેવી રીતે લેવાયો?

બરાબર છે. મહાત્મા ગાંધીજી અને સ્વામી વિવેકાનંદના સંદેશ પ્રમાણે આપણો દેશ ગામડાંમાં રહે છે, એટલે તમારે જો દેશસેવા કરવી હોય તો ગામડાંમાં જઈને તે લોકોની સાથે જ રહેવું પડે અને તે લોકોના પ્રશ્નો સમજવા પડે. નાનપણથી અમારો આવો ઉછેર હતો અને મારી અને અનિલભાઈની પહેલેથી જ ગામડાંમાં જઈને કામ કરવાની ઇચ્છા હતી, પણ અમારી પાસે પૈસા ન હતા. અમને એવા કોઈ ધનિક કે વગવાળા વ્યક્તિઓનો સાથ-સહકાર પણ નહોતો. આપણે જાતે કામ કરીને આપણા આદર્શને સાબિત ન કરી આપીએ ત્યાં સુધી દાન માગવા જવું પણ ઇચ્છનીય નથી અને દાન મળે પણ નહીં. એટલે અમે પૈસા કમાવા માટે અમેરિકા ગયેલાં, પણ એ નક્કી હતું કે પાછાં આવીને ગામડાંમાં જઈને જ સેવા કરવી છે. અમેરિકામાં અમે અનુસ્નાતક તબીબી ડિગ્રીઓ લીધી, ત્યાં અમને રામકૃષ્ણ મિશનના જુદા-જુદા સંન્યાસીઓનો સત્સંગ મળતો અને તેમની વાતો સાંભળીને પણ અમારા ભારત જવાના નિર્ણયને બળ મળતું ગયું. અમેરિકામાં અમે પણ બહુ જાહોજલાલી જોઈ, પણ અમે એ પણ જોયું કે ત્યાંના બધા લોકો કંઈ સુખી અને શાંત નથી હોતા. બરોબર છે કે તેમને ભૌતિક જાહોજલાલીનું નાનું-મોટું સુખ મળે, પણ એ લાંબા વખત માટે ટકતું નથી. આપણે આપણી જાતને એમાંથી બહાર કાઢીને આપણું વર્તુળ મોટું કરીએ, એટલે કે માત્ર આપણા કુટુંબ માટે નહિ, પણ જે આપણાં લોહી-માંસનાં સગાં નથી કે મિત્રો નથી તેમના માટે કંઈક કરીએ અને તેમને આનંદ આપીએ તો એ આનંદની યાદ માત્ર જ જે સંતોષ આપે એ સંતોષ વર્ણવી શકાય એવો નથી. એ સંતોષ અને આનંદ અમૂલ્ય છે અને એ તો અનુભવની જ વાત છે.

પ્રશ્ન : ભારત પાછાં આવ્યાં પછી 'સેવા રૂરલ'ની શરૂઆતની ભૂમિકા અમને કહો. એવું કોઈ પણ કાર્ય કરીએ એટલે શરૂઆતમાં અનેક સંઘર્ષો આવે છે, એટલે એવા દિવસો પણ તમે જોયા હશે. શરૂઆતના એ દિવસોમાં ક્યારેય નિરાશા આવી હતી? અથવા અમેરિકા પાછા ચાલ્યા જવાનું મન થયેલું?

ભારતીય સેનામાં

ઇન્ટર્નશીપના સમય દરમિયાનની વાત છે. નવેમ્બર ૧૯૬૫માં લતાબહેન તેમ જ સૌ મિત્રો સૌરાષ્ટ્રના પ્રવાસે ગયેલાં. આ પ્રવાસ દરમિયાન ટ્રેનની મુસાફરી કરી રહ્યાં હતાં ત્યારે અચાનક ટ્રેનની બધી જ લાઈટો બંધ થઈ ગઈ. ચારે કોર ઘોર અંધારું. પછી એમને ખબર પડી કે પાકિસ્તાની સેનાએ આપણા દેશ પર હુમલો કર્યો છે. બીજે-ત્રીજે દિવસે છાપામાં વાચ્યું કે સેનામાં ડૉક્ટરોની જરૂર છે અને ગુજરાતમાંથી ડૉક્ટરો આ સેવા આપવા તૈયાર થતા નથી. લતાબહેનનાં ડૉક્ટર મિત્રો સેનામાં સેવા આપવા માટે તૈયાર થઈ ગયાં. એમાં બે બહેનો અને ત્રણ ભાઈઓ હતાં. આ ત્રણ ભાઈઓમાંના એક હતા તેમના ભાવિ પતિ ડૉ. અનિલ દેસાઈ, જેઓ સ્વામી વિવેકાનંદના જીવન અને સંદેશથી પ્રભાવિત થયેલા. લતાબહેને અને ડૉ. અનિલ દેસાઈએ ઇન્ટર્નશીપ અને સેનાની તાલીમનો સમય એક સાથે ગુજાર્યો હતો. સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીએ દેશના યુવાનોને કહેલું કે આપણો દેશ ગામડાંઓમાં વસે છે એટલે ગામડાંઓમાં જાઓ, તેમના પ્રશ્નોને ઓળખો અને તેમની સેવા કરો. આ સમય દરમિયાન બંનેની સમાન વિચારસરણીને ધ્યાનમાં રાખીને એ લોકોએ આખું જીવન ગામડામાં રહીને ગરીબોની સેવામાં ગાળવાનો નિર્ણય કર્યો. તેઓ દોઢથી ત્રણ વર્ષ કેપ્ટન તરીકે આર્મ ફોર્સમાં ડૉક્ટરની સેવાઓ આપ્યા બાદ પાછાં ફર્યાં. અધૂરું છોડેલું ભણતર સર્જરી અને પિડિયાટ્રિક્સના વિષયોમાં પૂરું કર્યું. ત્યારબાદ બન્ને લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં.


કેપ્ટન અનિલ દેસાઈ


કેપ્ટન લતા દેસાઈ

કોઈ પણ કામ હાથમાં લઈએ એટલે સંઘર્ષો તો આવે જ એ સ્વાભાવિક છે, એમાં વળી આ તો ગામડાંમાં જઈને સેવાનું કામ. ઘણીવાર આ સંઘર્ષો આપણા મન સાથે હોય, સંઘર્ષો આપણા કુટુંબના સભ્યો સાથે અને સમાજ તરફથી પણ આવે. અમે બધું વાંચેલું, સાંભળેલું અને એના પર મનન અને ચિંતન કરેલું અને પછી નિર્ણય લીધેલો એટલે અમને મન તરફથી ખાસ સંઘર્ષ ન નડ્યો. અમે જે સ્વપ્નો જોયેલાં એને સાકાર થતાં જોઈને અમને તો આનંદ અને સંતોષ જ મળતો. અમારું કુટુંબ તો સ્વાતંત્ર્યસેનાનીઓનું અને આધ્યાત્મિક વાતાવરણવાળું હતું. હવે અધ્યાત્મ એટલે શું? તો આપણે કહીએ કે આત્મા

તરફ ગતિ કરવી, પોતાનામાંથી બહાર નીકળવું અને બધામાં એ જ આત્મા રહેલો છે એટલે બધા સાથે ઐક્ય સાધવું. તો આપણા વર્તુળને મોટું કરીએ, આપણામાંથી બહાર નીકળીએ એ જ સાચી આધ્યાત્મિકતા કહેવાય. ટીલાં-ટપકાં કરવાં એને હું આધ્યાત્મિકતા માનતી નથી. દરેક વ્યક્તિમાં અને સમાજમાં કંઈક ને કંઈક સારું છે જ, પછી એ ઉદ્યોગો હોય કે સરકાર હોય કે શૈક્ષણિક સંસ્થાઓ હોય, પત્રકારો હોય એ બધાની સારપ અને તેમનો સહકાર મળતો રહ્યો અને અમને વધારે ને વધારે બળ મળતું ગયું. નિરાશા નથી આવી અને પાછા જવાનો વિચાર તો કદાપિ નથી આવ્યો, પણ શરૂઆતમાં અમારાં બાળકોને થોડો સંઘર્ષ કરવો પડેલો. અમારી દીકરી તો સ્કૂલમાં ચોથા-પાંચમા ધોરણ સુધી ઇંગ્લિશ મીડિયમમાં અમેરિકામાં ભણેલી અને ઝઘડિયા તો ગામડું, એમાં ઇંગ્લિશ મીડિયમની સ્કૂલ નહીં, એટલે પચીસ-ત્રીસ કિલોમીટર દૂર ભરૂચ તેણે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં જવું પડતું અને જ્યારે એ પણ સમયસર ન મળે ત્યારે તો ખટારા અને ટેમ્પો કે રિક્ષામાં જવું પડતું, પણ કોઈ દિવસ તે લોકોએ ફરિયાદ નથી કરી. અમારા મનમાં પણ તેમને કેટલી મુશ્કેલી પડતી હશે એવા વિચારો એ વખતે નહોતા આવ્યા. અમે તો અમારાં સ્વપ્નો સાકાર કરવામાં એવાં મશગૂલ થઈ ગયેલાં કે દુનિયાદારીનું ડહાપણ અમારામાં ડોકિયાં જ નહોતું કરતું. ગરીબો અને વંચિતોનાં દુઃખ-દર્દ ઓછાં કરવાથી અમને જે આનંદ મળતો એમાં જ અમે તો ડૂબેલાં, એટલે પાછા અમેરિકા જવાનો કોઈ વખત વિચાર નહોતો આવ્યો અને નિરાશા પણ નહોતી આવી. હવે તો અમેરિકાવાળાને પણ એમ થાય છે કે અમે કેટલાં સુખી છીએ!

પ્રશ્ન : લતાબહેન, 'સેવા રૂરલ' શરૂ કરવા માટે ઝઘડિયા પર પસંદગી કેમ અને કેવી રીતે ઊતરી?

અમે અમેરિકા હતાં ત્યારે નક્કી તો કરેલું કે ગામડાંમાં, પછાત વિસ્તારોમાં જવું છે અને અમે ત્યાં હતાં ત્યારે બે વખત અહીંની મુલાકાત લીધેલી. પંચમહાલ, ભરૂચ, કચ્છ, ધરમપુર વગેરે વિસ્તારોમાં અમે ફરેલાં. એ વખતે ઝઘડિયામાં કસ્તુરબા મેડિકલ એઇડ સોસાયટી હતી અને એ સોસાયટી દ્વારા મેટરનિટી હોમ ચાલતું હતું. એના ત્રણ-ચાર રૂમ હતા અને એક મેડિકલ ઑફિસર હતા જે માત્ર નૉર્મલ ડિલિવરી જ કરાવી શકે. જોખમી સુવાવડના કેસ તો તેમણે બહાર મોકલવા પડતા. સોસાયટીના સેક્રેટરી શ્રી પ્રિયવદનભાઈએ અમને ખૂબ પ્રોત્સાહિત કરેલા. એટલે એમણે અમને ત્યાં સગવડ કરી આપી. બીજું કે ઝઘડિયા એ નર્મદાને કિનારે આવેલો વિસ્તાર અને નર્મદાનું પણ અમને ખાસ આકર્ષણ ખરું, કારણ કે નર્મદા એ



વૈરાગ્ય અને ત્યાગની ભૂમિ છે. વળી ત્યાંના રસ્તા પાકા હતા, બાજુમાં અંકલેશ્વરના ઔદ્યોગિક એકમો પણ હતાં. આ એકમો ભવિષ્યનાં અમારાં કામોમાં સહાયક બનશે એવી ધારણા હતી. અમારે માત્ર આરોગ્યલક્ષી જ નહીં, પણ યુવાનોને પગભર કરવા અનેક સર્વાંગી વિકાસનાં કામો કરવાં હતાં. એટલે આ બધાં કારણોસર અમારી પસંદગી ઝઘડિયા પર ઊતરી.

પ્રશ્ન : તમારા આ ચાળીસ વર્ષના કાર્યકાળ દરમ્યાન સંસ્થાની પ્રવૃત્તિઓનો વિકાસ કેવો થયો છે અને સંસ્થાની સિદ્ધિઓ તમારી દૃષ્ટિએ શું છે એ અમને કહેશો?

પહેલા વિકાસની વાત કરીએ તો અમે શરૂ કર્યું ત્યારે અમે સોળ જણ જ હતાં. અત્યારે ત્રણસો પચાસ જેટલા નિષ્ઠાવાન કાર્યકરો છે. એમાંના ઘણા તો અમારી સાથે દસ-પંદર વર્ષથી પણ વધારે સમયથી છે. હવે આરોગ્યની વાત કરીએ તો હૉસ્પિટલમાં અત્યાર સુધી લગભગ છવ્વીસ લાખ લોકોની સારવાર થઈ છે. શરૂઆતમાં અમે ચાર જ ડૉક્ટરો હતા, હવે સત્તાવીસ ડૉક્ટરો છે. દર વર્ષે લગભગ છ હજાર સુવાવડ થાય છે, એટલે અત્યાર સુધીમાં એંશી-નેવું હજાર સુવાવડ થઈ છે. આંખના રોગની વાત કરીએ તો સવાલાખ જેટલા મોતિયા, ઝામર જેવાં ઑપરેશન્સ અને આંખનાં અન્ય ઑપરેશન્સ મળીને કુલ ત્રણ લાખ જેટલાં આંખનાં ઑપરેશન્સ થયાં છે. અમારું એક ટ્રેઇનિંગ સેન્ટર પણ છે અને એમાં અત્યાર સુધીમાં લગભગ એકસો પચાસ સંસ્થાઓમાંથી છવ્વીસ હજાર જેટલા લોકોએ ટ્રેઇનિંગનો લાભ લીધો છે. અમે ગ્રામીણ ટેક્નિકલ કેન્દ્ર દ્વારા યુવાનોને પગભર કરવાનું કામ પણ કરીએ છીએ અને પછી તે લોકોને નોકરી પણ અપાવીએ છીએ. તો અત્યાર સુધીમાં લગભગ ૩૬૮૦ જેટલા યુવાનો પગભર થયા છે, એમાં કેટલાકે તો પોતાના ધંધા પણ શરૂ કર્યા. બીજું, અમારું કામ મહિલા સશક્તીકરણનું છે. આ કામ પહેલાં તો અમે 'સેવા રૂરલ'માં શરૂ કરેલું, પણ પછી એવું લાગ્યું કે બહેનો જ બધા નિર્ણયો લે, બહેનો જ સંચાલન કરે એ માટે અમે એક અલગ સંસ્થા શરૂ કરી, જેનું નામ 'શારદા મહિલા વિકાસ

સોસાયટી.' એમાં પણ શરૂઆતમાં બાર જેટલી જ બહેનો હતી, અત્યારે પાંસઠ જેટલી છે. એમાં અત્યારે તો લગભગ સવા કરોડ જેટલું ગાર્મેન્ટનું કામ થાય છે, જેમાં બહેનો ઓગણત્રીસ લાખ જેટલી રોજી રળી લે છે. પાપડનું કામ પણ ગણીએ તો કેટલાય લાખનું કામ થાય છે. પછી અમે એવું પણ જોયું કે તે લોકો હૉસ્પિટલની સારવાર લેવાનું ટાળે અને અમે જ્યારે ગામડાંમાં જઈએ ત્યારે તે લોકો અમારાથી ડરીને ભાગી જાય એવું હતું. પછી અમે એ લોકોને સ્પર્શે એવા જાગૃતિ કાર્યક્રમો કર્યા, એમાં પપેટ શો, શેરી નાટક, નૃત્યો વગેરે કરતાં-કરતાં એ લોકોને અમારામાં વિશ્વાસ બેઠો. અમે દસ ગામમાં ઘર આંગણે આરોગ્યનું કામ શરૂ કરેલું અને માત્ર નવ હજાર લોકો માટે જ શરૂ કરેલું, પણ અત્યારે તમને નવાઈ લાગશે કે પછી એક લાખ ચાળીસ હજાર વસ્તીને આનો લાભ મળે છે. અમે એક નવી ઍપ્લિકેશન શોધી છે જેનાથી બાળમૃત્યુ અને માતામૃત્યુ ઓછાં થાય. એ વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા અને તેમણે અમારી એ ઍપ્લિકેશન આખા ગુજરાતમાં રેપ્લિકેટ કરી અને હવે તો ભારતનાં અન્ય રાજ્યોમાં પણ અપનાવાઈ રહી છે. ભારતની બહાર નાઇજીરિયા, કમ્બોડિયા જેવા દેશો પણ એને અપનાવવાનું વિચારી રહ્યા છે. અમે શરૂ કર્યું હતું ત્યારે બાળમૃત્યુનું પ્રમાણ એકસો બોત્તેર હતું, હવે એ ઘટીને પચીસ થયું છે. માતામૃત્યુનું પ્રમાણ છસો વીસ હતું એ ઘટીને છેલ્લાં ઘણાં વર્ષથી તો કોઈ વખત એક પણ માતાનું મૃત્યુ નથી થતું કે કોઈક વર્ષમાં એકાદ-બે માતાનું મૃત્યુ થાય છે, કારણ કે અમે ફૉલો-અપ વગેરે એટલું બધું કરીએ છીએ. આ મેં અમારી સંસ્થાના વિકાસની વાત કરી, અત્યાર સુધીમાં અમને પાંત્રીસ જેટલા ઍવૉર્ડ પણ મળ્યા છે. પહેલો ઍવૉર્ડ અમને ૧૯૮૫માં મળ્યો, જ્યારે અમારા કામની હજુ તો શરૂઆત હતી. ત્યાર પછી તો અમને કેટલા બધા ઍવૉર્ડ મળ્યા પણ આ ઍવૉર્ડ તો ઠીક છે. આ તો તમે સવાલ પૂછ્યો, એટલે આને સિદ્ધિ કહેવાય, પણ બીજું ખાસ તો અમારી સાથે જે કામ કરતાં હતાં એવાં છ દંપતીઓએ ગુજરાતમાં વલસાડ, ધરમપુર, બનાસકાંઠા, ભાવનગર એમ જુદી-જુદી જગ્યાઓએ જઈને પોતાની સંસ્થાઓ શરૂ કરી. એ પણ બહુ મોટું કામ થયું અને અત્યારે લગભગ આવી પંદર જેટલી નાની-મોટી સંસ્થાઓ કામ કરી રહી છે. એટલે આને પણ વિકાસ અને સિદ્ધિ કહી શકાય. અમારી સંસ્થાનાં કામની ઝાંખી અનેક છાપાંઓમાં, મીડિયામાં, જર્નલમાં અને 'રીડર્સ ડાયજેસ્ટ', 'ઇન્ડિયા ટુડે' જેવાં સામયિકોમાં પણ આવી ગઈ છે.

પ્રશ્ન : લતાબહેન, તમે મહિલાલક્ષી



તૈયાર થયેલ બીજી અને ત્રીજી હરોળ

કાર્યક્રમો અને ઉપક્રમોની વાત કરી. તમારા કામ દરમ્યાન તમે મહિલાઓ અને બાળકોના આરોગ્યલક્ષી અને સામાજિક પ્રશ્નો પણ જોયા હશે. ચાર દાયકાના તમારાં કામ દરમ્યાન આ સંદર્ભે શું પરિવર્તન આવ્યું છે? હવે એમાં કોઈ સુધારો જણાય છે?

નાના-મોટા બહુ જ સુધારા જણાય છે. ૮૦ના દાયકામાં આપણાં ગામડાંઓમાં સુવાવડો જૂની પરંપરાગત રીતે દાયણ બહેનો જ કરાવતી. અમે એ બહેનોને તાલીમ આપીને ઘરે જ સુરક્ષિત અને સફળ સુવાવડ કરાવી શકે એ માટે ડિલિવરી પેક અને દાયણ કીટ આપી. દાયણો અમને કહેતી, “તમે આજકાલની છોકરીઓ અમને શું શિખવાડવાની, તમારાં જેવાં કેટલાંયની અમે સુવાવડ કરાવી છે.” અમે કહેતાં કે અમે તો તમારી પાસે શીખવા જ આવીએ છીએ. એમની સાથે ઊઠવું બેસવું અને ખાવું પીવું થાય અને ક્યારેક એમનાં નૃત્યોમાં પણ જોડાવાનું બને. ધીમે ધીમે એમનો સંપૂર્ણ વિશ્વાસ સંપાદિત થઈ શક્યો. પછી તો જોખમ જણાય તો સુવાવડીને હૉસ્પિટલ પણ મોકલી આપતાં. હવે પરિસ્થિતિ બદલાઈ છે એટલે 80 ટકા જેટલી સુવાવડો હૉસ્પિટલમાં થાય છે. અમે બહેનોની અલગ સંસ્થા પણ કરી. અમે દર બે મહિને બહેનો સાથે જુદા-જુદા વિષયો પર શિબિર કરીએ. બાળ-ઉછેર, મહિલાઓનું આરોગ્ય, કાયદાઓ, સ્વરક્ષણની તાલીમ, જાતીય શોષણ સામે રક્ષણ કેવી રીતે મેળવવું એની તાલીમ, આર્થિક રીતે પગભર કઈ રીતે થવું એની તાલીમ આપીએ છીએ. એટલે ગાર્મેન્ટ, પાપડ, નાસ્તા, ઘરવપરાશની વસ્તુઓ વગેરે બનાવીને તે લોકો કમાતાં થયાં. અમે જ્યારે શિબિર કરીએ ત્યારે બહેનો જ એમાં ભાગ લે, આયોજન કરે અને સંસ્થાની અને સંસ્થાની બહારની જે બહેનોએ કામ કર્યું હોય તેવા તજજ્ઞોને બોલાવીએ અને તેમનાં પ્રવચનો પણ અમારી બહેનો સાંભળે. પછી તેમને અમે કહીએ કે તમે જે સાંભળ્યું એ પ્રમાણે નાટક કરો. ગામડાંની અર્ધશિક્ષિત બહેનો પણ બહુ હોશિયાર હોય છે અને એ લોકો આ નાટકો કરે. એના દ્વારા તેમને બધું

આત્મસાત્ થાય છે. તેમને સમજાય છે કે બાળકોને ભણાવવાં જોઈએ. પહેલાં તો તે લોકો આરોગ્યની તપાસ કરાવવા જ નહોતા આવતા, પણ હવે તે લોકો અંદરની તપાસ કરાવે એટલું જ નહીં, જરૂર પડે તો ઑપરેશન પણ કરાવે. પોતે જ કરાવે એવું નહીં, પણ ગામના અને સમાજના લોકો તેમને પૂછવા આવે અને આ બહેનો તેમને સલાહ પણ આપે. એટલે તેમના પોતાનામાં તો ફેર પડ્યો પણ તે લોકો હવે બીજાને પણ સમજાવે એવા થયા અને બાળકોની વાત કરીએ તો પહેલાં તો બાળકો અડધેથી સ્કૂલ છોડીને મજૂરીમાં લાગી જતાં હતાં, પણ હવે તમને જાણીને નવાઈ લાગશે કે આ બહેનોનાં કેટલાંય બાળકો ડૉક્ટર થયાં, ઇજનેર થયાં, સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રીઓ લીધી. કેટલાક નર્સિંગ કરે છે, લૅબોરેટરીમાં કામ કરે છે. તેમનું આરોગ્ય પણ સુધર્યું છે. એનિમિયાનું પ્રમાણ ઘણું ઓછું થયું, જાતીય રોગો પણ ઓછા થયા. એટલે આ રીતે બાળકોમાં અને બહેનોમાં બહુ મોટો ફેરફાર થઈ રહ્યો છે.

પ્રશ્ન : તમે હમણાં જ કહ્યું કે તમારી સાથે કામ કરીને બીજા લોકો હવે આ પ્રકારની સંસ્થાઓ દ્વારા કામ કરી રહ્યા છે. એ સિવાય પણ આપણે ત્યાં અનેક સેવાભાવી લોકો NGO ચલાવે છે. તમને એવું નથી લાગતું કે જે જવાબદારી મોટાભાગના વિકસિત દેશોમાં સરકારો અદા કરે છે - દેશના દરેક માનવીની પાયાની જરૂરિયાત પૂરી કરવાની, એ જવાબદારી આપણા દેશમાં તમારા જેવા લોકો પર આવી છે અને એ રીતે આપણું સરકારી તંત્ર એ બાબતે અસમર્થ નીવડ્યું છે?

તમારો આ સવાલ છે એ બરોબર છે, પણ આપણું સરકારી તંત્ર બિલકુલ અસમર્થ છે એવું તો ન કહી શકાય. બરોબર છે કે બહુ ધીમી ગતિએ કામ થઈ રહ્યું છે, પણ બિલકુલ અસમર્થ તો નથી જ. બરોબર છે કે સરકારી તંત્રમાં મોટાભાગના પૈસા કર્મચારીઓનાં ભાડાં-ભથ્થાંમાં જતા હશે અને લોકોની જરૂરિયાતો પૂરી કરવા માટે કેટલો ખર્ચ થતો હશે એના ચોક્કસ આંકડાઓ મળતા નથી, પણ છેલ્લાં કેટલાંક વર્ષોમાં જોઈએ તો જાહેર રસ્તાઓ સુધરી રહ્યા છે, વીજળીની સુવિધા અને પીવાના પાણીની સગવડ, બાળકોના શિક્ષણ અને આર્થિક ક્ષેત્રે પણ થોડોઘણો સુધારો તો થઈ રહ્યો છે. અમારા ગામડાંમાં પહેલાં માત્ર એક-બે બાઇસિકલ જોવા મળતી, હવે તો ૭૫-૮૦ ટકા ઘરોમાં મોટરસાઇકલ આવી ગઈ છે, ઘરે-ઘરે મોબાઇલ ફોન અને ટીવી આવી ગયાં છે. આ બધી ટેક્નોલૉજીને કારણે લોકોમાં જાગૃતિ પણ આવી રહી છે. એટલે મને લાગે છે કે આવી રીતે જો લોકો જાગ્રત થતા રહેશે તો પોતાના

[અનુસંધાન પૃ. ૧૨૦]



અંતરિક્ષના આગિયા

(નભે ટમટમતી કથાઓ)

☐ ધ્રુવ ભટ્ટ

एष म आत्माऽन्तर्हृदयेऽणीयान् व्रीहेर्वा
यवाद्वा सर्षपाद्वा श्यामाकाद्वा श्यामाकतण्डुलाद्वा ।
एष म आत्माऽन्तर्हृदये ज्यायान् पृथिव्या
ज्यायानन्तरिक्षाज्ज्यायान् दिवो ज्यायानेभ्यो लोकेभ्यः ।।

આ આત્મા જે અંતરમાં છે એ ચોખા કરતાં, જવ કરતાં, સરસવ કરતાં, સામા કરતાં તેમ જ સામાના ભાત કરતાં પણ નાના અણુ સમાન છે. એ જ (અણુ) પૃથ્વી કરતાં, અંતરીક્ષ કરતાં, આકાશ કરતાં, આ સર્વ લોક કરતાં પણ વિશાળ છે.

- છાંદોગ્ય ઉપનિષદ ૩/૧૪/૩

॥ પ્રકરણ ૦૦ મારી કથા ॥

રાતના આકાશનો પરિચય મને લગભગ સાતેક વરસની ઉંમરથી થવા માંડ્યો એનો યશ હું મુખ્યત્વે બહેનોનાં વ્રત, જાગરણને આપું છું. એ સમયે બહેનોની સાથે હું પણ જાગતો અને રાતની શરૂઆતમાં પડોશનાં એકાદ નાનીમા કે દાદી

મજાની વાર્તાઓ કહેતાં એ સાંભળતો. વાર્તામાં વિક્રમ, વેતાલ, ગાગંલી ઘાંચણ ઉપરાંત કોઈ વાર ઋષિ, રાજા, સતી કે જે હવે આકાશના તારા બનીને આપણને દર્શન આપી રહ્યાં છે તેમની વાતો પણ આવતી. જોકે તે મહામાનવો ઉપરના આકાશમાં ક્યાં ચમકે છે એ શોધવાની વૃત્તિ મને જાગે એવડો હું નહોતો.

વાર્તા કહીને વૃદ્ધ માતાઓ ઊંઘી જાય એટલે મોટેભાગે ચોપાટ મંડાતી, જેમાં એકાદ બહેન મને પોતાની પાસે બેસાડતી અને 'તું મારામાં' એવું સમજાવતી. ફાનસના અજવાળે બે-ત્રણ કલાક બેઠી રમતો રમી લીધા પછી ટોળી ઘરબહાર નીકળતી. વાતો કરતાં, હસતાં-રમતાં અમે શેરી-પાદરે રમવા-રખડવા નીકળી જતાં.

આ સમય મારી અને આકાશની દોસ્તીની શરૂઆતનો બનતો. પરોઢે ત્રણ કે સાડાત્રણનો સમય હોય, વનહોલા અને કોયલના સ્વર સંભળાતા હોય, મંદ પવન વાતો હોય અને વાતાવરણમાં સાવ જુદા પ્રકારની ઠંડક અને આસપાસની વનસ્પતિની સુગંધ રેલાતી હોય એવે સમે અમે પાદરે પહોંચતાં.

ખુલ્લી જગ્યામાં આવતાં જ અમારા બધાંની નજર માથા પર ફેલાયેલા રમ્ય, મનોહર અને રહસ્યમય લાગતા આકાશ તરફ જતી.

ઈશાન, ઉત્તર કે વાયવ્ય તરફ ડોક લંબાવીને જોતી કન્યાઓ ઝળહળતા આકાશમાં, નાનકડું તેજ-બિંદુ બની જઈને ચમકતી અરુંધતીને શોધતી અને એક-બીજીને બતાવતી.

હું પણ આકાશમાં ડોકિયાં કરતો, પરંતું આવડા વિશાળ આકાશમાં અગણિત તારાઓ વચ્ચે અરુંધતી ક્યાં છે એ મને સમજાતું નહીં. અરુંધતી તો શું સ્વયં મારો નામેરી ધ્રુવ તારક પણ હું શોધી શકતો નહીં.

જોકે બધાંને દેખાય છે અને મને નથી દેખાતું એની શરમમાં હું પણ 'હા, જોયો... જોયો' કહી દેતો. મનને મનાવતો કે 'ભલે ન દેખાયો, પણ બહેન આંગળી ચીંધીને બતાવે છે, બધાંને દેખાય છે, મેં એની વાર્તા પણ સાંભળી છે એટલે એવો એક અચળ તારો આકાશમાં છે અને છે જ. ઘરડાં નાની-દાદીએ કહેલી વાર્તા ખોટી તો ન જ હોય.'

કિશોરવય નજીક પહોંચ્યા પછી જાગરણો કરતાં મંદિરે ઝાલર કે નગારું વગાડવામાં અને ભજનો સાંભળવામાં વધુ રસ પડવા માંડ્યો. વાર-તહેવારે બેસાડાતી કથાઓ, આખ્યાનો વખતે મંદિરે રોકાઈને સેવા આપવામાં પણ મજા આવતી.

કથાઓમાં વ્યાસપીઠ પરથી બ્રહ્માંડની ઉત્પત્તિ, સંચાલન અને પાલન વિશે જિજ્ઞાસા જગાડે એવાં વર્ણનો આવતાં. એ વયે મેં ફરીથી પૃથ્વી પર થઈ ગયેલા અને આકાશમાં વસતા મનુષ્યો અને દેવોની વાતો સાવ નવા સ્વરૂપે, ગૂઢ લાગતા,

આધ્યાત્મિક અર્થો સાથે જાણી.

પછી ભાગવત, મહાભારત, કેટલાંક પુરાણો અને બીજું પૌરાણિક સાહિત્ય સાંભળ્યું અને વાંચ્યું. મૂળ લખાયેલ ભાગવત અને કથા સ્વરૂપે કહેવાતા ભાગવત વચ્ચેનો ફરક પણ મનોમન ઉકેલ્યો.

શ્રીમદ્ ભાગવતના મને સહુથી ગમતા શ્લોકે મારી, આકાશને સમજવાની અને આદિકાળથી જે મનુષ્ય શોધી રહ્યો છે એ શું છે એ જાણવાની જિજ્ઞાસા અનેક ગણી વધારી દીધી. આ રહ્યો તે શ્લોક :

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां
सञ्जीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन्
प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम् ।।

- શ્રીમદ્ ભાગવતપુરાણ: ૪/૯/૬

(અર્થ : જે અખિલાઈના ધારક, પોતાના સ્થાનેથી મારી ભીતર પ્રવેશીને મારી સુષુપ્ત વાણીને અને મારાં હાથ, પગ, શ્રવણ, ત્વચા, પ્રાણ આદિને સજીવન કરે છે એ પરમતત્ત્વને હું નમું છું.)

આ બધા સંજોગોને કારણે આજે એવી સમજ જડી છે કે મને સદા-સદા પ્રિય, અવનવાં ભાવ અને કલ્પનાઓ જગાડતા, ભવ્ય નક્ષત્રલોકનાં દર્શન સુધી લઈ આવનાર (અને આજે આ બધું લખવા બેસાડનાર) તો પેલી કથા-વાર્તાઓ છે.

તે વિવિધ કથાઓનાં પાત્રો વર્ષના નક્કી સમયે આકાશી રંગમંચ પર પોતાનો પ્રવેશ ભજવવા આવી જતાં હોય છે. એ બધાંના હરખ-શોક, ક્રોધ કે સંયમ બધું મારું પરિચિત થઈ ગયું છે. તારામઢ્યા આકાશનું દર્શન મને મોહ પમાડે છે, પણ પેલાં પાત્રોની કથાઓ તો મારાં રૂંવાડાં ઊભાં કરી દે છે.

ભલા, જરા વિચારો, શિયાળાની ઠંડી સાંજે, કોઈ ખેતર, સરોવર, પર્વત, સાગર કિનારો કે રણમાં ક્યાંક, ચારે તરફ ક્ષિતિજ સુધી દેખાતા ખુલ્લા આકાશ નીચે તમે ઊભા છો અને અંધારું થતાં જ ઈશાન આકાશમાંથી રૂપગર્વિતા દેવયાની, એટલે કે એન્ડ્રોમેડા પોતાની કથા ભજવવા પ્રવેશે અને તમે સ્તબ્ધ ન થઈ જાઓ તો બીજું શું થાય?

યુવાન વયે મેં અને દિવ્યાએ કિશોરોને એકઠા કરીને આકાશદર્શન કરાવવાનું કામ લાંબો સમય કરેલું. અમે સાદી કે લેઝર ટૉર્ચ વડે તારા ચીંધતાં. કોઈ તારો કે નક્ષત્ર બતાવતાં હોઈએ એ વખતે અમે તેમને નક્ષત્રો અને તારાઓની વાર્તા પણ કહેતાં. અમે નોંધ્યું છે કે જેણે વાર્તા સાંભળી હોય તેવા બાળકને રાતનું

આકાશ જોવામાં વધુ રસ પડતો. એટલું જ નહીં, જેમણે કથા સાંભળી હોય તેવા વિદ્યાર્થિઓને આકાશનો નકશો બહુ સરળતાથી યાદ રહેતો.

ધીરે-ધીરે અમને એવું લાગવા માંડ્યું કે આ પુરાણકથાઓ રચવાનું, અનેકો જ્ઞાનીજનોએ પોતપોતાની રીતે કહેલા ગૂઢ, આધ્યાત્મિક અર્થો કહેવા અને મનુષ્યોને ત્રણે ગુણોથી મુક્ત થવાનો માર્ગ બતાવવાનું કારણ તો હશે એની ના નથી, પરંતુ આ પુરાણકથાઓ કથા રચનારના મનમાં એ ઉપરાંતનું એક વિશિષ્ટ પ્રયોજન પણ હોવું જોઈએ. એ આકાશી જ્યોતિઓ અને તેમના દૈનિક, માહિક અને વાર્ષિક ગતિ અને માર્ગો વિશેની સાદી સમજ લોકો સુધી પહોંચાડવાનું હોવું જોઈએ.

હા, આકાશમાં બધા તારા એક સરખા નથી, ઝાંખા ઊજળા દેખાતા તારકોમાં કેટલાક ખાસ તારાઓ આકાશમાં છે એ માહિતી આકાશને જોવા, સમજવામાં જરાક રસ લેનારા સુધી પહોંચે એનું ધ્યાન પણ પુરાણો રચનારાએ રાખ્યું છે.

એક સમયે વનો, ગ્રામો અને ટેકરીઓ પર વસતી ભારતની મહેનતુ પ્રજાને આકાશ તો રોજ દેખાતું. જરૂર હતી એમાં ગતિ કરતા ગ્રહો, સૂર્ય, ચંદ્રનાં સ્થાન નક્કી કરવા માટે એ બધાની પાછળ ચમકતા તારા અને નક્ષત્રોનો પરિચય કરવાની. એ પરિચય ન થાય તો જનગણ પોતાના સમયખંડો ગુમાવી બેસે એમ હતું. ખેતી, ઉત્સવો, પ્રસંગો અને બીજું ઘણું અસ્તવ્યસ્ત થઈ જાય એમ હતું.

પોતે જાણેલી વિદ્યા બીજાને વહેંચવાની ખેવના રાખનારા જ્ઞાનીઓ અને પ્રજાના પ્રશ્નો વિશે વિચારનારા વિચારકોને ખબર હતી કે આકાશી ચંદરવા પર સરકતી જ્યોતિઓની ગતિ જોઈને સમયપટનું સર્જન કરવું અને એને વારંવાર સમારતાં રહેવું એ પ્રખર અભ્યાસુઓ માટે પણ અઘરું કામ છે.

એટલે જો રોજ બદલાતા રાતના આકાશ અને એની વચ્ચે સરકતા સૂર્ય-ચંદ્ર અને ગ્રહોના માર્ગ વિશે સામાન્ય માણસને કંઈ સમજાવવું હોય તો એ જ્ઞાનને બહુ જ, બહુ જ સરળ કરીને આપવું પડે.

જ્ઞાનને સહેલું કરવાના માર્ગો શોધતાં તેમની સમજને વાર્તારૂપે વહેવરાવવાનો એક રસ્તો જડ્યો હશે. આખા દેશને નિશાળે ભણાવા બેસાડાય એમ તો નહોતું, એના બદલે વાર્તાથી ભણાવો.

વાર્તા તો આપોઆપ વહેતી રહેવાની હતી. એટલે પેલા જ્ઞાની અને અભ્યાસુઓએ, જાણકારોએ પોતે જે જાણ્યું હતું, એમાંથી રસપ્રદ વાર્તાઓ રચવાનો સરળ ઉપાય તેમણે શોધ્યો હોઈ શકે.

આ એક જ સૌથી સહેલી રીત હતી, જેનાથી આકાશનો પરિચય દરેકને સાંપડે અને યાદ રહે.

આકાશદર્શન કરાવતી વખતે વાર્તા કહેતાં મને અને દિવ્યાને વારંવાર લાગ્યું છે કે અભણ વ્યક્તિ પણ પોતાનાં સંતાનોને આકાશનું જ્ઞાન આપી શકે એવી સરળ વ્યવસ્થા ઊભી કરવી એ આ પુરાણકથાની રચનાનો એક આશય હોઈ શકે.

ચિત્રો બતાવતાં જઈને કહેવાયેલી વાર્તાઓ ફરી કોઈ દિવસ ભણાવવી પડતી નથી. અમે દૂરબીનથી તારા અને ગ્રહો બતાવતાં એટલે લોકો અમને આકાશના અભ્યાસુ ગણતાં, પરંતુ આકાશ વિશેની સમજ અમારા કરતાં સાવ છેવાડે, ભણતરની કોઈ સગવડ વગર રહેતા માણસને વધારે હોય એવો અનુભવ અમને અનેક વખત થયો છે. તેના મનમાં પડેલું આકાશ અમારા મનમાં રહેલા આકાશ કરતાં વધુ ચિત્રમય અને વધુ કથાનકોથી સભર અને વધુ રોમાંચભર્યું હોય છે એવું અમે જોયું છે.

એથી આ પુસ્તકમાં પૌરાણિક કથાઓને એનાં આધ્યાત્મિક અર્થો અને દાર્શનિક રહસ્યો ખોલવાને બદલે એને લોકભોગ્ય કરવાના સંદર્ભે લખાયેલી વાર્તા રૂપે જ જોવા-સમજવાનો પ્રયાસ કરાયો છે.

ભારતીય અને ગ્રીક બન્ને સંસ્કૃતિની આકાશને લગતી પુરા-કથાઓનો અભ્યાસ કરતાં મને કેટલીક કથાઓનું સરખાપણું પણ રસપ્રદ લાગ્યું છે. એટલે મેં ગ્રીક કથાઓની થોડી વાતો પણ આમાં મૂકી છે. મારો આશય બન્ને સંસ્કૃતિની પુરાણકથાઓને આધુનિક સંશોધનો અને હકીકતો સાથે મેળવણી કરીને વાર્તા દ્વારા આકાશ ઓળખાવવાથી વિશેષ નથી.

એટલે આપણે રાતના આકાશની, એમાં દેખાતાં તારા-નક્ષત્રોની અને કેટલાંક પુરાણોની કથા વિશે વાતો કરીશું. સાથોસાથ આધુનિક મનુષ્યે આકાશ વિશે કેળવેલી સમજની વાત પણ કરીશું જ.

કથાઓ તો જને-જને અલગ-અલગ રૂપે સ્મૃતિબદ્ધ હોય છે. દરેકના મનમાં પોતાની એક વાર્તા હોય છે. લખેલાં પુરાણોમાં પણ અલગ-અલગ વાતો લખાયેલી જોવા મળે છે.

દા. ત. ચંદ્ર સમુદ્રમાંથી નીકળેલ રત્ન ગણાય છે અને એ અત્રિ-અનસૂયાનો પુત્ર પણ કહેવાયો છે. અગત્સ્ય પુલત્સ્ય અને હવિર્ભૂના પુત્ર છે છતાં તેના જન્મ વિશે બીજી કથા છે અને તેમને કુંભમાંથી જન્મેલા, વરુણના પુત્ર કહેવાયા છે.

અહીં મેં, મારા વાંચન-શ્રવણથી મેળવેલી કથાઓ મૂકી છે.

આશા છે મારો આ પ્રયત્ન રાતના આકાશને ઓળખવામાં અને યાદ રાખવામાં ઘણાને ઉપયોગી થશે.

— ધ્રુવ ભટ્ટ

॥ પ્રકરણ ૦૧ રાજકુમારી રેવતીની કથા ॥

બ્રહ્માંડ અનંત હોવાની વાત લગભગ દરેક પુરાણ દૃઢતાપૂર્વક કરે છે. એનું સર્જન કઈ રીતે થયું એનાં વર્ણનો પુરાણોએ કર્યાં છે, આમ છતાં એને સર્ગ - એટલે કે સર્જિત અને વિસર્ગ એટલે કે વિશેષ સર્જિત કહેવાયું છે. એટલે બ્રહ્માંડ સ્વયં સર્જિત છે, બ્રહ્માએ એને વિશેષ રીતે સર્જ્યું છે.

પુરાણોનાં દસ લક્ષણોમાં પ્રથમ બે લક્ષણો વિશ્વનું સર્જન અને પછી એના વિશેષ સર્જનની કથા છે. (**सृष्टिश्चापि विसृष्टिश्च... स्थितिस्तेषां च पालनम्।**) એ પછીનાં લક્ષણોમાં વિશ્વની સ્થિતિ, એનું પાલન, કર્મો અને મનુવંશોની કથાઓ વગેરે આવે.

ભારતીય પુરાણોએ વિશ્વને અતિ તેજોમય ઈંડાકારમાંથી સ્વયં પ્રગટેલું ગણ્યું છે. એ પ્રગટ્યું પછી વિષ્ણુની નાભિમાંથી પ્રગટેલા કમળ પર બેસીને બ્રહ્માએ એનું વિશેષ સર્જન કર્યાની કથાઓ છે.

આ નાભિકમળનું ઊદ્‌ગમસ્થાન સ્વયં બ્રહ્મા પણ શોધી શક્યા નથી, એટલે કે એ કમળ અનંત છે. વિષ્ણુ જેના પર સૂતા છે એ શેષનાગને પણ અનંત કહેવાય છે. એટલે બ્રહ્માંડ અમેય છે અને ક્યાંથી ક્યાં સુધી ફેલાયેલું છે એની જાણ ન તો પુરાણકાળે કોઈને હતી, ન તો આજે આપણને છે.

એથી આપણે પણ આ અંતહીન બ્રહ્માંડમાં પોતાના પિતા સાથે સફર કરી આવેલી એક રાજકુમારીની કથાથી આપણી વાત માંડીએ. રાજકુમારી રેવતીને એ સફરમાં જે અનુભવ થયો એ આપણને થઈ શકે કે નહીં એ પણ જાણીએ.

શ્રીમદ્ ભાગવતમાં અને વિષ્ણુપુરાણમાં સ્થાન પામેલી આ કથા અનુસાર વૈવસ્વત મનુના વંશમાં કકુદ્મી (રૈવત) નામે એક મહાન રાજા થયો. તેણે ઘણા શત્રુઓને હરાવીને કુશસ્થલી નામે એક નગર, દરિયાની વચ્ચે વસાવ્યું હતું. કકુદ્મી ત્યાં રહીને પોતાના મોટા સામ્રાજ્ય પર શાસન કરતો.

આ રૈવત રાજાને સો પુત્રો ઉપરાંત એક અતિસુંદર પુત્રી હતી, જેનું નામ રેવતી રખાયું. રાજકુમારી જ્યારે લગ્ન કરવા જેવડી થઈ ત્યારે કકુદ્મી રૈવતે તેનાં લગ્નની તૈયારી આદરી. પહેલા તો તેણે પોતાના સમોવડિયા રાજાઓના કુંવરોની યાદી બનાવી.

પહેલે જ પગથિયે મૂંઝવણ આવીને ઊભી રહી. રાજા રૈવત પોતે નક્કી ન કરી શક્યો કે આ કુમારોમાંથી રેવતીને યોગ્ય કોણ હોઈ શકે. ઘડીભર તો તેને થયું કે રેવતીને કોઈ મનુષ્ય સાથે નહીં દેવ સાથે પરણાવવી જોઈએ. આમ રાજા લાંબા સમય સુધી મૂંઝવણ અનુભવતો રહ્યો.

અંતે તેને લાગ્યું કે પોતે આ સમસ્યા જો બ્રહ્માજીને જણાવે તો તેઓ પોતાના

જ્ઞાન વડે દરેક રાજકુમારની વિશેષતા જાણી લઈને રેવતી માટે યોગ્ય વર શોધી આપશે. આમ વિચારીને રાજા કકુદ્મી-રૈવત પોતાની દીકરી રેવતીને પોતાની સાથે રાખીને બ્રહ્મલોક જવા નીકળ્યો.

કકુદ્મી-રૈવત અને તેની પુત્રી જ્યારે બ્રહ્મલોક પહોંચ્યાં ત્યારે બ્રહ્મા પાસે દેવો, ગંધર્વો, કિન્નરો, નાગ, બધા હાજર હતા અને સૌ સંગીત સાંભળતા હતા. દેવી સરસ્વતી સંગીત વગાડતાં હતાં. રાજા કકુદ્મી અને રાજકુમારી રેવતી બન્નેએ સંગીત પૂરું થાય ત્યાં સુધી રાહ જોઈ.

સરસ્વતીએ સંગીત પૂરું કર્યું પછી રાજા પોતાની પુત્રીને લઈ બ્રહ્મા સામે ગયો અને નમ્રતાપૂર્વક ઊભો.

પછી પોતાની પુત્રી બ્રહ્માને બતાવતાં, રાજા હાથ જોડીને બોલ્યો, ‘હે બ્રહ્મદેવ, આ મારી પુત્રી રેવતી છે, જે મને અતિપ્રિય છે. તેનાં લગ્ન કરવા માટે મેં કેટલાક પ્રસિદ્ધ રાજકુમારોનાં નામોની યાદી બનાવી છે. ઘણા વિચારો કરવા છતાં હું આ યાદીમાંનો કોઈ એક કુમાર મારી પુત્રીને માટે પસંદ કરી શકતો નથી. એથી હું યાદી લઈને આપની પાસે આવ્યો છું, આપને મારી પ્રાર્થના છે કે આપ આ યાદીમાંના કોઈ એકને મારી પુત્રી માટે યોગ્ય ઘોષિત કરો, જેથી મારી પુત્રીનાં લગ્ન તેની સાથે કરીને હું ચિંતામુક્ત થઈ શકું. મને એવો રાજકુમાર બતાવો જે ઉદાર, તેજસ્વી, પરાક્રમી અને ચરિત્રવાન હોય, જે મારી પુત્રીનું યોગ્ય રીતે પાલન કરી શકે.’

રૈવતની વાત સાંભળીને બ્રહ્માજીએ સ્મિત કર્યું અને કહ્યું, ‘હે કકુદ્મી રૈવત, યાદી તમારી પાસે જ રહેવા દો, કારણ કે આ યાદીમાંનો કોઈ રાજકુમાર અત્યારે જીવિત નથી, એટલું જ નહીં, તમે પૃથ્વી પરથી અહીં સુધી પહોંચ્યા ત્યાં સુધીમાં તે બધા રાજકુમારોના ઘણા વંશો પણ જતા રહ્યા છે. વળી, તમે બ્રહ્મલોકમાં સમય વિતાવ્યો અને હવે તમે પાછા પૃથ્વી પર જશો ત્યાં સુધીમાં તે બધાના બીજા અનેક વંશો પણ નાશ પામ્યા હશે.’

રૈવત આશ્ચર્યથી બ્રહ્મા સામે જોઈ રહ્યો અને કહ્યું, ‘તો પછી કુશસ્થલીના અમારા રાજવંશની બરાબરી કરે તેવા રાજવંશની અને મારી પુત્રીને માટે યોગ્ય વરની તપાસ મારે ક્યાં કરવી?’

બ્રહ્માએ કહ્યું, ‘હે કકુદ્મી રૈવત, હવે તમે રાજા નથી, તમારું રાજ્ય પણ હવે નથી. તમે જે કુશસ્થલી નામે નગર વસાવ્યું હતું એ પણ હવે નથી, દુશ્મનોએ એનો નાશ કર્યો છે. તમારા નગરના લોકો અને રાજ્યકર્તાઓ દૈત્યોના ભયથી નાસી છૂટ્યા છે.’

‘હે પ્રભુ તો પછી હવે મારી એ પ્રજા ક્યાં હશે?’ કકુદ્મીએ પૂછ્યું. બ્રહ્માએ

ઉત્તર આપ્યો, 'તમારું કુશસ્થલી નાશ પામ્યું ત્યારે ત્યાંના બધા નિવાસીઓ મથુરા નામે નગરમાં ગયા હતા. આજે પણ તમારી એ પ્રજાના વંશજો ત્યાં રહે છે.'

'જી' રૈવતને થોડી શાંતિ થઈ.

'અહીંથી પરત જઈને તમે પૃથ્વી પર પહોંચશો ત્યારે ત્યાં અઠ્યાવીસમો દ્વાપર યુગ ચાલતો હશે.' બ્રહ્માએ કહ્યું.

'જી. ઓહો! એમ?' કકુદ્મીની નવાઈનો પાર ન રહ્યો.

'હા, એમ.' બ્રહ્માએ ઉત્તર આપ્યો અને આગળ કહ્યું, 'તમે પૃથ્વી પર પહોંચશો ત્યારે મથુરાના રાજા શૂરસેનને કેદ કરીને રાજા બનેલા તેના દુષ્ટ પુત્ર કંસને, વિષ્ણુના અવતાર એવા શ્રીકૃષ્ણે મારી નાખ્યો હશે. શ્રીકૃષ્ણનાં માતા-પિતા જેલમાંથી બહાર આવ્યાં હશે. શૂરસેન ફરી મથુરાના રાજા થયા હશે.'

'તો હું મથુરા જાઉં?' કકુદ્મી રૈવતે પૂછ્યું.

'ના' બ્રહ્મદેવે કહ્યું, 'કંસના મૃત્યુને કારણે કંસના સસરા એવા જરાસંધ અને તેના મિત્રોના વારંવાર હુમલાથી મથુરાની પ્રજાને બચાવવા શ્રીકૃષ્ણે સમુદ્રની વચ્ચે તમે જે વસાવેલું તે કુશસ્થલી નગર, દ્વારિકા નામ આપીને ફરી વસાવ્યું હશે. તમે ત્યાં જજો,'

'ત્યાં હું કોને પસંદ કરું?' રૈવતે પૂછ્યું.

'દ્વારિકામાં શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામ હશે. તે શેષના અવતાર ગણાતા હશે. તે બલરામ સાથે તમે તમારી પુત્રીને વરાવી શકો.' બ્રહ્માએ કહ્યું અને આગળ બોલ્યા, 'હળને શસ્ત્ર તરીકે પણ વાપરી શકનારા બલરામ અત્યંત બળવાન અને દરેકના મનને પ્રફુલ્લિત કરી શકે તેવા ભલા હશે, એથી બલરામ કહેવાતા હશે. હે કકુદ્મી રૈવત, તમારી આ સુંદર પુત્રી રેવતી માટે બલરામથી વધારે યોગ્ય પતિ મને દેખાતો નથી.'



આટલી વાત થયા પછી રૈવત પોતાની પુત્રી રેવતીને લઈને પરત જાય છે અને બલરામ સાથે રેવતીનાં લગ્ન કરાવે છે.

આ કથામાં મજાની વાત એ છે કે કન્યા વર કરતાં અનેક પેઢીઓ જેટલી મોટી છે. છતાં એવી દેખાતી નથી. કોઈક કારણે રેવતી માટે કાળ જાણે કે થંભી ગયો છે.

હવે પૂછીએ, ધારો કે આપણે આ વાર્તામાંથી રાજાઓનાં અને સ્થળનાં નામ બદલીને આપણે આપણાં નામ-ઠામ ગોઠવી દઈએ તો? શું એવું બની શકે કે અનંત બ્રહ્માંડમાં આવી કોઈ સફર ખેડીને આપણે પરત આવીએ ત્યારે આપણા જ વંશજો આપણાથી મોટા હોય?

આ પ્રશ્નનો વિચાર કરીએ તો આલ્બર્ટ આઇન્સ્ટાઇને રજૂ કરેલી ગણતરીઓ અને લખાણો સુધી જવું પડશે. ૧૯૦૫માં તેમણે પોતાનાં સંશોધનો વિશ્વ સમક્ષ મૂક્યાં એમાં તેમણે એક વાત એવી પણ કહી કે 'પ્રકાશની ગતિ કરતાં વધુ ગતિ શક્ય નથી.'

ગતિ એટલે અંતર x સમય. તમે એક સ્થળેથી બીજે જવા નીકળો પછી ગંતવ્ય સ્થળે પહોંચો એ દરમિયાન વીતેલો સમય એ તમારા પ્રવાસની ગતિ. પદાર્થ મહત્તમ ગતિ મેળવી શકે તો એનાં સમય અને અંતર બન્ને એકબીજાં સાથે સંકળાઈ જાય.

તેમનાં સંશોધનોમાં એક બીજી વાત પણ સામે આવી કે આપણે માનીએ છીએ કે સમય બધા માટે એક સરખો જ હોય, પણ એવું હોતું નથી. સ્થિર રહેલા મનુષ્ય અને પ્રવાસ કરતા મનુષ્ય બન્ને માટે સમય અલગ હોય છે.

પ્રવાસીનો સમય ધીમો હોય છે. પ્રવાસી જેમ વધુ ગતિ કરે એમ એનો સમય ધીમો પડતો જાય. એટલે સાદી ભાષામાં કહીએ કે જો તમે ચરમ ગતિએ એટલે કે પ્રકાશની ઝડપે મુસાફરી કરી શકો તો એ ગતિએ તમારા માટે સમય જાણે કે અટકી જાય છે. તમે જેવા છો એવા રહી જાઓ.

આ વાત સાચી છે કે નહીં એ તપાસવાના પ્રયોગો પણ થયા અને પ્રયોગનાં પરિણામ એ જ આવ્યાં જે આ આઇન્સ્ટાઇને પોતાના સિદ્ધાંતમાં તારવ્યાં હતાં.

પ્રયોગ માટે મ્યૂઓન પાર્ટિકલ પસંદ કરાયો. આ પાર્ટિકલ સતત ગતિમય રહે છે. જો એને સ્થિર કરીએ તો એ ૨.૨ માઇક્રો સેકન્ડમાં (માઇક્રો સેકન્ડ = સેકન્ડનો દસ લાખમો ભાગ) નાશ પામે છે.

મ્યૂઓન નામના આ સબએટોમિક પાર્ટિકલને પ્રકાશની મદદથી (પ્રકાશની પાંખે જ કહીએ) પ્રકાશની ઝડપે દોડાવવામાં આવ્યો. કેટલોક વખત એ ઝડપે દોડાવ્યા પછી મ્યૂઓનને સ્થિર કર્યો તો એ ૨.૨ મોઇક્રો સેકન્ડના નાશ પામવાને બદલે પૂરી બે સેકન્ડથી પણ થોડું વધુ ટક્યો, એટલે કે જીવ્યો.

એટલે એવું બની તો શકે કે રૈવત અને રેવતીને થયો એવો અનુભવ આપણને પણ થઈ શકે. સવાલ માત્ર એવા ધક્કાનો છે, જે આપણને પ્રકાશની ઝડપે અવકાશમાં ફેંકી શકે અને હા, પાછા આવવાની આવડત આપણી પાસે હોય એ પણ જરૂરી તો ખરું જ.

[ક્રમશઃ]



કરોળિયાનાં ઈંડાંના કોષ

લૉકડાઉનની ડાયરી

☐ નીતિ દવે

એક નાનકડું રૂપાળું ફૂદું બગીચામાં ફૂલો અને પાંદડાંની વચ્ચે મોજથી ઊડાઊડ કરતું હતું. એક ફૂલથી બીજા પર ઊડે અને ઘડીકમાં પાંદડાંની ઝાડીમાં અદશ્ય થઈ જાય. વળી પાછું ક્યાંકથી પ્રગટ થાય! એની આવી સંતાકૂકડીનો પીછો મારી નજર ઉપરાંત એક બીજી નજર પણ કરી રહી હતી. ક્યારાની ધાર પર બનેલી ઈંટોની હાર પર ફૂદાનું નિશાન તાકીને એક કાચીંડો બેઠો હતો. એની નજર ફૂદા પર જ ચોંટેલી હતી. ડોક ઊંચી અને ટટ્ટાર, આગલા બંને પગ ગમે તે ઘડીએ તરાપ મારવા ગતિમાં આવવા માટે તૈયાર. જાણે લક્ષ્યવેધ માટે અર્જુનની એકાગ્રતા! આ બંને નજરોથી અજાણ ફૂદું તો એની મસ્તીમાં મહાલતું હતું. ઊડતું-ઊડતું જેવું એ નજીકના ફૂલ પાસે આવ્યું કે તરત કાચીંડો સતર્ક. પળનાય વિલંબ વગર હવે ઝપટ જ મારવાની હતી. થોડે દૂર, બગીચાના હીંચકા પર બેઠી-બેઠી હું હવે શું થશે એ આતુરતા સાથે આ દિલધડક દશ્ય જોઈ રહી હતી. કાચીંડાએ સટાક દઈ ઝપટ મારી. મારું હૃદય એક ધબકારો ચૂકી ગયું, એ... હા! ફૂદાનો ખેલ ખતમ! પણ ના! કાચીંડો જેવો ઊંચો થયો કે ફૂદું તો પાંદડાંની ઝાડીમાં સરકી ગયું! કાચીંડાનું ટટ્ટાર થયેલું શરીર નિરાશાને કારણે શિથિલ થઈ ગયું. પોતાની ડોક હલાવી આમતેમ જોયું. થોડી પળો અદશ્ય થઈ ગયેલા ફૂદાને શોધવા અસમંજસમાં વીતી અને ફરી ઝાડીમાંથી પ્રગટ થયેલા ફૂદા પર નિશાન તાક્યું. આ વખતે ફૂદું જરા ઊંચેની ડાળીના ફૂલ પર બેઠું. કાચીંડાભાઈ લપાતે પગલે ડાળી પર સરક્યા.

આવા દિલધડક દશ્યો મારા

આંગણામાંના નાનકડા બગીચાના રંગમંચ પર રોજ અનેકવાર ભજવાતાં હશે, પણ એ જોવાની નવરાશ અને નિરાંત કોને હોય? આ તો કોરોનાને કારણે લૉકડાઉન અને ત્યાર પછી સ્વૈચ્છિક રીતે જ જરૂરિયાત સિવાય ઘરની બહાર નીકળવાનું બંધ કર્યું ત્યારે મળેલી નવરાશને કારણે આવાં દૃશ્યો તરફ મારું ધ્યાન ગયું. બીજી રીતે કહું તો મારી આસપાસના આ વિશ્વથી અત્યાર સુધી હું સાવ અજાણ જ હતી! કોરોનાએ આપેલી નવરાશમાં હું આ નવા વિશ્વથી પરિચિત થઈ ત્યારે મારા વિસ્મયનો કોઈ પાર જ નહોતો. રંગબેરંગી ફૂલો, લીલાંછમ્મ પાંદડાં, હરિયાળી લોન, ક્યારેક ઊડતાં રંગીન પતંગિયાં, પક્ષીઓ, તેમનો કલરવ, આ બધું તો મારા ધ્યાનમાં આવ્યું હતું. હું એને માણતી પણ હતી, પરંતુ એ ઉપરાંત અહીં જે ચેતનામય જીવન વિલસતું હતું, એનાં કેવાં-કેવાં વિસ્મયકારક દૃશ્યો સર્જાતાં હતાં, મારા બગીચામાં પ્રકૃતિનાં ઋતુ-ઋતુના બદલાતા સુંદર શણગાર અને સતત વહેતી જીવંત ઊર્જા, આ બધાંની મેં નોંધ જ નહોતી લીધી!

સાવ નાની-નાની ઘટનાઓ પણ એનો આનંદ અનેરો. આંગણાના ક્યારામાં જે વેલ ફેલાયેલી હતી એનાં પર્ણો રીંગણી રંગનાં હતાં, પણ મારા આશ્ચર્ય સાથે એ પર્ણો વચ્ચે કેટલાંક પર્ણો અલગ-અલગ રંગનાં હતાં. તાજું ફૂટેલું પાન એકદમ લીલું, પછી ધીરે-ધીરે રીંગણ જેવો જાંબલી રંગ થતો હશે. પાકટ થવાની શરૂઆત બદામી રંગથી અને છેલ્લે ઘેરો લાલ! જાણે જંગલમાં પાનખરના રંગ! એક જ વેલ પર લીલાં, જાંબલી, બદામી અને લાલ પર્ણો. કોઈ-કોઈ તો અડધું જાંબલી અને અડધું બદામી, તો કોઈ અડધું લાલ અને અડધું બદામી! જોવા જેવો રંગવૈભવ હતો. આશ્ચર્ય એ વાતનું હતું કે અત્યાર સુધી આ રંગછટા તરફ મારું ધ્યાન જ નહોતું ગયું! પ્રકૃતિના શણગાર! તું પણ અદ્‌ભુત છે પ્રભુ, કેવા-કેવા રંગે, રૂપે તું વ્યક્ત થાય! અને છલના કેવી? મારી આસપાસ જ હોવા છતાં મેં જોયું નહીં! (જુઓ મુખપૃષ્ઠ)

એવું તો અહીં કેટલુંય વિસ્મયકારક હતું જેની જાણ અત્યાર સુધી મને થઈ જ નહોતી! પાસે-પાસે ગોઠવેલાં બે કૂંડાંમાંના છોડની ડાળીઓને તાંતણાથી જોડીને કરોળિયાએ મોટું જાળું બનાવ્યું હતું. આડા,


ટપકીલી નાચણનો માળો

ઊભા, ત્રાંસા, રૂપેરી તાંતણા સવારના કૂણા તડકામાં ચમકતા હતા. જરા ઝીણવટથી જોયું તો જાળાની વચ્ચે એક અનોખી વસ્તુ દેખાઈ. મગફળીના નાના દાણા જેવા આકારની, મેલા શ્વેત રંગની પાંચ-છ પોટલીઓ હારબંધ ગોઠવાઈને જોડાયેલી હતી. જાળાના તાંતણા વચ્ચે આ પોટલીની હાર ઝૂલતી હતી. કરોળિયાના જાળાની વચ્ચે આ શું હતું? કરોળિયાના કોશેટા હતા કે શું? મને આના વિશે કોઈ જાણકારી નહોતી એટલે મોબાઇલ ફોન હાથમાં લઈને માહિતીની દેવી ગૂગલદેવીનાં ચરણકમળમાં અરજ કરી. દેવીએ માહિતીનો વરસાદ વરસાવ્યો. આ જે પોટલીઓ હતી તે કરોળિયાનાં ઈંડાં રાખવાના રેશમના કોષ (egg sacs) હતા. કરોળિયાની માદા આ કોષ બનાવી એમાં અસંખ્ય ઈંડાં મૂકે છે. આ કોષ ઈંડાંને રક્ષણ આપે છે. માદા આસપાસ રહીને આ કોષનાં ઈંડાંને સેવે છે. કરોળિયાની કેટલીક પ્રજાતિની માદા પોતાની પીઠ પર આ કોષ લઈને ફરે છે. જ્યારે ઈંડાંમાંથી બચ્ચાં (spider lings) થાય છે એ પછી આ કોષમાંથી બહાર આવે છે. કરોળિયાની પ્રજાતિ પ્રમાણે એક કોષમાં માદાએ મૂકેલાં ઈંડાંની સંખ્યા અલગ-અલગ હોય છે. આપણા ઘરમાં જોવા મળતા સામાન્ય કરોળિયાની માદા એક કોષમાં વધુમાં વધુ ૨૫૦ જેટલાં ઈંડાં મૂકે છે. આટલો નાનો, મગફળીના નાના દાણા જેવડો કોષ એમાં અસંખ્ય ઈંડાં! વિસ્મય જ વિસ્મય!

સવારમાં પક્ષીઓના જાત-જાતના અવાજ સંભળાય. આપણે આંખો બંધ કરીને ફક્ત અવાજ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરીએ તો વૃંદગાનમાંથી અલગ-અલગ સૂર પકડી શકીએ. દૈયડ સીટી મારીને આપણને બોલાવે, બુલબુલ તો આખો દિવસ મોજમાં જ હોય, દરજીડો અને શક્કરખોરો તેમના તીણા સ્વરમાં તાન છેડવા લાગે, ટપકીલી નાચણના મીઠા સૂરો મને હંમેશાં કર્ણપ્રિય લાગે. ક્યારેક ખેરખટ્ટાનો સ્વર પણ ભળે. કાબર અને લેલાનો કલબલાટ તો ચાલુ જ હોય! આ બધાં મારાં પડોશી! પરંતુ સાચા પડોશી તો એ કહેવાય જે મારી આસપાસના ઘરમાં રહેતા હોય. એવા પડોશીનાં નામ ગણાવું? સૌથી પહેલું નામ ટપકીલી નાચણનું (Spotted Fantail Flycatcher) આવે. દિવસના કોઈ પણ સમયે મારા ઘર પાછળની કમ્પાઉન્ડ વૉલ પરની જાળી પર ટપકીલી નાચણ એનું નૃત્યપ્રદર્શન કરતી જ હોય! હવામાંની જીવાત પકડવા થનગન નાચ્યા કરે, એનું એકેય અંગ સ્થિર ના રહી શકે. લીંબુડીની ડાળી પર એણે માળો બનાવ્યો. ઘાસની સળીઓથી સફાઈબદ્ધ ગૂંથેલો, ચાના કપ જેવા આકારનો માળો. આટલી સુંદર ગૂંથણી આ પક્ષીઓ ક્યાંથી શીખતાં હશે? શક્કરખોરો (Purple Sunbird) લગભગ દર વર્ષે માર્ચ-એપ્રિલમાં મારા

બગીચામાં માળો બાંધે છે. લૉકડાઉન દરમિયાન પણ શક્કરખોરની માદા માળો ગૂંથવામાં મશગૂલ હતી. સૌથી વધારે મજા બુલબુલના માળાની હતી. તેનો માળો ઓછી ઊંચાઈ પર હતો અને વળી ખુલ્લી વાડકી જેવા આકારનો એટલે માળાની અંદરની બધી ગતિવિધિ જોઈ શકાઈ. ઈંડાંમાંથી તાજાં-તાજાં બહાર આવેલાં બચ્ચાં ઊંઘરેટી આંખે માળાની ઉપર દેખાતું વિશાળ આકાશ કદાચ વિસ્મયથી જોઈ રહ્યાં હતાં. બહાર વરંડામાં મેં બે નેસ્ટબૉક્સ પણ મૂક્યાં હતાં. એમાંથી જે મોટું હતું એમાં દૈયડે માળો કર્યો. દૈયડ યુગલની ઊડાઊડ, આવનજાવન, મીઠું ગાન, સંવનન બધું મારા બગીચામાં! બચ્ચાં ક્યારે ઊડી ગયાં એ ખબર જ ના પડી! પણ બીજા નેસ્ટબૉક્સમાં નાનપણમાં સૌપ્રથમ જેની વાર્તા સાંભળેલી એ ચકીબહેને માળો કરવાની શરૂઆત કરી ત્યારથી એની બધી ગતિવિધિ મારી આંખોમાં રેકૉર્ડ થઈ હતી. 'ચીં ચીં'થી મારો બગીચો ભરાઈ જતો. ઈંડામાંથી બહાર આવીને એક બચ્ચાએ પહેલીવાર માળાની બહાર ડોકું કાઢ્યું ત્યારે બહારનું વિશ્વ જોઈને એને જેવું અચરજ થયું એવું જ અચરજ મને એને જોઈને થયું હતું. બચ્ચાં ઊડી ગયાં એટલે માળો સૂનો પડી ગયો, પણ અચાનક એક દિવસ ટપુસિયાએ (White Throat Munia) સૂના પડેલા ચકલીના માળા પર કબજો



બુલબુલના માળામાં બચ્ચાં

જમાવ્યો. ટપુસિયાએ તો કોઈ મહેનત કરવાની નહોતી, તૈયાર ભાણે જમવાનું હતું! માળો પાછો ભર્યો-ભર્યો થઈ ગયો. બચ્ચાં થયાં પછી આખો દિવસ તેમની કિલકારી ગૂંજ્યા કરે. બચ્ચાંની મસ્તી જોવી એ એક લહાવો હતો.

મારા જેવી શહેરમાં રહેતી વ્યક્તિને કોઈ પૂછે કે તમે છેલ્લે ક્યારે સૂર્યાસ્ત જોયો હતો? તો તેણે વિચારવું પડે કે કયા હિલસ્ટેશન પર, ક્યારે જોયો હતો! પણ આ લૉકડાઉને મને ઘરે બેઠાં-બેઠાં સૂર્યાસ્ત, સૂર્યોદય, પૂર્ણિમાનો ચંદ્ર નિહાળવાની નવરાશ આપી. એક સાંજે મારા ઘરની અગાશી પરથી ચારેબાજુ નજર ફેરવી. આહા! પશ્ચિમ દિશામાં નજર સંમોહિત થઈને રોકાઈ ગઈ. સૂરજનો લાલચટ્ટાક ગોળો. પશ્ચાદ્‌ભૂમાં સંધ્યાના અનેક રંગો લહેરાઈ રહ્યા હતા. એક દૂરના ઘરની અગાશીની રેલિંગમાંથી એક દાંડી ઉપર આકાશ તરફ લંબાઈ હતી. સિંદૂરી સૂર્ય એ

દાંડીની ટોચ ઉપર હતો. એવું લાગતું હતું જાણે એ દાંડીના ટેકે ઊભો છે. દાંડીના ગર્વનો તો પાર નહીં હોય! સૂરજ જેવો સૂરજ તેના ટેકે ઊભો હતો! આપણને પણ ઘણીવાર એવું લાગતું હોય છે કે ઘરમાં અને વ્યવસાયમાં બધું આપણા જ ટેકે ઊભું છે!

કોરોનાકાળમાં ઋતુ બદલાઈ રહી. મારા બગીચામાં વસંતમાં ભમરાનો ગુંજારવ, ફૂલે ભમતાં પતંગિયાં, મધમાખી, કીટકોનું મધુરસ પાન, ફૂલોની સુવાસ. વર્ષામાં ટપકતાં નેવાં, ઝરમરની બુંદો, ઊડતી છાલકો, દેડકાંનું ડ્રાંઉં, ડ્રાંઉં, ગ્રીષ્મનો ગરમ મિજાજ. શરદની ચાંદની. ઘાસનાં ફૂલો આટલાં સુંદર હોય! સવારમાં ઘાસ પર પથરાયેલી ઝાકળબુંદોનો શણગાર તો અલૌકિક! ઘાસની લીલી, કૂણી પાંદડીઓ પર ઝાકળની ભીની બુંદ પ્રભાતના સ્વર્ણપ્રકાશમાં એવી ચમકે જાણે સતરંગી હીરો! એક વાર બગીચાની લોનમાં કબૂતરનું પીંછું ક્યાંકથી ઊડીને આવ્યું હતું અને એના મખમલી રેશમી પોત પર ઝાકળની બુંદો આખી રાત વરસી હતી. સવારે જોયું તો જાણે કોઈ ઝવેરીએ મખમલ પર પાથરેલાં મોતી! આવાં મોતી તો હું બગીચામાં પાણી છાંટું ત્યારે ફૂલછોડનાં પાંદડાં પરથી ટપકતાં. ક્યારેક પર્ણો પર, પુષ્પોની પાંખડી પર ઝીલાતાં. આ બધું આટલી નિરાંતે પહેલાં ક્યાં માણ્યું હતું? બધું એટલું સુંદર, એટલું સુવાસિત કે મારી લૉકડાઉનની ડાયરી પણ મઘમઘી ઊઠી.

મારા બગીચામાં આ બધાં પક્ષીઓના માળા વિશેનો વીડિયો મારી યુટ્યુબ ચૅનલની આ લિન્ક પર જોઈ શકાશે. https://www.youtube.com/watch?v=6mHnJJdud7M





બાઈમા'ણા...

☐ રાઘવજી માધડ

ઓસરીમાંથી ગોરધનનો સીધો આદેશ આવ્યો હતો, 'કવશું સરપંચ હાંભળો છો?'

આ સાદ સાંભળી પાર્વતી હાથમાં હતી એ સાવરણી પડતી મૂકી મૂકવદને, ઘરના ઉંબરમાં આવીને ઊભી રહી હતી. પોતે, શું કામ છે... એવું કંઈ પૂછે એ પહેલાં જ ગોરધનનો બડકમદાર અવાજ સીધો કાનમાં નહીં પણ છાતી પર અથડાયો, 'એ... બે-ચાર રકાબી ચા મૂકજો!'

ઘા ખાય ગઈ હતી, પાર્વતી : એટલી તો અમનેય ખબર પડે, કો'ક આવે તે ચા-પાણી પિવડાવવાનાં હોય...! તેના મોંએ આવી ગયું હતું : ઘરનાં વહુઆરું છીએ...

પછી તો ઘરની પરંપરા અને પતિદેવના આદેશ મુજબ ચાની તપેલી ચૂલે ચઢાવી હતી. આવું થવું-કરવું પાર્વતી માટે જરાય નવું કે નવાઈભર્યું નહોતું, પણ પહેલા સૌ સાંભળે એમ, મોં ભરી 'સરપંચ' કહે ને પછી માથે

મુક્કો મારતા હોય એમ જાણ્યું-અજાણ્યું કામ ચીંધી દે!

બસ, પાર્વતીને વાંધો જ અહીં હતો.

ઘણીવાર થઈ આવતું : મને તે વળી શું આવી કમત સૂઝી હતી તે ગામની સરપંચ થઈ? બળ્યું આ સરપંચ થાવું. ચૂલે ચઢાવેલી ચા સાથે પાર્વતીનું હૈયું પણ ઊકળવા લાગ્યું.

હેં પાર્વતી, સરપંચનું ફૉર્મ મનમરજીથી ભર્યું હતું કે પછી ભરાવવામાં આવ્યું હતું?

એ... કાંઈ કીધા જેવું નથી, જાંઘના ડાઘ કોને દેખાડવા? પાર્વતી મનમાં બબડી ગઈ.

તપેલીમાં ઊકળતી ચા ઊભરાઈ ને છાંટા ઊડ્યા. હાથ દાઝ્યો. અકળ પીડાના લીધે મોં બગડી ગયું. ઝટપટ તપેલી ઉતારી, ચા કીટલીમાં ભરી લીધી. પછી એક હાથમાં રકાબીઓ અને બીજા હાથમાં કીટલી લઈ તે દબાતાં પગલે ઘરની બહાર આવી.

ઓસરીમાં ગ્રામપંચાયતના સભ્ય સહિત બીજા બે જણ પણ બેઠા હતા.

સરપંચની સહી તો લેવી પડશે ને! કોઈનું આવું બોલવું પાર્વતીના કાને પડ્યું. એથી મોં ચઢી ગયું. હોઠે આવી ગયું : મારી સહી પણ શું કરવા લેવી, બારોબારો ઠપકારી નાખો ને!

પણ હાથમાંથી ચાની કીટલી લેતાં ગોરધન સામે પાર્વતીએ સોય જેવી નજરે જોયું. જે ગોરધનને બરાબર ભોંકાઈ હોય એવું થયું. છાતીમાં ચચરાટ થયો, પણ કાંઈ એવું ગણકાર્યા વગર તેણે પાર્વતીને સારું લગાડવા સૌ સાંભળે એમ કહ્યું, 'સઈ તો લેવી જ પડે ને? સરપંચ કાંય અંગૂઠાછાપ નથી, ધોરણ બાર લગી ભણેલાં છે હોં!'

પતિદેવ ગોરધનનું કહેવું પાર્વતીને હાડોહાડ લાગી ગયું. પ્રશંસાની પથારી નીચે ફૂંફાડા મારતી અવગણના સાવ ઉઘાડી પડી ગઈ. પાર્વતીને પળભર પણ ઊભા રહેવું ભારે પડ્યું.

'કવશું ભાગ્યાં ક્યાં?' ગોરધન ગાલાવેલો થતો બોલી ગયો, 'સઈ તો કરતાં જાવ!'

પછી ગોરધને એક સભ્યને ઇશારો કરી પાર્વતીને કાગળ આપવા જણાવ્યું.

એક પગ ઘરમાં ને એક પગ ઓસરીમાં રાખી, પતિદેવના અવાજે થંભી ગયેલી પાર્વતીએ સભ્ય પાસેથી કાગળ હાથમાં લીધો. પછી સૌ સામે ભારેખમ નજરનો સાવરણો ફેરવી લઈ પગ ઉપાડ્યો. ગોરધન સમજી ગયો. વાત વણસી જતાં વાર લાગે એમ નહોતી. એથી બાજી સંભાળવા અને પોતાની તંગડી ઊંચી રાખવાના ઇરાદે તે ઠાવકાઈથી બોલી ગયો, 'વાંચ્યા વગર્ય સઈ નંય કરે, આપડાં સરપંચ!'

પણ ત્યાં ભાગ્યે જ સામે બોલનારી પાર્વતીથી વળતી ક્ષણે હોઠ પછાડી, થૂંક ઉડાડતી હોય એમ બોલી જવાયું, 'બાર લગી ભણેલી છું ને એટલે!'

ઊગતા પહોરના ઉકળાટ વચ્ચે સન્નાટો છવાઈ ગયો. ગોરધન સાથે અન્યનાં નેણ પણ વંકાઈ ગયાં.

કોઈ વ્યંગમાં ગણગણ્યું પણ ખરું, 'હાળું થ્યું છે ઊંધું... આદમી અભણને બાઈમા'ણા ભણેલાં!'

'આ સરપંચમાં પણ એવું જ છે ને!' એકે માથે મમરો મૂક્યો, 'બાઈમા'ણા આવી ગ્યાં!'

ઘરમાં ગયા પછી પાર્વતીએ કાગળ વાંચી નીચે સહી કરી. સભા મળવાની તારીખ સહિત એજન્ડા યાદ રાખી લીધો. પછી બહાર આવી કાગળ પાછો લંબાવ્યો. સભ્યે ઊભા થઈ કાગળ લીધો. આ વેળા ગોરધનની એક આંખ ફાંગી થઈ અને મોં પરની રેખાઓ તણાઈ એ સ્પષ્ટ જોઈ-જાણી શકાય એવું હતું.

'ગોરધનભાઈ છે પછી ચિંતા શેની?' કોઈ એક જણે ઊભા થતાં પૂર્વે ગોરધન સામે જુદી નજરે જોઈ લીધા પછી પંચાયતના સભ્યને સંભળાય એમ કહી દીધું, 'પંચાત્યમાં જે કરવું હશે એ થાશે!'

'હા... હા... આ બધું તો દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી જેવું હોય મારા ભાઈ...' એક જણે સૌ સામે ઝીણી નજરે જોઈ, આંખ મિચકારી કહી દીધું, 'હાલ્યા કરે, હંધાય કામમાં!'

* * *

સૌના ગયા પછી ગોરધન પાસે દેખીતું કોઈ કામ નહોતું. તે ઊભો થઈ ફળિયામાં આંટા મારવા લાગ્યો. તેને ઊગી આવ્યું હતું, કદાચ પાર્વતી પોતાના પાસે આવી પંચાયતનાં કામકાજ અંગે કાંઈ પૂછે પણ ખરી, તો પોતે મને-કમને પણ આછીપાતળી ગતિવિધિ કહેશે, પણ પાછું દર વખતના જેવું જ થઈ આવ્યું: એમાં તે વળી ઘરનાં કે ઘરમાં બાઈ-માણસને પૂછવાનું, કહેવાનું શું હોય?

નહોતું જોવું તો પણ ગોરધનથી ઓસરી ને ઓરડા બાજુ જોવાઈ ગયું.

ગોરધનને પોતાને વાડીએ જવું, ગામમાં જવું કે પછી પંચાયત કચેરીએ જઈને બેસવું, ખુદને નક્કી થતું નહોતું. પણ અહીંથી વહેલી તકે નીકળી જવું એવું સમજી તેણે બાઇકને કિક મારી, સવાર થઈ, પાર્વતી સામે જોયું ન જોયું કરી તે ડહેલીની બહાર નીકળી ગયો.

ઓસરીની કોર પર, એક હાથે થાંભલીનો ટેકો લઈ ઊભેલી પાર્વતી ગોરધનને જતો જોઈ રહી. તેના ગયા પછી ઉઘાડી થયેલી ડેલી બંધ કરવી પડે, નહિતર કૂતરાં-બિલાડાં કે રખડતું ઢોર અંદર આવી ન કરવાનું હોય એવું એંઠું કરી જાય, પણ પાર્વતી જરીકેય થડક્યા વગર ઊભી રહી. ઉઘાડી ડેલીમાં કોઈ આવે, આવી જાય એની જરાય ચિંતા પાર્વતીને થઈ નહીં.

આદમી અભણ ને બાયડી ભણેલી! આવું ફરી પાર્વતીના મનમાં, પથ્થરના ઘા જેમ અફળાયું. લોહીઝાણ પીડા થઈ. તેનાથી સ્વગત બોલી જવાયું : કૂતરાં

ઓસરી લગી આવીને તો ભસી જાય છે!

પાર્વતીનું મોં બગડી ગયું. મનમાં એક જાતની ઊથલપાથલ થવા લાગી. એમાંથી છૂટવા પગ ઉપાડ્યો, કોઈ કામમાં જીવ પરોવે, પણ ગોરધન જેવું જ... દેખીતું કોઈ કામ નજરે ચઢતું નહોતું.

દીકરીને સાસરે વળાવી દીધી છે. દીકરો શહેરની હૉસ્ટેલમાં રહીને ભણે છે. પોતે એકલી છે અને ગોરધનનું તો ક્યારેય નક્કી હોતું નથી. ઊંટના પગ અવળા જેવું, ભલું હોય તો ગામ છોડી છેક તાલુકામાં પણ પહોંચી જાય!

સવારે નાસ્તો-શિરામણ દબાવીને કરી લીધો છે. બપોરની રસોઈ કરવાની ઉતાવળ નથી. સામે કોઢાર સાવ ખાલી છે. ઢોર-ઢાંખર રહ્યાં નથી. વાડી-ખેતર ભાગથી વાવવા માટે આપી દીધાં છે. ઘરમાં હુતો ને હુતી બે જ છે. છતાંય પાર્વતીએ ફળિયામાંથી લઈ છેક ઓસરી ને પછી રસોડા સુધી નજરને સાવરણી માફક ફેરવી લીધી, પણ કરવા જેવું કોઈ કામ નજરે ચઢ્યું નહીં.

પરણીને આવી ત્યારે હાથ હેઠો પડતો નહોતો. વહેલી સવારે ઊઠી ભેંસો દોહવી, વલોણાં કરવાનાં, શિરામણના રોટલા ઘડવાના ને પાછું ખેતર ભાત લઈને જવાનું ખરું જ, પણ આ બધું સમયની સાથે પોઢી ગયું. પાર્વતીથી નિસાસો નખાઈ ગયો. જાણે જીવતરનો ગિરાસ લૂંટાઈ ગયો હોય!

પાર્વતીને કાંઈ સારું લાગતું નહોતું. જીવ કોઈ દરદનું નામ પાડ્યા વગર ચૂંથાતો હતો. મોંએ ખારાશ ઊભરાતી હતી. તે ઢીલા પગે ચાલી, ઢાળેલા પલંગ પર ધબ દઈને બેસી ગઈ.

ઘડીક ટીવી જોવા મન કર્યું, પણ માંડી વાળ્યું. પછી આંખો બંધ કરી તકિયા પર સહેજ ત્રાંસી થઈ ઢળી. ઊંઘની ઝબકી આવે તો બે ઘડી આરામ કરી લેવો હતો, પણ આંખો બંધ કર્યા પછી મન જાગતું રહ્યું.

સરપંચ તરીકે ચૂંટાઈ ત્યારથી મન જાગ્યા કરે છે. સારું-નરસું વિચાર્યા કરે છે, પણ એમાં ધાર્યું તો ધણીનું જ થાય એવું તો હતું જ. પણ હવે એકસાથે બબ્બે ધણી વેંઢારવા પડે છે, એક પોતાનો ને બીજો સરપંચના પદનો! પાર્વતીની ઊંઘવાના ઇરાદે બંધ કરેલી આંખો એકદમ ઊઘડી ગઈ.

'એ... આવું જ હોવાનું-રહેવાનું !' પછી જાતે જ બોલી ગઈ, 'બોલ, કહેવું છે તારે કાંય હવે?'

'હા...' મોંએ આવી ગયું, પણ પાછું ગળીને તે સબળ બેઠી થઈ ગઈ.

અને આવું જ હોવાનું-રહેવાનું હોય તો પછી સ્ત્રીને પદ આપવાનો કોઈ અર્થ રહેતો નથી.

'મારી બાઈ, પણ તું ઇચ્છે, સમજે છે એવો અર્થ રાખવો છે કોને?'

આગના ભઠ્ઠામાં હાથ નખાઈ ગયો

હોવા છતાં પોતાને માત્ર ગરમી થાય છે, એવું સમજી પાર્વતીએ, દીવાલના બોર્ડ સુધી હાથ લાંબો કરી સીલિંગ ફેનની સ્વિચ ઑન કરી. પવન આવ્યો. બહારની અકળામણ ઓછી થઈ. વળી થયું, તરસ લાગી છે, ગળું સુકાય છે, પાણી પીએ. આ ઇચ્છાએ તે મને-કમને ઊભી થઈ, પગમાં ફોલ્લા પડ્યા હોય એમ પોચા પગે ચાલતી રસોડામાં ગઈ. ફ્રિજમાંથી પાણીની બૉટલ કાઢી. પછી ગ્લાસમાં પાણી લેવાને બદલે બૉટલ સીધી મોંએ માંડી ને ગટગટાવવા લાગી.

'હવે કેટલું ગટગટાવીશ?' ખુદને સવાલ થયો તો કટાણું મોં કરી જાતને જ કહે, 'જેટલું ગળે ઊતરે એટલું!'

પાછું પલંગ પર લંબાવવાનું મન થઈ આવ્યું. થોડું ચાલીને સહેજ અટકીને ઊભી રહી. કશુંક મનમાં ઘોળાયું, ચોળાયું ને ફરી પથારીમાં લંબાવવાનું માંડી વાળ્યું.

કોઈ જુએ તો હસતાં-હસતાં પણ મોં પર ઝાપટી દે, 'સરપંચ તો ધોળા દીએ ઊંઘી જાય છે!'

'સરપંચ, કોણ સરપંચ?' ઝેર જેવું થૂંકીને પાર્વતી બોલી ગઈ, 'મને નથી ખબર!'

પછી સ્વગત કહે : એ વખતે મેં તો ઘસીને ના પાડી હતી, મારે કોઈ કાળે સરપંચ થાવું નથી.

ગોરધન ટાંપીને બેઠો હોય એમ, 'પણ મારે તને સરપંચ બનાવવી છે એનું શું?' બોલી ગયો હતો.

'શું કરવા?' તીર જેવો સવાલ કર્યો હતો તો સામે આવ્યું હતું, 'તારે એ પૂછવાની જરૂર નથી.'

પતિદેવ ગોરધને પોતાના બરડા કે છાતી પર નહીં, પણ સીધો સ્વમાન પર ધબ્બો માર્યો હતો. થોડીવાર તો છક થઈ જવાયું હતું. પાર વગરની પીડા ઊમટી હતી. પછી કળ વળતાં થોડી વાર લાગી હતી. ત્યારે પણ ભીંતે લટકતી તલવાર માફક સવાલ થયો હતો : કેમ, મારે પૂછવાની જરૂર નથી?

કોણ જાણે કેમ પણ પાર્વતીથી કંઈ બોલી શકાયું નહોતું અથવા કોઈ કારણે અબોલ રહી હતી.

પછી ગોરધન પટાવવા લાગ્યો હતો, 'સરપંચ તું થા કે હું... આપડે તો એક જ છઈ ને!

ત્યારે મધમીઠી વાતમાં આવી જઈ ગોરધનના ગાડે બેસી પાર્વતીએ સરપંચની ઉમેદવારીમાં મહોર મારી દીધી હતી.

'પણ આ લાજ કાઢવાનું કેમનું રે'શે!' પાર્વતીએ ગામના વડીલોની લાજ કાઢી પંચાયતનો કારભાર કેમ સંભાળવો એ અંગેની ચિંતા સેવી હતી, 'ને ગામનાં સરપંચ લાજનો ઘૂંઘટો તાણે તો કેવું લાગે?'

'કેવું લાગે?' ગોરધન અકળાઈને વછડકું ભરવા વળગ્યો હતો, પણ મન વાળી લઈ, બોલી ગયો હતો, 'પણ

પંચાત્ય તારે ક્યાં કરવાનો છે, એ તો હું છું ને!'

પછી તો 'વાત-વાતમાં હું છું ને, હું છું ને!' આવતું રહેતું હતું.

'એ... તું છો એની મને હંધીય ખબર છે, બોલ હવે કે'વું છે કાંય?'

પછી અગાઉનું યાદ કરી કોઈ જોનારું, સાંભળનારું નથી એની ખબર હોવા છતાં પાર્વતી માથું ધુણાવી, મોં મચકોડી, હાથ હલાવી ને લટકો કરતી બોલી ગઈ, 'અમે તો તમારે મન બાઈમા'ણા... જાણે બાઈ કે મા'ણા કાંય ન હોઈ!'

પછી ધબ દઈ પલંગ પર બેસતાં પૂર્વે બોલી ગઈ, 'બળ્યો આ મા'ણા વગરની બાઈનો અવતાર!'

આંખો બંધ કરી મનને સ્થિર કરવાનો પ્રયાસ કરવા લાગી, તો પણ: અમારી કોઈ કિંમત, ગણતરી જ નહીં!? આવો મનમાં ચચરાટ ચાલુ જ રહ્યો. હા, પહેલાં સાવ આવું નહોતું, પણ આ સરપંચ થયા પછી...

અને ત્યારે પણ ગોરધનનું કહેવું જરા પણ ગમ્યું નહોતું. એટલું જ નહીં બરાબરનું લાગી આવ્યું હતું. સળગીને ભડકો થઈ ઊઠે એવી ક્ષણમાં સપડાઈ હતી, પણ અબોલ રહ્યા વગર આરોઓવારો નહોતો.

ડેલીમાં અવાજ થતાં પાર્વતીની આંખો ઊઘડી ગઈ. જોયું તો ગોરધન બાઇક સાથે અંદર પ્રવેશી રહ્યો હતો. ઊભા થયા વગર તેમને સ્થિર ભાવે જોતી રહી. નહિતર તો ગોરધન બહારથી આવે એટલે સઘળાં કામ પડતાં મેલી, દેખીતા કોઈ કારણ વગર બે-ચાર ડગલાં સામે જવાનું. હા, તેમના હાથમાં કોઈ ચીજ-વસ્તુ હોય તો ભાર ઓછો કરવા લઈ લેવાની.

ગોરધનનું મોં ચઢી ગયું હતું. નાકનું ટેરવું રીસ ચઢ્યાની અથવા તો ગુસ્સામાં હોવાની ચાડી ખાતું હતું. એ પાર્વતીથી અજાણ ન રહ્યું. છતાંય પાર્વતી સવાલ

ભરી નજરે તેમના સામે જોતી રહી.

'કોય વાતે હમજતા નથી...' ગોરધન ધુમાડા ઓકતો હોય એમ બોલ્યો, 'એક કે' મારા ઘર આગળ થાંભલો નાખો, બીજો કે' મારા ઘર આગળ...'

'શેનો થાંભલો?' પાર્વતીથી પુછાઈ ગયું. તો ગોરધને સળગતી નજરે પાર્વતીને દઝાડી. પછી ધૂંઆપૂંઆ થતો બોલી ગયો, 'આ ઓલી સોલાર લાઇટ આવવાની છે, એનો થાંભલો!'

પોતાને કહેવું પડ્યું એ ગોરધનને ગમ્યું નથી. પાર્વતી સમજી ગઈ. તે આગળ કંઈ પૂછ્યા વગર રસોડામાં જઈ, ફ્રિજમાંથી પાણી લઈ આવી તેમને આપ્યું. પીધું. અજંપાભરી શાંતિ જળવાઈ રહી.

બપોરા કર્યા પછી ગોરધન, અંદરના રૂમમાં એસી ચાલુ કરી ઘસઘસાટ ઊંઘી ગયો. નસકોરાંનો વિચિત્ર અવાજ બહાર સુધી સંભળાતો હતો. પાર્વતી ખુરશી લઈ થોડે દૂર જઈ બેઠી. આ પૂર્વે ઓસરીની કોર પર શરીર લંબાવી ખુલ્લા વાતાવરણમાં બે ઘડી આંખનું ઝેર ભાંગવાનો પ્રયાસ કર્યો, પણ મનને ક્યાંય ઠીક લાગતું નહોતું. એથી અલગથી એકલી બેઠી.

'રાજીનામું આપી દે, દેખવું નહીં ને દાઝવું નહીં...'

સઘળા સંતાપનો એક જ ઉપાય હોય એમ પાર્વતીના મનમાં એકાએક ઊગી આવ્યું.

'ખરી વાત છે!' પાર્વતીએ કબૂલ્યું, 'મઝાની જિંદગી હતી અમારાં બેયની... સાથે બેસી વાતો કરતાં, પણ આ પદ મળ્યું ન્યાંથી હોળી સળગી છે!' પછી કહે, 'સરપંચ થાતાં હું તેની ઘરવાળી મટીને જાણે હાથવગું સાધન થઈ ગઈ!'

'પણ તને પદ મળ્યું છે ક્યાં?' બેઠકમાં ટોટો ફૂટ્યો હોય એમ પાર્વતી હડફ કરતી ઊભી થઈ ગઈ.

'પદ તો...'

'હવે આગળ બોલ્ય તો તારી જીભ ખેંચી લેશ્ય...' પાર્વતી આખી ભડ-ભડ કરતી સળગી ઊઠી.

ત્યાં ઓરડામાંથી ગોરધન બહાર આવ્યો. ઊંઘરેટી આંખે પાર્વતી સામે જોયું ને અંદર ચકરાવો લેતી વાત ને ટાળવા કે ખાળવા પાર્વતીના મોંએ આવી ગયું, 'લાઇટના થાંભલા તો અંધારું પડે ન્યાં નાખવાના હોય ને!'

'લે, આલ્લે લે... કુંભાર કરતાં ગધેડાં ડાયાં, એટલીય અમને ખબર્ય નંય હોય?' રઘવાયા કૂતરાના જેમ વછડકું ભરતો હોય એમ ગોરધન બોલી ગયો, 'ઇ પંચાત્ય કર્યા વગર્ય ચા મૂક મારે મોડું થાય છે.'

પાર્વતી કોઈ વિનાશક વંટોળમાં ફસાઈ હોય એમ જાતને સંભાળવાનો પ્રયાસ કરવા લાગી.

'અરે... મારે મોડું થાય છે...' ગોરધન ઊકળી ઊઠ્યો, 'જા, ઓડા જેમ ઊભી છો તે...'

પાર્વતીએ ચા ઉકાળી, એક અડાળી ગોરધનને આપી. પોતે ન લીધી કે પીધી. તેને હતું કે હમણાં ટપારશે : તું તો હરેડ બંધાણી છો... કાં ચા નો લીધી?

પણ આની નોંધ લીધા વગર ગોરધન ચાના મોટા-મોટા સબડકા ભરી, અડાળી એક બાજુ મૂકીને ઊભો થઈ ગયો. કદાચ આ હકીકત ગોરધનના ધ્યાનમાં જ નહીં આવી હોય!

પછી પાર્વતી સામે જોયું. બંને પળાર્ધ લગી એકબીજાને જોતાં રહ્યાં.

ગોરધનના ગયા પછી પાર્વતી ઓસરીની કોર પર થાંભલીનો ટેકો લીધા વગર ઊભી રહી.

* * *

દરરોજ કરતાં પાર્વતી થોડી વહેલી ઊઠી ગઈ. નાહી-પરવારી, માત્ર સાડી પહેરવા પૂરતું જ બાકી રાખ્યું. એ પછી ગોરધનને જગાડ્યો. તેમના સામે પળાર્ધ માટે જોઈ, 'દસ વાગ્યે પંચાયતની મિટિંગ છે ને?' આવું બોલી ગઈ.

'તે...' કહી ગોરધને તોછડાઈ ને તુચ્છકારથી પાર્વતી સામે જોયું.

પણ પાર્વતીએ ઘણુંબધું દબાવી તદ્દન સહજતાથી જવાબ વળ્યો, 'તે કાંઈ નહીં, ખાલી કહું છું.'

પછી કોઈ એવા જવાબની અપેક્ષા વગર પાર્વતી રૂમની બહાર નીકળી, રસોડામાં આવી.

આ દરમ્યાન ગોરધન પણ પછીથી રસોડામાં આવ્યો. પાર્વતીએ ચાની અડાળી સાથે કીટલી પણ તેના પડખે મૂકી નજર વડે જ સમજાવી દીધું : જેટલી જોઈએ એટલી હાથે લઈ લેજો!

પાર્વતીના બદલાયેલા વર્તનની ગોરધનને કોઈ અસર થઈ નહીં અથવા નોંધ લેવાનું સૂઝ્યું નહીં. તેના દિલ-દિમાગમાં પંચાયતની મળનારી સભા અને એમાં કરવાની થતી કાર્યવાહી જ રમતી-ભમતી સવાર થઈ હતી. તેણે પાર્વતી સામે જોઈને કહ્યું, 'હજી એક-બે સભ્યો પાસે જાવું પડે એવું લાગે છે!' પછી સ્વગત જ બોલી ગયો : મારે જાતે જઈ નિરાંતે હમજાવવા પડશે!

પાર્વતી ગોરધનની વાત પર જરાય ધ્યાન આપ્યા વગર રૂમમાં આવી. કબાટમાંથી નવીનકોર સાડી કાઢીને પહેરી. પછી ફૂલ કદના અરીસા સામે જોઈ ખુદને પગથી માથા લગી તપાસી લીધી. શરીર પર જ્યાં જે ખૂટતું હતું તે કરી, કારવી લીધું. અદ્દલ કોઈ સ્ત્રી-નેતા જેવી ઠસ્સાદાર લાગે છે, એવું જાતે નક્કી કરી લીધું. પછી મક્કમ પગલે રૂમ બહાર આવી.

ગોરધન સામે જોયું, ક્ષણભર જોતી રહી ને તે કાંઈ પૂછે-કહે એ પહેલાં જ સામેથી કહી દીધું, 'હું પંચાયત ઑફિસે જાઉં છું!'

આટલું કહી પાર્વતી ઘરની ઓસરી ઊતરી, ફળિયું વળોટી ઝડપથી ડેલી બહાર નીકળી ગઈ.

❑❑❑



વનિતા અને વસંતરાય ભટ્ટ

વનિતા, અણસાર બની આવજે

□ વિપુલ કલ્યાણી

બારણે ટકોરા દીધા ને અતુલે દરવાજો ખોલ્યો.

લાગલા કહે : મામા, your partner in crime has left.

હું શું જવાબ આપું? મૂંઝાયો અને છતાં, કહેવાઈ ગયું : હવે મારો વારો છે!

વનિતા ને હું, ... હું ને વનિતા, બાળપણથી ભેગાં ને ભેગાં.

કૅન્સરના દરદની ઝાપટ લાગી ને વનિતાએ તો ફટાક કરતાં હાથતાળી દઈ દીધી!

— ને હવે...?

દિવંગત ઊર્મિલાબહેન ભટ્ટનું એક હાઈકુ-કાવ્ય સાંભરી આવ્યું :

કબાટ ખોલ્યું :
સરી પડ્યાં સ્મરણો
ગડી વળેલાં.

•

...અને પછી સ્મરણોની પોઠ ચાલી. વળી, મનમગજ પણ ઇતિહાસ ફંફોસવા લાગ્યું :

ટૅન્ઝાનિયાના ઉત્તર વિસ્તારમાં આવેલા મ્બુલુ હાઈલૅન્ડ્સમાં આવેલું આ ગામ મ્બુલુ, ઈમ્બોરુ તરીકે અહીંના ઇરાકો [Iraqw] જનજાતિમાં પ્રચલિત છે. જર્મનીનું ટૅન્ગાનિકા પર શાસન હતું એ વેળા ૧૯૦૭ના અરસામાં મ્બુલુની રચના કરાવામાં આવી હતી, એમ ઇતિહાસ નોંધે છે. મ્બુલુની આબોહવા જર્મનોને ફાવતી હતી અને વળી, સ્થાનિક સ્તરે કુશિટિક [Cushitic] ભાષા બોલતી આ ઇરાકો પ્રજાની 'મહેમાનગત' જર્મનોને ભાવતી આવી. પરિણામે સરકારી સ્તરે સફેદપોષ નોકરીઓમાં ઇરાકો જનજાતિના લોકોની ભારેપટ ભરતી જર્મનોએ કરેલી. આ ડુંગરાળ વિસ્તારમાં ઘઉંની પેદાશ સારી થતી અને મ્બુલુના ખેડૂતોએ આથી તો ૧૯૨૩માં 'મ્બુલુ વ્હીટ ગ્રોઅર્સ ઍસોસિયેશન'ની રચનાય કરેલી.

આવા આ વિસ્તારમાં બાપુજી (ભગવાનજી ઓધવજી કલ્યાણી)ના એક

મોટાભાઈ, કેશવજી ઓધવજી કલ્યાણીએ, ગઈ સદીના ચોથા દાયકાના આરંભમાં ધંધોધાપો આદરેલો એમ અંદાજ છે. અમે તેમને નાના અદા કહીને સંબોધતા. નાના અદા અને નાના જીબા (રતનબહેન)નું મોટું સંતાન એટલે ઉમેશભાઈ. એ પછી રમાબહેન અને એ પછી વનિતાનું સ્થાન. વનિતા પછી, નવીન, ગીતા અને દિલીપ પણ અમારાં ભાંડુડાં.

અમારી વચ્ચે ઉંમરનો ઝાઝો તફાવત નથી. વનિતા બારેક મહિના મોટી. તેનો જન્મ સન ૧૯૩૯ની ૨૫ ડિસેમ્બર વેળા મ્બુલુમાં; મારો, સમજણ મુજબ, સને ૧૯૪૦માં, મેરુ પર્વતની તળેટીમાં જમાવટ કરી પલોંઠ મારી ઓપતાં નગર નામે અરુશા ખાતે.

આપણે જે અરુશાને ઓળખીએ છે એની રચના કિલીમાન્જારો પર્વતની દક્ષિણે આવેલા અરુશા-ચીની વિસ્તારમાં વસતી પશુપાલનનો તેમ જ ખેતીવાડીનો વ્યવસાય કરતી અરુશા-મસાઈ જનજાતિએ ૧૮૩૦માં કરી હોય એમ સગડ મળે છે. હવે તો નોર્ધન રિજિયનનું વડું મથક તો એ બની જ ગયું છે અને સાથોસાથ, જગતમાં પંકાયેલું નગર, જે રાતે ન વિસ્તરે એટલું દિવસે વિસ્તરતું જ રહ્યું છે.

અમારા જન્મ ટાંકણે અરુશાની વસતી ક્વચિત્ માંડ બેએક હજારની હોય, આજે એનો આંક ૪,૧૬,૪૪૨ બોલે છે. જ્યારે ચોપાસના અરુશા ગ્રામ્ય વિસ્તરણની વસતી ઉમેરણ રૂપે બીજી ૩,૨૩,૧૯૮ સુધી જવા જાય છે.

પહેલા વિશ્વયુદ્ધ સુધી જર્મનોનો કબજો અરુશા પર પણ હતો. બ્રિટિશ શાસનનો આરંભ થયો અને મસાઈ પરંપરાના આ ગામ પર પહેલાં જર્મનોની અને એ પછી બ્રિટિશરોની છાપ પડતી આવી. જર્મનોને હાંકી કઢાયા અને એની જગ્યાઓમાં યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાના વતનીઓ આવતા ગયા. તેની જોડાજોડ બ્રિટિશરો અને ગ્રીક વસવાટીઓનું ધાડું પણ અરુશામાં આવી પૂગ્યું. ત્રીસી સુધીમાં તો અરુશા ધંધેધાપે ધમધમતું થઈ ગયું. બીજા વિશ્વયુદ્ધ વેળા અને એ પછી અરુશાની સિકલ બદલાવા લાગી. યાદ હશે, ૧૯૬૦ વેળા જગપ્રસિદ્ધ ‘હટ્ટારી’ ફિલ્મ અહીં જ ઊતરેલી. જોહ્ન વેઇને એ ચલચિત્રમાં મુખ્ય અદાકારી આપી છે, તેય સાંભરે છે.

હવે તો ટેન્ઝાનિયાના સાંપ્રત ઇતિહાસ અને રાજતંત્રમાં અરુશાનું સ્થાન અદકેરું રહેવા પામ્યું છે. ટૅન્ગાનિકાને સ્વતંત્રતા આપવાના અધિકૃત દસ્તાવેજો પર ૧૯૬૧માં અહીં જ સહીસિક્કા કરવામાં આવેલા. ‘અરુશા ડિક્લેરેશન’ નામે અરુશા ઘોષણા પર વળી, ૧૯૬૭માં અહીં જ દસ્તખત કરવામાં આવેલા. હવે તો આંતરરાષ્ટ્રીય સ્તરની અનેક બેઠકો અહીં થતી આવી છે અને એને સારુ કેટલાંક છાતી ગદ્ગદ ફુલાવતાં મથકો પણ અહીં બંધાયાં છે.

સેરેન્ગેટી નૅશનલ પાર્ક, કિલીમાન્જારો



દોહિત્રી મહેક; દીકરી માલા; માતા, રતનબહેન અને વનિતા

નૅશનલ પાર્ક, ન્ગોરોન્ગરો કન્ઝર્વેશન એરિયા, અરુશા નૅશનલ પાર્ક, લેઇક મન્યારા નૅશનલ પાર્ક, તારાન્ગિરે નૅશનલ પાર્ક જેવાં જગપ્રસિદ્ધ અભયારણ્યો અડખેપડખે, એથી પ્રવાસન તથા અર્થતંત્રને સારુ અગત્યનું મથક પણ અરુશા બની ગયું છે.

આવા આ અરુશા પડખેના, જગપ્રસિદ્ધ ઊંચેરા પર્વત કિલીમાન્જારોની તળેટીમાં વિકસેલા, ગામ મોશીમાં ત્રણેય ભાઈઓએ, ગઈ ત્રીસીમાં, સાથે મળીને ધંધો આદરેલો. કહે છે કે મોટા અદા, મગનલાલ ઓધવજી કલ્યાણીની આગેવાનીમાં નાના અદા તેમ જ બાપુજીએ દુકાન કરી. મોશીમાં તો તેમની બબ્બે દુકાનો હતી. કોઈ પણ કારણવશાત્ ધંધામાં માર ખાવાનો થયો. મોટા અદાને નામે ચાલતા આ ધંધાને નાદારી ફટકારાઈ અને પછી સૌ આવ્યા અરુશા. કદાચ એવાકમાં જ એ વખતના બબાટી રોડ પરનું મકાન ખરીદ થયું હશે, ત્યાં ફાવટ ન આવવાને કારણે નાના અદાએ મ્બુલુ વિસ્તારે સ્થાયી થઈ નોખો વેપાર શરૂ કર્યો. બાપુજી મ્બુલુ - બબાટીમાં આવ્યા જંગલ પ્રદેશોના ડોંગોબેશ - ઈન્દલાકાન [એન્ડાજીકોટ] તરફનાં ગામડાંઓમાં ધંધાર્થે જતા રહ્યા. બીજી પાસ, મોટી બન્ને દીકરીઓને પરણાવવા મોટા અદા તેમ જ મોટાં જીબા કસ્તૂરબહેન કાઠિયાવાડમાં આવેલા મૂળ વતન જામ-ખંભાળિયા ગયાં. ત્યાં તેમનું રહેણાક બેએક વરસનું થયું હશે, એમ સાંભરણ છે અને પછી, બાપુજીએ મ્ટો-વા-મ્બુ નામના નાનકડા ગામે વસવાટ કર્યો અને ખુદને નામે ધંધો આદર્યો.

અરુશા વિસ્તારના મૉન્ડુલી જિલ્લામાં, અરુશાથી આશરે ૧૧૨ કિલોમીટર દૂર આવ્યા આ ગામનું નામ સાર્થક જ લેખાતું હશે, કોને ખબર? કેમ કે એનો અર્થ

થાય 'મચ્છરોની નદી'! એ દિવસોમાં ત્યાં અઢળક મચ્છર, ઢગલાબંધ સાપસીંદરા તેમ જ હૂપાહૂપ કરતાં વાનરોનાં ટોળાં. જાતભાતનાં અનેક રાની પશુઓને જાણે કે અહીંતહીં રઝળપાટની અસીમ સ્વતંત્રતા ને સ્વાયત્તતા. મન્યારા સરોવરની પડોશમાંના આ ગામની તેમ જ ચોપાસની, વસતી માંડ ત્રણચાર હજારની હોય, એ આજે કહે છે કે અગિયાર / બાર હજારથી પણ વિશેષ થવા જાય. વળી, સેરેન્ગેટી નૅશનલ પાર્ક, ન્ગોરોન્ગોરો કન્ઝર્વેશન એરિયા તેમ જ મન્યારા નૅશનલ પાર્ક સરીખાં અભયારણ્યોની સલેહગાહે જનારા સહેલાણીઓ તેમ જ પ્રવાસીઓ આ ગામેથી જ પસાર થવાના. આથી દાયકાઓથી અહીં ધંધોધાપો વિકસતો જ રહ્યો છે.

આવી-આવી ભૌગોલિક તેમ આર્થિક પછીતે આ ત્રણે ભાઈઓનો વિસ્તાર અરુશાને કેન્દ્રમાં રાખીને વિકસતો રહ્યો છે. ગઈ સદીની ચાળીસી વેળા, આથી અરુશાના મકાનમાં બાળકોને આણી તેમનાં ભણતરની સોઈ કરવાનો અખતરો વડીલોએ હાથ ધર્યો. ત્રણ દેરાણી-જેઠાણીને માથે, વારાફરતી, ત્રણ-ત્રણ મહિનાની લાલનપાલનની જવાબદારી આવી પડી. અમે દશેક ભાઈભાંડું એક છાપરે ભણતાં રહ્યાં. આમ વનિતા અને હુંય આ જૂથમાં સામેલ હતાં. જયંતીભાઈ, વિમળાબહેન ને નરેન્દ્ર; ઉમેશભાઈ, રમાબહેન, વનિતા તથા નવીન; હું, વસંત તેમ જ કદાચ હંસા આમાં સામેલ હતાં. જયંતીભાઈ, વિમળાબહેન, ઉમેશભાઈ, રમાબહેન મોટેરાં; વનિતા, હું ને નવીન સમવયસ્ક, જ્યારે વસંત, નરેન્દ્ર, હંસા નાનેરાં.

મૂળગત મોટા અદાને અધિકૃત નામે આ એકમાળી મકાન. કૉરુગેટેડ આયર્ન શીટ્સ - વાટા પાડેલાં લોઢાનાં પતરાંની દીવાલો ને તેનું જ છાપરું, પણ પાકી છો. રસ્તા પર આગળ દુકાન, જે તે દિવસોમાં ભાડે અપાયેલી. દુકાન અને મુખ્ય રસ્તા વચ્ચે દુકાનની લગોલગ જ બાંધેલી ને છત જડેલી ઉઘાડી પરસાળ. તેની પાછળ રહેણાકની જગ્યા. એમાં અમે સૌ રહીએ, ત્યાં જ રસોઈ થાય અને ત્યાં જ અમારી ભોજનશાળા. પાછળની બાજુ, આ ઓરડાને અડીને પાકી પણ ઉઘાડી ઓસરી. જમણે નાવણી ને ડાબે ઘંટીની સ્થાપના, પણ ઓસરી બે બાજુએથી ઉઘાડી. માથે છત તો ખરું જ. એની પડખેથી બહાર જવા માટેની જગ્યા અને એને લાકડાનું કમાડ. કમાડને માત્ર સ્ટોપર તથા લાકડાની આડસર. ફળિયું અને એમાં વચ્ચે રસોડા માટે મૂળે ઓરડી, જે નોકરને સારુ અનામત કરી દેવાયેલી. સામે છેડે ચોકડી. એમાં એક નળ, વાસણ વીછળવાં ને કપડાં ધોવા સારુ આ ચોકડીનો વપરાશ. એની પછી બે ઓરડીઓ. આગળની ઓરડીમાં સૂવા-બેસવાની સોઈ, જ્યારે બીજામાં વધારાનો સરસામાન ત્યારે રખાતો. એ બે ઓરડીઓની પછીતે કોલસા ને



ત્રણ ભાઈઓ - કેશવજી ઓધવજી કલ્યાણી - ભગવાનજી ઓધવજી કલ્યાણી તેમ જ મગનલાલ ઓધવજી કલ્યાણી કોઈક અવસરે વેવાઈવેલા જોડે

લાકડાં રાખવાની વખાર અને એની જ પડખે પાયખાનું. આ તો આખા મકાનનું ફક્ત અડધિયું, બીજી કોરે ચંચળમાસી - આત્મારામકાકા તેમ જ પરિવાર વસે. તેમણે તેમની દુકાનને સલૂનમાં ફેરવી કાઢેલી.

શહેરના એક મુખ્ય ધોરી માર્ગ, તત્કાલીન બબાટી રોડ (ટૅન્ગાનિકાને આઝાદી અપાઈ ત્યારે તે માર્ગનું ઊહુરુ રોડ નામાભિકરણ થયેલું. જ્યારે સાંપ્રત સમયે, દિવંગત પૂર્વ રાષ્ટ્રપતિ એડવર્ડ મોરિન્ગે સોકોઇનની સ્મૃતિમાં એ રસ્તો સોકોઇન રોડ [Sokoine Road] તરીકે જાણીતો થયો છે.) પર આવેલું એ મકાન આજે હોત તો એ આજના આઝિમીઓ [Azimio Street] સ્ટ્રીટની લગભગ સામે પડતું હોત. થોડુંક જમણે આગળ ચાલતાં જઈએ એટલે જમણે જકારાન્ડા સ્ટ્રીટ [Jacaranda Street] આવે અને એમાં અંદર વળી જતાં અમારી નિશાળ – ઇન્ડિયન પબ્લિક સ્કૂલનો વિસ્તાર આવતો. આજે એ ઊહુરુ પ્રાઇમરી સ્કૂલને નામે જ પરિચિત છે. મોસમ ટાંકણે આ જકારાન્ડા સ્ટ્રીટમાં મઘમઘતાં જકારાન્ડા ફૂલોનો વૈભવ જોવા મળતો, જે આંખને સતત ઠારતો રહેતો. અમારી નિશાળને લીલુંછમ્મ, રમતગમતને સારુ, મેદાન પણ હતું. એને અડીને વળી ગૉલ્ફ માટેનું મેદાન રહેતું. આવી આ નિશાળમાં અમને દરેકને દાખલ કરવામાં આવેલા. અમારાં પહેલાં શિક્ષક હતાં બચુબહેન શુક્લ. આવાં ઉત્તમ શિક્ષિકા આજેય ધોળે દહાડે દીવો લઈને શોધવા નીકળીએ તોય મળવાં દુર્લભ. તેમનું બહુ વહેલું અવસાન થયેલું અને તેમની સેવાઓને ધ્યાનમાં લઈ, ગામની હિંદી જનતાએ તેમની સ્મૃતિમાં શાળાને એક વર્ગખંડ બંધાવી આપેલો. આજેય

તેની તકતી નિશાળમાં શાહેદી પૂરે છે.

ઈસવીસન ૧૯૪૧માં અસ્તિત્વમાં આવેલી અમારી આ નિશાળ સારુ હિન્દી જનતાએ તનતોડ ભંડોળ ઊભું કરેલું. એને સારુ કેટલાક વડવાઓએ ભંડોળાર્થે નાટકના પણ ખેલ કરેલા એમ સાંભળવા મળે છે. અમારા વખતમાં જાની સર સરીખા પ્રભાવક હેડમાસ્તર હતા અને એકમેકથી ચડિયાતાં શિક્ષકો-શિક્ષિકાઓ સામેલ હતાં. અંબાલાલ જે. પટેલ, ઉપાધ્યાય સર, ધોળકિયા સર, એમ. ટી. શાહ જે પાછળથી હેડમાસ્તર પણ થયેલા, મોદી સર, રમણલાલ વશી, વાડીલાલ ટેલર, સુંદરમતીબહેન, હરચરન સિંહ ભોગલ નામે અમારા કેટલાક શિક્ષકો, અબીહાલે, સ્મરણે ચડે છે. શિક્ષકોની આ ફોજે અમારું ઘડતર કરવામાં લગીર કસર કરી નથી. સિનિયર કેમ્બ્રિજ સુધીનું ભણતર અપાતું અને ગુજરાતી જ ભણતરનું માધ્યમ રહેલું. પાછળથી એને અંગ્રેજી માધ્યમની શાળામાં ફેરવી નખાઈ હતી. એની વ્યવસ્થા સારુ ગામની આ હિન્દી જનતાના પ્રતિનિધિ સ્વરૂપની એક વહીવટી સમિતિ હતી, જે શાળાનું સંચાલન કરતી.

આવી આ નિશાળમાં ૧૯૫૨ સુધી આરંભે હું ભણ્યો હોઈશ. એ ગાળો નિશાળને નામે મારો પૂર્વાર્ધ. ૧૯૫૩માં બા-બાપુજી, નાના અદા, નાનાં જીબા અને અમે સંતાનો કાઠિયાવાડ માંહેના અમારા વારસાના ગામે, જામ-ખંભાળિયા, કુટુંબ-જાતરાને સારુ, જવા નીકળ્યાં. એસ. એસ. કરાન્જા નામક એ સ્ટીમરમાં અમે કરાંચી થઈને પોરબંદર નાંગરેલાં.

* * *

વનિતા હતી બોલકી અને તેથીસ્તો બાપુજી તેને કાગડી કહેતા ને. બોલબોલ કરતી વનિતા, બચપણથી સાથોસાથ જબ્બરી કામગરી. આવાં તેનાં પાસાં ઉપરાંત તે ક્યારેક અડપલાંય કર્યા કરતી. તેને સારુ વળી, અન્યાય સહન ન કરવાની વૃત્તિ પણ એક કારણ હોઈ શકે. ક્યારેક ઉછીના ઝઘડા ઉસેડતી હોય એમ લાગે! મૂળ બાબત આરંભે પિત્રાઈ નરેન્દ્રની જ તો મસ્તી હોય, પણ સહન કરવાનું વનિતાને ફાળે આવ્યું હોય. આ બધામાં હુંય વનિતા જોડાજોડ ખરો, હં કે! તેમાંના બે-ચાર દાખલાઓ તપાસવા જેવા ખરા.

ગામમાં અમે દરેકને ઓળખીએ. દરેક સાથે આવનજાવનનો વહેવાર. નાનેરાં હળેમળે, સાથે ભણે તેમ જ રમે કરે. અમારા રહેણાકની તદ્દન નજીક મોહનલાલ લાલજી નામના એક પડછંદા સજ્જનની દુકાન અને દુકાનની પછીતે તેમનું રહેણાકનું મથક. મોહનલાલકાકા અને રળિયાતમાસીની એક દીકરી પ્રભા વનિતા જેવડી. બન્ને વચ્ચે સખીપણુંય ખરું. બન્ને વચ્ચે બોલચાલ થઈ હશે, ચડસાચડસીમાં વનિતાએ પ્રભાને કહ્યું હોયઃ તારાં મા ને બાપ ડાકણ! થઈ

રહ્યું. થોડીક વારે રળિયાતમાસી ને મોહનલાલકાકા હસતાં-હસતાં ઘેર આવ્યાં. સોટકે બાપુજી અરુશામાં હોઈ ઘેર હતા અને મારી બાનો લાલનપાલન માટેનો વારો હતો તેય ઘેર. બા તો મોહનલાલકાકાની લાજ કાઢે, એથી તે આઘાંપાછાં થઈ ગયાં. કાકા બાપુજીને કહે, ભગવાનજી, કાઢ તારાં આ બારકસોને, અમે ખાવા આવ્યાં છીએ! ...હોય? હું ને વનિતા ગભરાયેલાં અને એથી અવાજ સાંભળીને ખાટલાની નીચે સંતાઈ ગયેલાં! કાકા અને માસીએ થોડીઘણી વડીલો જોડે હસીમજાકની વાતો કરી ને તે બન્ને વિદાય થયાં પછી અમારો છુટકારો થયો! બા-બાપુજીનો ગુસ્સો સહ્યો અને શિક્ષા પણ એ નફામાં!

નરેન્દ્રે એક વાર અડપલું કર્યું, નોકર માટેની ઓરડીમાં રૂનું પૂમડું બાળવા આગ ચાંપી. આગની ઝાળ વધી અને ઘર માંહેનાં વડેરાંઓને દોડધામ કરવી પડી. આગને કાબૂમાં લેવાઈ. વનિતા ને હું નરેન્દ્ર જોડે બટેટા શેકવાના આ કામમાં સામેલ હતાં, પરંતુ નરેન્દ્ર છટકી ગયો. અમે બન્ને ગુનેગાર પુરવાર થયાં! અમને સજા ફટકારાઈ - રાતનું ભાણું નહીં અને રાતે બહારની ઓસરીમાં જ રાતવાસો કરવાનો આદેશ. અમને સાદડીઓ અને તકિયા અપાયાં. ઓઢવાને માત્ર ચાદર. ઠંડી કહે મારું કામ. નોકર અમને ગૂણી ઓઢાડી ગયો ને જરીક હળવાશ થઈ. સૂતાં પહેલાં બટેટા ને ડુંગળી શેકીને ખવડાવી પણ ગયેલો. આવી આ શિક્ષાનાં ભોગી હું ને વનિતા કંઈકેટલીય વાર થયાં હોઈશું.

એ વખતે ઘણું કરીને ભૂરો નામે મ્બુલુથી આવેલો નોકર હતો. ભારે સમજદાર ને હમદર્દ મનેખ. લાંબો સમય અહીં અમારી જોડે રહી ગયેલો ભૂરો. અમારી બહુ કાળજી-સંભાળ રાખતો.

વિમળાબહેન, રમાબહેન અને વનિતા રસોઈકામમાં સહાયક રહેતાં. વિમળાબહેનની પેઠે વનિતા પણ શિસ્તની ભારે આગ્રહી. થાળીમાં જે કંઈ પીરસાયું હોય એ પૂરું કરવાનું. એઠું લગીર મૂકવાનું નહીં. આવું કરવા જતાં, વધ્યું શાક વસંતને માથે ભૂંસાયાનુંય સાંભરી આવે છે! તે ટાંકણે તો ચોતરફ સોપો જ પડી ગયેલો, પરંતુ એઠું મૂકવાની આ આદતે અમારા એ પરિવારજનોમાંથી રજા લીધી હોય એવું અનુભવું છું.

અરુશાના દિવસોમાં ભણતર મુખ્ય હોઈ, રજાના દિવસોમાં સૌ કોઈ પોતાનાં માવતર કને પહોંચતું. વનિતા મ્બુલુ જતી, નવીન, રમાબહેન, ઉમેશભાઈ જોડે. વસંત, હંસા જોડે હું પણ મ્ટો-વા-મ્બુ ભણી બા-બાપુજી સાથે એ રજાનો વખત ગાળવાને સારુ નીકળી પડતો. નરેન્દ્ર, વિમળાબહેન ને જયંતીભાઈ કાં અરુશા હોય કાં મ્ટો-વા-મ્બુમાં અમારી જોડે. બાપુજી અને મોટા અદા સાથે મળીને મ્ટો-વા-મ્બુની દુકાન સહિયારી ચલાવતા. રહેવાનું પણ સહિયારું.

વારુ, જામ-ખંભાળિયાના એ દિવસો બાદ, હું જામ-ખંભાળિયે ભણવા રહ્યો, તેમ ઉમેશભાઈ અને નવીન પણ. બાકી સૌ પરત થયાં. પછી વનિતા નાના અદાને સહાયક થવા દુકાનમાં આવતી-જતી અને એમાં જ પલોટાયેલી હોય.

પરિસ્થિતિવશાત્ ૧૯૫૭/૫૮માં હું અરુશા પરત થયો અને એ જ નિશાળમાં મારો ઉત્તરાર્ધ શરૂ થયો, ત્યાં સુધીમાં અંગ્રેજી માધ્યમ આવી ગયું હતું. ૧૯૬૧માં મુંબઈ ઉચ્ચ અભ્યાસ સારુ જવાનું થયું. રજાઓમાં સેવક ધુણિયે ને જામનગર મોસાળે સમય વિતાવતો. એમાં વનિતાનું લગ્ન લેવાયું અને ૨૭ મે, ૧૯૬૪ના દિવસે જામ-ખંભાળિયે જ લગ્ન લેવાયાં. ભાઈ તરીકે હું જ હાજર અને લગ્ન બાબતે સામાજિક રીતરિવાજો અનુસારનાં વિધિવિધાનો વેળા, સદ્નસીબે, જવતલ હોમવામાંય હું જ હાજર.

પછી તો વનિતાને મળવાનું ઓછું થતું રહ્યું. તે સાસરે, પહેલા દારેસલ્લામ, પછી અરુશા, એ પછી નાઇરોબી અને પરત અરુશા. છેલ્લા દશકા વેળાનો લંડનવાસ અને અરુશાનો આવરોજાવરો. જ્યારે-જ્યારે મળવાનું થાય ત્યારે તે હેતે ઊભરાતી રહેતી અને જૂના દિવસોને અમે સંભારીય લેતાં.

વનિતાની સેવા જાહેર જીવન ક્ષેત્રેય પાંગરીને વિસ્તરી જાણી હતી. અરુશાવાસ દરમિયાન ત્યાંના હિન્દુ યુનિયનના મકાનમાં લાઇબ્રેરી ચાલે. એમાં સહાયક બને. વળી જોડેના લક્ષ્મીનારાયણ મંદિરમાં જેમ સમય આપે તેમ યુનિયનની મહિલા પાંખમાં પણ પૂરેવચ્ચ સક્રિય. નવરાત્રી ટાણે તો પૂછવાનું જ ન હોય, તે જ અગ્રેસર. ગામમાં ફરી વળે. સંબંધો જાળવે. હૂંફટેકો કર્યા જ કરે. આવું લંડનનિવાસમાં પણ તેણે કરેલું કામ બોલે છે. ઇલફર્ડ લાઇબ્રેરીમાં જવાનું રાખે. ખૂબ વાંચે, ત્યાંની પ્રવૃત્તિઓમાં સામેલ જ નહીં, પણ સક્રિય બનતી. ત્યાં ગુજરાતી રીડિંગ ગ્રૂપ ચાલતું. એમાં પણ અગ્રેસર રહેતી. આમ તેની સાખ મજબૂતાઈએ જામી. વિદાય વેળાએ, આથી તો કંઈ કેટલી આંખોને ભીની થતી જોઈ હતી.

હવે તો એ સઘળું વિરામ્યું જાણવું, કેમ કે વનિતાએ હજુ હમણાં જ ૧૭ ઍપ્રિલે મોટા ગામતરે જવાની વાટ લીધી છે અને ખુદને મર્યાદાની પાળમાં સંઘરી ન શકવાને લીધે, કોઈક અજ્ઞાત કવિની એક અજાણી કવિતાનું ચરણ ટાંકતાં-ટાંકતાં કહી તો લઉં : વનિતા, ‘બે પળ એક અણસાર બની આવજે.’

ચાલ, બહેન, આવજે અને હું પણ… …સ્વામી આનંદે ક્યાંક લખ્યું તેમાંનું કેટલુંક ઉછીનું લઈનેય તને જણાવું : આગલે પડાવેથી ગાડી છૂટી છે ને સ્ટેશન પરે પ્લૅટફૉર્મ પર કમબખ્ત હુંય રાહ જોતો બેસી રહ્યો છું.

…તો, વનિતા, ચોક્કસ મળીએ છીએ.

❑❑❑



જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડૉ. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

☐ ડૉ. પંકજ જોશી

૩૧. વ્યવહાર અને પરમાર્થ:

ક્રિયા અને કર્મ વિશે શાસ્ત્રીજી સાથે જે વાતો દ્વારા સમજણ પ્રાપ્ત થઈ તેની કેટલીક વિગત આપણે આગળ જોઈ ગયા.

ખરેખર તો થોડું પણ વિચારીએ અને અવલોકન કરીએ તો તરત સમજાય એવું છે કે સમગ્ર સૃષ્ટિમાં ક્ષણે ક્ષણે સતત અને એકધારાં કંઈ ને કંઈ ક્રિયા અને કર્મ થયાં જ કરે છે. ક્ષણે ક્ષણે ક્રિયાઓ અને સતત થઈ રહેલું પરિવર્તન એ જ જાણે કે સૃષ્ટિ! જેવું આ કાર્ય બ્રહ્માંડમાં થાય છે એવી જ રીતે આ સઘળી ક્રિયાઓ અને પ્રક્રિયાઓ આપણાં દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણમાં પણ અવિરત ચાલ્યા કરે છે. કોઈ વિજ્ઞાનીને તો એવો પ્રશ્ન અવશ્ય થાય જ, પરંતુ વિજ્ઞાની ના હોય તો પણ કોઈ પણ વિચારશીલ મનુષ્યને પણ એવો પ્રશ્ન અવશ્ય થવાનો કે આટલી

ગતિ, આટલું કાર્ય, આટલી ક્રિયાઓ, આ સઘળું કઈ મહાશક્તિને કારણે થાય છે? આટલી મહાગતિ આપનાર, ચલાવનાર પાયાનું પરિબળ બ્રહ્માંડમાં વાસ્તવમાં કયું છે? ખરેખર તો આજના વિજ્ઞાનનો આ મહાપ્રશ્ન છે. વળી આ જ પ્રશ્ન અધ્યાત્મથી દૂર છે એવું કોણ કહેશે!

વાસ્તવમાં તો આ સઘળો વિચાર એ જ આપણને વિજ્ઞાન તથા અધ્યાત્મની મૂળભૂત એકતા તરફ દોરી જાય છે. અધ્યાત્મમાં એક ઉત્તમ અને ગહન વિજ્ઞાન સમાયેલું છે. આજે તો તે ભુલાયું છે. બીજી બાજુએ વિજ્ઞાનની મૂળભૂત શોધો અને પ્રશ્નો પણ છેવટે તો આધ્યાત્મિક રહસ્યો તરફ જ દોરી જાય છે. પરંતુ વિજ્ઞાનનો અર્થ પણ આજે તો ભૌતિક સુખ-સુવિધા વધારનારાં સાધનો બનાવવાં અને વાપરવાં એટલો જ થઈ ગયો છે. આવી જ રીતે અધ્યાત્મ તે આજે કથાઓ, મંદિર અને ક્રિયાકાંડ રૂપે સીમિત અર્થમાં સમાયું છે. આવી મર્યાદિત દૃષ્ટિને કારણે આજે જીવનમાં ઘણી સુવિધાઓ હોવા છતાં વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચે એક મોટી ખાઈ રચાઈ છે. મારી દૃષ્ટિએ તો આજની દુનિયાનાં મહાન પ્રશ્નો અને સમસ્યાઓ, જે માનવજાતિને આજે પીડીને પરેશાન કરી રહ્યાં છે, એનાં મૂળ વિજ્ઞાન અને અધ્યાત્મના આ સંવાદના અભાવમાં રહેલાં છે. અલબત્ત, આ કંઈ નવી વાત હું કરું છું તેવું નથી. ગોંડલના નાથાભાઈ જોશી, કે આપણા સાંઈ કવિ મકરન્દ દવે કે વિનોબાજી અને વિમલાતાઈ પણ એક અથવા બીજી રીતે આ જ વાત કરી ગયાં છે.

પરંતુ આ વિષય પર ફરી પાછા અન્ય સમયે આવીશું. આજે તો આપણી હમણાંની વાતને વિશેષ આગળ લઈ જઈએ તો, વળી એકવાર મેં શાસ્ત્રીજીને પૂછ્યું, “કર્મ એટલે શું, અને ખરેખર કર્મનો કોઈ સિદ્ધાંત છે કે કેમ, એની વાત આપણે ઘણી વાર સાંભળીએ છીએ.” તેમણે ફરી ધીરજથી સમજાવ્યું, “સારું, તમે કરો છો તે કોઈપણ ક્રિયા અથવા કાર્ય, જે તમારાં શરીર, ઇન્દ્રિયો અથવા મન દ્વારા થાય છે, તેને કર્મ કહેવાય છે.”

તેમાં તેમણે વિશેષ સ્પષ્ટતા એવી કરી કે કેટલાંક કર્મ તો એવાં છે કે જે એક વાર શરૂ થઈ ગયાં એટલે તેમને ગતિ મળી ગઈ. પછી તે પ્રમાણે તે સતત ચાલ્યા કરે છે અને છેવટે પૂરાં થાય છે. જેમકે, એકવાર કોઈ પથ્થરને આકાશમાં તમે જોર કરીને ફેંકી દીધો એટલે પછી તેને જેટલી શક્તિ આપી હોય તે પ્રમાણે તેટલો ઊંચો જઈ અને એ દિશામાં જઈ પોતાનું કાર્ય પૂરું કરીને એ વળી જમીન પર સ્થિરતા કરશે. આવી જ રીતે એક વાર તમારો જન્મ થઈ ગયો એટલે શરીરની પ્રક્રિયાઓ પણ જાણે કે પહેલેથી જ પ્રોગ્રામિંગ અને આયોજન થઈ ગયું હોય તેમ આગળ વધ્યા કરે અને બાળપણ, યુવાની, અને આ સઘળાં ચક્ર ચાલવાનાં. પરંતુ અન્ય કેટલીક ક્રિયાઓ એવી હોય છે જે વિશેષ

સંકલ્પપૂર્વક થાય છે અથવા કરવામાં આવે છે. જેમ કે કોઈ મોટા ગ્રંથની રચના કરવી, અથવા કોઈ મોટો મહાકાય ઉદ્યોગ શરૂ કરવો, કે પછી યુદ્ધ કરીને કે રાજકારણ કરીને સત્તાઓ હાંસલ કરવી. આવા કોઈ પણ સારા કે માઠા સંકલ્પ સાથે કરેલાં તીવ્ર મહાકર્મો તેના તીવ્ર સારાં કે માઠાં ફળ પણ ઉત્પન્ન કરતાં હોય છે.

વળી કર્મની તીવ્રતા પ્રમાણે તેનું ફળ તરત આવે અથવા સમયાંતરે લાંબા સમય પછી પણ આવી શકે છે. જેમ કે કોઈ મહાન દાનવીર હોય અને કરોડો રૂપિયાનું દાન કરીને મોટું સત્કર્મ કરે તો તેને પ્રશંસા તથા લોકચાહના રૂપી સુંદર ફળ તરત મળવાનું. બીજી બાજુએ, હૃષ્ટ પુષ્ટ શરીર ભલે હોય પરંતુ ચા કે તમાકુ કે અન્ય તીવ્ર વ્યસનનો બંધાણી હોય તો કેટલાંક વર્ષે તેના શરીરમાં ખરાબ અસરો અવશ્ય અને અનિવાર્યપણે એવી દેખાવાની જેમાંથી પછી સુધારવું કે પાછા ફરવું મુશ્કેલ થાય.

આ વાતને આગળ લઈ જતાં શાસ્ત્રીજી કહેવા લાગ્યા કે ભારતીય પરંપરામાં મનુષ્ય જન્મમાં સંકલ્પપૂર્વક કરવાનાં ચાર મુખ્ય કર્તવ્ય, ક્રિયા કે કર્મ બતાવ્યાં છે. તે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આ ચાર નામે ઓળખાય છે. હવે એમાં ધર્મ અને મોક્ષ માટે 'પરમાર્થ' એવો શબ્દ વપરાયો છે, જ્યારે અર્થ અને કામ માટે 'વ્યવહાર' એવી સંજ્ઞા અપાઈ છે. વળી આ સર્વ, એટલે કે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષને ચાર 'પુરુષાર્થ', અથવા તો જીવનનાં મૂળભૂત પ્રાપ્તવ્ય અને કર્તવ્ય કહ્યાં છે. એમાં અર્થ અને કામની પ્રાપ્તિ, અને તેને માટેની ક્રિયાઓ, રોજબરોજના જીવનમાં એ માટે કરવાં પડે તે કર્મ, તેને 'વ્યવહાર' કહ્યો છે. આવી જ રીતે ધર્મ અને મોક્ષ, અથવા પરમ ધ્યેયની પ્રાપ્તિ, તેને 'પરમાર્થ' કહ્યો છે.

આ સંદર્ભે પછી બાપાનું સૂચન એવું હતું કે, “માનવ શરીર મળ્યા પછી પ્રત્યેક માનવીનો ધર્મ છે કે વ્યવહાર શુદ્ધ કરી, જે યથાર્થ વ્યવહાર બને, અને પારમાર્થિક ફળનો અનુભવ થાય તે જરૂરી છે.” સને ૧૯૭૧માં જ્યારે સર્વપ્રથમ શાસ્ત્રીજીને મળવાનું થયું એ પછી તરતના ગાળામાં એક વાર એમણે મને એક પોસ્ટકાર્ડ લખેલું, તેમાં આ વાત તેમણે લખી હતી. અલબત્ત એ પછી પણ જ્યારે જ્યારે તેમને મળવાનું થાય ત્યારે વારંવાર વ્યવહાર તથા પરમાર્થ, આ બંનેને હંમેશાં સાથે રાખીને ચાલવાનું ભારપૂર્વકનું સૂચન તેઓ કર્યા કરતા. આ વિશે શાસ્ત્રીજીએ વિગતે તો સમજાવ્યું, વળી સાથે જ તેમણે વારંવાર વજનપૂર્વક એમ પણ કહ્યું કે, “વ્યવહાર તથા પરમાર્થ બંનેના સાધક બનો.” આ વાત અને શબ્દો, 'વ્યવહાર' તથા 'પરમાર્થ', તે એમની બધી વાતમાં એક અથવા બીજા સ્વરૂપે આવ્યા જ કરતા! આ બંને કેવી રીતે એકસાથે સાધવા તે તેઓ વિવિધ ઉદાહરણ આપીને સમજાવ્યા કરતા.

એક વાર આ વિષે એક સરસ વાત

તેમણે કરી, "જ્યારે આંગળી પર લાકડીને ટેકવીએ ત્યારે નજર શેના પર રાખીએ છીએ? લાકડીની ટોચ પર કે આંગળી પર? જો આંગળી પર નજર રાખીશું તો લાકડી પડી જવાની! આપણે તો નજર લાકડીની ટોચ પર, મૂળ ધ્યેય આત્મજ્ઞાન, ઈશ્વરપ્રાપ્તિ પર રાખવાની છે. પછી નીચેની આંગળી એટલે કે વ્યવહાર તો આપોઆપ ચાલ્યા કરશે. તેના પર સ્વતંત્ર લક્ષ્ય કે ધ્યાન નહીં આપવું પડે. આપણે વ્યવહાર છોડવાનો આગ્રહ રાખવાનો નથી. વ્યવહાર તો ક્યાંય છૂટતો નથી. માત્ર એક વ્યવહારમાંથી બીજા વ્યવહારમાં પડવાનું છે. જોવાનું એ જ છે કે મન વ્યવહારમાં ખૂંપી ન જાય પણ ઈશ્વરમાં લાગેલું રહે."

અહીંયાં 'આત્મજ્ઞાન' અથવા તો 'ઈશ્વરપ્રાપ્તિ' અને 'મોક્ષ' એવા શબ્દો વાંચીને કે સાંભળીને ગભરાવાનું અથવા મૂંઝાવાનું કારણ નથી! મૂળ વાત તો એટલી જ છે કે તમસ અથવા અંધકારમાંથી પ્રકાશમાં જવાનું છે. બીજી રીતે કહીએ તો અસત્યમાંથી સત્ય તરફ જવાનું છે, જીવન અને મૃત્યુનું અને જગત અને બ્રહ્માંડનું રહસ્ય તથા વાસ્તવિક સ્વરૂપ સમજવાનું છે. આપણું અંતઃકરણ જ્યારે જ્ઞાન અને પ્રકાશમય બને ત્યારે જ વાસ્તવિક આનંદનો અનુભવ પણ થવાનો છે. એટલે આ સંપૂર્ણ આનંદમય સ્થિતિ એ જ સાચું સુખ છે. તેના જ પર્યાયરૂપે આપણી ભાષામાં 'ઈશ્વર', 'મોક્ષ' અને આવા અનેકવિધ શબ્દો વપરાયા છે. મૂળતઃ તો આપણે આપણી જાત સાથે રહેતાં શીખવાનું છે અને આપણો પોતાનો સંતોષ અને આનંદ અનુભવવાનો છે.

વળી જ્યારે 'મોક્ષ' અને એવી બધી વાત આવે ત્યારે ઘણી વાર આપણામાંથી ઘણાને અનેક ચિત્રવિચિત્ર લાગણીઓ પણ ઉત્પન્ન થાય છે! કોઈક તો વિચારે છે કે આપણને અહીંયાં અને આ દુનિયામાં ગમતું અને પ્યારું એવું સર્વ તેને છોડવું એટલે એનું નામ મોક્ષ! પણ આવી કલ્પના ખોટી છે. ખરેખર તો મોક્ષ એટલે સંપૂર્ણ અને પરિપૂર્ણ સ્વતંત્રતા, આવો અર્થ કરી શકાય. આપણે તરત સમજી શકીએ તેવું છે કે અત્યારે તો આપણે અંદર અને બહાર અનેક રીતે બંધાયેલા છીએ, સ્વતંત્ર નથી. આ તો આપણો પોતાનો જ અનુભવ છે, તેમાં કંઈ વિશેષ લખવા, સમજાવવાની જરૂર નથી! આવા બંધનોમાંથી છૂટીને સંપૂર્ણ રીતે સ્વતંત્ર થવું તેનું નામ જ મોક્ષ. આવી આ સ્વતંત્ર અવસ્થા, તેને 'મુક્તિ' તરીકે પણ ઓળખાવાય છે. આજનું જીવન સહજ રીતે જીવતાં જીવતાં પણ એ અવસ્થામાં રહી શકાય છે. એવા લોકોને આપણી પરંપરામાં 'જીવનમુક્ત' કહ્યા છે.

અહીંયાં બાપાએ જે વાત કરી તેમાં એક અતિ મહત્ત્વની વાત તેમના છેલ્લા વાક્યમાં સમાયેલી છે. તેમણે એવું કહ્યું કે "જોવાનું એ જ છે કે મન વ્યવહારમાં ખૂંપી ન જાય." હવે આ કાર્ય તો ભારે સાવધાની માંગી લે છે! આપણો સહજ

સ્વભાવ જ એવો હોય છે કે વ્યવહારની વાતોમાં મન તરત જ વળી જાય અને તેમાં જ રમમાણ થઈ જાય! તેનું કારણ એવું છે કે વ્યવહારની જે વાત એ તો બધી પાંચ ઇન્દ્રિયો સાથે, એટલે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એના સાથે સીધો સંબંધ ધરાવીને પ્રત્યક્ષ અનુભવ બનતો રહે છે. એટલે આ બધી વાત આપણા મન સાથે એકદમ જ જોડાઈ જાય છે. બીજી બાજુએ, ધર્મ અને મોક્ષ એ એવા પુરુષાર્થ છે જેમાં મનની એકાગ્રતા અને મહેનતની જરૂર પડે છે. આથી જ મન વ્યવહારમાં ન ખૂંપે એ માટે કંઈક યત્ન આવશ્યક બની જાય છે.

આપણે ત્યાં આ વિષયમાં ઘણી વાર એક ભારે રસપ્રદ ચર્ચા ચાલતી હોય છે. તેમાં અર્થ અને કામ, એ બંનેને આ લોક સાથે જોડી દેવાય છે, જ્યારે ધર્મ અને મોક્ષને પરલોકની વાત જણાવી દેવાય છે. કેટલીયે વાર કથાઓમાં, સત્સંગમાં, અથવા ઉપદેશ અપાય તેમાં એવું કહેવાતું હોય છે કે "પરલોક સુધારો", મૃત્યુ તો તમારી પાછળ પડેલું જ છે, ગમે ત્યારે એ તમને ગ્રસી જશે. છેવટે તો મૃત્યુના શરણે જવાનું જ છે. આથી આ લોકની ચિંતા કરવાની જરૂર નથી, ગમે તેમ કરીને એવું કરો કે જેથી તમારો મૃત્યુ પછીનો પરલોક સુધરી જાય. આ સાથે જ હવે બીજી બાજુએ કેટલાક ઉપદેશકો અને સન્યાસીઓ પણ એવું કહેવા લાગ્યા છે કે આ 'પરલોક સુધારો' એવો ઉપદેશ ખોટો છે, પહેલાં તો આ લોકને સુધારવાનું કામ કરવાનું છે! તેઓ એવું કહે છે કે જો આ લોકને સુધારવાની તમારી શક્તિ ન હોય તો પરલોક ક્યાંથી સુધરવાનો છે!

આમ જુઓ તો આ બંને વાતોમાં કંઈક સત્ય અને તથ્ય છે. વિરોધાભાસ તો ત્યારે જ ઊભો થાય છે જ્યારે આપણે આ લોક કે પરલોક, તેને એકાંગી રીતે જોઈએ છીએ. અર્થ અને કામ, તેની સિદ્ધિ તો આ દુનિયામાં આપણે આવ્યા, શરીર ધારણ કર્યું, સગાંવહાલાં, માતા-પિતા આ સૌની સાથે સંકળાયા, એટલે થવાની જ છે. પરંતુ આ સાથે જ બાપાએ કહ્યું એ પ્રમાણે આપણે નજર એ તો લાકડીની ટોચ ઉપર એટલે કે જ્ઞાન અને પ્રકાશની પ્રાપ્તિ પર જ રાખવાની છે. જો એ ચૂક્યા તો એ મોટો ખોટનો ધંધો થાય. ખરેખર તો 'અર્થ'થી પણ આગળ તે પરમ અર્થ, એટલે કે જેને ધર્મ અને મોક્ષ કહે છે, એ જ આપણે અહીંયાં 'પરમાર્થ' કહીએ છીએ.

આ રીતે, હકીકતમાં જો વ્યવહાર અને પરમાર્થ આ દૃષ્ટિએ સમગ્ર વાતને જોઈએ તો આવો આ લોક અને પરલોક એવો કોઈ વિરોધાભાસ રહેતો નથી. બાપાએ કહ્યું તે પ્રમાણે વ્યવહાર તથા પરમાર્થ બન્નેને સાથે રાખીને ચાલવાનું છે, એટલે કે ક્ષણે ક્ષણે તે બંનેનું સંતુલન કરવાનું છે. જો આટલું કરીએ તો સ્વાભાવિક અને સહજ રીતે જ અર્થ તથા કામ એ બંનેની સિદ્ધિ થવાની, એટલે કે આ લોક, અથવા આપણું અહીંયાંનું ભૌતિક જીવન

સુધરવાનું અને તે ઉચ્ચ અને ભવ્ય કક્ષાએ જવાનું. આ સાથે જ પરમાર્થ એટલે કે ધર્મ અને મોક્ષ, એને પણ સાથે રાખીએ એટલે જે પરલોક હોય અથવા ત્યાં જે કંઈ પણ થવાનું હોય એ તો સહજ રીતે જ સુધરવાનું છે.

જો એવું વલણ રાખીશું કે પહેલાં તો આ લોક એ જ સુધારો, પરલોકનું તો પછી જોવાશે, તો તેમાં એક ભયસ્થાન એવું રહેલું છે જે બાપાએ ઉપર સમજાવ્યું છે. એ ભય એવો છે કે આપણું મન વ્યવહારમાં જ ખૂંપી જાય! આમ પણ આપણી બુદ્ધિ સ્થૂળ રીતે ચાલ્યા કરતી હોય છે અને વ્યવહારમાં ફસાઈને એટલે કે ભૌતિક સુખ સામગ્રીની પાછળ પડવામાં તો આપણને માવા મીઠાઈ ખાવાનો આનંદ આવવાનો! પછી આપણી સ્થૂળ બુદ્ધિને પરમાર્થ ને ભૂલી જતાં શું વાર લાગે? જો આવું થાય તો જીવનનો મોટામાં મોટો અર્થ અને મોટામાં મોટું સાધ્ય એ કેવળ વ્યર્થ બની ને ઊભું રહે. જે ઉત્તમ જીવન મળ્યું છે તેના દ્વારા કોઈ મોટો અર્થ કે મહાન સિદ્ધિ સધાય નહીં. પછી એવા કેવળ આ લોકની સાધના કરવામાં, કંઈક થોડી અને જેવી તેવી ભૌતિક સુખ-સમૃદ્ધિની પાછળ પડવામાં, આપણા ઉત્તમ જીવનનો કીમતી સમય વ્યર્થ રીતે ખર્ચાઈ જાય. આ તો જીવનમાં મોટી જબરી ખોટ કરી એવું કહેવાય!

હમણાં જ કોઈ ઉપદેશકે એવું કહ્યું અને તે મેં સાંભળ્યું કે બસ હવે અહિંસા બહુ કરી, તેમાં શું મળી ગયું? હવે તો બસ વીરતાની ઉપાસના કરો! તેમના કહેવાનો ભાવ એવો હતો કે આપણે આપણી પોતાની રક્ષા કરવાની છે. નપુંસક બનીને આપણાં ધર્મ અને સંસ્કૃતિની હાનિ થવા દેવાની નથી. આ વાતમાં તથ્ય છે અને ઉત્તમ વ્યવહારમાં તે સહજ સમાય પણ છે. તે જરૂર કરવું પણ જોઈએ. જેમ દેહની તેમ સમાજ અને દેશની પણ રક્ષા કરવાની છે. પણ તેમાં ભયસ્થાન અને ખોટની વાત એ જ થઈ જાય તેવું છે કે જો કાળજી અને સંતુલન ન રહે, થોડી પણ બેદરકારી થઈ જાય તો આપણું મન ઉચ્ચ ધ્યેયોને ભૂલીને ઝઘડાખોરી અને એવી નાની બાબતોમાં તરત ફસાઈ જાય!

વળી કંઈ પ્રસંગ થયો અને શાસ્ત્રીજીને મળવાનું બન્યું ત્યારે તેમણે કહ્યું,

"મેં તને પત્રમાં શું લખેલું તે યાદ છે ને? વ્યવહાર તથા પરમાર્થ બંનેના સાધક બનો. વળી સાધના પણ શરીરને હાનિ થાય તેમ નથી કરવાની એ પણ અગત્યની વાત. પ્રથમ તારે વિજ્ઞાનવેત્તા બનવું હતું, હવે જ્ઞાન-વિજ્ઞાનવેત્તા બનવાનું છે! અંતરમાં એક નિશ્ચય તો દૃઢ બની ગયો છે, હવે કોઈ જુદા જ પ્રવાહમાં ખેંચાઈ જવાની ભીતિ તો છે નહીં, તો પછી જે વિષય ગણિત અત્યારે ભણે છે તેનો પરિચય વ્યવહારમાં રહ્યા કરે તો શું નુકસાન છે?" આમ તેઓ આગળ ભણીને એમએસસી તથા સંશોધન કરવાની સલાહ આપતા હતા. **[ક્રમશઃ]**



નિચુલ

☐ પ્રદીપ સંઘવી

સાંજે એક મિત્રનો ફોન આવ્યો કે બેરિંગ્ટૉનિયાનાં વૃક્ષોને ફૂલ આવ્યાં છે. તેમણે થોડા આકર્ષક ફોટા પણ મોકલ્યા. હું ખેંચાયો.

આ ઝાડને આપણે હાલ 'નિચુલ' જ કહીશું, કેમ કે નામમાં ગૂંચવાડાનો સંભવ છે. આ ઝાડ જોકે મુંબઈમાં ભાગ્યે જ જોવા મળે છે, છતાં મેં જોયાં છે. અમારા જ જંગલમાં એ છે તે મને ખ્યાલ નહોતો. વળી જે સ્થળે એ છે, ત્યાં દસ-બાર થડવાળો વિશાળ વડ છે. પૂર્ણિમાના ચંદ્રની પડખે તારાઓ તરફ ધ્યાન ક્યાંથી જાય? એમ, આ વૃક્ષો તરફ પણ મારું ધ્યાન ગયું ન હતું.

વહેલી સવારે પહોંચ્યો ત્યારે સૂરજ હજુ ટેકરીઓ પર આવ્યો ન હતો, પણ અજવાળું થઈ ગયું હતું. લીલી ઘટા પર લાલ ઢોળ જોઈને મારા ધબકારા વધી ગયા. રસ્તાથી નજીક જ હતું. ગયો અને જોતો જ રહી ગયો.

ઝાડપર નહિ નહિ તો બે-ચાર હજાર ગુચ્છા લટકતા હતા. આનાં ફૂલો ઝીણાં હોય છે અને લાંબા, પાતળા, લટકતા ગુચ્છાઓમાં ખીચોખીચ ભરેલાં હોય છે. રંગ એકદમ તેજસ્વી લાલ. ગુલમોરથી તો લાલાશ ચડે જ. તમે જો પનરવા

કે બૉટલ-બ્રશનાં ફૂલો જોયાં હશે, તો સમજો કે રંગમાં એવાં જ.

આની મજા એ છે કે ગુચ્છાની ડાળખી પતલી છે. એટલે પવન મંદ હોય તો પણ આ લાલ મંજરીઓ ડોલતી હોય. હજાર મંજરીઓ પવનમાં ઝૂલતી હોય, ફૂલ ઊડી ઊડીને નીચે ખરતાં હોય, નીચે લાલ ગાલીચો પથરાઈ ગયો હોય, હવામાં અજબ મહેક ઓગળેલી હોય - તો થાય, ચાલ જીવ! અહીં જ સૂઈ જઈએ.

પણ સબૂર!

ઝાડ નીચેની જમીન કર્દમભૂમિ છે. ચોમાસામાં અહીં પાણી પણ ભરાય છે. ઉનાળાની આખર એટલે પાણી તો ક્યારનું ગયું, પણ કાદવમાં હજુ ભીનાશ છે. પગ થોડા ખૂંપે પણ ખરા. કાદવમાં કાવ્ય હોય એ ખરું (સૌજન્ય: કાકાસાહેબ કાલેલકર), પણ એ જોવા માટે. ચાલવા, બેસવા કે સૂવા માટે નહિ. એટલે જુઓ અને નીરખો.

આજુબાજુ ફરીને જોયું તો ત્યાં બીજાં ત્રણ-ચાર વૃક્ષો પણ હતાં. એકને ફૂલો ખરી ગયાં હતાં. બાકીનાંઓએ અર્ધો વૈભવ વિખેરી નાખ્યો હતો. એકદમ છલકાતું, સમૃદ્ધ અને શિરમોર, એ પહેલું જોયું એ જ. લાલ જાજમ તો બધાંએ પાથરી હતી. આમાંનાં કેટલાંક નીચેની ભોંય પણ કોરી હતી; એટલે ચત્તા સૂઈને લાલ-લીલી ઘટા જુઓ અને ખરતાં ફૂલડાં ઝીલો (કાદવનું કાવ્ય સંપન્ન!).

ફૂલ તો ઝીણાં છે, સફેદ-ગુલાબી. નીરખો નહિ તો ધ્યાન પણ ન જાય. જે વૈભવ છે એ પુંકેસરોનો. લાંબાં,





પાતળાં, છેડેથી સહેજ વળાંકદાર અને ચમકતા લાલ રંગનાં.

મંજરીઓ લાંબી છે - ૩૦થી ૫૦ સે.મી.ની. કોઈક લીલી કળીઓથી ભરી છે, કોઈ લાલ કળીઓથી. કોઈ લાલ ફૂલોથી. જેનાં ફૂલ ખરી ગયાં, એની લીલી, પતલી ડાળખીઓ કંઈક વધુ ખુશીમાં ઝૂમતી હતી (હળવી એ ઑર હળવી થઈ ગઈ). અહીં પાંદડાં ઉપર પણ ધ્યાન ગયું. પાંદડાં મોટાં (૧૫-૨૫ સે.મી.), લંબગોળ, છેડેથી પહોળાં. ક્યાંક-ક્યાંક નવાં, નાનાં ગુલાબી પાંદડાં ચમકે છે.

અગાઉ મેં મુંબઈના પ્રા(રા)ણીબાગમાં આ ઝાડ જોયેલું. અંધેરી ભવન્સમાં જોયેલું. દાદર પારસી કૉલોનીમાં. બૅન્ગલુરુના લાલબાગમાં. ક્યાંક બીજે પણ. પણ આવી જાહોજલાલી ભાગ્યે જ જોઈ હશે. એટલામાં સૂરજ ઊગ્યો. સોનામાં સુગંધ તો હતી જ, તેજ પણ ભળ્યું.

* * *

આ ઝાડ મૂળ ભારતીય. અગ્નિ એશિયાના બીજા દેશોમાં પણ ખરું. ઉત્તર ઑસ્ટ્રેલિયામાં પણ. વાલ્મીકિ રામાયણમાં ઉલ્લેખ છે. બીજા મહાકવિઓએ તો રમ્ય વર્ણન પણ કર્યાં છે. જરા ચાખીશું?

વ્યાધૂયન્તે નિચુલતરુભિઃ મંજરી ચામરાણિ।
કાલિદાસ, વિક્રમોર્વશીયમ્, ૪.૪

રાજા વિક્રમ ઉર્વશીની શોધમાં વનમાં આવ્યો છે. થાક્યો છે. નિચુલવૃક્ષની મંજરીઓ તેને ચામર ઢોળે છે.

સીતાત્યાગનાં વર્ષો પછી શ્રીરામ પંચવટીમાં આવે છે. જ્યાં વૈદેહી સાથે આનંદપૂર્વક કાળ વિતાવેલો, એ યાદ કરે છે :

આ એ જ મોરના ટહુકાઓથી ગાજતા પર્વતો, આ એ જ મત્ત હરણાંની વનસ્થલી, જ્યાં મંજુ વંજુલ (નેતર)ની લતાઓ છે અને કદમ્બ અને નિચુલવૃક્ષોની સઘન ઘટાથી છલકાતા એ જ સરિતાતટ છે.

નીરંધ્રનીપનિચુલાનિ સરિત્તટાનિ ।

(ની/નિ ની વર્ણસગાઈથી વસંતતિલકાની આ પંક્તિ કાનને કેવી મીઠી લાગે છે - ગાઈ/સાંભળી જુઓ!)

નીરંધ્ર – જેની ઘટામાં એક પણ છિદ્ર દેખાતું નથી એવાં નીપ (કદમ્બ) અને

નિચુલવૃક્ષોથી છલકાતા સરિતાતટો....
ભવભૂતિ, ઉત્તર રામચરિત, ૨.૨૩

* * *

નિચુલ (સમુદ્રફળ)નાં વૃક્ષો પાણીકિનારે જ ઘણુંખરું થાય છે. ભવભૂતિએ ગોદાવરીકિનારાની વાત કરી છે. તળાવો અને ભીની માટીવાળી કર્દમભૂમિ પાસે પણ. હવે વિચારો, જમીન પર ફૂલોનો ગાલીચો આટલો રમણીય લાગે છે, તો જ્યાં કિનારે અનેક નિચુલવૃક્ષો ઊભાં હોય અને પાણીમાં તેના લાલ ગાલીચા લહેરાતા હોય એ કેવું અદ્‌ભુત દૃશ્ય હશે! ઇન્ટરનેટ પર આવી તસવીરો જોઈને હું આશ્ચર્યમુગ્ધ થઈ ગયો.

નિચુલ શબ્દનો અર્થ જ એ છે. 'નિચોલ્યતે અમ્બુના ઇતિ નિચુલઃ' - પાણીકિનારે આ વૃક્ષ થાય છે એટલે પાણી પી પીને ઊંચાં થાય છે.

* * *

સંસ્કૃત નામો - નિચુલ, હિજ્જલ (પાણી જેને પ્રિય છે), અમ્બુજ (પાણીમાં ઊગતું), ધાત્રીફળ (બાળકોની બીમારીઓમાં ઉપયોગી માટે. ધાત્રી એટલે દાઈ; હવે દાઈ એટલે શું એ ન પૂછતા!) વગેરે.

ગુજરાતી, હિંદી - સમુદ્રફળ.

અંગ્રેજી - Small Indian Oak, Stream Barringtonia etc. શાસ્ત્રીય નામ - Barringtonia acutangula

સમુદ્રફળ (કે સમુદ્રફૂલ) આના એક બીજા જાતભાઈનું પણ નામ છે. શાસ્ત્રીય નામ - Barringtonia asitica.

મુંબઈના મરીન ડ્રાઇવ પર વૃક્ષો રોપવાના ઘણા પ્રયત્નો નિષ્ફળ ગયા. પછી આ વૃક્ષ (Barringtonia asitica) ફળ્યાં. આજે આખા મરીન ડ્રાઇવ પર આનાં સુશોભિત વૃક્ષો ઊભાં છે. એ બારમાસી (સદાહરિત) હોય છે. તેનાં ફૂલ મોટાં અને સફેદ હોય છે, એ પણ પુંકેસરોથી છલકાતાં હોવાને લીધે પાઉડર-પફ જેવાં દેખાય છે. પુંકેસરો નીચે સફેદ અને ઉપર ગુલાબી હોય છે. છેડે પરાગકોષનું ઝીણકું પીળું ટપકું હોય છે. આ સંયોજનથી ફૂલ ખૂબસૂરત દેખાય છે. વળી સુગંધી પણ ખરાં. એનાં ફળ કંઈક ફાનસ આકારનાં હોય છે. નિચુલનાં ફળ પણ એને મળતાં દેખાવનાં હોય છે.

* * *

રસિકો માટે ભવભૂતિનો તે શ્લોક અને ઉમાશંકર જોશીનું ભાષાંતરઃ

એતે ત એવ ગિરયો વિરુવન્મયૂરા-
સ્તાન્યેવ મત્તહરિણાનિ વનસ્થલાનિ ।
આમંજુવંજુલલતાનિ ચ તાન્યમૂનિ
નીરંધ્રનીપનિચુલાનિ સરિત્તટાનિ ॥

તે એ જ સૌ ગિરિવરો, જહીં મોર ગ્હેકે,
આ એ જ મત્તહરિણોની વનસ્થલીઓ,
જ્યાં મંજુવંજુલલતા, સરિતાતટો એ,
ગાઢાં કદમ્બનિચુલદ્રુમથી લચેલાં.

❑❑❑



સામાન્ય પડપૂછ

☐ અર્નેસ્ટ હેમિંગ્વે ☐ અનુ.: વિજય શાસ્ત્રી

બહાર, બારી કરતાં ઊંચે બરફ છવાયેલો હતો. બારીમાંથી આવતો સૂર્યપ્રકાશ કૉટેજની પાઇનના લાકડાની દીવાલ પર ટાંગેલા નકશાને અજવાળતો હતો. સૂર્ય વધુ ઊંચે ચઢતાં પ્રકાશ બરફના થરને વીંધતો પ્રવેશતો હતો. કૉટેજની ખુલ્લી બાજુએ ખાડો ખોદવામાં આવ્યો હતો. નિરભ્ર પ્રકાશમય દિવસે દીવાલ પર ત્રાટકતા તડકાને કારણે ખાડો વધુ મોટો લાગતો હતો. માર્ચના પાછોતરા દિવસો હતા. મેજર, દીવાલ પાસેના ટેબલ પાસે

બેઠા હતા અને બાજુના ટેબલ પર તેમનો મદદનીશ બેઠો હતો. મેજરની આંખફરતે પડેલાં બે સફેદ કૂંડાળાંને ઢાંકતા સ્નોગ્લાસ બરફ પર પડતા સૂર્યપ્રકાશથી પણ ચહેરાના અમુક ભાગને રક્ષણ આપતા હતા. ચહેરાનો કેટલોક ભાગ દાઝી ગયો હતો અને તેના પર ગરમીને લીધે અળાઈ ફૂટી નીકળી હતી. એ ભાગ પરની ત્વચા પણ દાઝેલી લાગતી હતી. નાક ફૂલેલું હતું અને લબડી પડેલી ત્વચા પર પણ અળાઈ ફેલાઈ ગઈ હતી. કાગળિયાં પર કામ કરતી વખતે મેજર ડાબા હાથની આંગળીઓથી હળવા સ્પર્શથી તાસકમાંથી તેલ લઈને આખા ચહેરે માલિશ કરતા. આમ કરતી વખતે ખૂબ કાળજી રાખતા, પરિણામે આંગળીઓ પર તેલની બારીક પર્ત બાઝી ગઈ હતી. કપાળ અને ગાલ પર માલિશ કર્યા બાદ અત્યંત નાજુકાઈથી નાકને આંગળીઓ વડે પસવારતા. આ બધો ક્રિયાકાંડ સંપન્ન કરીને મેજર ઊભા થયા અને તેલની તાસક ઉપાડી કૉટેજના અંદરના ભાગે આવેલા પોતાના શયનખંડમાં ચાલ્યા ગયા. 'હું એક ઝોકું ખાઈ લઉં' તેમણે પોતાના મદદનીશને કહ્યું. આ મદદનીશ લશ્કરમાં કોઈ સત્તાવાર હોદ્દો ધરાવતો નહોતો. 'બધું કામ પતાવી દેજે.'

'જી સર, મેજર' મદદનીશે જવાબ વાળ્યો. આમ કરીને તે પોતાની બેઠક

પર ગયો, અઢેલીને બેઠો અને બગાસું ખાધું. કોટના ખિસ્સામાંથી પૂઠું ચડાવેલી એક ચોપડી કાઢી, ખોલી, પાછી તરત જ ટેબલ પર મૂકી દીધી અને પાઇપ સળગાવી, પાછો વાંચવા માટે ટેબલ પર ઢળ્યો. પાઇપના ધુમાડા કાઢ્યા, ચોપડી બંધ કરી, હતી ત્યાં કોટના ખિસ્સામાં મૂકી દીધી, કેમ કે કાગળિયાનું ખાસ્સું મોટું કામ પૂરું થવાની રાહ જોતું પડ્યું હતું. એ પતે નહિ ત્યાં સુધી ચોપડીમાં જીવ ચોંટે એમ નહોતું. બહાર, સૂર્ય ડુંગરા પાછળ ઢળતો જતો હતો, પરિણામે કૉટેજની દીવાલ પર તડકો આવતો બંધ થયો હતો. એટલામાં એક સૈનિક અણસરખા કાપેલા પાઇન વૃક્ષનાં લાકડાંનો ભારો લઈ અંદર આવ્યો અને ભારો ચૂલા તરફ ફેંક્યો.

'ધીમે પિનિન!' મદદનીશ તાડૂકી ઊઠ્યો. 'મેજર સૂઈ ગયા છે.'

પિનિન આમ જુઓ તો મેજરની સેવામાં હતો. કાળો ચહેરો. ઉંમરમાં સાવ છોકરડો. ચૂલામાં ગોઠવવાનાં લાકડાંનું કામ પતાવી, બારણું બંધ કરી કૉટેજની બહાર નીકળી ગયો અને મદદનીશ પાછો પોતાના કામે લાગી ગયો ત્યાં જ -

'ટોનાની!' મેજરે બૂમ મારી.

'હાજી મેજર.'

'પિનિનને મોકલ.'

'પિ... નિ... ન...' મદદનીશે બૂમ મારી. પિનિન આવ્યો. 'મેજર બોલાવે છે, જા.'

પિનિન કૉટેજનો મુખ્ય ઓરડો વટાવી મેજરના શયનખંડના બારણા પાસે જઈ ઊભો. અધખૂલા બારણે ટકોરો માર્યો : 'મેજરસાહેબ.'

'અંદર આવ, બારણું બંધ કરતો આવ.'

અંદરના ઓરડામાં મેજર સૂવાના પાટિયે લાંબા થઈને પડ્યા હતા. ફાલતુ કાપડના ડૂચા ભરેલી, ખભે ભરાવી શકાય એવી બૅગનું ઓશીકું બનાવી મેજર સૂતા. તેઓ લાંબા, દાઝેલા ચીકણા ચહેરે પિનિનને તાકી રહ્યા. તેમના હાથ ઓઢવાના ધાબળે ફેલાઈને પડ્યા હતા.

'તું ઓગણીસ વર્ષનો છે, બરાબર? મેજરે પૂછ્યું.

'હાજી મેજર.'

'તું ક્યારેય પ્રેમમાં પડ્યો છે?'

'આપ શું કહેવા માગો છો, મેજર?'

'પ્રેમમાં, છોકરી સાથે પ્રે...'

'હું છોકરીઓ સાથે ફર્યો છું.'

'હું એ નથી પૂછતો. હું એમ પૂછું છું કે તું ક્યારેય પ્રેમમાં પડ્યો છે - છોકરી સાથે?'

'હાજી, મેજર.'

'હાલ પણ તું પ્રેમમાં છે? તેં તેને પત્રો લખ્યા નથી? મેં તારા બધ્ધા પત્રો વાંચ્યા છે.'

'હું તેના પ્રેમમાં છું, પણ પત્રબત્ર લખતો નથી.'

'ચોક્કસ?'

'ચોક્કસ.'

'ટોનાની,' મેજર અવાજ બદલ્યા વગર બરાડ્યા 'હું તને વાત કરતો સંભળાઉં છું?'

બાજુના ઓરડામાંથી કશો અવાજ આવ્યો નહીં.

'તેને નહીં સંભળાય' પછી આગળ ચલાવ્યું 'તું સાચું બોલે છે? કોઈ છોકરીના પ્રેમમાં છે?'

'સાચ્ચેસાચું.'

'અને' મેજરે પિનિન સામે નજર ટેકવી પૂછ્યું, 'તું 'ભ્રષ્ટ' નથી થયો?'

'ભ્રષ્ટ? મને કંઈ સમજાયું નહીં.'

'વારુ ત્યારે, તને હવે બઢતીની જરૂર નથી.'

પિનિનની આંખો ભોંય ખોતરતી રહી. મેજરે (પિનિનના) ભૂખરા ચહેરા ઉપરથી નીચે નજર ફેરવી હાથ જોયા. પછી સ્મિતરહિત ચહેરે બોલ્યા, 'તું ખરેખર,' પિનિન હજીયે નીચું મોં કરીને ઊભો હતો. 'કોઈ મહત્ત્વાકાંક્ષા ધરાવતો નથી, બરાબર?' પિનિન હજુયે ઊંચે જોતો નહોતો. મેજરે ઓશીકે માથું ટેકવ્યું અને હસ્યા. કંઈક રાહત અનુભવી હોય એમ બોલ્યા, 'લશ્કરમાં જિંદગી બહુ અટપટી હોય છે. તું એક સરસ છોકરો છે, પણ ઊંચા હોદ્દાની આશા રાખતો નહીં. કોઈ ચડાવે તોયે!'

પિનિન હજુયે પૂર્વવત્ પાટિયા પાસે ઊભો હતો.

'ગભરાઈશ નહીં' બોલતાં મેજરના બંને હાથ ધાબળા પર પરસ્પરમાં ગૂંથાઈને ફેલાયેલા પડ્યા હતા. 'હું તને કંઈ નહીં કરું. તારી મરજી હોય તો તું તારી પ્લેટૂનમાં પાછો જઈ શકે છે, પણ અહીં મારા સહાયક તરીકે ચાલુ રહે તો બહેતર. અહીં માર્યા જવાનું જોખમ બહુ ઓછું છે.'

'આ સિવાય બીજું કંઈ મેજરસાહેબ?'

'ના, બીજું કંઈ નહીં. તું જઈ શકે છે અને તારી મરજી પ્રમાણે રહી શકે છે. જતાં-જતાં બારણું ખુલ્લું જ રાખજે.'

પિનિન ત્યાંથી નીકળી ગયો. બારણું વટાવી ગયેલા પિનિનને સહેજ લથડતા પગે ચાલતો, મદદનીશ જોઈ રહ્યો. ચૂલા માટે ઈંધણ લઈને ચાલતો પિનિન અને અત્યારે કંઈક અલગ અંદાજમાં ચાલતા પિનિન વચ્ચેનો તફાવત જોતો રહ્યો. મંદ સ્મિત કર્યું. થોડીવારે પિનિન વધુ લાકડાં સાથે પાછો ફર્યો. ફરતે કકડો વીંટાળેલી હેલ્મેટ અને દીવાલ પરના ખીલે લટકતા સ્નોગ્લાસીસ તરફ એકીટશે તાકી રહેલા મેજર, કૉટેજની ફર્શ પર પડતાં પિનિનનાં પગલાંનો અવાજ સાંભળી રહ્યા.

'શયતાનનો બચ્ચો. મને થાય છે કે તેણે મારી સામે જુઠ્ઠાણું ચલાવ્યું હોય તો સારું!'

['A simple Enquiry'નો અનુવાદ]

❑❑❑



મુંજાવર સૂબા સાંઈ

☐ દિક્પાલસિંહ જાડેજા

તેણે પૂછ્યું, 'ક્યાંથી આવ્યો? બેબિલોનથી?'

મેં કહ્યું, 'બેબિલોન...!? ના, હું તો ભાવનગરથી.'

'હ઼ાચુ બોલસ!?' પૂછનારની આંખમાં ન સમજાય એવો આશ્ચર્યમિશ્રિત પ્રશ્ન હતો.

મેં કહ્યું, 'હું હ઼ાચુ(સાચું) બોલું છું કે ખોટું એ તમે કેમ નક્કી કરશો સાંઈ?'

તેણે કહ્યું, 'ઈ નક્કી ન કરવાનું હોય. પે'લેથી બધું નક્કી જ હોય. તું આંયા ક્યાં આવવાનો હતો? હતું તારું ઠેરાણ (મુકામ) આંયા? તોય આવી પૂગ્યો ને? જેને જેના દીદાર થવાના હોય એને એના દીદાર થઈને રે ભાઈ. અન્ તું આંયા આયવો નથી, હું તને લાયવો છું. બોલ, જાતનો દરબાર છો ને? વાઘેલોએ નંઈ, ઝાલોય નંઈ ને ઓતરાદી દ્રશ્યનો ઑયલો સોલંકીએ નંઈ પણ જાડેજી દરબાર, કાં? બોલ હવે લે... હાચું કે ખોટું?'

જિંદગીમાં ભયનો સામનો મેં ઘણી વખત કર્યો છે, પણ અંદર-અંદર દેહના ચૂરા થઈ જાય ને તોય ઊંહકારોય ન નીકળે એવી પરિસ્થિતિમાં હું આજે પહેલી વખત મુકાયો હતો. આ સામે જે અજાણ્યો માણસ છે તે મારી જનમની જાત શી રીતે જાણી ગયો એ અવઢવ ને મૂંઝારામાં વાચા બધી હરાઈ ગઈ હતી. એક તો આ માણસનો પહેરવેશ જૂના કાળના કોઈ દરવેશ-ફકીરી જેવો, બીજાઓથી સાવ જુદો. ઢીંચણ સુધીનો

કાળો ને અરધી ફાટેલી બાંયવાળો સુતરાઉ ડગલો, નીચે ગોઠણ સુધીની મેલ ખાઈ ગયેલી ચપોચપ ધોતી ને તડકે તપીને લાલ થઈ ગયેલી દાઢીવાળા આ ભેદી માણસનું સરનામું મને વેરાવળ-પોરબંદર હાઈવે પર આવેલા નરવાઈમાતાજીના થાનકેથી જડેલું. રાણાવાવની કૉલેજમાં એક રજાના શનિવારે ગમતા વિષય પરના સેમિનારમાં ભાગ લેવાનો લોભ હતો અને સાથે-સાથે ગીર વીંધીને ચોરવાડ-કુકસવાડાનો લીલી નાઘેરનો ગમતો મુલક ખૂંદવાનો શનિ-રવિની રજાઓનો બરાબરનો મેળ પણ બેસતો હતો એટલે એક શુક્રવારે કામનાં દળણાં દળીને ઢળતા બપોરે મારા જાવા મોટરસાઇકલ પર સવાર થઈને નીકળી પડ્યો.

ચોરવાડ પાસેના કુકસવાડા ગામે મારાં મોટાં બહેન પરણાવ્યાં છે એટલે રાતનું રોકાણ તેમને ત્યાં જ કરવું એમ નક્કી હતું. રાતના દસ પહેલાં જ મારે તો બસ્સો ને નેવું કિલોમીટર કાપી લેવાનાં હતાં. પછી તો હેયને હવામાં પતરંગા પંખી ઊડે એમ જલદી આવ્યું અમરેલી. અમરેલીમાં ભાઈબંધોને ન્યાય આપી સાંજ નમવાકેડે મેંદરડા, અજાબના પાદરેથી ગીરના ગાળામાં આડબીડ થઈને માળિયા-હાટીના થતો'કને રાત ઠેરાણો કુકસવાડામાં. એ રાતે જમતો હતો ત્યારે જ બહેને થાળી સાથે વાત પીરસેલી : 'રાણાવાવ જાછ તો રસ્તામાં વચ્ચે નરવાઈમાનું થાનક આવશે. ન્યાં નાળિયેર વધેર્યા વિના આગળ નો હાલતો, નહીં તો હેરાન થઈ જાઈશ. આંયા લોકોની માનતા છે કે નરવાઈના મારગેથી જે પે'લવે'લો પસાર થાય તેણે નરવાઈ માતાનાં દરશન કરીને જ આગળ વધવું જોઈ. ભલે, તું આવું કાંઈ નંઈ માનતો હો, પણ મારા હાટું આટલું કરજે ભાઈ.' હવે હેતાળ બે'નના બોલ સાટે તો બધ્ધું જ કરવું એવું નાનપણથી શીખેલો એટલે નરવાઈના થાનકે નારિયેળ વધેરીને જ રાણાવાવ જાવું એમ ટાઇમટેબલ મનના કાગળે છાપી લીધેલું. ભાવનગરથી છેક દ્વારકા સુધીના લાંબાલચ્ચ ચારસોક કિલોમીટરના દરિયાઈ પટ્ટે ચોંટેલો આ કૉસ્ટલ હાઈવે છેક નાનપણથી મારી રખડપટ્ટીઓના આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે એટલે હવેના બે દિવસ હું સ્વર્ગે રહેવાનો હતો એનો પૂરો અંદાજ મને હતો. ઝટ્ટ પડી સવાર ને માંગરોળ, માધવપુર વટતો અરધોક કલાકમાં તો આવ્યું નરવાઈમાનું મંદિર. મંદિર બહાર રહેલી પૂજાપાની દુકાનેથી છાલા કાઢેલું નારિયેળ, ગણીને છ અગરબત્તીનું પૅકેટ ને સાકરિયા શીંગદાણાનો પ્રસાદ લીધાં ને બે'નને દીધેલા કૉલ પૂરા કરીને શ્રીફળ વધેર્યું. પૂજાપાની દુકાને જ ચા ઊકળતી હતી એટલે જીભ અવળસવળ થઈ ને એને ચા પી લેવાની તલપ ઊઠી. મંદિરથી સહેજ દૂર ચાની રકાબી હોઠે અડાડતો હતો ત્યાં એક આધેડ ઉંમરના આદમીએ આવીને લોલુપ નજરે મારા મોટરસાઇકલને નીરખી. એની આંખો ને શરીરના

હાવભાવથી હું પામી ગયો હતો કે આને મારા જાવા બાઇકમાં પોતાના વીતી ગયેલા સમયના પડછાયા દેખાય છે. તમને સહુને ખાનગીમાં મારે એ વાત ઉમંગથી કહેવી છે કે આપણે ત્યાં સાઠ-સિત્તેરના દાયકા સુધી જાવા અને યઝદી મોટરસાઇકલનો માણસો સાથેનો એક બહુ જ નજીકનો પ્રેમ-સહવાસ હતો. પછીથી ભારતમાં ફોરસ્ટ્રોક મોટરસાઇકલના આગમન થયાં ને ભારતમાંથી જાવા-યઝદીએ વિદાય લીધી, પણ ગુજરાત-ભારતના લોકોનાં મનમાં આ કંપની છેક હૃદયના તાર ઝણઝણાવી ગઈ એ એનો એક જુદો જ રોમૅન્ટિક ઇતિહાસ છે. ભાવનગરમાં તો એક ઘરડા પારસીબાવાએ જાવાને ફરી નવા અવતારે જોઈને મને શુકનના સો રૂપિયા આપીને કહેલું, 'ડીકરા, આને ટુ (તું) પ્રેમ જ કરજે. મારી પાસે બી એક જાવા હટું (હતું). આ માટરસાઇકલ નથી હૉ. આટો(તો) બસ જાવા છે!' આવી લોકચેતનાને વરેલા એવા આ જાવાએ મને જુનવાણી ને 'અસ્સલ'ને ચાહનારા માણસોનો ઘણી વખત ભેટો કરાવ્યો છે એ વાત મારે કબૂલ કરવી પડશે. તે આજે, પણ આ જાવાએ જ મારા દરવાજા ખોલ્યા. હું ચા પીતો હતો ને પેલો આધેડ મારા બાઇકની ફરતે ફેરફુદરડી ફરવા માંડ્યો. વાતે-વાતે અડતો જાય ને કહેતો જાય, 'જાવા એટલે જાવા. ભગવાને આને બનાવીને પણ હાથ ધોઈ નાખ્યા છે, હો ભાઈ. આની રોનક જ



કાંઈક જુદી હોય હો. ભાઈ, હુંય ઈમ જાવાનો શોખીન છું હો. નવું તો નહીં, પણ ઓગણીસો ને સડસઠ (1967)ની સાલનું અસ્સલ જાવા મારે ફળિયે છે. કંયેક-કંયેક હાંકું એમ તો. બુલેટેય છે ને કાઠિયાવાડી ઘોડાએ છે. હાલો મારે ગામ, બતાવું બધું તમને.' અને પછી તો બાત ફેલ ગઈ ને જાવાએ એ અજાણ્યાને જાણીતો બનાવ્યો. ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના? રાણાવાવ જાવું જરૂરી ન હોય તો હાલો આપણે બેય ઘેડ ખૂંદીએ... ત્યાં સુધીનો મીઠો આવકાર મને એ આધેડ

ભાઈબંધ પાસેથી જડ્યો. નામ એનું જગમાલ મેર. ગોસા ને બળેજ વચ્ચેના વાડીવિસ્તારમાં અંતરિયાળ રહે છે એવા પરિચયની લેતીદેતી થઈ. જગમાલભાઈએ વાત-વાતમાં મારા શોખ ને રખડા વિશે જાણી લીધેલું એટલે એક કોર બોલાવીને મને ખાનગીમાં કહે, 'હવે આટલે આયવા જ છો તો એક ઠેકાણું ચીંધું. એક મળવા જેવો આદમી હમણાં ઘેડમાં ઠેરાણો છે. ગોસાથી આગળ દરિયાકાંઠે શિકોતરનું થાનક વટો ને કાંઠાના સરુનાં થડિયાના જંગલમાં તમને ઈ મળે તો મળીય જાય. પછી જેવા તમારા નસીબ. એની પાંહે તમને રહ્(રસ) પડે એવી ઘણી જૂની વાતું છે, પણ આદમી છે થોડો ફરેલ મગજનો. દુનિયાના લોકને એમ લાગે કે છે આ કામણ-ટૂમણિયો (જાદુટોના કરવાવાળો) છે, પણ એમ હકીકતમાં તો એને આ મુલકનો આખોય ભોંયબદલો ખબર છે. પોતે ફરતા રામ છે. એક ઠેકાણે કાયમ રહેતો નથી. તેને મન થાય તો રામેશ્વર પોગે ને તેને મન થાય તો કલકત્તેય પોગે, પણ હમણાં આંયા ઘેડમાં છે. તમને પછી જડેય તે ને નોયે જડે. મન પડે એ ધરમ પાળતો રહે છે ને મન પડે એવાં નામ રાખે છે. ઘરબાર ને વાંહે વેલો કાંય છે નહીં. અનેક બોલીઓ બોલે છે, પણ આદમી છે ગેબી એટલું પાક્કું. તમે એને મળો તો મારું નામ નો દેતા. હાલો ત્યારે જય નરવાઈમા.'

જેતમાલ મેરની આ વાતો સાંભળીને મારા હૃદયનાં કમાડ ખૂલી ગયાં. કોણ હશે એ માણસ? શું હશે એ માણસ? આવા ભેદી અને સાવ અજાણ્યા માણસ પાસે અણજાણી ભોંયમાં મારે શા માટે જાવું? મગજ સુન્ન થઈ ગયું હતું ને મેં નરવાઈમાતાનું થાનક છોડ્યું. ગોઠવેલા ટાઇમટેબલમાં નક્કી હતું કે રાણાવાવથી સીધો રાજકોટ થઈને રાત પડે એ પહેલાં તો મારા વતનગામ જતો રહીશ, પણ સેમિનાર પતાવ્યો ને શરીરમાં કોણ જાણે શુંયે આઘુંપાછું થઈને સંચાર પ્રગટ્યો, તે એ સાંજે ચાર કલાકે તો મેં મોટરસાઇકલને રાજકોટની દિશા ત્યજાવીને વળી પાછી નરવાઈમાતાના મંદિરની દિશા પકડાવી. પળ બે પળમાં મારા મને સમાધાન કરી લીધું હતું કે હવે આવતીકાલે તો અમથોય રવિવાર જ છે તે ભલેને આજનું રાતરોકાણ બે'નના ઘેર કુકસવાડામાં જ થાય. પછી તો પાણીનો રેલો દડે એમ દોઢેક કલાકમાં તો જગમાલ મેરે ચીંધેલા આદમીને મળવા તેને ઠેકાણે પહોંચી ગયો. ગોસા અને બળેજની વચ્ચે બાવળની કાંટમાં થઈને દરિયાની દિશામાં પીળી ધમરખ દરિયાઈ રેતીથી લદાલદ એક કાચા કેડે હું ચડ્યો. શિકોતરના મંદિરથી રેતીમાં આગળ બાઇક ચાલી શકે એવી કોઈ સંભાવના નહોતી એટલે મોટરસાઇકલ શિકોતરને સોંપીને કાંઠે-કાંઠે એકાદ કિલોમીટર ચાલ્યો હોઈશ ને જમણા હાથે અંધારિયા સરુનાં વન આવ્યાં. બસ,

ભૂરો ઘૂઘવતો દરિયો ને મારા સિવાય ત્યાં કોઈ જ નહોતું. અંદરથી એક ભય પણ હતો કે કો'ક મને ટપારશે કે કોઈ અંતરિયાળ મને લૂંટી લેશે તો? ફફડતો-ફફડતો આગળ વધતો હતો ત્યાં એક અવાજ આવ્યો, 'આ બાજુ ભાઈ... આ બાજુ આવતો રે. મુંજાવર સૂબા સાંઈના ઘરમાં તારું સ્વાગત છે. બોલ ક્યાંથી આવ્યો? બેબિલોનથી?'

મેં કહ્યું, 'ના, હું તો ભાવનગરથી આવ્યો છું. કૉલેજમાં પ્રોફેસર છું, પણ ફરવા-રખડવાનો ને તળના માણસોને મળીને તેમની નોખી-નોખી વાતો સાંભળવાનો શોખીન છું. નરવાઈમાએથી તમારું સરનામું જડ્યું તે તમારી પાસે ઘડીક બેસવા આવ્યો છું, સાંઈ. તમારા વિશે આજ સવારે ન્યાં ઘણી વાતો સાંભળી છે તે મારાં બે'નને ગામ પાછો કુકસવાડે જાતો હતો તે થયું કે તમને મળતો જાઉં.'

તેણે કહ્યું, 'હા, તે શું બોલ? મળી લીધું? જો મળી લીધું હોય તો હવે હાલતીનો થા. તારા જેવા કંઈક આ દુનિયામાં રખડે છે. ભાગી જા જલદી, નહીં તો આંય ને આંય ફાટી પડીશ.' એ જે પથ્થર પર બેઠો હતો ત્યાં જ તે બેઠો રહ્યો, પણ હું હવે રીતસરનો ડરી ગયો હતો. અહીં વધુ રોકાઈશ તો કાં તો જાનમાલથી જાઈશ ને કાં તો મારી બધીય ઓળખ ગુમાવીને જાઈશ એ વાત નક્કી હતી. કશું બોલ્યા વિના હું પાછો ફરીને ચાલવા લાગ્યો તો તેણે



મારો હાથ પકડી લીધો ને આંખો સ્થિર કરીને હસતાં-હસતાં કહ્યું, 'દરબારનો દીકરો છો ને આમ મૂતરી-ર્યો ભાઈ!?' એની આ વાત સાંભળીને મારામાં કોણ જાણે વળી ક્યાંથી હિંમત આવી ગઈ તે મેં તરત જ સામો સવાલ કરી દીધો, 'હું દરબારનો દીકરો છું એની તમને ક્યાંથી ખબર પડી ગઈ?' બીજી જ વળતી પળે તો તેણે મારા માથે ને વાંસે હાથ ફેરવતાં-ફેરવતાં કહેવા માંડ્યું,

'બીક રાખીશ મા. આ તો અમથો. બાકી આ તો દરિયે રખડનારા ઘણા આવતા-જાતા રે છે તે થયું કે ડારો દઉં

તો આ પંથકનો રંગ ભૂંહાતો (ભૂંસાતો) અટકે. અન્ વિંયાતલની વેણ્ય વાંઝણી શું જાણે? ઈ તો નવ મઈના પેટમાં જીણે ગરભ હાંચ્વયો હોય ને એને જ ઈ પીડા ને ઈ હંધીય વળ્યની ખબર હોય. બેહીજા લે દરબાર, તું વરી (વળી) ફેરદાણ કિંએ આવશે? ચોમાહાના અખંડ દી ને અખંડ રાત ઓલ્યા ગીર ને બરડાની કંઈક નદિયું આ દરિયે બથ્થ ભરીને ઈને માથે બકીયું ભરતી હોય ઈ જો જોવું હોય તો અહાઢ (અષાઢ) મઈને આંટો ખાજે (અષાઢ મહિને આવજે), તું. નદિયું બધીય રૂંબાડાં કાઢતી દરિયાની છાતીમાં માથાં ભરાવતી હોય આ ઈ ઘેડનો મુલક છે, બાપા. આમ ડાબા હાથે મોરનાં પીંછાં જેવી લીલી નાઘેર ને આ ઘેડને જમણે કાંઠે બરડાની લાંબી હાઢિયા(સાંઢિયા)ના પેટ જેવી નગારા ધાર. કાળિયા ઠાકરની આ સોરઠને માથે મહેર છે, હો ભા. એક પા આ ભભૂતિયો સોમનાથનો કાંઠો ને એક પા ઓલી અમારી દ્વારિકાનો રાજા રણછોડ. આજુબાજુ દરવાજા ને આ વચ્ચે બેઠાં ઈ વરરાજા જેવા ઘેડના આ મુલકવાસી ને એવું એનું ભોંયતળ. માંગરોળનો મુસલમાન ને સોમનાથનો ભામણ, માધવપુરનો આયર ડાયરો ને દુવારકાનો વેસણવ (વૈષ્ણવ) આ એક જ બસો કિલીમીટરના દરિયાપટ્ટે પોતાનો રોટીગુજારો કરે બાપ હો, પણ વિંયાતલની વેણ્ય વાંઝણી ન જાણે એમ તમને બારના મુલકનાને તો અમારી રાત-દીની ખારીઉસ કાળ-થપાટું નો હંભરાય (સંભળાય). આ તો હવે આ મોબાઇલનાં ડબલાં-ડૂબલી ને મોટરગાડિયુંના તાજિયાતરાપા વધ્યા તે તારા જેવા અમારા હગડ (સગડ) લઈ હકે. બાકી આજથી સો-બસો વરહ પે'લાં વંથલી-કેશોદ વટીને કરમભોગે એકાદું કો'ક આવે તો ઈના ભોગજોગે આવે ભા. દરિયો અમારાં પડખાં હારે પડખાં દેતો હોય. કોઈ ગાંડાના પગે ઘૂઘરી બાંધી દ્યો તો ઈ રાત ને દી ગામની બજારું ગજાવતો હોય એમ આ દરિયો અમારા ગામડાંવની ઊભી શેરીએ શેરીએ અલોપ થઈ ગ્યેલા ઈ ગાંડા જેવો જ રાત ને દી ગાજતો-વાજતો હોય હો! કંયેક-કંયેક તો રાતવરતના આવેલા અજાણ્યાને તો ભારે ભો (ભય) લાગે કે આ કોણ ગામની ઊભી બજારુંમાં આમ ખમક-ખમક કરતું હડિયાપાટીએ ચડ્યુ'સ? અન્ વાવાઝોડાં તો આ ધરતીએ કૈં'ક દીઠાં ભાઈ! કીધુંને કે ગાભણીના પેટ અવળહવળ મરડાઈ જાય એમ આખોય પંથક ગાજતા વંટોળે ઊંચોનીચો થાતો હોય લે, પણ આદમી હો કે બાઈ માણા હો... ગમે એમ તોય ઈ દરિયાનું પાકેલું રતન... જેમ જેમ ઈ માણહ વા-વંટોળે રજોટાય એમ-એમ ઈ ઊજળું થાતું જાય. વટ, વચન ને વેર અમને આ દરિયાએ શીખવાડ્યાં હોય એટલે કોઈની દેણ નથી કે અમરી ઘેડની માના પેટનું કે

અમરી થાળીનું બોટી જાય. વેર લઈ તો દુશ્મનના હગાવાલાનુંય ડીંટ નૉ રે'વા દઈ ને રખોપાં કરી તો એવાં કરી જાણી કે કચ્છ-સોરઠના ઓલ્યા જામ સાડના જનાનખાનાની દાસી ફારૂકે જિંમ રાજબીજ ફૂલકંવરનાં રખોપાં કરવા કૂખના છોરાને દુશ્મનને ધરી દીધેલો એમ છાતી ફાડીને ભરોહો (ભરોસો) દેવરાવવામાં તલભારેય બીજો વિચાર અમીં ન કરી. દરબાર તને નંઈ ખબર હોય, પણ આ મુલકનું માનવી આ દરિયો ઓઢીને ધરતીને માથે ફરનારું માનવી સે. આ મેરામણ ઈ જાગતી જગ્યાનો ધૂણો! અન્ આ બ્રહ્માંડનો ચાકળો આમ જ ક્રોડ વરહથી ઘૂમતો આયવો સે. ઈમાંથી તો તું ને હું પેદા થ્યા ને ઈમાં વળી આપણે હમાઈ જાવાના. એટલે ખોટી બીક નો રાખતો. થાવાનું હોય ઈ જ થાવાનું હોય તો આમ ફાટી પડે શું વળવાનું?! મને તો ભણકારા હતા જ કે તું આજ નહીં તો કાલ આવવાનો જ સે. અન્ તને આવી મારી અગડમબગડમ વાતોથી બીક લાગતી હશે તે લેને હું ચોખવટ કરીને કહી દવ કે માણહનો મૉરો (મોઢું) જોઈને મને અંદાજ બંધાય જાય કે આ કઈ વકલનું બી છે. તારો નાક-નકશો બધો સમા જાડેજાઓનો જ સે ભા. ચપટું મોઢું ને ઝીણી આંખ. અન્ આ સોરઠ તો કૈં'ક સૈકાઓથી તારા જેવા રખડુનો સાક્ષી છે. આજથી તેરસોક વરહ પેલા તારા શરીરનું એકાદું કો'ક બિયાવું (બીજ-seed) આમ છેક હામા કાંઠાના બેબિલોનથી ઊતરી આયવું છે ઈ તો તું જાણતો જ હોઈશ ને?'

જે માણસ મને ડરામણો લાગતો હતો તે માણસની વાતોમાં મને હવે એકાએક રસ પડવા માંડ્યો. બાવળ અને સરુના જંગલમાં તેણે થોડી જમીન ચોખ્ખી કરીને પોતાનો વસવાટ કર્યો છે. ઝૂંપડી જેવું કશું નહીં. ઉપર આભ ને નીચે દરિયાની રેતી. થોડે દૂર ત્રણેક કબર લીલાં કફન ઓઢીને રેતીમાં ખૂંપેલી હતી. એ કોઈ પીર-ફકીરની મજાર છે ને પોતે અહીં એની સાફસફાઈ ને સેવાના લાભ લેવા વીસેક દિવસથી છે એવું તેણે મને વાત-વાતમાં કહેલું. મજાની વાત એ છે કે આ રોકાણમાં તેણે તેનું નામ મુંજાવર સૂબા સાંઈ રાખેલું. એટલા પંથકમાં કોઈ પૂછે તો તે પોતાની ઓળખ આ જ નામે આપતો. તેની ઉંમરનો અંદાજ આવતો નહોતો, પણ વન વટાવી ગયો હશે એટલું તો નક્કી હતું. મેં તેને અધવચ્ચે રોકીને પૂછી લીધું, 'સાંઈ, જે વાત માંડો ઈ એકધારી કરો. બેબિલોનને ને મારે શું લેવાદેવા?' તેણે પોતાની દાઢી વાટકીમાં પાણીની છાલક ભરીને પલાળી ને પછી બાવળને ટેકો દેતોકને પગ લાંબા કરીને બોલ્યો, 'આમ તો કાંઈ નંઈ. કૂલા ખંખેરીને ઊભો થઈ જા તો તો કોણ આપણો બાપ ને કોણ આપણી મા? આ અટાણે આખી દુનિયા આવી

તળિયા વિનાની જ રખડેસને, ભાઈ! પણ તારે લેવાદેવા એટલા જ કે તારી ઉપલી પેઢિયુંનું એક આછું મૂળ ન્યાં કણે હતું. સિંધદેશના નગરઠક્ષ (અત્યારે આ સ્થળ પાકિસ્તાનમાં છે)માં આજથી હજાર-બારસો વરહ પે'લાં એક યદુવંશી રાજાનો દીકરો થઈ ગ્યો ને નામ ઈનું ચંદરચૂડ (ચંદ્રચૂડ). ઈ ચંદરચૂડની મા વંથળીના વાળા રાજાની દીકરી. હવે વંથળીના વાળા રાજાને એના એકના એક દીકરા હારે કાં'ક બન્યું નંઈ તે ઈણે એના હગા દીકરાને દેશવટો દીધેલો ને ભાણેજ ચંદરચૂડને પોતાની પાંહે (પાસે) રાયખો. થોડાક ટેમમાં તો આ વંથળીના વાળા રાજાનું મરણ થ્યું ને વંથળીની ગાદીએ આ ચંદરચૂડ રાજા બન્યો. દરબાર, આ ઈ વખત સે કે જ્યારે સોરઠમાં રાજપૂતીના બેહણા થ્યા હો. ઈ પેલા તો આખાય ગુજરાતની માથે વલભીનું રાજકાજ હતું, પણ વલભી રાખ થઈ ને એના દોઢસોક વરહ પછી સિંધના બીજપાણીમાંથી (વીર્યમાંથી) જન્મેલ ચંદરચૂડનાં બેહણાં થયાં. આમ જો! આ કાળ ઈ ગુજરાતની સિકલ બદલી નાખનારો કાળ હતો હો ભા. આ યાદવવંશનો ઇતિહાસ ઈ કાંઈ ખાલી સોરઠ જ નંઈ, પણ આખાય ઈશિયા (એશિયા) અને હિન્દુસ્તાનના ઇતિહાસનો ઈક મોભાનો ઇતિહાસ હતો, હા. આ ચંદરચૂડ યાદવ હતો ને તુંય ઈ જ, જાડેજો. ચંદરચૂડ કૈં'ક સૈકાઓ પછી કાળિયા ઠાકર (કૃષ્ણ)ની ભૂમિનો સ્વામી થ્યો. આ ચંદરચૂડના વંશવેલાએ ઈ પસી તો સાતસોક વરહ લગણ સોરઠ-કચ્છ ને ગુજરાતની ધરતી પર રાજ કયરું સે ભાઈ. જૂની વાતુંને જાણનારા ઘણા જાણિયાકાકા તો ઈમ કે સે કે કૃષ્ણનો દીકરો સાંબ જ્યારે દરિયામાં હોડકામાં બેહીને ફરવા જાતો હતો ત્યારે મધદરિયે ઈને ચાંચિયાઓએ પકડીને કેદ કરેલો. આ ચાંચિયાઓ ઈને, આ સાંબને હોડકાના ભંડકિયામાં પૂરીને આજના બેબિલોનમાં લઈ ગ્યેલા. ઈ વખતે આ બેબિલોનનું નામ સોણિતપુર (શોણિતપુર, અર્થ – લોહીનું નગર) હતું હો ભા. ને ન્યાં કણે ચાંચિયાઓએ સાંબને ગુલામ તરીકે વેચ્યો. પછી તો સાંબ કૈં'કની ગુલામી કરતો, બાધતો-આખડતો મોટો થ્યો ને વાડીવજીફે સુખી થ્યો તે રાજા બાણાસુરના પરધાન (પ્રધાન) કવભાંડ (કૌભાંડ)ની દીકરી ઓખાને વર્યો. ઈ ઓખા ને સાંબનો દીકરો ઉસનિક. બાણાસુર મર્યો ઈ પછી પરધાન કવભાંડ રાજા બયનો ને કવભાંડ મયરો ઈ પસી એની ગાદીએ સાંબ અને ઓખાનો દીકરો ઉસનિક બેઠો. દરબાર, આ ઉસનિકની એંસી (80)મી પેઢીએ આજથી બારસોક વરહ પેલા દેવરત યાદવ કરીને એક રાજા થઈ ગ્યો. હવે ઈ વખતે સિંધમાં ને એનીય ઉપર આજના ઇજપ્ત (ઇજિપ્ત)ના મુલકમાં ઇસ્લામ ધરમના વાવટા ફરકાવનાર

હજરત અલીની સેના હારે લડાઈમાં દેવરત યાદવ મરાણો. આ દેવરતના ચાર દીકરા. એક અસપત (અસપતિ), બીજો ગજપત (ગજપતિ). ત્રીજો નરપત (નરપતિ) ને ચોથો ભૂપત (ભૂપતિ). રણના મેદાનમાં બાપ મરાણો એટલે આ ચારેય બેબિલોન તજીને ઇજપ્ત ગયા ને ન્યાં ઈમણે ઇજપ્ત પર રાજ કયરું. ઇજપ્તને જીતી લઈને ઈમણે એ દેશને પોતાના પૂર્વજોના નામ પરથી શ્યામદેશ (એ વખતનો ઉચ્ચાર - શ્યામદેશ) એવું નામ આયપું. આજે આ દેશને દુનિયાના નકશામાં સિરિયાને નામે ઓળખે સે હો ભા. હવે ઈ ચારેયે શ્યામદેશમાં થોડોક સમય રાજ કયરું ત્યાં તો વળી પાછી ઇસ્લામની કાળમુખી સેનાએ ઈ શ્યામદેશ પર ચડાઈ કરી. દેવરતના દીકરા અસપતે ઘણી ઝીંક ઝીલી પણ અંતે ફાવ્યો નંઈ ને હાર્યો ને ઈણે ન્યાં ઇસ્લામ ધરમ લીધો. બાકી વયધા ઈ તણેય ભાઈ ગજપત, નરપત ને ભૂપત ન્યાંથી નાસી સૂયટા (છૂટ્યા) ને આવ્યા આજના અફઘાનિસ્તાનમાં. અફઘાનને જીતી લઈને ગજપતે અખાત્રીજને શનિવારે રોહિણ નક્ષત્રમાં સંવત સાતસો ને આઠમાં ગજના શહેર વસાવ્યું ને પોતે ગજનાનો રાજા બયનો, પણ ભાયુંને નસીબમાં કઠણાઈ આંટો લઈ ગયેલી તે યાંય ઇસ્લામની કુમક વાંહે આવી લાગી ને ગજના ઉપર ઇસ્લામની સેનાએ ગઢની દીવાલું ઊભી ફાટી જાય એવાં મારા શરૂ કર્યા. અફઘાનિસ્તાનના આ ગજનામાં ગજપત લડતાં લડતાં મરાણો. પાછળ વયધા (વધ્યાં) બે, નરપત ને ભૂપત. ભૂપતે ન્યાંથી દખણાદા નીકળીને હિન્દુસ્તાનના આજના પંજાબ પાસેના સિલિનદરપુરનો પ્રદેશ જીતી લીધો ને ન્યાં ભાટિયા નામે નગર બંધાવ્યું. ભૂપત ન્યાંથી જીતતો ગયો ને આગળ વધીને આજની હિન્દુસ્તાન-પાકિસ્તાનની સરહદ પાંહે આવેલા તણોટ (રાજસ્થાન) સુધી પૂગી ગ્યો ને તણોટ ને દરવાલમાં પોતાની રાજધાની બનાવી. ભૂપતના વંશવેલાએ ઈ પછી આપણું આજનું રાજસ્થાનનું જેસલમેર વસાવ્યું ને એના વંશવારસો ભટ્ટી નામથી ખૂબ ઓળખાયા સે ભા. રાજસ્થાનમાં મારવાડ, મેવાડ ને આ તણોટનો જેસલમેર પાટો એમ તણેય પાટા નોખા-નોખાં લોહીના હો. હવે બાકી વયધો ઈક નરપત ને આ નરપત આપણે યાં સિંધમાં ઊયતરો. સિંધમાં ઇણે નગરસમોઈ નામનું નગર વસાવ્યું ને પાછળથી ઇનું નામ નગરઠઠ્ઠા થયું. દરબાર, આજના પાકિસ્તાનમાં આ નગરઠઠ્ઠા સે ને હું યાં એકફેરાં જઈ આયવોસ. આ નરપતના વંશમાં જ આપણા આ વંથળીનો રાજા ચંદરચૂડ થયો લ્યો.'

મુંજાવર સૂબા સાંઈ એકધારી ગતિએ સૌરાષ્ટ્રના જૂના ઇતિહાસના વળપડળો ઉખેળતા જતા હતા એમાં મને રસ પડતો હતો. વાત કરતાં-કરતાં તેમણે

પોતાની પાસે પડેલી એક બૉટલમાંથી પાણી પીધું ને મનેય આપ્યું ત્યારે મેં તેમને લાગલું જ પૂછી લીધું, 'સાંઈ, તમને આ બધી ખબર કેવી રીતે પડી? શું તમે ક્યાંય આ બધું વાંચ્યું છે કે કોઈની પાસેથી સાંભળ્યું છે?' સાંઈ ઊભા થઈ ગયા ને પાછળની બાવળની ઝાડીમાં પેશાબ કરવા ગયા ત્યારે જતાં-જતાં બોલ્યા, 'જો દરબાર, એક વાત ઈયાદ રાખવાની કે આપણે જે ધરતી ઉપર રે'તાં હોઈને ઈનું અન્ન ખાતાં હોઈ, ઈ ધરતી ઉપર કેવાં-કેવાં મરદ ને ઓરત થઈ ગ્યાં સે એનો અતોપતો રાખવાનો. કયામતના દી જંયે આપણે ઉપર પૂગી તંયે ન્યાંનો દરવાન ડેલીએ ઊભાં રાખીને જ આપણને પૂછશે ને કેશેક : 'પે'લા તમારી ઓળખ આપો. પછી અંદર જાવ.' તંયે જો ગેંગેફેંફે થાશે તો લોહીનો રંગ પીળો સમજવો ભા.'

મારો ડર હવે ઓગળી ગયો હતો. આ માણસના ઇતિહાસપ્રેમમાં મને રસ પડતો હતો એ કરતાં મને જે માહોલમાં હું આ ધરતીના ફેરપલટાઓની કથા સાંભળતો હતો તે પરિવેશ મને કોઈ જાદુઈ અસર કરતો હતો. સાંજ, દરિયો ને હું હવે જૂના કાળના પ્રેક્ષક બનીને સાનભાન ભૂલ્યા હતા ને મુંજાવર સૂબા સાંઈ આ આખાય કથાપટને પાથરતા જતા હતા. પાછા આવીને તે જે જગ્યાએથી ઊઠ્યો હતો ત્યાં તેણે જમણો હાથ અડાડ્યો ને તેને નમન કરતો હોય એમ કપાળે ને હોઠે એ હાથ અડાડીને અંજલિ લીધી ને મારા તરફ સ્મિત કરીને બેસી ગયો. ઘડીક દરિયા સામે ટગર-ટગર જોઈને વળી બોલ્યો, 'દરબાર, મારું આ મકાન ભીંતડા ને છત વિનાનું સે. મારે નય્થ કોઈ ઘાટ કે નય્થ કોઈ રૂપાળા રંગ. આ કુદરત મારા શરીરની થાળીમાં મને જે પીરસે ઈ ખાવા હું બંધાયેલો સું. હું તો મુલક-મુલકની વાતું કરું ને ઈમાં મારું રૂપ બાંધું. આ તું અને હું બધા મરવાના છીએ ઈ વાત નક્કી સે, પણ મરતાં પે'લાં આપણને જો આપણાં મૂળિયાંની ખબર હોય તો છેલ્લી ઘડીએ માલિકની બંદગીમાં બેધ્યાન ન થવાય. હાં, તે આપણે ક્યાં પૂગેલા ભા?'

મેં કહ્યું, 'સામદેશનો વંશજ ચંદરચૂડ વંથળીનો રાજા થયો ન્યાં.'

મુંજાવર સૂબા સાંઈએ કથાદોર સંભાળી લીધો, 'હાઆઆઆ... તે આ યાદવકુળના રાજાઓ ખુદના નામની આગળ શ્યામ અને વાંહે યાદવ બોલાવતા. ઈમ કરવાનું ઈક જ કારણ કે પોતાના પરતાપી ને પવિતર પૂર્વજનું નામ અમર થઈ જાય. આ તમીં અટાણના દરબારું નામની પાછળ 'સિંહ'નું લટકણિયું લગાડોસ ને એવું જ અસ્સલ. દેવરત યાદવ કેવો તો કે શ્યામ દેવરત યાદવ. આ વંશમાં ઈક સમાજાડા થયો. તેના વંશવેલા સમા કે સમાણી કેવાણા. તને ખબર સે હેં કે જ્યારે-જ્યારે મહમૂદ ગઝની હિંદુસ્તાન

પર ચડાઈ કરતો ત્યારે-ત્યારે તેને જો કોઈની બીક લાગતી તો ઈક ખાલી આ સમાઓની બીક લાગતી. લડાઈ કરવા ઈ જંયે ગઝનીની બહાર નીકળે તંયે ઈ આ સમાઓથી બચવાના કારસા ગોઠવીને જ બહાર નીકળે. ગઝનીની આ સમાઓથી રીતસરની ફાટતી. આ સમાઓ બવ બળવાળા ને બુદ્ધિશાળીય બવ હતાં હો. ઈમણે સિંધના સુમરાઓ પાંહેથી સિંધનું રાજકાજ છીનવી લીધેલું. યાદવો હિંદ છોડીને આમ ઈશિયામાં ગ્યા ને ન્યાંય પોતાનો ધરમ ને રેણીકેણી (રહેણીકહેણી) લઈ ગ્યાં, પણ ઈમણે ન્યાં ઈમના પૂર્વજનું નામ ન છોડ્યું બોલ. શ્રીકૃષ્ણનું નામ ઈ સમાઓએ પોતાના નામની હારે જોડી દીધું. હવે તું તો જાણતો હો ભા કે કૃષ્ણનાં ઘણાંઘણાં નામ હતાં, ઈમાં શ્યામ, યાદવેન્દ્ર, યદુવીર એવાંય નામ હતાં. હિંદ છોડીને ઈ વખતે ઈશિયામાં (એશિયામાં) ગયેલા યાદવો ઈ બધાંય મૂળમાં તો સોમવંશી જ. એટલે સોમ આ યાદવોને બવ વહાલું નામ હતું. અન્ આ સોમ કે શ્યામ ઉપરથી યાદવકુળના વેલાના બધા ફળવેલામાં સમા નામ બહુ હાલ્યું. આ ઈ યાદવમાંથી જાદવ ને એમાંથી જાદા ને ક્યાંક જાદે થાતું હાલ્યું તે તેમની ડાળશાખનું નામ જાદા થ્યું, પણ તુર્કી બોલીમાં શ્યામ લખવું હોય તો 'ત્સાંમ' લખાય ને એનો બોલાશ (ઉચ્ચાર) 'ત્ઝામ' જેવો થાય. તે લે ભા, આ શ્યામનું ત્ઝામ ને ત્ઝામનું ધીમે-ધીમે ઘહાંતું-ઘહાંતું જામ થઈ ગ્યું. બલોચિસ્તાનના લાસ બેલા (Las Bela - ત્યાંનો શહેરપ્રદેશ)માં રહી પડેલા લાસ બેલાના જાડેજા દરબારો હજીય પોતાના નામની આગળ આ 'જામ' લગાડે સે હો, પછી ભલેને ઈ મુસ્લિમ ધરમ પાળતા હોય. આ જામનગરના મૂળમાંય આ શ્યામ, સામ, ત્ઝામ ને જામ જ હો.'

મુંજાવર સૂબા સાંઈ જાણે સમગ્ર પશ્ચિમ હિંદુસ્તાનનો વહીવંચો હોય એ રીતે સિંધ, કચ્છ અને સૌરાષ્ટ્રના રાજકાજના સૂતેલા ભૂતકાળને મારી સામે જીવતો કરતો હતો. મને પસાર થઈ ગયેલા આ કાળના સાક્ષી થવાનું ગમવા લાગ્યું હતું. સૂબા સાંઈને મેં કહ્યું, 'સાંઈ, તમે ભૂતકાળ જીવતો કરો છો હો. પછી શું? આગળ કહો.' મુંજાવર સૂબા સાંઈએ હસતાં-હસતાં કહ્યું, 'માછલી જાળમાં હલવાઈ ગઈ દરબાર, પણ યાદ રાખજે કે ભવિષકાળ અને ભૂતકાળના ગૂંચવાડામાં કંયેય પડવું નંઈ. દુનિયાદારીથી બચતા રે'વું ને પોતાને પાગલ કરવામાં જ અકલમંદી સમજવી. ભૂતકાળને જીવતો કરી તો તો આંય ઈ બધાંય મડાં જીવતાં થાય ભાઈ... હવે ઝટ્ટ હાલતીનો થા. આંય ને આંય રઈ જાઈશ તો તારાં બાલબચ્ચાં નોંધારાં થાહે ને કુકસવાડે હજી બે'ન વાટ જોતી હય્શે હો.'

એ સાંજે દરિયાકાંઠે મુંજાવર સૂબા સાંઈએ એ પછી તો મને પાછલાં હજાર વરસના સોરઠ ને ગુજરાતના કંઈક રાજકાજની આંટીઘૂંટીઓ, ચડાઈઓ ને

લડાઈઓ આંખ સામે કહી બતાવી. હું પાછલાં હજારેક વરસમાં સોરઠ, સિંધ ને કચ્છની ધરતી પર અંધાધૂંધી ને અવળસવળ જોનારો મૂક પ્રેક્ષક બનીને બધું જ જીવતો જોતો હતો. મુંજાવર સૂબા સાંઈ જાણે કોઈ તળનો ઇતિહાસકાર હોય એમ એક પછી એક મારી સામે ચંદરચૂડ, આદિત્યોજી જેઠવા, સાંભરનો સ્વયંવર, ચંદરચૂડનો પૌત્ર એવા સોરઠના સિંહાસને બેસનારો સામ મૂળરાજનો દબદબો; એનાં વટ, વચન ને વાણી, વનરાજ ચાવડા પરના ચાંચિયાગીરીના આળ, ખાલી આઠ જ વરસમાં આખાય સોરઠમાં મૂળરાજના શાસનનો વિસ્તાર, તેનો દીકરો વિશ્વવરાહ, વરાહ નામ પરથી રાહ ને સોરઠને ધમરોળનાર આ સમા વંશનો રાજા ગ્રહરિપુ કે જેને હજીય સોરઠના લોક ઘારિયો રાજા તરીકે ઓળખે છે તેની ચિચિયારીઓ પડાવતી આણ. આ ગ્રહરિપુ અને અણહિલપુર પાટણના મૂળરાજ સોલંકીની વચ્ચેના હિંદુસ્તાનના ઇતિહાસ સખળડખળ કરી નાખ્યા છે એવાં ભયંકર યુદ્ધો. ગ્રહરિપુ પછી લાખો ફૂલાણી ને આટકોટનું યુદ્ધ. એ યુદ્ધના લોકવાણીના દુહાઓ. હું કેટલું લખીશ અહીં? દેખાતાં ને પસાર થતાં દશ્યોનો પાર નથી. આ અને આવી કંઈ કેટલીય વાતોમાં ને વાતોમાં દરિયા પર અંધારું ઢોળાઈ ચૂક્યું હતું. મુંજાવર સૂબા સાંઈએ એ વખતે મને ઘેડની અસ્સલ ઢોરના ચારામાં વપરાતી જંગલી ઓરિયાની દાળ રાંધીને ખવરાવી. શિકોતરના મંદિર સુધી પગપાળા દરિયાકાંઠે ચાલીને એ મને મૂકવા આવ્યો. હું મારી બાઇક પર સવાર થયો ત્યાં સુધી મૌન હતો. જતાં-જતાં મારાથી રહેવાયું નહીં તે સાંઈને મેં પ્રશ્ન પૂછ્યો, 'સાંઈ, બીજું બધું તો ઠીક. પણ તમે અસ્સલમાં છો કોણ અને હું દરબાર છું ઈ તમે કેમ કરીને જાણ્યું?'

મુંજાવર સૂબા સાંઈ હસતાં-હસતાં કહે, 'હાલતીનો થા દરબાર. બધું કાંઈ કે'વાનું ન હોય. દરિયાના તાગ લેવા કરતાં દરિયા માથે તરવાની મજા લેવી. અન્ હજીય તું ગૂંચવા એવી એક વાત કવ લે કે તારા બેય પગના તળિયે જોઈ લે કે ગોમ સે. ગાડાંનાં પૈડાં રેખા ગોળ ચક્કર. તું ઈ ચક્કર માથે ફરતો જ રેવાનો સો હો ભા. વિશ્વાસ ન આવતો હોય તો ઉતાર જોડા ને જોઈ લે. અન્ હાંભર રસ્તામાં કોઈ હારે બાધતો-આખડતો નંઈ.' જાણું છું કે તમને કોઈને રતિભારેય વિશ્વાસ નહીં આવે, પણ મુંજાવર સૂબા સાંઈની વાત સાચી હતી કે મારા બંને પગનાં તળિયાંમાં વર્તુળાકાર રેખાઓ જન્મથી અંકાયેલી છે અને વળી પરચામાં હજીય બાકી હોય એમ હું હાઈવે પર ચડ્યો ત્યારે મારા એક દેહના અડધિયા જેવા ભાઈબંધ સાથે ખબર નહીં કેમ મેં ફોનમાં જ કોઈક કારણે ઝઘડો કર્યો ને તેને બેફામ ભૂંડાબોલી ગાળોય દીધી. હું હજીય માનતો નથી કે આ બધું શું હતું? પણ સાચું માનજો કે આમાંનું કાંઈ જ ફિક્શન નથી કે નથી

કોઈ જોડી કાઢેલી વાત. સાચું તો એટલું જ છે કે હું એક એવા માણસને મળીને આવ્યો છું કે જેનું કોઈ કાયમી સરનામું નથી ને તેને બધાનાં સરનામાંની ખબર છે. શિકોતરથી રાતના મોચા હનુમાનની આરતી વાંદીને એ પરિસરમાં લગભગ એક કલાક મૌન બેઠો. હનુમાનજીના સેવક વિદેશી (હા, હવે તો દેશી જ) માતાજી સાથે આઘીપાછી વાતો કરી ને રાતના દસેક વાગ્યે કુકસવાડા પહોંચ્યો. બીજે દિવસે વાયા ગડુ, કેશોદ, જૂનાગઢ ને મારા વતન પાંચતલાવડા થઈને છેક ત્રીજે દિવસે સાંજે આઠસો ને નેવું કિલોમીટર કાપીને રખડતા રામ ભાવનગર પહોંચ્યા. તમને સહુને જત જણાવવાનું કે હવે હું એક એવા ફકીરના પાથરણે બેસીને આવ્યો છું જે મને પેઢીઓથી અંદર-બહારથી ઓળખે છે. એ કોણ હતું એ સવાલ જવા દો. હું શું હતો તે પૂછો.

❑❑❑

આપણું મન આપણું ઘર



માર્ટિના નવરાટિલોવાને એક વખત પૂછવામાં આવ્યું કે, ''તમે ૪૩ વર્ષની ઉંમરે પણ આટલી શારીરિક ક્ષમતા સાથે આટલું ઉત્કૃષ્ટ કઈ રીતે રમી શકો છો?''

એણે વિનમ્રતાથી જવાબ આપ્યો, ''દડાને ખબર નથી કે મારી ઉંમર કેટલી છે." તમારે તમારી જાતને અવરોધવાથી રોકવાની જરૂર છે. જીવનની દરેક રમત ખરેખર છ ઈંચનાં મેદાનમાં રમાય છે. એ મેદાન છે - 'તમારા બે કાન વચ્ચેની જગ્યા.'

આપણે વિલા, ડુપ્લેક્સ અથવા એપાર્ટમેન્ટમાં વસતા નથી. આપણે આપણા મનમાં વસીએ છીએ, જે અનંત છે. જો અહીં બધું વ્યવસ્થિત અને ગોઠવેલું હોય તો જીવન સાર્થક છે.

અવ્યવસ્થિત મનના ટેબલ પર વધતી જતી નફરત, ખૂણામાં એકઠો થતો અફસોસનો ઢગલો, રસોડામાં ઊકળતી અપેક્ષાઓ, કાર્પેટની નીચે સંઘરાતી ગુપ્ત વસ્તુઓ અને ચારે કોર ફેલાઈને પડેલી ચિંતાઓ આપણા વાસ્તવિક ઘરને બરબાદ કરે છે.

જીવનમાં તથા કોઈ પણ ક્ષેત્રમાં સારું કાર્ય કરવા માટેનું મુખ્ય પરિબળ, તમારા "આંતરિક સંવાદ"ની ગુણવત્તા અને ઇયત્તાને નિયંત્રિત કરવાની ક્ષમતા છે.

તમારી કાર્યપ્રસ્તુતિ બરાબર તમારી ક્ષમતામાંથી આંતરિક દખલની બાદબાકી.

''વ્યવસ્થિત ઘરમાં નિરાંતે જીવો, અવ્યવસ્થિત ઘરના ઉચાટમાં નહીં.''



એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી-૧૮

☐ ડૉ. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, ડૉ. શેફાલી થાણાવાલા

દેશ-વિદેશના રઘુનાથ વિરુદ્ધ મારો-તમારો સુપરઇગો

તો સુપરઇગોને સમર્પિત એવા આ છ પ્રશ્નો :

લૈંગિક આરોગ્ય એ વિષયનું અસ્તિત્વ આપણે સ્વીકારવા માટે તૈયાર છીએ ખરા? આપણે આ વિષયને મોકળાશથી આવકારીએ છીએ? આ સંદર્ભમાંનાં આપણાં મૂલ્યોના માપદંડો ચકાસવાની આપણી તૈયારી છે ખરી?

એક જેવી જ લૈંગિક સમસ્યાઓના પાંચ-છ દર્દીઓ જ્યારે મારી સામે બેઠેલા હોય છે ત્યારે તેમના ચહેરા પર એક વિલક્ષણ સંકોચ હોય છે. ડૉક્ટરે આપણને જે સમય આપ્યો ત્યારે જ બીજા લોકોને કેવી રીતે બોલાવ્યા એવી એક શંકા તેમની આંખોમાં ડોકાતી હોય છે. હું તેમાંના એકને પૂછું છું "શું તકલીફ થાય છે?"

"પેટમાં દુ:ખે છે, નબળાઈ લાગે છે." સામેના ટેબલ તરફ નજર ફેરવીને અજાણતાં જ આંગળીઓ મરોડતાં તે

બોલે છે.

"અને?" - હું.

"ભૂખ નથી લાગતી."

"અને બીજું?"

"છાતીમાં અચાનક જ ધબકારા વધી જાય છે."

"હજુ કાંઈ?"

"કમર દુ:ખે છે."

"વારુ, હજુ કાંઈ?"

"ચક્કર આવવાં જેવું લાગે છે."

"હજુ?" આટલી બધી ફરિયાદ કર્યા પછી એ ચૂપ થઈ જાય છે. કોચલામાં ભરાઈ જાય છે અને સંકોચથી કહે છે, "સાહેબ, ધાતુની બીમારી છે."

'ધાતુની બીમારી' આ શબ્દો આપણે ત્યાં એક 'સિન્ડ્રોમ' તરીકે વપરાય છે. એમાં હસ્તમૈથુનથી ઉદ્ભવનારો અપરાધજન્ય ભાવ, રાત્રી વેળાએ થતું વીર્યપતન, શીઘ્રપતન એવી ઘણી બાબતો આવી જાય, પણ ફરિયાદની શરૂઆત સાધારણ રીતે 'ધાતુની બીમારી' એવી જ હોય છે.

હું ત્યાર બાદ બીજા દર્દીને એ જ પ્રશ્ન પૂછું છું, એની પાસેથી જરા ત્વરિત જવાબ મળે છે. એ પ્રકારે જ્યારે હું છેલ્લી વ્યક્તિ પાસે જઈને પહોંચું છું ત્યારે એ નજર મિલાવીને મારા પ્રશ્નનો ફટાક દઈને જવાબ આપે છે.

'આવા પ્રકારની ભયાનક બીમારીથી પીડાતો આ પૃથ્વી પર હું એકલો જ છું' એવી એક ગેરસમજ હોય છે એ દૂર થવાની શરૂઆત થઈ ગઈ હોય છે. ઉપચારપદ્ધતિનું આ પ્રથમ પગથિયું છે.

પહેલા પ્રશ્નનાં કેટલાંક પાસાંની પાર્શ્વભૂમિ સ્પષ્ટ કરવા માટે મને લાગે છે કે આ એક બોલકું ઉદાહરણ છે. પ્રશ્ન થાય છે કે લૈંગિકતા એ એક ખીલતું કમળ છે, એ આપણે ક્યારેય અનુભવ્યું છે ખરું?

લૈંગિકતાના સંદર્ભમાંની શારીરિક અને માનસશાસ્ત્રીય પર્યાપ્ત માહિતી આપણને છે ખરી?

આજે મુંબઈનાં ખૂણે-ખૂણે એક ખાસ જમાતના લોકોના કેટલાક 'ક્લિનિક્સ' છે, એ ક્લિનિક્સની બહાર લગાડેલાં પાટિયાં વાંચવાલાયક હોય છે. કાયદા દ્વારા આ બધા ઊંટવૈદો જ્યારે બંધ થવાના હશે ત્યારે થશે, પણ આપણા લૈંગિક જ્ઞાનનાં આ સ્મારકો દિવસે-દિવસે વધી રહ્યાં છે. 'સહેવાતું પણ નથી અને કહેવાતુંય નથી' અથવા તો કોઈક 'સૉઇલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના અમુક-અમુક' જેવી જાહેરખબરો સાર્વજનિક આરોગ્ય માટે હાનિકારક છે એથી વર્તમાનપત્રો છાપવાનું બંધ કેમ કરતાં નથી? આ ઊંટવૈદો દ્વારા અજમાવવામાં આવતી વિવિધ 'ટેક્નિક્સ'નો વૃત્તાંત અનેક દર્દીઓ વર્ણવે છે. લિંગમાં વિદ્યુતપ્રવાહ દાખલ કરીને નપુંસકતા દૂર કરવાના પ્રકાર ખુલ્લેઆમ ચાલે છે. પુરુષની 'તાકાત'નો ક્યાસ આવે એના ગુપ્તાંગ ઉપરથી. કોઈક ડિટેક્ટર ફેરવીને

કે પછી લાઇટ ચાલુ થાય એટલે તાકાત છે એમ સમજવાનું. પહેલી વિઝિટમાં તાકાત ક્યારેય ન હોય. પાંચસો હજાર રૂપિયા ખર્ચો કે તરત લાઇટ ચાલુ થઈ જાય. લૈંગિક અજ્ઞાનને લીધે થનાર એક્સપ્લૉઇટેશન કેટલું પ્રચંડ છે એની આ ઉપરથી કલ્પના આવશે.

'આવા પ્રકારો નીચલા વર્ગ પૂરતા સીમિત છે' એવો દાવો કરવામાં આવે છે, પણ અતિશય સુસંસ્કૃત-સુશિક્ષિત મહાનુભાવોએ સુધ્ધાં મને 'વીર્ય હાડકાંમાંથી બને છે કે પછી રક્તમાંથી બને છે' એવા જવાબો આપ્યા છે. હવે બોલો!

શું આપણે લૈંગિકતા વિશે વાતો કરી શકીએ છીએ? આ વિષય પર સંવાદ સ્થાપવાનું આપણને અઘરું કેમ લાગે છે?

મને લાગે છે કે જ્યાં લગી આપણે આપણું પોતાનું સેન્સર બોર્ડ ખતમ નહીં કરીએ ત્યાં સુધી તથાકથિત 'હૉટ' ચલચિત્રોની ગરદી કંઈ ઓછી થવાની નથી. શરૂઆતમાં આપેલાં ઉદાહરણો પરથી ખ્યાલ આવશે કે આપણે ત્યાં આવી ગંદી-ગંદી બાબતો વિશે ખુલ્લેઆમ ચર્ચા કરવાની ક્યારેય પરવાનગી હોતી જ નથી. એક દિવસ એક બહેનપણી સાથે કેન્ટીનમાં આ વિષય પર થનારા સંશોધન વિશે વાત કરતો હતો, તો બાજુના બાંકડા પર બેઠેલા એકે પછી ઊધડો જ લીધો, "કેમ રે, આટલે મોટે-મોટેથી કેમ બોલતો હતો, આવા વિષય પર?" સોગંદથી કહું છું, બે વ્યક્તિઓ જે અવાજમાં વાતો કરે એટલા જ અવાજમાં હું વાત કરી રહ્યો હતો. મેં તેને કહ્યું, "કેમ રે, મેં તો લગભગ પાંચ-છ વિષયો પર વાતો કરી એમાંથી બરાબર આ જ વિષય કેમ સંભળાયો તને?"

તો તેણે ખભા ઉલાળ્યા. એટલે, આ અશ્લીલ પણ ચટપટા વિષય પર કોઈ જરા પણ બોલે કે અમારા કાન એકદમ આતુર થઈ જાય. આ વિષય પર સુસંવાદ તો છોડો, સંવાદ સાધવાનું પણ બાળપણથી જ સતત ટાળવામાં આવતું હોય છે, અને 'ઇફ યુ ડૉન્ટ ટીચ યૉર ચિલ્ડ્રન અબાઉટ સેક્સ, ડૉગ્સ વિલ ટીચ ધેમ' એ વાક્ય આપણે વિસ્મરણમાં ધકેલતા રહીએ છીએ.

સ્વદેહસત્ત્વ, દેહકાર્ય અને દેહ દ્વારા પ્રાપ્ત થનાર આનંદમય સંવેદનાઓ, તેમનો આપણે સ્વીકાર કરીએ છીએ ખરા?

આ પ્રશ્નનો અને લૈંગિકતાનો શું સંબંધ એવો પ્રથમદર્શી પ્રશ્ન થઈ શકે, પણ આપણે જે વ્યાપક સ્તર ઉપર લૈંગિકતાનું વિશ્લેષણ કરી રહ્યા છીએ એ પરથી આ પ્રશ્નનો જવાબ મળવો જરૂરી છે એ ધ્યાનમાં આવશે. પંચેન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થનારા સેંકડો આનંદદાયી અનુભવોને નકારવાની આપણને અજાણતાં જ આદત પડવા

માંડી છે. ગરમાગરમ પાણીથી નાહવાનું સુખ પણ આપણે ઘડિયાળના કાંટાની ગુલામીને લીધે ગુમાવી રહ્યા છીએ અને લૈંગિક સંબંધોમાં તો આનંદનો એક મર્યાદિત અર્થ આપણે લેતા હોઈએ છીએ, કારણ કે મૂળમાં જ આપણે આપણી પંચેન્દ્રિયો બંધ કરી દીધી છે. પરંપરાગત ઢાંચામાંના લૈંગિક સુખની બહારનો આનંદ ન જ હોય એ ભાવનામાંથી એ ઇન્દ્રિયો બંધ કરવામાં આવે છે.

આમ કેમ થાય છે? એનો વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે પોતાના શરીરના સ્વત્વનો અનુભવ આપનારી ક્રિયા પર આ આનંદ મેળવવાનું કે ગુમાવવાનું અવલંબિત છે. આપણા શરીરની અને આપણી દોસ્તી હોય તો શરીર દ્વારા મળનારી સંવેદનાઓને એક નશાનો દરજ્જો મળે છે.

સબકૉન્શિયસ સ્તર પર જ કેમ ન હોય, પણ સામાન્ય વ્યક્તિ માટે આદર્શ લૈંગિકતાનાં ઉદાહરણો એટલે ચલચિત્રોનાં તારક-તારિકાઓ હોય છે એવો મારો અનુભવ છે. ક્યારેક તો આ મનમોહક પ્રતિમાઓ એટલી ઊંડી હોય છે કે એમાંથી ગંભીર સમસ્યાઓ ઉદ્‌ભવી શકે છે. પતિ-પત્નીના સંબંધોમાં, એકબીજા પાસેથી જે લૈંગિક અપેક્ષાઓ હોય છે એના મૂળમાં ક્યાંક આ હિન્દી આદર્શો આવી જાય છે અને પછી કારણ વગર લૈંગિક સંબંધો અપૂરતા છે એમ લાગવા માંડે છે. મૂળમાં ચલચિત્રમાંની 'મૅચો મૅન' કે 'સેક્સી ગર્લ'ની ઇમેજીસ કચકડાની દુનિયાની હોય છે અને એનો વાસ્તવિકતા સાથે કંઈ જ સંબંધ નથી હોતો એ હકીકત સામે આંખમીંચામણાં કરવામાં આવે છે. શરીરના સ્વત્વની અનુભૂતિ ન થવી એટલે શું એ સમજવું હવે મુશ્કેલ નથી.

સામેની વ્યક્તિની લૈંગિકતા, એની પાછળની ભાવના, સાદ-પ્રતિસાદ એ બધાનો આદર આપણા દ્વારા થાય છે ખરો?

આ પ્રશ્નનો ખરો જવાબ પોતાની જાત સાથે પ્રામાણિક થયા વિના આપવો અશક્ય છે. સ્ત્રી-પુરુષ સમાગમની જે વ્યાખ્યાઓ સમયાનુસાર બદલાતી ગઈ અને પ્રગતિશીલ થતી ગઈ, એનું એક સર્વેક્ષણ કરવાથી કદાચ જવાબ આપવાનું સહેલું પડશે. સમાજમાં જ્યારે 'સ્ત્રી' એક માલિકી હકની વસ્તુ તરીકે ઓળખાતી હતી, ત્યારે સમાગમની વ્યાખ્યા કંઈક આવી હતી - 'ઇટ ઇઝ સમથિંગ ધૅટ એ મૅન ડઝ ટુ એ વુમન!' પુરુષે સ્ત્રી સાથે કરેલી ક્રિયા... ત્યારબાદની સ્ત્રીદાક્ષિણ્ય જેવી કલ્પનાઓના ઉદય પછી આ પુરુષ વર્ચસ્વ હજુ ધારદાર થયું. સ્ત્રીને આનંદ આપવાની નૈતિક જવાબદારી સર્વગુણ સંપન્ન પુરુષ પર આવી પડી અને પછી પુરુષે સ્ત્રી માટે કરેલી ક્રિયા 'મૅન ડઝ ફૉર એ વુમન' એવી વ્યાખ્યા થઈ ગઈ. ધીરે-ધીરે આજની પ્રગતિશીલ વ્યાખ્યા

સમાગમમાંના સમત્વ પર આધારિત થતી ગઈ. પુરુષે સ્ત્રી સાથે કરેલી પ્રક્રિયા, એટલે ફૉરને સ્થાને વિથ અને ક્રિયાને સ્થાને પ્રક્રિયા એટલે પ્રોસેસ, એ બે અતિશય મહત્ત્વના ફેરફાર આ વ્યાખ્યામાં થયા છે. આ ત્રીજી વ્યાખ્યામાં લૈંગિકતાનો આધ્યાત્મિક અર્થ હોઈ શકે. ઝેન બુદ્ધિઝમમાં, લૈંગિક સંબંધ એટલે 'આઉટવર્ડ ઍન્ડ વિઝિબલ સાયન્સ ઑફ ઍન ઇનવર્ડ ઍન્ડ સ્પિરિચુઅલ ગ્રેસ' એમ યથાર્થ વર્ણન કરેલું છે.

પરંપરાગત ચોકઠાનુસાર, લૈંગિક સંબંધોમાં પુરુષ ક્રિયાશીલ હોય અને સ્ત્રી નિષ્ક્રિય હોય. 'ટુ' અને 'ફૉર'માં આ જ અધ્યાહાર છે, પણ 'વિથ'માં સ્ત્રી પણ સક્રિય હોય છે. એટલે જ ભાવ-પ્રતિભાવનો ટુ વે ટ્રાફિક, ફક્ત 'વિથ'ની વ્યાખ્યામાં જ શક્ય હોય છે. પ્રક્રિયા એ શબ્દમાં સમાગમના, ખૂલતા જવાના કે ખીલવાના ગુણધર્મ પર ભાર આપવામાં આવે છે. અલબત્ત, ભાવ-પ્રતિભાવ તો અપેક્ષિત છે જ.

આજે મોટા ભાગના પુરુષો 'ટુ' અને 'ફૉર'માં જ એટલા અટવાયેલા હોય છે કે તેમને જો સ્ત્રીનો પ્રતિભાવ મળે તો સ્ત્રીની નૈતિકતા વિશે જ શંકા જાગે છે અને સ્ત્રીઓ પણ અનેક સદીઓના નૈતિક ભાર હેઠળ એટલી તો દબાયેલી હોય છે કે સમાગમમાં પ્રતિભાવ આપે તો મનમાં અપરાધી હોવાની લાગણી જન્મે છે. આમ કોઈ પણ પ્રકારે પુરુષની 'ક્રિયાશીલ' ભૂમિકા પાક્કી થઈ જાય એટલે અર્થાત્ જ એની પર લૈંગિક સંબંધ 'યશસ્વી' કરવાની જવાબદારી આવી પડે છે. આ અર્થનો અંગ્રેજી શબ્દ 'પર્ફોર્મન્સ પ્રેશર' દર્શાવે છે કે પુરુષ પાસેથી 'પર્ફોર્મન્સ' અપેક્ષિત હોય છે. હાલમાં જ લગ્ન થયેલ એક દંપતી એક વાર સલાહ લેવા આવ્યું હતું. લગ્ન થઈને ત્રણ અઠવાડિયાં થઈ ગયાં હોવા છતાંય પતિને 'યશસ્વી' સમાગમ કરવામાં સફળતા મળી નહોતી. એની ઇન્દ્રિય સંભોગની ચરમસીમાએ અચાનક કડકપણું ગુમાવીને શિથિલ થઈ જતી. એનું કારણ અર્થાત્ જ એ 'પર્ફોર્મન્સ પ્રેશર'માં હતું. જાણે કે એક યશસ્વી સમાગમ માટે તેણે પોતાનું સમગ્ર પુરુષત્વ દાવ પર લગાડી દીધું હતું અને એ બોજ એટલો તો પ્રચંડ થઈ જતો કે એની ઇચ્છા જ મરી પરવારતી. વધુમાં અકસ્માતથી જો શીઘ્રપતન થઈ જાય તો હું 'નિષ્ફળ' સાબિત થઈશ એ કલ્પનાથી જ એની ઇન્દ્રિય શિથિલ થઈ જતી. શીઘ્રપતનના ડરથી ઉદ્ભવતી માનસિક સમસ્યા પાછળ પરંપરાગત પુરુષ ભૂમિકા જ છે એ જ્યારે સમસ્ત પુરુષ જાતને સમજાશે ત્યારે સોનાનો સૂરજ ઊગશે!

સ્ત્રી-પુરુષ સંબંધમાં સહુથી વધુ ભાર મૂકવામાં આવે છે યોનિ-ઇન્દ્રિય સમાગમ પર. આગળના પ્રશ્નના સંદર્ભમાં કહ્યા પ્રમાણે પંચેન્દ્રિયો દ્વારા

પમાતી સંવેદનાઓની આપ-લે ક્યારેય સમાન સ્તર પર થતી જ નથી. આમ પણ 'સફળ' સમાગમ એટલે શું એની એક વ્યાખ્યા (લગભગ પુરુષના મત પ્રમાણે કરેલી) અનેક દંપતીઓ પોતાની રીતે નક્કી કરતાં હોય છે. સમાગમ એટલે એક સ્વયંભૂ પ્રેમાવિષ્કાર છે એ ભૂલીને અનેક દંપતીઓ એનો કર્મકાંડ કરી નાખતાં હોય છે. લૈંગિક સમસ્યા લઈને આવેલા એક દંપતી સાથે ચર્ચા કરતી વખતે એમાંના 'શ્રીમાને' મને કહ્યું, "એમ તો ફોરપ્લે કરતી વખતે અમને ખાસ વાંધો નથી આવતો, પણ પછી સમસ્યા થાય છે અને બરાબર ફાવતું નથી."

"તો પછી તમે શું કરો છો?"

"થોડો સમય જવા દઈએ અને પાછું ફોરપ્લે શરૂ કરીએ. એનાથી કંઈ ઉત્તેજના આવે છે કે તે જોઈએ."

આ ગૃહસ્થને કોઈ માનસિક કારણસર સરખી લૈંગિક ઉત્તેજના આવતી નહોતી એટલે એ એક રાતમાં છ-સાત વખત આ ફોરપ્લેના કર્મકાંડ કરતા. (ફોરપ્લે જરૂરી હોય છે એવું તેમને કોઈકે કહેલું તેથી સ્તો!) આ બધામાં રાતના દોઢ-બે વાગી જતા. આ આખાય સંબંધમાંના લાગણીના તાણાવાણા ક્યાંક ખોવાઈ ગયેલા, કારણ કે સફળ સમાગમ કરવાનું એકમેવ ધ્યેય 'શ્રીમાન' સામે હતું. તેમની 'શ્રીમતી'ને સવારમાં છ વાગ્યે ઊઠવું પડતું. તેમને પણ નોકરી હતી. તેમનો દિવસ પણ 'શ્રીમાન' જેટલો જ વ્યસ્ત રહેતો. ઉપર ચર્ચાયેલા બધા જ પ્રશ્નો 'શ્રીમાન' અને 'શ્રીમતી' સામે મૂક્યા ત્યારે તે બન્ને અંતર્મુખ થઈ ગયાં. તેમણે એ પ્રશ્નો પર વિચાર કરવાનું વચન આપ્યું. ત્યાર બાદ ચાર-પાંચ મહિનાના સમયગાળામાં તેમણે આશ્ચર્યજનક પ્રગતિ સાધી. એ પછી તેમના સંબંધો એટલા સુધરી ગયા કે એક વાર વાત-વાતમાં 'શ્રીમતી' બોલ્યાં, "અમારામાં આટલો બદલાવ કઈ રીતે આવ્યો એ સમજાયું જ નહીં".

આટલો બદલાવ કઈ રીતે આવ્યો એનો જવાબ સહેલો હતો. શ્રીમાન અને શ્રીમતી પોતાની લૈંગિકતાની જવાબદારી પોતે લેવાનું શીખ્યાં હતાં.

એટલે જ છેવટનો મહત્ત્વનો પ્રશ્ન.

પોતાની લૈંગિકતાની જવાબદારી આપણે પોતે ઉપાડવા માટે તૈયાર છીએ કે?

પ્રચલિત લૈંગિક મૂલ્યવ્યવસ્થા, સમાજ દ્વારા પ્રસ્થાપિત સ્ત્રી અને પુરુષની ભૂમિકા, આ બધાનો વિચાર કર્યા વગર જવાબદારી સંભાળવાનું શક્ય નથી. બીજું એ કે પરંપરાગત પુરુષ-ભૂમિકા કે સ્ત્રી-ભૂમિકા સ્વીકારવાનું અનેક વખત સગવડિયું હોય છે, કારણ કે એનાથી લૈંગિકતાની જવાબદારી પ્રસ્થાપિત સમાજવ્યવસ્થા પર નાખીને છૂટી જઈ શકાય છે. લૈંગિકતા વિશેની હજી એક ગમ્મત એવી છે કે આપણે સગવડ પ્રમાણે

આ સંદર્ભમાં ક્યારેક વ્યક્તિગત માપદંડ વાપરીએ છીએ તો ક્યારેક પ્રસ્થાપિત સામાજિક માપદંડ વાપરીએ છીએ. એમાં સુસંગતતા હોય જ એવું નથી.

એટલે, આંખો પરનાં ચશ્માં કાઢીને આપણે જ આપણું અવલોકન કરીશું કે નહીં, એ છેવટનો, ખરો ગહન પ્રશ્ન છે.

(દીપાવલી - સ્પંદન, ૧૯૮૫)

આજની તારીખે : આ લેખ પ્રકાશિત થયા પછી નવ વર્ષે કિશોરાવસ્થામાં થતી અનુભૂતિની જાગૃતિ માટેના કાર્યક્રમ ‘જિજ્ઞાસા’નાં શ્રીગણેશ થયા. આ કાર્યક્રમમાં 'લૈંગિકતા-શિક્ષણ' એટલે કે 'Sexuality Education' વિષયનો સમાવેશ કરવામાં આવ્યો. પ્રશિક્ષિત સ્વયંસેવકો દ્વારા ૧૯૯૪થી લઈને તે આજ સુધી અક્ષરશઃ લાખો વિદ્યાર્થીઓ સુધી આ પ્રશિક્ષણ પહોંચ્યું છે એ એક મોટું સમાધાન છે.

પણ એકવીસમી સદીમાં સુધ્ધાં લૈંગિકતા વિશેના અજ્ઞાનનો અંત આવ્યો નથી. સ્ત્રી-પુરુષ સંબંધના સંદર્ભની પ્રગલ્ભતા વધી હોવાનાં કેટલાંક ચિહ્નો દેખાય છે, પણ એ સંબંધોને અપરિપક્વ, વિકૃત અને ક્રૂર બનાવનાર સંદર્ભો અને ઘટનાઓ પણ એક વાસ્તવિકતા છે. રઘુનાથની લડાઈ હજુય સમાપ્ત નથી થઈ.

- લેખક

શિશુમુખેથી

મારો પુત્ર ચિ. પાર્થ તેના બાળપણના ફોટા મોબાઈલમાં હતાં તે તેની ૩ વર્ષની દીકરી ચિ. માયરાને એક - એક કરીને બતાવતો હતો. બાળપણમાં પાર્થનો વાળનો જથ્થો ઘણો હતો તેથી ચોટલી લેવી પડતી. એક ફોટાને થોડીવાર જોયા પછી ચિ. માયરાએ ભોળા ભાવે પૂછ્યું ''તો ડેડી, તમે નાના હતા ત્યારે 'ગર્લ' હતા?''

વડોદરા **- રેખા ઓઝા**

જ્ઞાન દ્વારા સમગ્ર જગતમાં પોતાના મનને વ્યાપ્ત કરવું, કર્મ દ્વારા સમસ્ત જગતમાં પોતાની શક્તિને વ્યાપ્ત કરવી અને સૌંદર્યબોધ દ્વારા સમસ્ત જગતમાં આપણા આનંદને વ્યાપ્ત કરવો એ જ મનુષ્યત્વનું લક્ષ્ય છે. અર્થાત્ જગતને જ્ઞાનરૂપે, શક્તિરૂપે અને આનંદરૂપે ઉપલબ્ધ કરવું તેનું નામ જ મનુષ્ય થવું કહેવાય. **- રવીન્દ્રનાથ ટાગોર**

[પૃ. ૨૮થી ચાલુ]

'ક્યાં હેંડ્યા? બે શબ્દો બોલ્યા એમાં ટણી ચડી ગઈ?'

'નીચે જઈને ચંપલ લઈ આવું, આ માથા પર મારવાં હોય તો-'

તેમને પણ સંભળાવ્યું, 'આ ઘરમાં જૂતાં લાવવાનો નિષેધ છે. બીજું કંઈ નહીં તો આટલી ખબર તમને હોવી જોઈએ.'

ઉગ્રતા, વક્રતા - કોઈ અસર જ નહીં! ઊલટાના ધીમું-ધીમું હસતા હતા.

'શરમ નથી આવતી?'

'નથી આવતી એ તો પ્રૉબ્લમ છે!'

'તમે જાઓ અહીંથી અને જલસા કરો. પાપ અમારાં, જોયા-સમજ્યા વગર કાચી સેકન્ડમાં સહી કરી દીધી. એનો દંડ તો ભરવો પડશે ને? આમેય આ ભીંતડાંમાં શું છે? વેચીને વખારિયાના ટેબલ પર નોટોનો ઢગલો કરી દઈએ એટલે અમે છુટ્ટા.'

અટકીને ઉમેર્યું, 'કંઈ વધારે પડતું બોલાઈ ગયું હોય તો માફ કરજો.'

'હવે... સાહેબ... મારું કહેવું એમ છે કે-'

બોલવામાં રમતિયાળપણું હતું.

'માનો કે આપની જગ્યાએ બીજા કોઈએ વખારિયાના ટેબલ પર નોટોનો ઢગલો કરી દીધો હોય, ગઈ કાલે, તો આપને વાંધો ખરો?'

હાથ પર માથું ટેકવીને થોડીવાર બેસી રહ્યા, 'હરિભાઈ, પેલા ભવૈયાઓએ કર્યો હતો એનાથી વધારે ત્રાસ આજે તમે કરી રહ્યા છો. મગજની નસો ખેંચાય છે. કંઈક સમજાય એવું બોલો તો મોટી કૃપા થશે.'

આ માગણીના પ્રતિભાવરૂપે હરિભાઈના ભીંસાયેલા દાંત વચ્ચેથી ગાળોની હારમાળા નીકળી.

'અરે... અરે...'

'વિજુડો સાલો, વિજિયો! નાકે શેડાં લટકતાં'તાં, ચડ્ડી પહેરવાનું ભાન નહોતું-'

'વિજુડો? વિજિયો?'

'ભેંસિયા પોળમાં અમારા પડોશી ચુનીલાલનો છોકરો. ચુનીલાલ પાંચ-સાત દુકાને નામાં લખી જેમતેમ ઘર ચલાવતા'તા. તે નાલાયક આજે બે પૈસાનો ઍડ્વોકેટ વિજયકુમાર બની ગયો છે. મારે ઘેર ગુડાણા તે લોકો-'

'તમારે ઘેર આવ્યા હતા?'

'ત્યારે સુવ્વરને ચોખ્ખું કહ્યું'તું કે સાહેબને ડિસ્ટર્બ કરવાના નથી, પણ હલકટ, મોટું પરાક્રમ કર્યું હોય એમ મને ફોન કરે છે કે અંકલ, તમારા ફ્રેન્ડ તો ગભરાઈ ગયા, ઢીલાઢફ થઈ ગયા, કરગરે કે મકાન વેચી દઈશ, ગમેતેમ કરીને દેવું ભરીશ-'

ભવિષ્યના કાર્યક્રમની રૂપરેખા પણ આપી, 'સાલાને કોર્ટના કમ્પાઉન્ડમાં ફટકારવો પડશે.'

(૩)

ફૅક્ટરી નામનું પ્રાણી અચાનક હવામાંથી ઊભું થયું હતું એ હસતું-હસતું જતું રહ્યું. ચિત્રવિચિત્ર આકારોએ

વિકૃત નૃત્યો કરી ચીડવ્યા, અડપલાં કર્યાં અને છેલ્લે વાંસ, પડદા, પેટ્રોમેક્સ જ નહીં, આખું સ્ટેજ ઉપાડીને નાસી ગયા.

બાબા માણેકનાથે ગોદડી ગૂંથી, આખી રાત, ઝીણવટથી - પછી દોરીનો છેડો ખેંચીને એક જ ઝાટકે ઉકેલી નાખી.

કૈસી ગોદલી? કહાં કી ગોદલી?

હિસાબ પૂરો. ચોપડો બંધ કરો.

વિચાર આવ્યો કે એમ ચોપડાં બંધ કરાતાં નથી. નાણાં ઉપરાંત અન્ય વ્યવહારો હોય, એમાં લેવડદેવડના હિસાબ હોય, તો ચોપડાંનાં એ પાનાં પણ તપાસવાં જોઈએ. આવડું મોટું પ્રકરણ : એના અંતે પોતે કોરાકટ બહાર આવ્યા હતા? ક્યાંક, કોઈ જગ્યાએ ભૂલ થઈ હતી? ડાઘ લાગ્યો હતો?

વખારિયા અને ઍડ્વોકેટ – હરિભાઈનો વિજિયો તે તો જંતુ હતા. તેમનું શું વજૂદ? તેમણે ખેલ કર્યા તે અપમાનજનક લાગ્યા હતા, પણ તટસ્થતાથી વિચારવામાં આવે તો સ્વીકારવું જોઈએ કે તે પોતાની ફરજ બજાવતા હતા.

વળી, ચોપડાના એ પાનામાં પોતાનું ખાતું મજબૂત હતું. છાતી કાઢીને તેમની સામે ઊભા રહ્યા. એકને બૂટ કાઢવા બહાર મોકલ્યો, બીજાને ગલોફાંમાં ભરેલી ગંદકી દૂર કરવા ફરજ પાડી. પોતાનું ભૂલનું ભાન થયું તો પ્રામાણિકતાથી એનો સ્વીકાર કર્યો.

મકાન વેચીને દેવું ભરવાની ઘોષણા કરી તે ઠાલા શબ્દો નહોતા, દૃઢ નિર્ણય હતો, પ્રતિજ્ઞા હતી.

રહી વાત મિત્રની. એ પાનાને વધારે ઝીણવટથી તપાસવું પડે. હા, ગુસ્સો આવ્યો હતો, અકળામણ થઈ હતી. છતાં મનને ચલિત થવા દીધું નહીં. ઘાંઘા થઈ તેમને ઘેર દોડી ન ગયા, ફોન પણ ન કર્યો. મિત્રનાં હેતુ, નીતિ વિશે શંકાનો મનમાં પ્રવેશ થવા દીધો નહીં.

તો, સામે પક્ષે મિત્રે પણ સમય ગુમાવ્યા વગર બારોબાર કામ પતાવ્યું. આમ પોતાની જાતને ખાલી કરી, સાફ કર્યા પછી જ મળવા આવ્યા. ગમ્મતો કરી, પણ એમાં ક્ષોભ હતો, અપરાધભાવ હતો. એનાથી વધારે સારી કઈ ભાષા હોઈ શકે?

સંબંધોની ગરવાઈ જળવાઈ રહી.

એક પાના પરના હિસાબમાં કંઈક ગૂઢ તત્ત્વ હતું. એને શું માનવું-ચમત્કાર? પોતે કંઈ ન કર્યું, બેસી રહ્યા.

છતાં, એ અકર્મણ્યતા છેવટે રંગ લાવી.

* * *

બેઠા હતા, નિરાંતના ભાવ સાથે.

પત્યું! પાર આવ્યો!

ત્યાં, એક ક્ષણમાં કંઈક બન્યું અને ચોપડો બંધ કરતો હાથ થંભી ગયો.

શું હતું, ત્યાં, ખૂણામાં? હવામાં થોડી રેખાઓ હાલવા લાગી અને ઝાંખો આકાર દેખાયો. હાથમાં પુસ્તક, પણ ચશ્માં પાછળની આંખો તેમની ઉપર મંડાયેલી હતી.

તું?

અરે અરે!

તુમુલ યુદ્ધ ખેલાઈ રહ્યું હતું ત્યારે વિદ્યાર્થિની તો પુસ્તકો જોઈ રહી હતી. તદ્દન નિર્લેપ. આવેશમાં આવીને વિદૂષકો ભેગી તેને પણ ઝપાટામાં લીધી.

ધ્રૂજી ગઈ હતી. ચહેરો ફિક્કો, આંખોમાં ભય, ભય કરતાં વધારે વિસ્મય. તેને થતું હશે, પુસ્તકો જોવાં-વાંચવા એ શું અપરાધ છે?

તેને તો પોતે ભૂલી જ ગયા હતા.

પેલા બે આવ્યા હતા અમુક ચોક્કસ હેતુથી, પણ તેની હાજરીને તો કોઈ રીતે સમજી શકાય એમ નહોતું. વકીલે કહ્યું, મારી બહેન કૉલેજમાં ભણે છે, પરંતુ એટલા શબ્દોથી તેનો સાચો પરિચય મળતો નહોતો.

તે કોણ હતી અને શું હતી?

યુદ્ધભૂમિમાં એક કબૂતર આવીને બેઠું. પોતે કેવા યોદ્ધા, કયા પ્રકારના શૂરવીર કે શસ્ત્ર ઉગામતાં તેની સામે ધસી ગયા?

તે બબડ્યા : હા બેટા હા. તારો હિસાબ હજુ બાકી છે.

બે પુસ્તકો. સારી સ્થિતિમાં હતાં, તો પણ એમને નવેસરથી તૈયાર કરવાં પડશે, બ્રાઉનપેપરનાં પૂંઠાં ચડાવી શણગારવાં પડશે.

ચીવટથી પાર્સલ બનાવવું પડશે.

મનોમન એક સંવાદ ચાલ્યો :

- પાર્સલનું શું કરવાનું?

- મોકલવાનું.

- કોને મોકલવાનું?

- રસ છે, જિજ્ઞાસા છે તેને.

- માત્ર રસ અને જિજ્ઞાસા?

- સૉરી! ભૂલ થઈ. અધિકાર. લખીશ: 'જેનો અધિકાર છે તેને મલે.'

જરૂર પડે સરનામાની, એ શોધવાનું નહોતું.

જતાં-જતાં વકીલ, બારણેથી પાછો વળી, વગર માગ્યે તેનું કાર્ડ પકડાવી ગયો હતો એ અમસ્તું નહીં.

❑❑❑



[પૃ. ૫૨થી ચાલુ]

હક માટે પણ લડશે અને લડી રહ્યા છે તેમજ ફરજ બજાવવા માટે પણ તૈયાર રહેશે. પહેલાં આપણા દેશની ગણતરી અવિકસિત દેશોમાં થતી હતી, પણ ધીરે-ધીરે હવે વિકાસશીલ દેશમાં થઈ રહી છે. હું તો આશાવાદી છું અને મને તો લાગે છે કે થોડાંક વર્ષોમાં આપણા દેશની ગણતરી અમેરિકા અને ઇંગ્લૅન્ડ જેવા વિકસિત દેશોમાં થશે.

પ્રશ્ન : તમે આટલાં વર્ષથી જે કામ કરી રહ્યાં છો, એ મિશનમાં હવે તમારા પુત્ર અને પુત્રવધૂ પણ જોડાયાં છે. આવું સમર્પણ આખો પરિવાર કરે એવું ભાગ્યે જ જોવા મળે છે. એવાં કેટલાંક ઉદાહરણો આપણી સામે છે કે NRI પરિવારોમાં માતાપિતાને ભારત જઈને સેવા કરવી હોય પણ તેમનાં સંતાનોને એમાં કોઈ રસ હોતો નથી. આજના આપણા સામાજિક પ્રશ્નો સંદર્ભે સંતાનોનું ઘડતર કરવા અંગે મારે તમારા વિચારો જાણવા છે.

આપણે, મા-બાપ ઘણીવાર બાળકોને સલાહ-સૂચન બહુ આપતાં હોઈએ છીએ. સલાહ-સૂચનથી ઘડતર થતું નથી. મને તો લાગે છે કે મા-બાપે એક ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. એવાં વાણી, વર્તન અને વ્યવહાર હોવાં જોઈએ જે જોઈને બાળક એમાંથી શીખે અને એમાંથી તેનું ઘડતર થાય. એક દાખલો આપું તો આપણે બાળકને કહીએ કે જૂઠું નહીં બોલવાનું. પછી આપણે ત્યાં કોઈનો ફોન આવે, બાળક ફોન ઉપાડે અને આપણે વાત ન કરવી હોય તો આપણે બાળકને કહીએ કે એને કહી દે કે ઘરે નથી. બાળક જુએ કે આ તો ખોટું બોલે છે, તો એ સાચું બોલવાનું કેવી રીતે શીખે? એટલે આપણે રોલ-મૉડલ બનવું પડે, તો જ તેનું ઘડતર થઈ શકે. આપણે જોઈએ છીએ કે કેટલીક સામાજિક સંસ્થાઓ છે જે સંસ્થાઓ શરૂ કરનાર બહુ જ સમર્પિત લોકો હતા. તેમણે સેવામાં તેમનાં તન, મન અને ધન આપી દીધેલાં, પણ તેમનાં બાળકોને જોઈએ તો તેમને સમાજસેવાનાં કાર્યો કરવાની ઇચ્છા નથી હોતી અને એનો વિરોધ પણ કરે છે. આવું કેમ? તો અમને લાગ્યું કે દરેકને આદર્શ તો હોવો જ જોઈએ, પણ માત્ર સૂકો આદર્શ નહીં ચાલે. જેમ પરિસ્થિતિ બદલાય એમ આપણે વ્યવહારુ થવું પણ જરૂરી છે એવું અમને લાગ્યું એટલે અમે અમારાં બાળકોને નાચગાન, રમતગમત, સારી ફિલ્મો જોવી, પ્રવાસે જવું, પર્વતારોહણ કરવું, નાટકોમાં જવું – અમને લાગે કે આ નિર્દોષ પ્રવૃત્તિઓ છે તો અમે તેમને એમાં ઉત્તેજન આપતાં. જ્યારે કેટલાક લોકો એટલા શુષ્ક હોય, જિદ્દી હોય તો બાળકોને આવી પ્રવૃત્તિઓ ન કરવા દે. અમે અમારાં બાળકોને આ બધાં માટે પ્રોત્સાહન આપીએ અને મદદ પણ કરીએ. એટલે અમે એ રીતે પ્રૅક્ટિકલ



નિર્ણય પ્રક્રિયામાં બહેનોની ભાગીદારી

આઇડિયાલિસ્ટ થયાં છીએ. મને લાગે છે કે બાળકોએ આ બધું જોયું, હું અને અનિલભાઈ એટલાં આનંદથી રહ્યાં એટલે બાળકો જોતાં કે કેટલી મજા આવે છે. અમારે ઘેર મહેમાનો પણ બહુ આવતા અને તેમની વાતોમાં પણ મજા-મજા જેવું જ લાગતું હોય, એટલે અમારા દીકરાને પણ એવું લાગ્યું કે આ જ કરવા જેવું છે. અમારા દીકરાનો જન્મ અમેરિકામાં થયેલો, પછી તે ભણવા પણ અમેરિકા ગયો. તે અને તેની પત્ની ત્યાં દસ વર્ષ રહ્યાં, પણ પછી અહીં આવીને અમારી સાથે કામ કરે છે. એટલે આ બધાં કારણો હશે એમ મને લાગે છે. અમને અહીં આનંદ જ મળે છે, મજા જ છે. હવે આ આનંદ અને પેલો ભૌતિક સુખોનો આનંદ એમાં કેટલો ફરક છે. એક વસ્તુથી ભૌતિક વસ્તુ મળે એટલે તમને આનંદ થાય, પણ એ આનંદ થોડો વખત ટકે, પછી બીજી વસ્તુની ઇચ્છા થાય. એટલે એ આનંદ કાયમી નથી. આખરે આપણને જીવનમાં જોઈએ છે શું? આનંદ અને શાંતિ અને એ અમારા જીવનમાં ભરપૂર છે એવું બાળકોએ જોયું.

પ્રશ્ન: અનિલભાઈ સાથેના સહજીવનના અને 'સેવા રૂરલ'ના કામ દરમ્યાન થયેલા અસંખ્ય અનુભવો હશે, પણ એ પૈકી કોઈ એવા પ્રસંગો હોય જેની છાપ આજીવન રહે. એ વિશે વાત કરશો?

ચોક્કસ. જુઓ, હું પહેલાં સંસ્થાની વાત કરું. પહેલેથી અનિલભાઈને મહિલાઓમાં રહેલી શક્તિ વિશે ખૂબ આદર હતો. તે બહેનોને ખૂબ પ્રોત્સાહન અને પ્રેરણા આપતા. મહિલા વિકાસનું જે કામ અમે 'સેવા રૂરલ' દ્વારા કરતાં એ કામ કરવા અમે એક અલગ સંસ્થા શરૂ કરી. મને એની શરૂઆતનો એક

પ્રસંગ યાદ આવે છે. અલગ સંસ્થા કરવાનો અમે નિર્ણય કર્યો પછી અમને એમ થયું કે આપણે બહેનો જોડે વાત કરીએ. એટલે અમે પચાસ-સાઠ જેટલી બહેનોને, અલગ સંસ્થા માટે શું કરવું પડશે, કેવી તૈયારીઓ કરાવી પડશે એની ચર્ચા કરવા માટે બોલાવી. અમને થયું કે 'સેવા રૂરલ'ના બે-ચાર મોભી ભાઈઓને પણ બોલાવીએ. તેમને માત્ર ચર્ચા સાંભળવા પાછળ બેસાડવાનું નક્કી થયું. પછી અમે ચર્ચા શરૂ કરી અને બહેનોને પૂછવા માંડ્યું. પહેલા એકાદ બહેન બોલી, પછી બીજી બહેનોએ કહ્યું કે આ પાછળ આપણા ભાઈઓ બેઠા છે તેમને પહેલા પૂછો. એટલે અમને ખૂબ આંચકો લાગ્યો કે આ બહેનો પોતે વિચારતી નથી અથવા તેમને બોલવાની હિંમત નથી અથવા તેમને સંકોચ થાય છે અને તેમને એવું થાય છે કે ભાઈઓ જ બધું કરી શકે. અનિલભાઈએ આ જોયું અને બહેનો સાથેની તેમની એ પહેલી અને છેલ્લી મિટિંગ. ત્યાર પછી તે બહેનોની કોઈ મિટિંગમાં ન આવ્યા અને બહેનોની સંસ્થામાં ટ્રસ્ટી તરીકે પણ ન રહ્યા. સંસ્થાને લગતા આવા તો ઘણા પ્રસંગો છે.

હવે પતિ સાથેના અને પરિવાર સાથેના વ્યક્તિગત પ્રસંગોની વાત કરું તો અમે રોજ ફરવા જતાં. ગમે તેટલું કામ હોય છતાં અમે રોજ સવારે સાથે ફરવા જતાં. મોટે ભાગે સાંજે પણ જતાં, ક્યારેક કામમાં મોડું થાય તો સાંજનું ફરવાનું ન બને, પણ સવારે તો રોજ સાથે જ ફરવા જવાનું એવો આગ્રહ. અમે બંને સાથે ફરવા જઈએ ત્યારે અમારા પારિવારિક જીવનમાં પ્રશ્નો નડતા હોય અથવા સંસ્થાના પ્રશ્નો હોય તો એ પ્રશ્નોની ચર્ચા કરીએ, એ પ્રશ્નોનો કેવી રીતે ઉકેલ લવાય એની પણ ચર્ચા કરતાં. આ એક બહુ મોટી વાત છે. પછી તો અમારા કામની જાણ બધાને થવા માંડી એટલે બધા બોલાવે, આવાં આમંત્રણો આવે ત્યારે તે મને જ જવા માટે પ્રોત્સાહન આપે. અમને વિશ્વ આરોગ્ય સંસ્થાનો પહેલો જે ઍવૉર્ડ મળેલો એ લેવા જિનિવા જવાનું હતું, એ લેવા પણ તેમણે મને જ મોકલી, તે પોતે ન ગયા. પછી વિશ્વ આરોગ્ય સંસ્થામાં એક વખત ચર્ચા માટે અમને બોલાવેલાં. NGO અને સરકાર સાથે કામ કરે એના અનુભવો વિશેની એ ચર્ચામાં ભાગ લેવા પણ તેમણે મને જ મોકલી. આવા તો કંઈ કેટલાય પ્રસંગ મને યાદ આવે છે, પણ છેલ્લે તેમના જીવનના ૪૮ કલાક બાકી હતા ત્યારનો એક પ્રસંગ છે. હું ત્યારે તેમની સાથે ન હતી, પણ અમારા સાથીદાર બંકિમભાઈ શેઠ અને અમારા મયંકભાઈ પંડ્યા સાથે તે મંદિરમાં જતા હતા. અનિલભાઈનો હાથ પકડીને તે લોકો લઈ જતા હતા, ત્યારે તે જે ત્રણ વાક્યો બોલ્યા હતા એ આ લોકોએ તેમના મોબાઇલ ફોનમાં રેકૉર્ડ કરી લીધાં હતાં. એમાંનું એક વાક્ય એવું હતું કે "ભગવાને મારા જેવા

સામાન્ય માણસ માટે એલ. એમ. શાહને મોકલી આપી તેથી હું કંઈક કરી શક્યો." એલ. એમ. શાહ એટલે હું, મારાં લગ્ન પહેલાં મારી અટક શાહ હતી. એટલે મારા જેવી એક સામાન્ય સ્ત્રીને તેમણે કેટલો મોટો આદર આપ્યો. કેટલા પતિઓ પત્નીનું આટલી હદ સુધી સન્માન કરતા હશે? આ વાક્ય મારા જીવનનો સૌથી યાદગાર પ્રસંગ છે, એની છાપ મારા મન પર આજીવન રહેશે અને હવે તો મને લાગે છે કે આ પદ્મશ્રીનો ઍવૉર્ડ મળ્યો એ પણ તેમના ચાલ્યા ગયા પછી તેમણે પડદા પાછળ રહીને મને ફરી આગળ કરી. તેમનું એ વાક્ય મારે માટે સૌથી મોટો ઍવૉર્ડ છે.

પ્રશ્ન : જીવનના આટલા બહોળા અનુભવ પછી જીવનનાં અનેક સત્યો તમને સમજાયાં હશે. દેશ-વિદેશમાં વસતા ભારતીયોને તમે શું કહેશો?

આ બધા યુવાનોમાં જે વારસો અને જે લોહી છે એ તેમનાં મા-બાપનું, તેમના પૂર્વજોનું છે. આપણા સંસ્કાર પ્રમાણે આપણે જે કંઈ છીએ એમાં ભગવાન તો ખરા, એટલે દેવઋણ છે, પછી ઋષિઋણ, માતૃઋણ, પિતૃઋણ એ બધાં ઋણ આપણા પર છે. એવી રીતે આપણા દેશનું ઋણ પણ આપણા પર છે. એટલે હું તો દેશ-વિદેશમાં વસતા ભારતીયોને



વિશ્વ આરોગ્ય સંસ્થાનો એવાર્ડ
પ્રથમ એવાર્ડ ૧૯૮૫

કહીશ કે તમે જ્યાં હો ત્યાં, દેશમાં કે પરદેશમાં સુખથી રહો. આપણા દેશની ખામીઓ તો છે જ, જેમ અમેરિકાની ખામીઓ છે કે બીજા કોઈપણ દેશની હશે, એટલે હું તેમને કહીશ કે તમે આપણા દેશની ટીકા કરવાનું બંધ કરો, કારણ કે તમારે માથે દેશનું ઋણ છે. તમે ભલે આર્થિક કે બીજી કોઈપણ રીતે દેશની સેવા ન કરો, પણ તમારા મિત્રો કે પરિવારને દેશની સેવા કરવાની ઇચ્છા હોય તો તેમને અટકાવશો નહીં. જો તમારા સાનુકૂળ સંજોગો હોય તો અત્યારે અને ન હોય તો જ્યારે અનુકૂળતા થાય ત્યારે થોડા સમય માટે પણ તમારું જે ઋણ છે એના માટે કંઈક કરી છૂટો. એ કરી છૂટવાનો જે આનંદ છે એ ભૌતિક સુખના ક્ષણિક આનંદ કરતાં અનેકગણો ઊંચો અને ટકાઉ છે.

❑❑❑

જ્ઞાનના બે પ્રકાર હોય છે. એક જે સ્વયં પોતે જાણીએ, બીજો આપણે એ જાણીએ કે એ વિષયની માહિતી આપણે ક્યાંથી મેળવી શકીએ છીએ. - **સેમ્યુઅલ જ્હોનસન**

અક્ષરની ઓળખાણ

❑ અવની સોલંકી
❑ ઋષભ પરમાર



સાહિત્ય-સમ્પર્ક – રાધેશ્યામ શર્મા (વિવેચનસંગ્રહ)

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પૃષ્ઠ : ૧૫૮, કિં.રૂ. ૨૪૫/- પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧. ફોન: ૨૨૧૧૦૦૮૧- ૨૨૧૧૦૦૫૪.

રાધેશ્યામ શર્માનો સાહિત્ય સાથેનો નાતો વર્ષો જૂનો. કવિતા, નવલકથા, વાર્તા, વિવેચન અને સંપાદન ક્ષેત્રે ઘડાયેલું નામ. સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં ૬૦થી વધારે પુસ્તકોનું ખેડાણ અને ૨૧ જેટલાં વિવિધ પારિતોષિકો પ્રાપ્ત કરનાર શ્રી રાધેશ્યામ શર્માનું પુસ્તક ‘સાહિત્ય-સમ્પર્ક’ અનેક નામાંકિત સર્જકોની રચના પરત્વેનો વિવેચન સંગ્રહ છે.

પ્રસ્તુત પુસ્તકમાં કુલ ચાર ખંડ દ્વારા સિતાંશુ યશશ્ચંદ્ર, ધીરુભાઈ પરીખ, ભોળાભાઈ પટેલ, કુમારપાળ દેસાઈ, ઉમાશંકર જોશી, ચિનુ મોદી, ઈલા આરબ મહેતા, હિમાંશી શેલત, રમણ સોની, ગુલામમોહમ્મદ શેખ, રઘુવીર ચૌધરી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, હરીશ મીનાશ્રુ, મણિલાલ હ. પટેલ, સુમન શાહ, પ્રવીણ દરજી, ચંદ્રકાન્ત શેઠ, શિરીષ પંચાલ, યોસેફ મેકવાન વગેરે જેવા અનેક કલાકીય પરિપક્વ સર્જકોની રચના અંગેના તેમના અવલોકન-વિવેચનની સુબોધતા સાંપડે છે. તેમાં સ્તવનથી લઈને કાવ્યાસ્વાદ, નારીવાદી અભિગમ, દલિતો પ્રત્યેની સહાનુભૂતિ, પૌરાણિક પાત્રોનો ઉઘાડ, આત્મકથનાત્મક આલેખનો, ગ્રંથરાગ-વિરાગ, પત્રાવલી જેવા વિધ-વિધ વિષયોનું રસદર્શન કરાવ્યું છે.

અહીં જાણે આપણા ગુજરાતી સાહિત્યનો અમુલ્ય વારસો અને નકશો નજર સમક્ષ ઉપસાવવાનો લેખકનો અભિગમ રહ્યો હોય એવું લાગે છે.

❑

બરફના માણસો – પન્ના ત્રિવેદી (વાર્તાસંગ્રહ)

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી ૨૦૨૧, પૃષ્ઠ : ૧૪૨, કિં.રૂ. ૧૬૫/- પ્રકાશક : આર. આર. શેઠ પ્રકાશન, અમદાવાદ – ૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯ ૨૫૫૦૬૫૭૩.

મુંબઈ - ૦૨૨ ૨૨૦૧૩૪૪૧.



આગની ઝાળ લઈ જીવતા બરફના માણસોની અદ્‌ભુત વાર્તાઓનો સંચય સુપ્રસિદ્ધ વાર્તાકાર, કવયિત્રી, વિવેચક, સંશોધક, સંપાદક, અનુવાદક અને અધ્યાપિકા એવાં પન્ના ત્રિવેદી તરફથી ગુજરાતી સાહિત્યને મળેલું યોગદાન છે. અહીં મનુષ્યજીવનનાં ભાવ-અભાવોને કલાકીય માવજત દ્વારા સુપેરે આલેખાયા છે. 'બરફના માણસો' વાર્તાસંગ્રહના પાત્રો મનુષ્ય સૃષ્ટિની આંતરિક ચેતનાના મનોજગતને જીવંત દૃશ્યાત્મકતા આપે છે. માણસના અકથ્ય શબ્દોની વેદના ઠરી જઈને બરફ બનીને પ્રસ્તુત તેર વાર્તાઓમાં પીગળતી જોવા મળે છે. લેખિકાનાં સંદર્ભે આ વાર્તાઓના એક-એક પાત્રોમાં મનુષ્યચેતનાનો સંસ્પર્શ છે. તમામ પાત્રો અજાણ્યાં છતાં આપણા જ પડછાયા જેવા ભાસે છે. તેઓને વિશ્વાસ છે કે પીગળતી ઝાળને, તેમના અવાજને આપણા જેવા વાચકોની આંખો જરૂર મળશે!

❑

સર્જનહારનો શંખનાદ - સુધા મૂર્તિ અનુ. - તૃપ્તિ શાહ (મર્યાદાપુરુષોત્તમ અને પૂર્ણપુરુષોત્તમની અજાણી અને અનોખી કથાઓ)

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૧, પૃષ્ઠ : ૧૫૮, કિં.રૂ. ૧૭૫/- પ્રકાશક : આર. આર. શેઠ પ્રકાશન, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯ ૨૫૫૦૬૫૭૩. મુંબઈ - ૦૨૨ ૨૨૦૧૩૪૪૧.

ભારતની મુખ્ય ભાષાઓ, વિદેશની અમુક ભાષાઓમાં તથા બ્રેઇલ લિપિ સહિતના કુલ ૨૦૦ પુસ્તકોનું પ્રકાશન, પદ્મશ્રી, સાત માનદ્ ડૉક્ટરેટની પદવી અને લાઈફ ટાઈમ એચિવમૅન્ટ પુરસ્કાર વિજેતા લેખિકા સુધા મૂર્તિનાં પુસ્તકો હંમેશાં બેસ્ટસેલરની યાદીમાં મોખરે હોય છે.



તૃપ્તિ શાહ દ્વારા અનુવાદિત આ પુસ્તક મર્યાદાપુરુષોત્તમ શ્રીરામ અને પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણની અનોખી કથાઓનો સંગ્રહ છે. સૃષ્ટિના પાલનહાર એવા શ્રીવિષ્ણુના આ બંને માનવ-અવતાર અલગ-અલગ સમયખંડમાં હોવાની સાથે ભિન્ન-ભિન્ન વિશિષ્ટતાઓ ધરાવે છે. રઘુનંદન રામની કથાઓમાં સૂર્યવંશથી શરૂ કરીને રામના અંતિમ પ્રયાણ સુધીની પંદરેક કથાઓ છે તો શ્રીકૃષ્ણની કથાઓ ચંદ્રવંશથી લઈને શ્રીકૃષ્ણના

દેહવિલય સુધીના દસેક પ્રસંગોને આલેખે છે. આ કથાઓમાંના ઈશ્વરરૂપી માનવીય પાત્રો જાણે આપણી સાથે જ રહીને આપણને એક તાંતણે બાંધી રાખે છે. 'સર્જનહારનો શંખનાદ'ની અમુક અજાણી, કૌતુકભરી કથાઓ આપણા દેશની સંસ્કૃતિ અને વારસાના અભ્યાસ માટે મદદરૂપ બની રહેશે.

❑



વિચરણ - ભરત નાયક (કાવ્યસંગ્રહ)

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પૃષ્ઠ : ૧૨૦, કિં.રૂ. ૨૫૦/- પ્રકાશક : સાહચર્ય પ્રકાશન, C-૭૦૩, વીણા સરગમ, મહાવીર નગર, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. ફોન: ૦૭૫૦૬૧ ૯૭૯૪૪.

સાહિત્યને માત્ર વિભાવનમાં નહીં બલકે ચરિત્રમાં જીવતા સર્જકોમાં ભરત નાયકનો સમાવેશ થઈ શકે. પદાર્થને ઘૂંટી ઘૂંટીને એના સત્ત્વ સુધી પહોંચવાની, અનુભૂતિને લસોટીને એના અર્ક સુધી પહોંચવાની એમની પેરવી સાહિત્યના દરેક આયામમાં અવતરે છે. અહીં સત્તાવન જેટલાં અછાંદસ કાવ્યો સમાવાયાં છે. અહીં પ્રકૃતિકાવ્યો છે તો સાથે વૈજ્ઞાનિકો ઉપરનાં કાવ્યો પણ છે. લાભશંકર ઠાકર, કાનજી પટેલ, ગુલામમોહમ્મદ શેખ, સિતાંશુ યશશ્ચંદ્ર, રાજેન્દ્ર શુક્લ, કમલ વોરા અને હર્ષદ કાપડિયા જેવા અંતરંગ કવિ મિત્રો ઉપર પણ કાવ્યવર્ષા થઈ છે. કવિનો સર્જન વ્યાપ સંગીત, ચિત્ર, શ્વાસ, આંખ, કાન, જીભ અને હાથ સુધી ફેલાયેલો અને સતત વિસ્તરતો રહ્યો છે. ભાવકને ઉદ્દેશીને એક રચનાની શરૂઆત જુઓ:

"તમે જ્યાં પણ છો
જે કોઈ દિશા-દશામાં
અત્યારે અક્ષરોમાં ચિત્ત પરોવી દો"

અંતેતોગત્વા આ અક્ષરોની તરણી અનુભૂતિના વિશ્વને તરી જવા સક્ષમ બને છે એમના જ શબ્દોમાં -

તરણા જેવા તરણા બની ગઈ તરણી
અને તમે તરી પણ ગયા.

❑

શબ્દનાં સગાં - રજનીકુમાર પંડ્યા

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ : ૩૪૦, કિં.રૂ. ૫૨૫/- પ્રકાશક : ઝેન ઓપસ,



હિંગળાજમાતા કમ્પાઉન્ડ, નવરંગપુરા પોલીસ સ્ટેશન લેન, નવરંગપુરા - અમદાવાદ ૩૮૦૦૦૯. ફોન: ૦૭૯ ૨૬૫૬૧૧૧૨, Email: contact@zenopus.in

શબ્દજગતમાં રજનીકુમાર પંડ્યાનું નામ સુખ્યાત છે. પ્રસ્તુત પુસ્તક ૩૮ ખ્યાતનામ સાહિત્યકારોનાં જીવનચરિત્રો અને સંસ્મરણોનો સંચય છે. એમાં અમૃત ઘાયલથી લઈને હાજી મહમ્મદ અલ્લારખા સુધીનો વ્યાપ સમાવવામાં આવ્યો છે. ખલીલ ધનતેજવી, ગની દહીંવાલા, ગુલાબદાસ બ્રોકર, ચિનુ મોદી, ચુનીલાલ મડિયા, જોસેફ મેકવાન, તારક મહેતા, મકરન્દ દવે, રમેશ પારેખ, વિનોદ ભટ્ટ જેવા માતબર સર્જકોનો આલેખાત્મક નહીં પણ નાટ્યાત્મક જીવંત ચિત્રાત્મક પરિચય છે. એમનાં સંસ્મરણો દ્વારા ઊભી થતી વ્યક્તિ સજીવ થઈને પ્રગટ થતી ભાસે છે. મોટાભાગના સર્જકોને તેઓ રૂબરૂ મળ્યા છે. એમની મુલાકાત લીધી છે અને ક્યારેક તો અનેકવાર મળવાનું બન્યું છે. એમની શૈલી વાર્તાકારની છે એટલે રેખાચિત્રોમાં બહુવિધ રંગો જમાવટ કરે છે.

રજનીકુમારની લોકચાહનાનાં મૂળ એમની આ શૈલીમાંથી અને એમાંથી ઊભાં થતાં ચરિત્રોમાંથી સુપેરે મળી રહે છે. પુસ્તકનાં મુદ્રણ અને સજ્જા પણ ઊડીને આંખે વળગે એવાં છે.

❑

તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ' દર માસે નિયમિત મળે છે. વૈવિધ્યસભર લેખો વાંચનતૃષાને તૃપ્ત કરે છે. લેખિકા પન્ના ત્રિવેદીની 'શબીના શેખની અમ્મી' વાર્તા ખરેખર હૃદયને ખૂબ ઊંડાણપૂર્વક સ્પર્શી ગઈ. વાર્તાનાં શરૂઆત અને મધ્યભાગ વાંચતાં થોડું દુઃખ થયું, પરંતુ વાર્તાનો અંત ખૂબ જ સુખદ અને સકારાત્મક રહ્યો. વાર્તામાં રહેલા ડૉક્ટરપાત્રે માનવધર્મને મહત્ત્વ આપ્યું. આવી વાર્તાઓ વર્તમાન અને ભવિષ્યની પેઢીઓમાં કોમી-એકતાનાં મૂલ્યોનું સિંચન કરતી રહે એ જ આશા. અન્ય વિભાગો પણ વાંચવાલાયક હતા.

વલણ - નસીમાબાનુ પટેલ

* * *

'નવનીત સમર્પણ' એપ્રિલ ૨૨ના અંકમાં શ્રી યુનુસ ચીતલવાલાનાં 'દ્વિતીય વિશ્વયુદ્ધ સમયનું કોલકાત્તા' આ વાંચી તાજેતરમાં ચાલી રહેલ રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું એનાં વિનાશક પરિણામો આપણે જોઈ શક્યા છીએ ત્યારે સાહિત્યકાર મહાન રશિયન - લિયો ટૉલ્સટૉય તેના પુસ્તક 'વૉર ઍન્ડ પીસ'માં 'યુદ્ધ બાદના મનુષ્ય જીવનના નાજુક પ્રસંગો બાબતમાં યોગ્ય જ લખે છે. બીજા વિશ્વ યુદ્ધના પરિણામે સાત કરોડ લોકોએ જાન ગુમાવેલા, શું માનવીય અસ્તિત્વના ભોગે યુદ્ધ અનિવાર્ય છે? જીદમાં, જમીન માટે અને મહાસત્તાઓની અહંની એ દેણ છે. શાંતિ શક્ય છે?

મીઠાપુર - મુકેશ ટી. ચંદારાણા

* * *

એપ્રિલ, ૨૦૨૨ના 'નવનીત સમર્પણ'માં વીનેશ અંતાણીની વાર્તા 'હરકાન્ત જોશી'માં વાસ્તવ, અતિવાસ્તવ, એકલતા, સંવેદના - આ બધા તાણાવાણા એવા તો સુંદર વણાયા છે કે અદ્‌ભુત શબ્દ પણ અધૂરો લાગે. 'મુક્ત થઈ જા' પારુલબહેનની વાર્તા કલાત્મક અંતને લીધે ગમી. નટવર પંડ્યાએ તો હાસ્ય મર્માળા કટાક્ષની બઘડાટી બોલાવી.

કવિ કાન્તની ખુરશીમાં રજૂ થતાં ભાવનગરનાં અનેક સ્મરણો સાથે આત્મીય અનુબંધ અનુભવું છું. સંદીપ ભાટિયાની કવિતા ગમી.

મુંબઈ - હરીશ દાસાણી

* * *

એપ્રિલ, ૨૦૨૨નો 'નવનીત સમર્પણ' અંક સાદ્યંત સુચારુ અને સુવાચ્ય રહ્યો. જ્ઞાનસભર અને મૂલ્યસભર પણ ખરો જ.

વીનેશ અંતાણીની વાર્તા 'હરકાન્ત જોશી'માં છેવટ લગી, ઉત્સુકતા જળવાઈ રહી. 'વહાલાં ઈશામા' તો સૌને વહાલાં જ લાગે ને? રક્ષાબહેન

દવે સાથેની મુલાકાત મને ચૌદ વર્ષ પહેલાંના મારા ભૂતકાળમાં ખેંચી ગઈ. યજ્ઞેશ દવેએ પક્ષીઓનો રંગવૈભવ આપીને પ્રકૃતિપ્રેમીનાં દિલ જીતી લીધાં. મોના જોશીની વાર્તા 'સ્લેટપેન'ના પાત્ર જડાઉબાએ તો જીવનનો નિચોડ કહી દીધો. વાહ! ચાર ચોપડી ભણેલાં જડાઉબાની ફિલૉસૉફી! બઘટાડીના શબ્દપ્રયોગે તો મરક-મરક હસતાં થઈ જવાયું. મુસ્લિમ ભક્ત-કવિઓનો શ્રીકૃષ્ણપ્રેમ મુખરિત કરવામાં સિદ્ધહસ્ત લેખક પ્રા. વઘાશિયા કામિયાબ રહ્યા છે. પૂ. રામકૃષ્ણ પરમહંસ દેવની લેખમાળા તથા 'પ્રભાતે કર દર્શનમ્' પણ આસ્વાદ્ય રહ્યા. સાથે સાથે અન્ય વિભાગો તો ખરા જ. 'નવનીત સમર્પણ'ની સમગ્ર ટીમને ધન્યવાદ ને વહાલની વર્ષા.

જામનગર - કૃષ્ણાબહેન અનડકટ

* * *

વિદ્યાપતિ અને તેનું પદ

મે, ૨૦૨૨ના 'નવનીત સમર્પણ'માં પ્રકાશિત લેખ 'પ્રેમ એટલે...'માં મકરન્દ દવે તેમના તા. ૨૬-૭-૧૯૬૬ના રોજના લેખમાં દર્શાવે છે કે 'વિદ્યાપતિનું પદ યાદ આવી જાય : બે પગલાં છે આ પ્રેમના... કાહે દેર કરત, સજની! સાજન કી નગરિયા જાના હૈ. જો ખોયા થા ઉસકો પાકર, ફિર ઉસમેં હી ખો જાના હૈ. લો. પ્રીત કી જીત હુઈ સાજન! જો બિછુડે થે વો મિલ ગયે, તૂ તૂ ન રહે, મૈં મૈં ન રહું, કુછ ઐસા દમ ઘુલમિલ ગયે.' પ્રથમ દૃષ્ટિએ અહીં સાંઈ કવિ મરકન્દ દવેએ ઉપરોક્ત 'પદ' મૈથિલી કવિ 'વિદ્યાપતિ' (ઈ.સ. ૧૩૫૨-૧૪૪૮)નું હોવાનું માનેલ છે. અહીં હકીકતદોષ છે. વિગતે વાત માંડીએ તો ઉપરોક્ત 'પદ' એ 'પદ' નથી, પણ 'ગીત' છે અને તેના રચયિતા મૈથિલી કવિ, લેખક અને સંગીતકાર 'વિદ્યાપતિ' નથી. હકીકતે ન્યૂ થિયેટર્સના બૅનર નીચેની અને દેવકી બોઝ દિગ્દર્શિત ફિલ્મ 'વિદ્યાપતિ' (૧૯૩૭)ના ઉપરોક્ત ગીતના રચયિતા નિર્માતા, દિગ્દર્શક, કથા-પટકથા લેખક અને ગીતકાર કિદારનાથ શર્મા ઉર્ફે કેદાર શર્મા છે. આ ગીતને સંગીતકાર રાયચંદ બોરાલ ઉર્ફે આર. સી. બોરાલે સ્વરબદ્ધ કર્યું છે. તે ગાયક ક્રિષ્નચંદ્ર ડે ઉર્ફે કે. સી. ડેના કંઠે ગવાયેલું છે ને રૂપેરી પરદે અભિનેતા પહાડી સન્યાલ (કવિ વિદ્યાપતિ) અને અભિનેત્રી છાયા દેવી (રાણી લક્ષ્મી) પર તેનું ચિત્રણ થયેલ છે. તદુપરાંત અહીં રજૂ થયેલો ઉપરોક્ત પદ (ગીત)નો બીજો અંતરો પણ ભૂલભરેલો છે. ખરો અંતરો આ પ્રમાણે છેઃ 'જો પ્રીત કી જીત હુઈ સાજન, જો બિછડે થે વો મિલ જાયેં, તૂ તૂ ન રહે, મૈં મૈં ન રહૂં, કુછ ઐસે હમ ઘુલમિલ જાયેં.'

સુરત - પ્રા. જે. આર. વઘાશિયા

* * *

ભવનના નાટ્યગૃહનાં દ્વાર ખૂલ્યાં...

☐ નિરંજન મહેતા



સરસ્વતી પૂજાના યજમાન પુરુષોત્તમ ઉપાધ્યાય સાથે જગદીશ લાખાણી, રમેશ ઓઝા, નિરંજન મહેતા તથા ચેલના ઉપાધ્યાય

કોવિડને લગતા નિયમો પાછા ખેંચાયા હોવાથી, મુંબઈનાં નાટ્યગૃહો અને સિનેમાઘરો ૨૫ મહિનાના લાંબા અને અભૂતપૂર્વ કહી શકાય તેવા સમયગાળા માટે બંધ રહ્યાં પછી પુન: ખૂલી ગયાં છે.

બૃહદ્ મુંબઈમાં અત્યારે સક્રિય નાટ્યગૃહોમાં સૌથી જૂનું, તેમજ મુંબઈનું સર્વપ્રથમ એરકન્ડિશન્ડ નાટ્યગૃહ એવું ભારતીય વિદ્યા ભવનનું ચોપાટી ખાતેનું ઑડીટોરિયમ, રવિવાર તારીખ ૧૦ એપ્રિલથી જાહેર કાર્યક્રમો તથા નાટ્ય પ્રયોગો માટે પુન: ખુલ્લું મુકાઈ ગયું છે. આ આનંદનો અવસર ઊજવવા માટે તારીખ ૭ તથા ૮ના રોજ, બે દિવસનો કાર્યક્રમ ભવનને આંગણે યોજાઈ ગયો.

તારીખ ૭મીએ ગુજરાતી રંગકર્મીઓનો મિલન-મેળો યોજાયો અને તેમની ઉપસ્થિતિમાં નટરાજ નમન અને સરસ્વતી વંદનાની વિધિઓ સંપન્ન થઈ. મિલન-મેળામાં એકસો જેટલાં રંગકર્મીઓ લાંબા સમય પછી એક-મેકને મળ્યાં અને અનેરા આનંદથી ભાવવિભોર બની રહ્યાં. ભવનનાં જોઈન્ટ એક્ઝિક્યુટિવ સેક્રેટરી



મિલન મેળાને સંબોધી રહેલા ભવનના જોઈન્ટ એક્ઝિક્યુટિવ સેક્રેટરી જગદીશ લાખાણી સાથે- અજિંક્ય સંપટ, નિરંજન મહેતા, કુંદનભાઈ વ્યાસ, રમેશ ઓઝા

જગદીશભાઈ લાખાણીએ સૌનું સ્વાગત કરતાં સાંસ્કૃતિક ક્ષેત્રે ભવને છેલ્લા નવ દાયકા દરમિયાન આપેલા યોગદાનને યાદ કર્યું. જન્મભૂમિ જૂથના મુખ્ય તંત્રી કુંદનભાઈ વ્યાસે, આ પ્રસંગે પોતાને ઉપસ્થિત રહેવાનું થયું તેને પોતાનું સદ્ભાગ્ય ગણાવ્યું. કલા કેન્દ્રના પરામર્શક નિરંજન મહેતાએ કલા કેન્દ્રના નવા નિમાયેલ ઍડમિનિસ્ટ્રેટર અજિંક્ય સંપટનો પરિચય કરાવ્યો.

મિલન-મેળામાં ભવનના વિવિધ વિભાગોના અધિકારીઓ રમેશ ઓઝા, યોગેશ કામદાર, દીપક દોશી (નવનીત સમર્પણના સંપાદક), રમેશ કુમાર, પી. મડકઈકર, નિયતિ શાહ વ. ઉપસ્થિત રહ્યાં હતાં.

મિલન-મેળાના સમાપન પછી તમામ ઉપસ્થિતો ભોંયતળીએ થિયેટરના મુખ્ય પ્રવેશદ્વારના ફૉયરમાં એકઠા થયાં અને તેમની હાજરીમાં નટરાજની પૂજાના યજમાનો નિરંજન મહેતા અને તેમનાં પત્ની રૂપાબેને બન્ને દ્વાર ખોલ્યાં હતાં તથા સામેની નટરાજની પ્રતિમાની પંડિતોના મંત્રોચ્ચાર વચ્ચે પૂજા કરી હતી.

એ પછી સહુ નાટ્યગૃહમાં પ્રવેશ્યાં. સહુએ બેઠક લીધા પછી રંગમંચનો પડદો ઊંચકાયો અને મંચ પર સરસ્વતીની પૂજા-વિધિ કરવામાં આવી. આ વિધિના યજમાન તરીકે, ૭૦થીય વધુ વર્ષોથી ભવન સાથે એકરૂપ રહેલા મૂર્ધન્ય ગાયક-સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાય ઉપસ્થિત હતા.

પૂજા સંપન્ન થયા પછી જાણીતા શાયર ડૉ. હેમેન શાહે રંગભૂમિ અને ગઝલ સર્જનને સાંકળતી કેટલીક રસપ્રદ રચનાઓ રજૂ કરી. છેલ્લે ભવનની સંગીત નૃત્ય શિક્ષાપીઠની વિદ્યાર્થિનીઓએ નૃત્ય વંદનાની રજૂઆત કરી.

બીજે દિવસે શાસ્ત્રીય સંગીતની મહેફીલનું આયોજન કરાયું હતું. તાલયોગી પંડિત સુરેશ તલવલકર તથા તેમના શિષ્યોએ તાલ-કીર્તનની રસપ્રદ પ્રસ્તુતિ કરી હતી, જ્યારે વરિષ્ઠ ગાયિકા ડૉ. અશ્વિની ભીડે-દેશપાંડેએ હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયનની અપ્રતિમ રજૂઆત કરી હતી.



ભવન્સ - વૃત્ત

મુંબઈ કેન્દ્ર : શિક્ષા અને વ્યાકરણનું મહત્ત્વ



ભારતીય વિદ્યા ભવન - મુંબઈ ખાતે તેના ભૂતપૂર્વ કાર્યકારી સચિવ અને મહાનિદેશક શ્રી એસ. રામકૃષ્ણનને ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ તેમની ૧૯મી પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્કૃત વિભાગના સભ્યો દ્વારા ગીતાનો ૧૨મો અધ્યાય અને રુદ્રાધ્યાયનું પારાયણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભવનની મુંબાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલય (વ્યાકરણ)ના અતિથિ વ્યાખ્યાતા તરીકે ડૉ. સત્યરાજ રેગ્મી દ્વારા 'સંસ્કૃત શૈક્ષણિક પરંપરામાં શિક્ષા (ધ્વનિશાસ્ત્ર) અને વ્યાકરણનું મહત્ત્વ' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. સત્યરાજ રેગ્મીએ સંસ્કૃતમાં આપેલા તેમના રસપ્રદ વ્યાખ્યાનમાં સંસ્કૃત શૈક્ષણિક પરંપરામાં છ વેદાંગ (સહાયક શિસ્ત)ના મહત્ત્વ પર વાત કરી. તેમણે સંસ્કૃત સાહિત્યિક વારસાને વધુ સારી રીતે સમજવા તેમજ તેના પ્રચાર માટે શિક્ષા (ધ્વનિશાસ્ત્ર) અને વ્યાકરણ શીખવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

નવી મુંબઈ કેન્દ્ર : ચિલ્ડ્રન્સ ક્લબનો પ્રથમ વાર્ષિકોત્સવ

ભવન્સ ચિલ્ડ્રન ક્લબ દ્વારા ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ પ્રથમ વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક પુરસ્કારો પ્રાપ્ત કરનાર, જાણીતા ફિલ્મ નિર્માતા અને ગાયિકા ડૉ. નેહા રાજપાલ આ પ્રસંગે મુખ્ય અતિથિ હતાં. તેમણે ચિલ્ડ્રન ક્લબના સભ્યો દ્વારા બનાવેલી વસ્તુઓ 'કલા અને હસ્તકલા' પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. બાળકોએ નૃત્ય, ગીતો, સંસ્કૃત શ્લોકોનું પઠન, વાર્તા પઠન, કીબોર્ડ વગાડવા સહિતની વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરી હતી.

વર્ષ દરમિયાન ઓનલાઈન યોજાયેલા વિવિધ કાર્યક્રમો અને કાર્યશાળા દરમિયાન નિર્ણાયક મહિલાઓને મુખ્ય મહેમાન દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં સાથે



સ્પર્ધાઓમાં વિજેતા બાળકોને અધ્યક્ષ શ્રી રામચંદ્ર, શ્રી બિઘ્ના નાયક અને શ્રી હરીશ ઐયર દ્વારા ઇનામો આપવામાં આવ્યાં હતાં.

ચંડીગઢ કેન્દ્ર : ભારત રત્ન લતા મંગેશકરને સંગીતમય શ્રદ્ધાંજલિ



[સંગીત વિભાગના સભ્યો અને વિદ્યાર્થીઓ. ૧. મુખ્ય અતિથિ ભૂતપૂર્વ આર્મી સભ્ય - જનરલ વી.પી.મલિક ૨. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ મનમોહન કાહિલી 3. વરિષ્ઠ આચાર્ય, શ્રીમતી વિનીતા અરોરા ૪. ભારતીય વિદ્યા ભવન – ચંડીગઢ કેન્દ્રના અધ્યક્ષ શ્રી. આર.કે. સાબૂ]

ભારતીય વિદ્યા ભવન, ચંડીગઢ કેન્દ્રની સાંસ્કૃતિક સમિતિ દ્વારા તેમના પરિસરમાં સુપ્રસિદ્ધ ગાયિકા અને ભારત રત્ન પુરસ્કાર વિજેતા લતા મંગેશકર (૧૯૨૯-૨૦૨૨)ને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે (નિવૃત્ત આર્મી સભ્ય) જનરલ વી.પી. મલિક તેમની પત્ની સાથે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. માનદ્ મહેમાન તરીકે શ્રી વિવેક આત્રેયને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સુપ્રસિદ્ધ ગાયિકાના જીવનનાં ઉતાર-ચઢાવમાંથી પસાર થતી સફરને પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવામાં આવી હતી. અહીં ઉપસ્થિત ગાયકોએ લતાજી દ્વારા ગવાયેલાં અનેક ગીતો ગાઈને શ્રોતાઓ સમક્ષ ભાવપૂર્ણ પ્રસ્તુતિ કરી.

ચંડીગઢ કેન્દ્ર : દસમા ધોરણના પ્રથમ સત્રનું શ્રેષ્ઠ પરિણામ

ચંડીગઢ કેન્દ્રના વિદ્યાર્થીઓએ દસમાં ધોરણના પ્રથમ સત્રની પરીક્ષામાં ઉચ્ચ ક્રમાંક સાથે પોતાનું અને શાળાનું નામ રોશન કર્યું. તેમાં અનુક્રમે વેદાંત સૈની, અર્જુન અગ્રવાલ અને વિશાખા બંસલે ૧૦૦% ગુણાંક સાથે પ્રથમ, લાવણ્યા સિંહ, સમૃદ્ધિ ગર્ગ, સનાયા કંસલ અને વિધિએ ૨૦૦માંથી ૧૯૯ ગુણાંક સાથે દ્વિતીય તેમજ આર્યન ગોયલ, અવતાંશ ગાર્ગ્ય, કાશ્વી ગર્ગ, આર્યસિદ્ધાંત વેદાન્તમ, ધ્રુવ નારાયણ, તનિષ્ક પુંજ, કાર્તિક ભરત, અન્શિક ગોએલ, શિવાક્ષી ચૌહાણ અને સના શર્માએ ૧૯૮ માર્ક્સ મેળવી તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો. તેમાંથી વેદાંત સૈનીએ સેન્ટ પીટર્સબર્ગ ૨૦૨૧માં આંતરરાષ્ટ્રીય મેથ્સ ઓલિમ્પિયાડમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. ઉત્તર પશ્ચિમ પ્રદેશમાંથી એશિયા પેસિફિક મેથ્સ ઓલિમ્પિયાડ ૨૦૨૨ માટે પસંદગી કરવામાં આવી છે. તે આઈ.આઈ.ટી ગુવહાટી દ્વારા આયોજિત ટેક્નોથ્લોન ૨૦૨૧માં એર-૧ પણ હતો. નિશિતા શિવસામીએ પણ રમત-ગમત ક્ષેત્રે સ્પીડ સ્કેટિંગમાં રાષ્ટ્રીય ચંદ્રક મેળવ્યો છે.

અમદાવાદ કેન્દ્રનો એક અભિનવ પ્રયોગ

ભારતીય વિદ્યા ભવન અને ઇન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા “આઉટરીચ કલ્ચરલ પ્રોગ્રામ” શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમ ‘જનરેશન્સ ઑફ અષ્ટનાયિકા ૧.૦'ની ભજવણી થઈ હતી. આ કાર્યક્રમ ‘આંગીકમ અકાદમી’ના સહયોગથી ફોરમ માનુષી પટેલ તથા હર્ષ ધારૈયા દ્વારા તારીખ ૩૦.૦૪.૨૦૨૨, શનિવારને સાંજે ૦૮:૦૦ કલાકે ભવન્સ જે. એ. ઓડીટોરીયમમાં પ્રસ્તુત થયો હતો.

‘અષ્ટનાયિકા' નાટ્યશાસ્ત્રના ૨૪માં પ્રકરણ 'નાયિકાભેદ'નો માત્ર ૮ શ્લોકનો પેટાવિષય છે. જેમાં નાયિકાઓને તેના નાયક સાથેના પ્રેમસંબંધ પ્રમાણે જુદી જુદી ૮ નાયિકાઓમાં વર્ગીકૃત કરવામાં આવી છે. જ્યારે ‘જનરેશન્સ ઑફ અષ્ટનાયિકા ૧.૦'માં ૮ અલગ અલગ ઉંમરની નાયિકાઓની વાત કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ભારતીય વિદ્યા ભવન અમદાવાદ કેન્દ્રના ચેરમેન શ્રી મુકેશભાઈ પટેલ પણ હાજર રહ્યાં હતાં.



હૈદરાબાદ કેન્દ્ર : શ્રી ત્યાગરાજ આરાધના ઉજવણી

૩૧ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ભવનના વિદ્યાશ્રમ, જ્યુબિલી હિલ્સ ખાતે ત્યાગરાજ આરાધના વર્ચ્યુઅલ રીતે ઉજવવામાં આવી. શાળાના તમામ શાસ્ત્રીય ગાયકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. છઠ્ઠા ધોરણના



વિદ્યાર્થીઓએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સમર્થ ગાયકોએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ અને ભક્તિભાવથી શ્રી ત્યાગરાજના લોકપ્રિય કીર્તનો રજૂ કર્યાં. પ્રસ્તુત કીર્તનોનો વિડિયો બનાવીને તમામ વર્ગો સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. પ્રેક્ષકોએ સુમધુર પ્રસ્તુતિઓનો આનંદ માણ્યો.

અમૃતસર કેન્દ્ર : ગાયત્રી હવન

ભવનના અમૃતસર કેન્દ્ર દ્વારા ૧૦ માર્ચ ૨૦૨૨ના રોજ વિદ્યાર્થીઓને નવા સત્રની શરૂઆત માટે આશીર્વાદ આપવા અને તેમને નવા વર્ગોમાં આવકારવા માટે ગાયત્રી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. હવનવિધિમાં નિયામક અને અધ્યક્ષ શ્રી અવિનાશ મોહિન્દ્રુ તેમજ આચાર્યા શ્રી અનિતા ભલ્લા સાથે સંચાલન અને કમિટીના સભ્યોએ હાજરી આપી હતી.



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

કૂપમંડૂક: ફોન : 022 23630786

જિગર જોષી 'પ્રેમ': 59, ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ, સવાની કિડની હોસ્પિટલની સામે, રાજકોટ-360005, મો. 9925157475

મનોહર ત્રિવેદી: પ્રણવ, સૂર્યનગર, ઢસા જંક્શન, જિ. બોટાદ 364 740. મો. 93277 39068

કુશલ મહેતા: એ-1/09, સિદ્ધાર્થ લાઈફ સ્ટાઈલ હોમ્સ, ગેટ નં. 02, હરણી-દેના રોડ, ડીપીએસ પાસે, વડોદરા-390022. મો. 9824043678

હેમેન શાહ: 503, પ્લીઝન્ટ પાર્ક, 65, પેડર રોડ, મુંબઈ-400026

કમલ વોરા: એ-403, પારસનાથ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-400077

દિનેશ કાનાણી: સી/103, હરિદ્વાર હિલ્સ, સિલ્વર ગોલ્ડ રેસિડેન્સી પાસે, મોકાજી સર્કલ પાસે, નાના મવા રોડ, રાજકોટ-360 005. મો. 9824219096

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380015

હિમાંશી શેલત: સખ્ય, 18 મણિબાગ, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ-396007.

પરેશ આર. વૈદ્ય: ફ્લેટ નં. એફ 11/1/3, સાગર કો. ઓ. સોસાયટી, ગજાનન મહારાજ મંદિરની સામે, સેક્ટર-29, વાશી-400 703. મો. 9892076955

ક્રિષ્ના આશર : 501, પંચવિલા ટાવર, બી.ડી. રાવ હોલની બાજુમાં, ભૂયંગદેવ ચાર રસ્તા પાસે, મેમનગર, અમદાવાદ-380052.

આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au

ધ્રુવ ભટ્ટ: 1, ગોપાલ નગર, સ્ટેશન રોડ, કરમસદ-388325.

નીતિ દવે: ટ્વિન બંગલો નં. 11, કાલિન્દી સોસાયટી, પશાભાઈ પાર્ક, રેસકોર્સ સર્કલ, વડોદરા-390007.

રાઘવજી માધડ: ‘અભિષેક’ પ્લોટ નં. ૭૧૫/૧, સેકટર - ૭ બી, ગાંધીનગર. મો.: 9427050995

વિપુલ કલ્યાણી: vipoolkalyani.opinion@btinternet.com

ડૉ. પંકજ જોશી: psjcosmos@gmail.com

પ્રદીપ સંઘવી: એ/43-44, પ્રભુ નિવાસ, વર્તક નગર, બોરીવલી (વેસ્ટ). ફોન-28986452.

વિજય શાસ્ત્રી: જે/3/302, મુક્તાનુંદ નગર, અડાજણ રોડ, સુરત-395009, ફોનઃ 9825280155

દિક્પાલસિંહ જાડેજા: 2, અમરદીપ સોસાયટી, હિલ-ડ્રાઇવ, વાઘાવાડી રોડ, ભાવનગર-364002. મો.: 7567013999.

અમી ભાયાણી: 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

છોકરાવાળાએ જોયું કે છોકરી ટગર ટગર સામે જોયા જ કરે છે... એટલે પછી ઘરના વડીલે એને કહ્યુંઃ 'પૂછ બેટા તારે જે પૂછવું હોય એ પૂછ. શરમાતી નહીં હો દીકરી.'

છોકરી : 'અંકલ, તમારામાંથી કોઈને આ સમોસું નો ખાવું હોય તો હું ખાઈ જાઉં? મને બઉ ભાવે છે.'

☺ ☺ ☺

મગન : 'જો મીના દુનિયામાં કોઈ કામ અશક્ય નથી...'

મીના : 'તો પછી કાલ તમારું ગરમ પાણી તો મૂકુંને? ખાલી ૧૦ ડિગ્રી જ છે... ચાલશેને?

☺ ☺ ☺

ઘરના બધા મગન માટે છોકરી જોવા ગયા. મગનને ‘તારે કાંય બોલવાનું નથી’ એવું વારેવારે કહેલું. તોય ચા પીતાં પીતાં જ એણે પૂછી નાખ્યુંઃ તે તમારે જમીન કેટલીક?

છોકરીનો ભાઈ માથાનો હતો. પાધરું પૂછી લીધુંઃ તે તમે છોડી જોવા આવ્યા છો કે ખેતર ભાગીયું રાખવા?

☺ ☺ ☺

મનોચિકિત્સક કોને કહેવાય? સાહેબે ૧૨ ધોરણવાળાઓને પૂછ્યું, અઢી વર્ષથી ઘરમાં બંધાઈ રહેલા બંટુડાએ હાથ ઊંચો કર્યોઃ સાહેબ કઉ? મનોચિકિત્સક એટલે એક એવો માણસ જે ઘણી મોટી ફી લઈ મારા પપ્પા કેવા છે એ કહે છે. જ્યારે ઈ જ કામ મારા મમ્મી સાવ મફતમાં કરી આપે છે!

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત્

''પતિ ઘરનું મસ્તક છે તો પત્ની શું છે?''

''પત્ની ઘરનું ગળું છે. મસ્તક કઈ દિશામાં ફેરવવું એ એના હાથમાં હોય છે.''

☺ ☺ ☺

''અમારા જમાનામાં કોઈ પેરેન્ટ્સ મિટિંગ નહોતી થતી. સાહેબ જાતે ઘરે આવે, માર ખવડાવે અને ચા-નાસ્તો કરીને જાય!''

☺ ☺ ☺

''સવારથી ગાળાગાળી કરતા બંને પાડોશીઓને સતત બે કલાક સમજાવ્યા કે શરીરના ઘા રૂઝાઈ જશે પણ શબ્દોના ઘા ક્યારેય રૂઝાતા નથી. ત્યારે માંડ માંડ તેઓ મારામારી પર આવ્યા.''

☺ ☺ ☺

પતિ : ''હું મારી ગાયકીથી આગ લગાવી દઉં આગ...!''

પત્ની : ''અરે વાહ..! એક કામ કરો, હમણાં તો ગેસ પૂરો થઈ ગયો છે, એ ચાલુ કરી આપો તોય બસ...''

☺ ☺ ☺

અધ્યાપક : ''અર્થશાસ્ત્રી કોને કહેવાય?''

શિષ્ય : ''એવી વ્યક્તિ જેને પૈસા વિશે પૈસાદાર કરતાં વધુ જાણકારી હોય છે.''

☺ ☺ ☺

મુલાકાતી : ''તમારા ત્યાં કેટલાં લોકો કામ કરે છે?''

અધિકારી : ''સોમાંથી માંડ દસેક.''

☺ ☺ ☺


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

HOW GOD CAME INTO MY LIFE

EMINENT CONTRIBUTORS

Just Released



Saints and Seers are scientists in the realm of the Spirit. They have 'experimented' with God and they have experienced Him. They have seen God face to face as clearly as the scientist sees the things which he deals with. They describe how God transformed their entire being and oriented it to Himself.

PB ₹ 180

Postage Extra

ISBN 978-81-7276-582-8
9 788172 765828 >

For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info

Total Pages 140

Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.